gujaratilexicon

સન્ડે ઈ-મહેફીલ

ઈ-બુક

ભાગ-૭



રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

VISIT…

LANZAROTE Caliente.COM

'સન્ડે ઈ–મહેફીલ'

ઈ–બુક

ભાગ–007

'સ.મ.' ક્રમાંક 151 થી 175

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરૂ થયેલી 'સુ–વાચનયાત્રા'–'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરૂ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’ આવતાં જ અમે તે વાપરવા શરૂ કર્યા. શરૂઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી 'સ.મ.'નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. 'સ.મ.' પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે 'સ.મ.'ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'વીદાય–સલામ' 155-1 : 18-05-2008). આ 'સ.મ.' વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક 'સ.મ.'માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'We salute your 'FEELINGS' for 'SeM'' 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી 'સ.મ.' ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી ‘સ.મ.’માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર ‘સ.મ.’ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો’કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી ‘સ.મ.’ મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર ‘સ.મ.’ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને ‘લેક્સીકોન’ નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી ‘ઈ–બુક’ વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો 'ઈ–શબ્દસાગર' સમો 'ગુજરાતીલેક્સીકોન' (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે 'ઈ–બુક'ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હ્રદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધકો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013





અનુક્રમણીકા

'સન્ડે ઈ–મહેફીલ' – 01

ક્રમ	કૃતી	કર્તા	તારીખ	પાન
151	ભગવત ગોમંડળ	રાજેન્દ્ર દવે	27-04-2008	11
152	ક્રેડીટ કાર્ડ (હાસ્યનીબંધ)	રતીલાલ બોરીસાગર	04-05-2008	21
153	ગુમરાહ.. (વાર્તા)	હરીશ્ચંદ્ર'	11-05-2008	29
154	ગઝલ–પુષ્પ	રઈશ મનીયાર	18-05-2008	35
155-1	'વીદાય–સલામ'	સંપાદકો	25-05-2008	45
155-2	'We salute your 'FEELINGS' for 'SeM' '	Editors	13-07-2008	58
156	ગુજરાતીમાં બોલો	ડૉ. પંકજ જોશી	04-01-2009	132
157	ગઝલ–સુધીર	સુધીર પટેલ(અમેરીકા)	18-01-2009	145
158	એક જ વ્યક્તી વગર	કૃષ્ણકાંત ઉનડકટ	01-02-2009	153
159	ગઝલ–મુકુલ	મુકુલ ચોકસી	15-02-2009	162
160	માણસને સૌથી મોટી ભુખ(વાર્તા)	'હરીશ્ચંદ્ર'	01-03-2009	173
161	ગઝલ–કીરણ	કીરણ ચૌહાણ	15-03-2009	179
162	બાની વાતું	ડૉ. શરીફા વીજળીવાળા	29-03-2009	188
163-1	ગઝલ–ભાવેશ	ભાવેશ ભટ્ટ	12-04-2009	199
163-2	ભગવદ્ગોમંડલ	ધીરુબહેન પટેલ	12-04-2009	208
164	પાણીપુરી (હાસ્યનીબંધ)	ઉર્વીશ કોઠારી	26-04-2009	222
165-1	અમારું રાજકોટ	સુચી વ્યાસ(અમેરીકા)	10-05-2009	231
165-2	માતૃવંદના	હરીન્દ્ર દવે	10-05-2009	243
166-1	ગઝલ–મહેશ	મહેશ દાવડકર	24-05-2009	250

166-2	સહીયારું સહજીવન (વાર્તા)	'હરીશ્ચંદ્ર'	24-05-2009	259
167-1	ડૉક્ટર પેશન્ટ્સ અને વીઝીટર્સ	પ્રા. રમણ પાઠક	07-06-2009	264
167-2	સુર્ય આથમવાની વેળા	સોનલ પંડ્યા	07-06-2009	272
168-1	ગીત–માધવ	માધવ રામાનુજ	21-06-2009	280
168-2	'નામ નહીં બદલું'	મુનીકુમાર પંડ્યા	21-06-2009	290
169-1	લગ્નજીવનની સફળતા	વલ્લભભાઈ ઈટાલીયા	05-07-2009	298
169-2	અનોખું સુખ (વાર્તા)	'હરીશ્ચંદ્ર'	05-07-2009	307
170-1	ગઝલ–રાઠોડ	બી. કે. રાઠોડ	19-07-2009	313
170-2	કથા એક–અર્થ અનેક	મોહમ્મદ માંકડ	19-07-2009	326
171-1	પ્યોર ગુજીટેરીયન	અરુણા જાડેજા	02-08-2009	334
171-2	એક રૅશનાલીસ્ટનું મનોમંથન	વીક્રમ દલાલ	02-08-2009	344
172-1	ફુલ પર ઝાકળના પત્રો	યામીની વ્યાસ	16-08-2009	352
172-2	દીલની વાત..(પ્રસ્તાવના)	હરનીશ જાની(અમેરીકા)	16-08-2009	362
173	અંધશ્રદ્ધા અને ઈન્ટરનેટ	ઉર્વીશ કોઠારી	30-08-2009	372
174	આકાશે અક્ષર(ગઝલ)	પ્રજ્ઞા વશી	13-09-2009	380
175	'નેસ્ટ લીવીંગ'	બીપીન શ્રોફ	27-09-2009	391

વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના 'ક્રમાંક' પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણીકા' પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

151 : 27-04-2008

ભગવત્–ગુણભંડાર

–રાજેન્દ્ર દવે

અનુક્રમણીકા

મારી પ્રજા ખાંડને બદલે ગોળ ખાશે

ઈ. સ. ૧૯૪૩માં રેશનીંગના વખતમાં અનાજની ઘણી તંગી ઉભી થયેલી. રાજકોટ એજન્સીના સીવીલ સપ્લાઈઝ ખાતાના શ્રી. કાજીએ ગોંડલ મહારાજા પાસે દરખાસ્ત મુકી કે જો ગોંડલ રાજ્ય તેમનો બાજરો આપે તો જ સરકાર ગોંડલ રાજ્યને ખાંડ અને ગોળ આપી શકે. ગોંડલ મહારાજાએ ઉત્તર આપ્યો : 'જો એટલું ઉત્પન્ન હોત તો બાજરો દેવામાં હરકત ન હોય; પણ આવી તંગીમાં બાજરો આપી શકાય તેમ નથી. લડાઈના વખતમાં બીજી વસ્તુ વગર ચલાવી લેતાં પ્રજાએ શીખવું જોઈએ. એટલે મારી પ્રજા ખાંડને બદલે ગોળ ખાશે ને મીલના કાપડને બદલે હાથે કાંતી–વણી પાણકોરું પહેરશે; પણ આવી તંગીમાં બાજરો તો જરાકે આપી શકાશે નહીં.' ને તેમણે બાજરો ન જ દીધો. પાન : ૧૮૯

કાયદો બધાને સરખો

મહારાજા ભગવતસીંહજીના રાજમાં કાયદો પ્રજાના તમામ વર્ગ માટે એક સમાન હતો. રાજ્યના ઉચ્ચ પદાધીકારી

હોય કે પછી સામાન્ય પ્રજાજન; કોઈ કાયદાનું ઉલ્લંઘન કરી શકતું નહીં. મહારાજા ભગવતસીંહજી પોતે પણ રાજ્યના કાયદાનું ચુસ્તપણે પાલન કરતા. એક વખત પોતાની ઘોડાગાડી રાત્રે નીકળી. તેમાં બત્તીઓ બળતી ન હતી, જેથી પોલીસે ગાડી ઊભી રખાવી ને બત્તી કરાવ્યા પછી ગાડી ચાલુ કરી હતી. પાન : ૧૯૦

કોશકાર તરીકેની કાળજી

ભગવદ્ગોમંડળમાં દરેક શબ્દના અર્થ અને તેની વીગત ખુબ જ ખંત, કાળજી અને ઝીણવટથી લેવામાં આવતાં હતાં. મહારાજા ભગવતસીંહજી પણ સ્વયમ્ ખાતરી કરતા. એક શબ્દના અર્થમાં:'એક જાતનો ઝેરી ઉંદર' એવી વીગત આપેલી. 'ઝેરી' શબ્દ અંગે મહારાજાને સંતોષ થયો નહીં; તેથી કલકત્તા ટ્રોપીકલ સ્કુલ ઓફ મેડીસીનને પુછાવવાનું ફરમાન થયું. ત્યાંથી ઉંદર ઝેરી હોય શકે એવું લખાણ આવ્યું. છતાં હેફગઈન ઈન્સ્ટીટયુટ મુંબઈને પુછાવ્યું. ત્યાંથી ઉંદર ઝેરી હોવાની અનુમતી આવી ત્યારે તે વીગત રાખવામાં આવી. પાન : ૧૯૨

વ્યક્તી – સ્વાતંત્ર્ય

મહાત્મા ગાંધીજીએ રાજકોટમાં આમરણાંત ઉપવાસ આદર્યા તે સમયે જબરું આંદોલન જાગ્યું હતું. તેમાં સરકારને

એવી ગંધ આવી કે રાજકોટના જે સત્યાગ્રહીઓને ખટારા મારફત હલેન્ડા ખસેડી મુકવામાં આવે છે તેમને દડવાની પ્રજા સહકાર આપી, ગોંડલ તેમ જ અન્ય સ્થળે સુખરુપ પહોંચાડી તેઓને ટેકો આપે છે. આ અંગે સરકારી તપાસ નીકળતાં મહારાજાએ સરકારની જરાયે શરમ રાખ્યા વીના સ્પષ્ટ સંભળાવી દીધેલ કે સૌ કોઈ પોતપોતાને હીસાબે ને જોખમે કરે, તેમાં કાયદાકાનુન વીના શું થઈ શકે? કોઈના વ્યક્તીગત સ્વાતંત્ર્યમાં વચ્ચે પડવા તેઓ તૈયાર નહીં.

ગોંડલ રાજ્યના એક સામાન્ય નોકરે ગાંધીજીના જેલવાસ દરમીયાન પોતાનો પગાર કૉંગ્રેસને આપવાનો નીર્ણય કર્યો. આ વાતની જાણ સરકારને થતાં તપાસ કરવામાં આવી. મહારાજાએ સ્પષ્ટ જણાવી દીધું કે એમાં રાજ્યને શું લાગેવળગે? રાજ્યનો નોકર એની ઈચ્છામાં આવે તેમ પોતાના પગારનો ઉપયોગ કરી શકે છે અને તે ધોરણે એ નોકર પોતાનો તો શું પણ પોતાના પીતાનોયે પગાર ઈચ્છે તો કૉંગ્રેસને મોકલી શકે છે. પાન : ૧૯૮

વીશ્વાસભંગ

લંડનના દાદાભાઈ નવરોજજીનું જીવનવૃત્તાંત લખાઈ રહ્યું હતું. તે વખતે એવા કાગળો નીકળ્યા કે દાદાભાઈ નવરોજજી મારફત ગોંડલ મહારાજા ભગવતસીંહજીએ કૉંગ્રેસને

આર્થીક સહાય કરી છે. આ હકીકતનો ઉલ્લેખ કરવા માટે લખાણ થતાં જ્યારે છેવટે એમની મંજુરી માંગવામાં આવી ત્યારે પ્રથમ તો તેમણે મૌન સેવ્યું. મંજુરી આપવા જ્યારે એમને ખુબ આગ્રહ થયો ત્યારે તેઓ માત્ર એટલું જ બોલેલા કે, 'એ તો વીશ્વાસભંગ કહેવાય', અર્થાત્ દાદાભાઈ અને એમની વચ્ચે જે સમજથી એ વખતે વહેવાર થયો હતો તે સંબંધે એકબીજાની સંમતી વીના હા કે ના પાડવી એ તો વીશ્વાસભંગ ગણાય.

પાન : ૧૯૯

છુત–અછુતના ભેદભાવ ભુલાવ્યા

ભગવતસીંહજીના ગોંડલ રાજ્યમાં દરેક ગામડે કુવાની સગવડ હતી. એક ગામના કેટલાક હરીજન આગેવાનોએ એક વખત ભગવતસીંહજીની સમક્ષ આવીને એવી રજુઆત કરી કે ગામના લોકો અમને અછુત ગણી કુવેથી પાણી ભરવા દેતા નથી. ભગવતસીંહજીએ તેમની ફરીયાદ સાંભળી, તાકીદે એ ગામમાં એ કુવાની સામે જ બીજો કુવો બનાવવાનો અને એ કુવાનો ખર્ચ એ ગામના લોકો પાસેથી વસુલ કરવાનો હુકમ કર્યો. આથી ગ્રામજનો સમજી ગયા અને છુત–અછુતના ભેદભાવ ભુલી, હરીજનોને કુવેથી પાણી ભરવા દેવા લાગ્યા.

પાન:૨૦૫

તલબાનો

ગોંડલ રાજ્યની પ્રજાને સરકારી કર્મચારીની તુમારશાહીનો ભોગ બનવું ન પડે એ માટે ભગવતસીંહજીએ કર્મચારીઓ માટે ખુબ જ કડક કાયદો રાખ્યો હતો. કોઈ પણ નાગરીકના કામનો નીકાલ ત્રણ દીવસમાં આવી જવો જોઈએ એવો કાયદો હતો. ત્રણ દીવસથી વધારે વીલંબ થાય તો જે–તે ખાતાના સંબંધીત કર્મચારીનો પગાર કાપી લેવામાં આવતો, જેને 'તલબાનું' કહેવાતું. આવી સજા ન થાય એ માટે કર્મચારીઓ સરકારી કામમાં જરાય વીલંબ કરતા નહીં અને પ્રજાને પણ તુરંત ન્યાય મળી જતો. પાન : ૨૦૯

મકાન સરસ છે, પણ તેને પૈડાં નથી

મહારાજા ભગવતસીંહજી એક દીવસ ગોંડલ રાજ્યના કોલકી ગામની મુલાકાતે ગયેલા. આ ગામમાં રસ્તા બનાવવાનું કામ શરુ થતું હોઈ લાઈનદોરી કાઢવાની હતી. ગામના એક પટેલે મહારાજાને આમંત્રી પોતાનું નવું બનાવેલું મકાન બતાવ્યું. મકાન જોઈ લીધું એટલે મહારાજા બોલ્યા: ‘‘મકાન સરસ બનાવ્યું છે; પણ એક જ ખામી છે: મકાનને પૈડાં નથી.’’

મહારાજાને આવું કહેતા સાંભળી પટેલને આશ્ચર્ય થયું એટલે મહારાજાએ ખુલાસો કરતા કહ્યું: ‘‘તમારું મકાન લાઈનદોરીમાં આવી જાય છે; એટલે પાડવું પડશે. ખેડુતનો

દીકરો મકાન પાછળ રુપીયા ન બગાડે, ખેતરમાં ખર્ચ કરે.'

પાન : ૨૧૧

ખોટી પ્રશંસાથી હું છકી જાઉં

મહારાજા ભગવતસીંહજી પોતાના દરબારમાં બેઠા હતા ત્યારે એક ગઢવીએ દરબારમાં પ્રવેશી મહારાજની પ્રસંશા કરતા દુહા લલકાર્યા. આ ગઢવી એક પછી એક એમ કુલ ૫૧ દુહા ગાઈ ગયા. દરબારમાં ઉપસ્થીત સભ્યો ગઢવીની વાણી સાંભળીને ખુશ થઈ ગયા.

ગઢવી સહીત બધાની એ ધારણા હતી કે ગઢવીની વાણી સાંભળી પ્રસન્ન થયેલા મહારાજા ગઢવીને અમુલ્ય ભેટ આપી તેનું સન્માન કરશે; પરંતુ મહારાજા ભગવતસીંહજીએ તો ગઢવીને દુહા દીઠ એક રૂપીયા લેખે કુલ એકાવન રૂપીયાની ભેટ આપતાં સૌની ધારણા ખોટી ઠરી.

મહારાજાએ ગઢવીને પુરસ્કાર આપીને ચોખવટ કરી કે, "જો હું મોટી ભેટ આપું તો ભેટની લાલચને લીધે ઠેર–ઠેરથી લોકો અહીં આવી મારી સાચી–ખોટી પ્રસંશા ગાવા લાગે. જો આમ થાય તો તેનો મને કેફ ચડે. આવું ન થાય એ માટે હું તમને ફુલ નહીં; પણ ફુલની પાંખડીરુપે આ ભેટ આપું છું."

પાન : ૨૧૮

ઉડાવ કે કરકસરીયા?

મહાત્મા ગાંધીજી ઈ.સ. ૧૯૧૫માં આફ્રીકાથી સ્વદેશ પાછા ફર્યા એ પછી તેઓ ગોંડલ રાજ્યના મહેમાન બન્યા. રાજ્યના નીયમ પ્રમાણે મહારાજા ભગવતસીંહજીએ ત્રણ દીવસ સુધી ગાંધીજીની મહેમાનગતી કરી. પણ ચોથો દીવસ થતાં જ રાજ્ય તરફથી ગાંધીજીને રોકાણખર્ચનું બીલ પહોંચાડવામાં આવ્યું. પણ પાછળથી આ બીલની રકમ ગોંડલના રાજવૈદ જીવરામ કાલીદાસે ગોંડલના જ એક શ્રેષ્ઠી મારફત ચુકવી આપી હતી. ગાંધીજીની સાથે આવેલા તેમના રસાલાનો ખર્ચ ઉઠાવવાની પણ ગોંડલ રાજ્યે અનીચ્છા વ્યક્ત કરી હતી.

થોડાં સમય પછી મહારાજા ભગવતસીંહજી અને મહાત્મા ગાંધીજીનો મેળાપ થયો ત્યારે ગાંધીજીએ મહારાજાની કરકસરના વખાણ કરી પોતાને થયેલા અનુભવની યાદ અપાવી હતી. ભગવતસીંહજીને પોતાની આ પ્રશંસામાં કટાક્ષ લાગતાં તેઓએ ગાંધીજીને પ્રશ્ન કરતા કહેલું: ‘બાપુ, તમે જ્યારે આફ્રીકામાં સત્યાગ્રહની લડત ચલાવતા હતા ત્યારે આપને હીંદમાંથી એક અનામી વ્યક્તી તરફથી છુપી રીતે નાણાં મળતાં હતાં ખરાં? એ નાણાં આપને કોણ મોકલતું હતું એની આપે કદીયે તપાસ કરી છે ખરી? રંગભેદી ગોરાઓ સામેની એક હીન્દુસ્તાની જવાંમર્દની સ્વમાનની રક્ષા માટેની લડતથી પ્રભાવીત થઈને એ નાણાં હું આપને મોકલતો હતો. હવે આપ

મને શું કહેશો? ઉડાઉ કે કરકસરીયો? આટલું કહી હસી પડેલાં મહારાજાને તાજ્જુબ થઈ ગયેલા ગાંધીજી તાકતા જ રહી ગયા હતા! પાન : ૨૨૨

આવા આ રાજવી, ગોંડલ નરેશ ‘મહારાજા ભગવતસીંહજી’, ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી તેના ભાષકોને યાદ રહેશે તેમના, ‘ન ભુતો ન ભવીષ્યતી’ એવા એક અજોડ સર્જન ‘ભગવદ્ ગોમંડલ’ શબ્દકોશથી..

‘ભગવદ્ગોમંડલ’ની ખરી વીશેષતા, એને ભારતના શ્રેષ્ઠ કોશોની હારોળમાં સ્થાન આપી શકવાની શક્તી ધરાવે છે, તે એ કે, તે એક સામાન્ય શબ્દકોશ નથી; પરંતુ એક ઉત્કૃષ્ટ કક્ષાનો માહીતીકોશ, જ્ઞાનકોશ કે એન્સાઈક્લોપીડીયા છે. તે સાચે જ અદ્વીતીય બૃહદ્ જ્ઞાનકોશ છે. ધર્મ, તત્ત્વમીમાંસા, સાહીત્ય, કલા, વાણીજ્ય, વીજ્ઞાન અને રોજીન્દા કૌટુમ્બીક, સામાજીક, સાંસ્કૃતીક અને ધાર્મીક જીવન–વ્યવહારનાં તમામ પાસાંઓને તેમાં સમાવી લેવાયાં છે. સમગ્ર કોશમાં કુલ ૨૮,૧૫૬ તો રુઢીપ્રયોગો આપવામાં આવ્યા છે.

આમ, ‘ભગવદ્ગોમંડલ’માં રુઢીપ્રયોગોનો સંગ્રહ પણ સમૃદ્ધ છે. નવ ભાગના, નવ હજાર પાનાંના, આ સમગ્ર ગ્રંથની

પ્રત્યેક ભાગવાર દર્શાવાયેલી શબ્દ–ગણતરી આપણને તાજ્જુબ કરી દે છે :–

ભદવદ્ગોમંડલ : શબ્દ–ગણતરી

ભાગ:	શબ્દ:	પૃષ્ઠ:	શબ્દ:	અર્થ:	રૂઢિપ્રયોગ
૧:‘અ’થી‘આ’ :	૦,૯૦૨:		૨૬,૬૮૭:	૫૧,૩૩૮:	૧,૩૦૩
૨:‘આ’થી‘ઔ’:	૦,૯૩૨:		૨૭,૩૨૪:	૫૬,૩૬૯:	૩,૧૪૬
૩:‘ક’થી‘ડ’ :	૧,૨૨૬:		૪૬,૦૨૫:	૯૦,૬૦૦:	૪,૬૧૪
૪:‘ચ’થી‘તા’ :	૧,૦૬૦:		૩૧,૪૫૬:	૬૦,૩૨૩:	૪,૦૩૫
૫:‘તિ’થી‘નિ’ :	૧,૦૧૮:		૩૩,૪૦૮:	૫૮,૬૦૮:	૨,૩૭૬
૬:‘ની’થી‘ફ’ :	૧,૦૧૪:		૩૨,૯૫૯:	૬૩,૭૧૪:	૩,૨૮૭
૭:‘બ’થી‘મા’ :	૧,૦૬૬:		૩૦,૬૦૪:	૬૦,૦૪૯:	૩,૬૨૬
૮:‘માં’થી‘વ’ :	૧,૦૨૬:		૨૮,૫૭૬:	૫૫,૫૧૨:	૩,૭૧૮
૯:‘શ’થી‘ળ’ :	૧,૦૨૬:		૨૪,૩૩૮:	૪૩,૯૪૨:	૨,૦૫૧
કુલ:	૯,૨૭૦:		૨,૮૧,૩૩૭:	૫,૪૦,૪૫૫:	૨૮,૧૫૬

પાન : ૧૬૨

(બસ, જરુર છે હવે, અતીસમૃદ્ધ એવા ગુજરાતીલેક્સીકોનને પ્રથમ વાર ડીજીટલ સ્વરુપે ઈન્ટરનેટ પર મુકી આપનાર શ્રી. રતીલાલ ચંદરયા જેવા કોઈ ‘ભાષાના ભામાશાહ’ની; આ અમુલ્ય વારસાને ડીજીટલ સ્વરુપે ઈન્ટરનેટ

પર સર્વજન–સુલભ કરી આપવા માટે ....બનવા જોગ છે કે એવું બનેય ખરું! ૮૬ વરસના નવયુવાન શ્રી રતીભાઈ આ ન કરે તો બીજું કરશેય કોણ..! ..ઈન્શાલ્લાહ.. ..ઉત્તમ ગજ્જર અને બળવંત પટેલ..)

ઉપરોક્ત સઘળી માહીતી–સામગ્રી હાલ રાજકોટ ‘ફુલછાબ’ના સહતંત્રી શ્રી. રાજેન્દ્ર દવે સંપાદીત ગ્રંથ ‘ભગવત્–ગુણભંડાર’ (પ્રકાશક : પ્રવીણચન્દ્ર એમ. પટેલ, પ્રવીણ પ્રકાશન પ્રા. લીમીટેડ, લાભ ચેમ્બર્સ, ઢેબર રોડ, રાજકોટ–૩૬૦ 001 પાનાં : ૨૩૨, કીમ્મત : રુપીયા–૧૫૦)માંથી લેખકશ્રીના સૌજન્યથી સાભાર લીધી છે..

@

152 : 04-05-2008

ક્રેડીટ કાર્ડ

–રતીલાલ બોરીસાગર

અનુક્રમણીકા

એક દીવસ ડોરબેલ વાગી. મેં મંગલ મંદીર ખોલ્યું ને જોયું તો 'દ્વાર ઉભો શીશુ ભોળો.' જો કે શીશુ તો ન કહેવાય, અઢાર–વીસ વરસનો યુવાન હતો; પણ એનો ચહેરો શીશુ જેવો માસુમ હતો. મેં એને આવકાર્યો, બેસાડ્યો, પાણી આપ્યું અને પછી આવવાનું પ્રયોજન પુછ્યું. યુવાને એક રાષ્ટ્રીયકૃત બૅન્કનું નામ આપી મને પુછ્યું, "અંકલ! આ બૅન્કમાં તમારું પી. પી. એફ. એકાઉન્ટ છે?"

"હા," મેં કહ્યું.

"એમાં લાખ રુપીયાનું બૅલેન્સ છે?"

"હા," મેં કહ્યું. મેં 'હા' કહી – એમાં સત્ય જરુર હતું; પણ હરીશ્ચન્દ્રનું સત્ય નહોતું; યુધીષ્ઠીરનું સત્ય હતું. ઈન્કમટૅક્સમાં રાહત મળે એ હેતુથી એક મીત્ર પાસેથી દર વર્ષે પંદર–વીસ હજાર રુપીયા લઈ, પી.પી.એફ.ના મારા નામના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. મુદત પુરી થયે આ પુરેપુરી રકમ મીત્રને આપી દેવાની હતી – વ્યાજ સહીત. મેં તો કેવળ સાક્ષીભાવે રકમ જમા કરાવી હતી ને મુદત પુરી થયે સાક્ષીભાવે પૈસા

લેવાના હતા. 'બેફામ'ના, મરણ વીશેના પેલા શેર – 'અવસર મારો હતો ને મારી હાજરી નહોતી' – ની જેમ પૈસા મારે નામે હતા; પણ મારી માલીકીના નહોતા.

''બૅન્ક તરફથી તમને 'ક્રેડીટ કાર્ડ' મળી શકે તેમ છે,'' યુવાને કહ્યું.

''ક્રેડીટ કાર્ડની ફી કેટલી?''

''મફત, તદ્દન મફત! એક વરસ સુધી.''

''વરસ પછી?''

''વરસ પછી તમારી ઈચ્છા હોય તો નક્કી કરેલી ફી ભરી, કાર્ડ ચાલુ રાખી શકો છો. ઈચ્છા ન હોય તો બંધ કરી શકો છો; પણ વરસ સુધી તો કશી ફી નહીં. સાવ ફ્રી.''

''તમારી અને તમારી બૅન્કની મારા માટેની લાગણી બદલ હું આભારી છું; પણ મારે ક્રેડીટ કાર્ડની જરુર નથી.''

''પણ અંકલ, કાર્ડ તદ્દન મફત મળે છે! કાર્ડ પર તમને તાત્કાલીક ત્રીસ હજારની લોન મળી શકશે. એ. ટી. એમ.ની પણ સગવડ છે.'' આ એ. ટી. એમ. એટલે શું એ હું સમજી શક્યો નહીં; પણ આપણા જ્ઞાનનું પ્રદર્શન કરવાનો આપણામાં જેટલો અને જેવો ઉત્સાહ હોય છે; તેટલો અને તેવો અજ્ઞાનનો એકરાર કરવાનો નથી હોતો. એટલે એ. ટી. એમ. એ ત્રણ અક્ષરો દ્વારા શું સુચવાય છે એ મેં પુછ્યું નહીં.

‘‘તમારી વાત બરાબર છે.’’ મેં કહ્યું, ‘‘ક્રેડીટ કાર્ડના ઘણા લાભ હશે; પણ હવે મારે એનો ખપ નથી. નોકરીમાંથી નીવૃત્ત થયો તેની સાથે લોન લેવામાંથી પણ નીવૃત્ત થઈ ગયો છું.’’

‘‘બટ અંકલ, યુ નો, આમાં કાર્ડની સાથે આઠ લાખ રુપીયાનો વીમો પણ બૅન્ક ઉતરાવશે અને એનું પ્રીમીયમ પણ બૅન્ક ભરશે. ધારો કે કાલે કંઈ થઈ જાય તો કશું ન મળે; પણ ક્રેડીટ કાર્ડ મળ્યા પછી, ધારો કે અંકલ, તમે સડનલી ઓફ થઈ જાવ તો આઠ લાખ રુપીયા મળે!’’ ‘‘સ્વર્ગમાં?’’

‘‘ના, અહીં જ, તમારા ઘરના સભ્યોને આઠ લાખ રુપીયા મળે.’’ કોઈ સંત મહાત્માની જેમ આ યુવાન મને જીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ આપી રહ્યો હતો અને આ ક્ષણભંગુરતાનો પૉઝીટીવ ઉપયોગ કરવા સમજાવી રહ્યો હતો. આમ છતાં, કાર્ડ લેવાનો મારો ઉત્સાહ વધ્યો નહીં. પરંતુ અત્યાર સુધી યુવાન સાથેનો મારો સંવાદ તટસ્થપણે સાંભળી રહેલા મારા ઘરના સભ્યો આઠ લાખ રુપીયાના વીમાની વાત સાંભળી, એકદમ ઉત્સાહમાં આવી ગયા. ‘‘કાર્ડ મફત મળે છે તો લઈ લો ને!’’ એવો અભીપ્રાય સર્વાનુમતે વ્યક્ત થયો. મને થયું : ‘‘જીવતાં તો આ લોકોને કશા કામમાં ન આવ્યો; પણ મરીને કામમાં આવી શકાતું હોય તો પણ કશું ખોટું નહીં.’’ એમ વીચારી મેં કાર્ડ માટે સંમતી આપી. ‘‘થેન્ક્યુ અંકલ! આવતી

કાલે મારા એક સાહેબ આવશે અને ફૉર્મ ભરાવી જશે,'' કહી, યુવાન વીદાય થયો.



આમ જુઓ તો, મારું આજ સુધીનું જીવન ક્રેડીટ પર સઘળી જીવનજરુરીયાતો લેવામાં જ વીત્યું છે. જ્યાં જ્યાં નોકરી કરી છે, ત્યાં ત્યાં જે જે લોનો ઉપલબ્ધ હતી, તે તે લોનો મેં હંમેશાં લીધી છે. એક લોન ભરવા બીજી લોન અને બીજી ભરવા ત્રીજી લોન – એમ લોનની શૃંખલા મારા જીવનમાં રચાતી રહી છે. મારા પગારપત્રકમાં લોન અંગેનાં જેટલાં ખાનાં હોય તે સઘળાં હંમેશાં ભરાયેલાં રહેતાં. નીવૃત્ત થયો ત્યારે મારા છેલ્લા પગારમાંથી ઓફીસમાંથી લીધેલી મકાનની લોનની રકમ એડજસ્ટ કરવામાં આવી હતી. પગારની રકમ ઉપરાંત થોડી રકમ ગાંઠની(અલબત્ત, ઉછીની લઈને) ઉમેરીને મેં ઓફીસની મકાનની લોન સરભર કરાવી હતી. ઓફીસની ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટીમાંથી વધુમાં વધુ લોન લેવાનો રેકર્ડ મારે નામે નોંધાયો છે. આ રેકર્ડ, મારી નીવૃત્તી પછી પણ, હજુ અકબંધ છે. જીવનજરુરીયાતની બધી જ ચીજવસ્તુઓ આજીવન ઉધાર લીધી છે. સ્કુટર, રેડીયો, ટેલીવીઝન, ફર્નીચર, પુસ્તકો, પુસ્તકો રાખવા માટેના કબાટનું લાકડું, પેન્ટ–શર્ટ માટેનું મોંઘું કાપડ – બધાં જ ક્રેડીટ ઉપર. જીવનની સૌથી મહત્ત્વની બે બાબતો પણ ક્રેડીટ પર લીધેલા પૈસાથી જ સીદ્ધ કરી હતી. ઘર

બંધાયું(લગ્નના અર્થમાં) તે પણ ક્રેડીટ પર લીધેલા પૈસામાંથી અને ઘર(મકાન)બંધાવ્યું તે પણ મીત્રોના પૈસામાંથી ને પછી ઓફીસની લોનમાંથી. મીત્રોની અને ઓફીસની લોનમાંથી બનેલો મારો ફ્લૅટ જે સોસાયટીમાં આવેલો છે તે ૯૬ ફ્લૅટની આખી સોસાયટી મારા નામની છે – ‘રતીલાલ પાર્ક’. ચમત્કારો આજેયે બને છે!

ઉપરની યાદી હજી લંબાવી શકાય તેમ છે; પણ સેમ્પલ માટે આટલું પર્યાપ્ત છે. આ બધું જ ક્રેડીટ પર મેળવવા મારે બૅન્કના કાર્ડની ક્યારેય જરુર પડી નહોતી. અલબત્ત, એ વખતે જો બૅન્કનું ક્રેડીટ કાર્ડ મને મળ્યું હોત તો મારી પાસે કદાચ ફ્લૅટને બદલે આજે બંગલો હોત ને સ્કુટરને બદલે ગાડી હોત! જો કે, મને આવું કાર્ડ આપનાર બૅન્ક, આ જ કારણે, કદાચ આજે ન પણ હોત! હવે જ્યારે નાણાંકીય વ્યવહારોમાંથી નીવૃત્ત થઈ ગયો છું ત્યારે બૅન્ક મને ક્રેડીટ કાર્ડ આપી રહી છે અને તે પણ તદ્દન મફત! કવીએ નસીબ માટે કહ્યું છે – ‘ન માગે દોડતું આવે, રહે એ દુર માગે તો!’ – એ કેટલું સાચું છે!



બીજે દીવસે બૅન્કના ઓફીસર આવ્યા. કાર્ડ માટે મેં સમ્મતી આપી તે બદલ એમણે મારો આભાર માન્યો. પછી મારા વીશેની વીગતો ફૉર્મમાં લખવા મને પ્રશ્નો પુછ્યા. મેં

ઉત્તરો આપ્યા. થોડાં ઉદાહરણો : ‘અત્યારે તમારી આવક કેટલી?’

‘નીશ્ચીત કહી શકાય એવી કશી આવક નથી. વ્યાજની થોડી આવક છે; પણ સરકાર વ્યાજ ઘટાડી–ઘટાડીને એ વધુ થોડી બનાવી રહી છે. લેખક છું. લેખકોને ખુબ પુરસ્કાર આપવો જોઈએ એમ માનું છું; પણ મળવો જોઈએ એટલો પુરસ્કાર મળતો નથી.’

‘પેન્શન?’

‘હું જે નોકરી કરતો હતો, એમાં કામનું ટેન્શન ઘણું હતું; પણ એ નોકરી પેન્શનવાળી નહોતી.’ ‘ફોર વ્હીલર છે?’

‘ના. કારની લોન મળતી હતી; પણ પેટ્રોલ રોકડેથી લેવું પડે તેમ હતું, એટલે કાર લેવાનો વીચાર માંડી વાળેલો.’ ‘ટુ વ્હીલર છે?’

‘ઓફીસની લોન પર સ્કુટર લીધેલું. ઘણાં વરસ વાપર્યું; પણ જુનું થઈ ગયું એટલે કાઢી નાખ્યું. અત્યારે કાઈનેટીક ફેરવું છું–પણ એ મારી પુત્રવધુની માલીકીનું છે. એની મંજુરી મળે ત્યારે ફેરવું છું.’

આ માણસ લોન લેશે અથવા ક્રેડીટ કાર્ડ પર કોઈ ફાઈવ સ્ટાર હૉટલમાં નીવાસ કરશે તો બૅન્કની શી હાલત થશે એવી ચીંતા બૅન્કના આ અધીકારીને થઈ હોય એવું મારા જવાબો પછી વીલા પડી ગયેલા એમના ચહેરા પરથી મને

લાગ્યું. આમ છતાં; કાર્ડ માટે હું પાત્ર હતો(ભલે, 'સુપાત્ર' ન હોઉં) એટલે એ કશું બોલ્યા નહીં. મારા વીશેની વીગતોવાળા ફોર્મમાં મારી સહી કરાવી અને પછી 'થેન્ક યુ' કહી વીદાય થયા.



બૅન્કનું ક્રેડીટ કાર્ડ મળ્યા પછી મેં છાપામાં વાંચ્યું કે, ક્રેડીટ કાર્ડનો નંબર કોઈ જાણી જાય તો એનો દુરુપયોગ થવા સંભવ છે. આ વાંચી હું ગભરાયો. આમ તો કાર્ડનો ઉપયોગ હું કરવાનો જ નહોતો; છતાં કાર્ડ આડું–અવળું મુકાઈ જાય, ભુલથી પસ્તીમાં જતું રહે, આવી આવી શક્યતાઓના વીચારો આવવા લાગ્યા. ચીંતાએ ધીમે ધીમે ઘેરું સ્વરુપ પકડ્યું. એવા વીચારો પણ આવવા માંડયા કે ચીંતાને કારણે બ્લડ પ્રેશર વધશે અને બ્લડ પ્રેશર વધશે તો કાં તો હાર્ટ–અટૅક આવશે કાં તો પેરાલીસીસ થઈ જશે... આવા વીચારો પછી મને લાગ્યું કે, આવા વીચારો જોર પકડશે તો હાર્ટ–અટૅક કે પેરાલીસીસ નહીં થાય તોય હું ગાંડો તો જરુર થઈ જઈશ. એના કરતાં કાર્ડ બીલકુલ સલામત રહે એવો ઉપાય શોધવામાં જ ડહાપણ છે, એમ મને લાગ્યું. મેં બૅન્કના મૅનેજર(કાર્ડ આપનાર સીવાયની બૅન્કના) એવા મારા એક મીત્રને એમની બૅન્કમાં વરસ માટે લૉકર ભાડે આપવા વીનંતી કરી. મૅનેજર મીત્રને ભારે નવાઈ લાગી. લૉકરમાં મુકવા માટે મારી પાસે એવું કશું છે નહીં એ

મીત્ર જાણતા હતા; પણ મૅનેજર તરીકે ક્લાયન્ટને લૉકરમાં શું મુકવું છે એમ પુછાય નહીં, એટલે એમણે મને કશું પુછ્યું નહીં અને મને લૉકરની સુવીધા કરી આપી.



મારું ક્રેડીટ કાર્ડ હવે લૉકરમાં સલામત છે. ક્રેડીટ કાર્ડ મફતમાં મળ્યું છે; પણ એને સલામત રાખવા માટે હું હાલ લૉકરનું ભાડું ભરી રહ્યો છું.

–રતીલાલ બોરીસાગર સંપર્ક : એફ/૬૭, રતીલાલ પાર્ક, દર્પણ પાંચ રસ્તા, એસ.આર. માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૧૪
ફોન : ૦૭૯– ૨૭૬૮ ૦૨૬૪ મોબાઈલ : ૯૯૨૫૧ ૧૧૩૦૧



153 : 11-05-2008

'ગુમરાહ'

–'હરીશ્ચંદ્ર'

અનુક્રમણીકા

કાલે ત્રીજી વાર માસ્તર જાનકીદાસે મને ખબર આપી, "પરેશ શાળામાં હાજર રહેતો નથી. છોકરો ગુમરાહ થઈ જશે." એટલે આજે ભોજન બાદ પરેશે નીશાળનો થેલો ખભે લટકાવ્યો કે ચુપકીદીથી હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. સ્કુલની સડકને બદલે શાહજાદાએ બીજો જ રસ્તો પકડયો!

ચાલતાં ચાલતાં અમે ગામ બહાર નીકળી ગયા. એ એની ધુનમાં જ હતો. એણે પાછા વળીને એકે વાર જોયું પણ નહીં. સીટી વગાડતો, ક્યારેક પથરાને બુટ વડે ઠોકરો મારતો આગળ ધપ્યે જ જતો હતો. સુવ્વરનો બચ્ચો! એ નહોતો જાણતો કે એના આ બુટ ખરીદવા એના બાપને સવારથી સાંજ સુધી ફાઈલો સાથે કેટલાં માથાં ફોડવાં પડતાં હતાં!

મદારીઓના ડેરા નજીક એ પહોંચ્યો, તો પાંચ–છ કુતરા જોરશોરથી ભસતા એની નજીક લપક્યા. હું ગભરાયો – ક્યાંક એ મારા છોકરાને પગે બચકું ભરી લે તો! પણ જેવો એ કુતરાઓની નજીક પહોંચ્યો કે તેઓ દુમ હલાવવા લાગ્યા. ઓહ! મતલબ કે કુતરા સાથે એને જુની ભાઈબંધી હતી.

હું ઝાડની આડશે જોઈ રહ્યો હતો. મદારીના એક છોકરાએ ચાર–પાંચ સાપ પરેશને ગળે લટકાવી દીધા. મારો તો શ્વાસ જ અધ્ધર થઈ ગયો! દીલ ધડકતું હતું. પણ ધીરે ધીરે સાપ ગળેથી સરકીને બદન પર થઈ ઘાસ પર રમવા માંડ્યા.

પછી પરેશ આગળ વધ્યો. નહેરને કીનારે કેટલાક બંગાળી છોકરા માછલી પકડી રહ્યા હતા. આ બધું એ એકીટશે જોઈ રહ્યો હતો. જોવામાં એ એટલો મગ્ન હતો કે હું, એનો બાપ, એની અડોઅડ જઈને ઉભો રહ્યો તેનોય એને ખ્યાલ ન રહ્યો. એની આંખોમાં ઉત્સુકતા હતી, જીવન પ્રત્યેનો પ્યાર હતો. એ ત્યાંના વાતાવરણમાં લીન થઈ ગયો હતો.

એકાએક પરેશની નજર મારા પર પડી અને એનું મોં પડી ગયું. આખરે એને કાંઈ ન સુઝ્યું એટલે એણે આંગળી ચીંધી કહ્યું, ‘‘પાપા, આ લોકો માછલી પકડી રહ્યા છે.’’ હુંય એની સાથે બેસી ગયો. ન એની સ્કુલની વાત નીકળી, ન મારી ઓફીસની! ન મેં એને પુછ્યું કે, તું શાળાને બદલે આ બાજુ કેમ આવ્યો. ન એણે ધડ કરી કે હું ઓફીસને બદલે આ બાજુ શી રીતે આવી પહોંચ્યો. અમે મીત્રોની માફક અહીંતહીંની હાંકતા રહ્યા. ‘‘ચાલો પાપા, નદીની પેલે પાર જઈએ,’’ કહી એ બુટની દોરી છોડવા લાગ્યો.

‘‘ના બેટા, પગ ભીંજાવાથી તને શરદી થશે,’’ કહી મેં એને મારી પીઠ ઉપર બેસાડ્યો અને એણે એના હાથ મારા ગળે લપેટી દીધા.

એનાં ચીંતા–ભય બધું જ ગાયબ થઈ ગયું. એ બોલ્યે જતો હતો : ‘‘પાપા, નદીની પેલે પાર એક પથ્થરફોડો છે. દી’ આખો બસ પથ્થર ફોડ્યા કરે છે. વળી ત્યાં એક સ્વામીજી પણ છે.

નદી પાર કરી કે સામે જ સ્વામીજી મળ્યા. ‘‘તમારો છોકરો છે કે?’’

‘‘હા.’

‘‘ઘણો ડાહ્યો ને ભોળો છે. તમારું નામ રોશન કરશે.’’

ન જાણે આટલી વાત પર મને એટલી ખુશી થઈ કે સ્કુલથી ભાગેલા એ છોકરા વીશે મને ગર્વ થયો.

નજીકમાં જ થોડાં ઝુંપડાં હતાં. વાસણ માંજતી એક ભરવાડણે કહ્યું, ‘‘ઘણા દીવસે આવ્યો , પરેશ!’’

પરેશ એની નજીકમાં જઈ લાડમાં બોલ્યો, ‘‘હા, માસી! આજે તો મારા પપ્પા પણ આવ્યા છે.’’ પરેશની માસી અમને ચા પીવડાવવા માગતી હતી પણ અમે ના કહી.

પરેશને નીશાળેથી ન ભાગી જવાનું સમજાવવા મનોમન હું કોશીશ કરતો રહ્યો; પણ કાંઈ કહી ન શક્યો. આખરે મેં નક્કી કર્યું કે આજે નહીં, કાલ–પરમે એને સમજાવી દઈશ.

વરસાદે જોર કર્યું. અમે જેમતેમ ઘરે પહોંચ્યા. આંગણામાં જ ધુંવાંપુંવાં થતી એની મા ઉભી હતી. એણે મને ઉધડો જ લીધો : ‘‘આખો મહોલ્લો ઘુમી વળી. પહેલાં તો બેટો જ ભાગતો હતો, હવે તો બાપેય ભાગવા લાગ્યા કે શું?’’

કદાચ એને ગોપીનાથ દ્વારા જાણ થઈ હશે કે આજે હું ઓફીસે નહોતો ગયો. પરેશ મારી સોડમાં ભરાયો – પણ જાણે એ મને એની સોડમાં લઈ લેવા માગતો નહીં હોય! એને થતું હશે કે એને કારણે જ એના પાપાને આ સાંભળવું પડે છે. કદાચ મારા મનની અંદર સુતેલા બેટાને જાગૃત થયેલો જોઈ એના મનની ભીતરનો સુતેલો બાપ જાગ્યો હતો. પળ બે પળ રહી એ બોલ્યો, ‘‘પાપા, હવે હું ડાહ્યો થઈ ભણ્યા કરીશ, હોં!’’

કેટલાય મહીના વીતી ગયા. હવે એ નીયમીત નીશાળે જાય છે. પહેલાં કેટલીય વાર માસ્તરની અને એની માની ધમકીઓની કોઈ અસર એના પર નહોતી થઈ. પણ છેલ્લા પ્રસંગની એના પર ઘેરી અસર થઈ છે. એને થઈ ગયું છે કે એના પાપાને ઠપકામાંથી બચાવવા એણે નીશાળે જવું જ જોઈએ.

બધાં ખુશ છે, માસ્તર જાનકીદાસ ખુશ છે, એની મા ખુશ છે અને હું પણ...હા, પહેલાં પહેલાં મનેય ખુશી થઈ હતી. પણ હવે... ...

રાતના નવ વાગી ચુક્યા છે. બારીમાંથી વીજળી ચમકતી દેખાઈ રહી છે. આગીયા ઝબુકી રહ્યા છે. મલયાનીલ લહેરાઈ રહ્યો છે. પરેશ ટેબલ–લૅમ્પ પાસે પુસ્તકોમાં આંખો પરોવી બેઠો છે. પણ મારા મનના અંત:સ્તલમાં હલચલ મચી રહી છે. જીવને થાય છે કે એ નીશાળમાંથી ભાગી છુટે, હું ઓફીસમાંથી, અને અમે બાપ–બેટા આખી દુનીયાને અંગુઠો દેખાડી જંગલોમાં ઘુમતા રહીએ! પણ આ વાત હું કોઈને કહી શકતો નથી. પહેલાં એ ગુમરાહ હતો – હવે હું ગુમરાહ થઈ રહ્યો છું.

– ‘હરીશ્વંદ્ર’

(બલવંતસીંહની હીન્દી વાર્તાને આધારે)

‘વાચનયાત્રાનો પ્રસાદ’ના પાન : ૬૮ ઉપરથી સાભાર..

સંપાદક : મહેન્દ્ર મેઘાણી – ચાર વરસ ચાલેલી, છસો–સાડીછસો પાનાંનો એક એવા ચાર ગ્રંથોમાં છપાઈને સવા લાખથી વધુ વાચકોને પહોંચેલી, ‘અરધી સદીની વાચનયાત્રા’માંથી વીણીવીણીને શ્રી. મહેન્દ્રભાઈએ આ પુસ્તકમાં ‘પ્રસાદ’ વહેંચ્યો છે.. આ વીરલ વાચનયાત્રાનો ‘પ્રસાદ’ આરોગનારને ચારે મુળ ગ્રંથો પાસે જવાની તલબ લાગે એવો સ્વાદીષ્ટ ‘પ્રસાદ’ છે આ પ્રસાદથાળમાં...

પાનાં : ૫૧૨, કીંમત : રુપીયા ૭૫–પ્રકાશક : લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. ૨૩, સરદારનગર, ભાવનગર–364 001, ફોન: (0278) 256 6402

e-mail: lokmilaptrust2000@yahoo.com

@

154 : 18-05-2008

ગઝલ–પુષ્પ

-ડૉ. રઈશ મનીઆર

અનુક્રમણીકા

.૧.

આખું જીવન અમે ધીરે ધીરે લખ્યું,
રેત પર જેમ પાગલ સમીરે લખ્યું.

કોરા કાગળ પર બસ, 'સખી રે!' લખ્યું,
એથી આગળ નથી મેં લગીરે લખ્યું.

મજનુ, ફરહાદ, મહીવાલ, હીરે લખ્યું,
લીરે લીરે ને આખા શરીરે લખ્યું.

રોજ માણસ ઘવાતો રહ્યો ચુપચાપ,
જે લખ્યું તે નીતરતા ઝમીરે લખ્યું.

આપણે ક્યાં કદી કંઈ લખ્યું છે 'રઈશ'?
એક મીરાંએ લખ્યું; એક કબીરે લખ્યું.

.૨.

આંખથી ટપક્યું અવશ તે આંસુ હોવું જોઈએ,
કૈંક ભીતર દર્દ તો સચવાયું હોવું જોઈએ.

મારો દીવો તારા ઘરને રોશન શી રીતે કરે?
દોસ્ત! સૌનું પોતીકું અજવાળું હોવું જોઈએ.

એક માણસ સાદ પાડે, સાંભળી સૌ કોઈ શકે,
વીશ્વ આખું એટલું, બસ નાનું હોવું જોઈએ.

મોત સરખું દુ:ખ પડે તો કોઈ કંઈ મરતું નથી,
મોત માટે ભાગ્યમાં મરવાનું હોવું જોઈએ.

મારે સરનામે મળ્યું છે, મારી વીગત કંઈ નથી,
જીન્દગી–પરબીડીયું, બીજાનું હોવું જોઈએ.

.3.

તરવું કદી ન ફાવ્યું મને, તળ સુધી ગયો,
અમૃતની ઝંખનામાં હળાહળ સુધી ગયો.
હું દીવ્યતાની શોધમાં દેવળ સુધી ગયો,
પ્રત્યેક બંધ દ્વારની સાંકળ સુધી ગયો.

મંદીર કે મસ્જીદો સુધી અટકી ગયા સહુ,
જીજ્ઞાસાવશ જરાક હું આગળ સુધી ગયો.

ભાલાનો, તીર–કામઠાંનો વારસો હતો,
માણસ છતાંય એક દીવસ હળ સુધી ગયો.

મારો મુકામ તો હતો મૃગજળના દેશમાં,
લઈ ગઈ આ મારી પ્યાસ, અને જળ સુધી ગયો.

લોહીનો રંગ લાલ નહીં, કાળો હોય છે;
એવી પ્રતીતી થઈ અને કાગળ સુધી ગયો.

આખા જીવનમાં એક પળ દુ:ખની મળી હતી,
એનો જ પ્રત્યાઘાત પળેપળ સુધી ગયો.

મારી તરસના સાચા સ્વરુપને પીછાણવા,
હરીયાળી ભોમ છોડી, મરુસ્થળ સુધી ગયો.

.૪.

દ્વાર કોઈ ખટખટાવી જાય છે,
આખા ઘરને હચમચાવી જાય છે.

જીન્દગીભર કોણ સાથે રહી શકે?
બેઉ એકલતા નીભાવી જાય છે.

ખાલીપાથી હું ડરૂં છું એટલે,
વેદનાઓ ઘર સજાવી જાય છે.

જીન્દગીથી થઈ ગયા છે જે વીદાય,
આંખમાં ક્યારેક આવી જાય છે.

નહીં જીવાયેલી ક્ષણોના બોજને,
ચાર જણ અંતે ઉઠાવી જાય છે.

મોડી રાત્રે શેરીમાં રખડે ‘રઈશ’,
રોજ કોઈ ઘર બતાવી જાય છે.

.૫.

ન દ્વીધામાં પડ, તું વલણ લઈ નીકળ;
જીવન લઈ નીકળ યા મરણ લઈ નીકળ.

ખભે આખેઆખું ન રણ લઈ નીકળ,
હથેળીમાં એક રેતકણ લઈ નીકળ.

સંબંધોને ત્યાગી સ્મરણ લઈ નીકળ,
તું સ્પર્શોને છોડી દે, વ્રણ લઈ નીકળ.

હવાઓ જગતની ન સ્પર્શે તને,
તું તારું જ વાતાવરણ લઈ નીકળ.

વજન લઈ સમયની ગલીમાં ન જા,
તું ક્ષણ લઈ પ્રવેશી જા, ક્ષણ લઈ નીકળ.

ક્ષીતીજ પાર પહોંચ્યા 'રઈશ' તારા શબ્દ,
હવે તુંય પોતે ચરણ લઈ નીકળ.

.૬.

ના કમાયા કશું ફક્ત વારસ રહ્યા,
તોય શબ્દોની સાથે નીખાલસ રહ્યા.

છોને આશય વીસામાનો હો એમનો,
આપણી છત પર બે'ક સારસ રહ્યા

ના તો પંડીત થયા, ના તરણ આવડ્યું;
જો અમે ગંગાકાંઠે બનારસ રહ્યા.

ટાંકણાં–છીણીઓની સરતચુકથી,
મંદીરે ના સ્થપાયા બસ, આરસ રહ્યા.

એમ કહીને પછી દેવો હસતા રહ્યા,
લ્યો, 'રઈશ' તો હજુ સાવ માણસ રહ્યા!

.૭.

સંગેમરમરનો નહીં આજ મલાજો તુટે,
આ કલમ મૌન થશે શીલ્પ જરા જો તુટે.
રસ્મ તુટે કે ભલે રીત–રીવાજો તુટે,
તુટે માણસ ન કદી, ચાહે સમાજો તુટે.

ચાલ, એવી કોઈ સરહદમાં પ્રવેશી જઈએ,
જ્યાં પ્રકાશો ન તુટે, જ્યાં ન અવાજો તુટે.

શબ્દ બસ લાકડાની જેમ તણાઈ આવ્યા,
લોહીમાં દર્દભર્યાં રોજ જહાજો તુટે.

એક માણસથી 'રઈશ' કેટલા શેરો નીપજે?
એક જીવતરમાં 'રઈશ' કેટલી સાંજો તુટે?

.૮.

સાચો છું તો ય હું મને સાબીત નહીં કરું,
હું સત્યને એ રીતથી લજ્જીત નહીં કરું.

આખાય એના રુપને અંકીત નહીં કરું.
કાગળ પર ઉતારી કલંકીત નહીં કરું.

આપ્યા કરે એ ફુલ મને એ જ શર્ત પર,
એકેય ફુલ હું કદી સંચીત નહીં કરું.

પામી ગયો, મજા તો બસ, ઉથાપવામાં છે,
તેથી હું જાતને કદી સ્થાપીત નહીં કરું.

બીજું કશુંય કરવા સમું પ્રાપ્ત થાય તો,
સાચું કહું છું, હુંય પછી પ્રીત નહીં કરું.

રાખે જો વીશ્વને તું વીખરાયેલું, પ્રભુ 1
જા, હુંય મારા ઘરને વ્યવસ્થીત નહીં કરું.

.૯.

માત્ર ત્રણ અક્ષર છે તું, ઈશ્વર છે તું,

લાગણીથી પર છે તું, ઈશ્વર છે તું.

ઘર મને, ભીંતો મને, સગપણ મને;
મુક્ત છે, બે ઘર છે તું, ઈશ્વર છે તું.

પ્રશ્ન છું, કુટપ્રશ્ન છું, માણસ છું હું,
ક્યાં કોઈ ઉત્તર છે તું? ઈશ્વર છે તું.
હું જ નર્તન છું, અનાદી ને અનંત,
માત્ર એક ઝાંઝર છે તું, ઈશ્વર છે તું.

પગ મુકી તો જો ધરા પર એકવાર!
ક્યાં હજી પગભર છે તું? ઈશ્વર છે તું.

સ્વસ્થ હું હોઉં, તો તું હોતો નથી,
ને કવચીત્ કળતર છે તું, ઈશ્વર છે તું.

.૧૦.

કીનારાઓ અલગ રહીને ઝરણને જીવતું રાખે;
અલગતા આપણી એમ જ સ્મરણને જીવતું રાખે.

તળાવો મૃગજળોનાં જેમ રણને જીવતું રાખે,

બસ, એમ જ સ્વપ્ન તારું એક જણને જીવતું રાખે.

સમયના સુર્યનું ચાલે તો સળગાવી મુકે સઘળું,
વ્યથાનાં વાદળો વાતાવરણને જીવતું રાખે.
કહો એવી હયાતીને કોઈ તકલીફ શું આપે?
જે અંદરથી મરી જઈ આવરણને જીવતું રાખે.
અનાયાસે તો જીવનમાં બધું ભુલી જ જઈએ, પણ–
પ્રયાસો વીસ્મરણના ખુદ સ્મરણને જીવતું રાખે.

'રઈશ' આ દોસ્તો તારા અધુરા છે શીકારીઓ,
ખુંપાવી તીર જે અડધું, હરણને જીવતું રાખે.

: મુક્તકો :

આપે દીલાસા અને રડવા નથી દેતા,
દુ:ખ મારું મને મીત્રો જીરવવા નથી દેતા;
આંસુઓ ટકાવે છે મને ભેજ બનીને,
એ જીવતા માણસને સળગવા નથી દેતા.



ગઝલમાં જીવનનો મરમ વ્યક્ત કરીએ,
કે સત્યમ્ શીવમ્ સુંદરમ્ વ્યક્ત કરીએ?

આ મત્લાથી મક્તા સુધીની નમાજો,

પઢી લઈએ, અમે તો ધરમ વ્યક્ત કરીએ.



ભલે અલ્પ તોયે વધારે લખ્યું છે,

લખ્યું તે બધું રક્તધારે લખ્યું છે;

લખાણે–લખાણે પ્રહારો થયા છે,

અમે પણ પ્રહારે–પ્રહારે લખ્યું છે.



–ડૉ. રઈશ મનીઆર

6-બી, રત્નસાગર એપાર્ટમેન્ટ, ચાંદનીચોક પાસે, પીપલોદ,

સુરત–395 007

ફોન (ઘર): 0261- 272 0765, મોબાઈલ– 98251 37077

RAEESH MANIAR - amiraeesh@yahoo.co.in



155-1 : 18-05-2008

'સન્ડે ઈ–મહેફીલ'ના વાચકમીત્રોને ભાવપ્રેમથી 'વીદાય–સલામ'..

–'સ.મ.'ના સંપાદકો

અનુક્રમણીકા

આગામી રવીવારથી આપના Inboxમાં 'સન્ડે ઈ–મહેફીલ'ની pdf File હવે નહીં આવે..

'કેમ, કંઈ કારણ? ત્રણ ડોસાઓ (રતીભાઈ–૮૬; બળવંતભાઈ–૭૬ અને ઉત્તમભાઈ –૭૪)માંથી કોઈને કંઈ થયું કે શું?' આવો સવાલ થશે જ. પણ ના, ના, એવું કોઈ કારણ નથી. ભલે અમે ડોસા, પણ હજી તો અમે કડેધડે છીએ. કુદરતની કૃપા છે અને તમારો અઢળક પ્રેમ તો છે જ!

તા. ૨૫ મે ૨૦૦૫થી શરુ થયેલી, 'સન્ડે ઈ–મહેફીલ'ની, ૧૫૫ સપ્તાહ સુધી એક પણ રવીવારનો ખાડો પાડ્યા વીના સતત એકધારી ચાલુ રહેલી આ 'રંગારંગ–વાચનયાત્રા'ને, હવે વીરામ આપવા મન થયું છે. બસ, એ જ કારણ. તો ચાલો, વીગતે વાત માંડીએ...

યાત્રા કોઈ વાર માત્ર સ્વૈરવીહાર અને નીરુદ્દેશીય હોય છે; પરંતુ મોટે ભાગે તેનો ઉદ્દેશ, માર્ગ, (યાત્રા લાંબી હોય તો) વચ્ચેનાં વીરામ સ્થાનો, પડાવ, અંતીમ સ્થળ, અપેક્ષીત ફળ

અને અનાયાસ પ્રાપ્ત થવાનો સંભવ હોય તેવું ફળ– આ બધાનો જડબેસલાક નહીં; તો પણ સારો એવો સવીગત ખ્યાલ યાત્રાએ ઉપડનારને હોય એ સ્વાભાવીક છે. યાત્રા કશુંક પામવા માટે હોય કે ક્વચીત યાત્રી પાસે કંઈક આપવા જેવું હોય તો તે સમાજને અર્પણ કરવા માટે પણ હોય. યાત્રા અને સામાન્ય સફર વચ્ચે દેખીતો કોઈ ભેદ નથી હોતો. ભીન્નતા હોય છે પ્રવાસીના માનસીક અભીગમમાં. કોઈ વાર એવું પણ બને કે શરુ થઈ હોય એક સફર ચોક્કસ મર્યાદીત હેતુથી; પરંતુ સફર કરતાં કરતાં પ્રવાસીનો માનસીક અભીગમ એવો ઘડાતો જાય છે કે તે યાત્રા બની જાય છે!

આવું જ કોઈક વાર બને છે કોઈ ઉપક્રમ વીશે; શરુ થયો હોય થોડુંક કંઈક કરવાના ઉદ્દેશથી, કંઈક પ્રયોગાત્મક બાબત નાણી જોવા. સાવ નવો જ ઉપક્રમ હોય ત્યારે ખ્યાલ પણ ન હોય કે આમાં એવા રમમાણ થઈ જવાશે કે આખું સપ્તાહ એમાં જ ડુબ્યા રહીશું! ખ્યાલ તો એવો હોય કે અઠવાડીયાના બે–એક દીવસ પુરતા થઈ રહેશે. બને એવું કે યાત્રામાં નાનું મોટું અંતર રોજ કાપતા હોઈએ છીએ તેમ, હાથ ધરેલ ઉપક્રમ રોજ ઓછોવત્તો સમય માગી જ લે છે. જો કે એમ પણ સાથે સાથે બને કે, કામ કરતાં કરતાં ન ધારેલ મૈત્રી મળે, નવા મીત્રોનો અપાર સ્નેહ મળે અને ઉપક્રમ સામાન્ય કાર્ય ન રહેતાં ‘મૈત્રીયાત્રા– સ્નેહયાત્રા’ બની જાય!

'સન્ડે ઈ–મહેફીલ' અંગે અમારે કંઈ આવું જ થયું છે. મહેફીલ શરુ થઈ એક નાનકડા ઉપક્રમ રુપે. ઉદ્દેશ પણ સીમીત હતો—ગુજરાતી ભાષાના વ્યાપ અને વીકાસ માટેનો. ભારત બહાર દુરદેશાવરમાં અને ભારતમાં ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં સ્થાયી ગુજરાતી બંધુઓ–પરીવારોને દર અઠવાડીયે નીયમીત વીક–એન્ડની પ્રથમ સવારે અચુક પહોંચી જાય તે રીતે, ઈ–મેઈલથી એક–દોઢ પાના જેટલું ગુજરાતી સાહીત્યમાંથી પસંદ કરેલ વાચનક્ષમ, જીવનલક્ષી અને રસપ્રદ લખાણ, ગુજરાતી લીપીમાં, પીડીએફ ફાઈલ બનાવી પેશ કરવું. (પીડીએફ એટલા માટે કે જેની પાસે ગુજરાતી ફોન્ટ ન હોય તે પણ તેના વાચનનો લાભ લઈ શકે.) આશય માત્ર એટલો જ કે મુળ ગુજરાતના પણ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓને કમ સે કમ સપ્તાહમાં એક વાર ગુજરાતી લખાણ, ગુજરાતી લીપીમાં વાંચવા મળી રહે, જેથી ગુજરાતી ભાષા, ગુજરાતી સાહીત્ય અને ગુજરાતી લીપી સાથેનો તેમનો સમ્પર્ક જળવાઈને જીવંત રહે. કવી શ્રી ખબરદારની અત્યંત જાણીતી પંક્તી 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' આ ઉપક્રમ પુરતી તો 'જ્યાં કોઈ વાંચે ગુજરાતી, ત્યાં અવશ્ય મુજ ગુજરાત,' બની ગઈ! અમારા મનમાં તો આટલું જ કે, સપ્તાહના સાતે સાત દીવસ નહીં તોય કમ–સે–કમ બે દીવસ

તો મીત્રો, પરીચીતોના ઘર–આંગણે ગુજરાતી ભાષા–સાહીત્ય–લીપીનો સુર્ય ઉગે અને પ્રકાશતો રહે!

એક પેટા ઉદ્દેશ પણ ખરો, પણ તે પેટા જ, આનુષંગીક જ માત્ર. ગુજરાતી ભાષાની જોડણી વીશે પુનઃવીચારની આવશ્યકતા છે એમ, ઘણા ગુજરાતી ભાષકોની જેમ અમને પણ પ્રતીત થયું છે. આ અંગે 'ગુજરાતી ભાષાપરીષદે' જે અભીગમ અપનાવ્યો છે તે યોગ્ય અને ગુજરાતીને સરળ બનાવવામાં ઉપકારક છે તે અમે સ્વાનુભવે પ્રમાણ્યું છે. સરસ્વતીચંદ્રકાર આદરણીય વીદ્વદ્દવર્ય ગોવર્ધનરામ ત્રીપાઠીજીએ તેની જીકર કરેલી તે હકીકતથી અમે ખોટે રસ્તે નથી જ તેનો અહેસાસ અમારાં મન–હૃદયને મળ્યો. તેથી મહેફીલનાં લખાણો–કવીતા–ગઝલો સુધ્ધાં 'ઉંઝાજોડણી'માં આપવા વીચાર્યું, જેથી આ લખાણો સરલતાથી કોઈ પણ જાતના અર્થભ્રમ વીના વાંચી શકાય છે કે કેમ અને તે પણ વીશ્વસ્તરે, તેની ચકાસણી થઈ શકે. અવશ્ય, આ પેટા ઉદ્દેશ જ હતો. અમને દહેશત પણ હતી કે ઉંઝાજોડણીમાં નહીં માનનાર સાહીત્યકારો પોતાની રચનાઓનો લાભ મહેફીલને આપવા સંમત થશે કે કેમ! (પ્રથમથી જ અમારો નીર્ણય પણ હતો કે, એક પણ લખાણ લેખકની પરવાનગી વીના અને તે પણ 'ઉંઝાજોડણી'માં હશે તેવી સ્પષ્ટ સમજ આપી, તેમની અનુમતી વીના, મહેફીલમાં પ્રસીદ્ધ ન કરવું. (અહો! કેટલા આનંદની વાત છે કે કેટલાક

ઉંઝાજોડણીના પ્રખર વીરોધી સર્જકોએ પણ સ્નેહથી, ઉમળકાથી પોતાનાં લખાણોનો લાભ મહેફીલને આપવાનું સૌજન્ય ('કૃપા કરીને' કહીએ તોય ખોટું નથી!) દાખવ્યું. તેમનું સૌજન્ય, તેમનો ગુજરાતી ભાષા માટેનો પ્રેમ પ્રણામને પાત્ર છે.

આ ઉપક્રમનો પ્રારંભ કર્યો હતો 50-60 ભાવકોથી. પ્રતીસાદ કેવો સાંપડશે, તેનો વ્યાપ કેવો હશે, તેનો બીલકુલ ખ્યાલ ન હતો, હકીકતે એવો કોઈ ખ્યાલ કર્યો જ નહોતો. આવો કોઈ ખ્યાલ કર્યો હોત તો પણ; તેને જે પ્રતીસાદ સાંપડ્યો છે, તેનો સાચે જ કોઈ ખ્યાલ આવ્યો ન હોત. બહુ બહુ તો અમે ધાર્યું હોત કે બે–ત્રણ વરસમાં 1000-2000 ભાવકો સુધી પહોંચાય તો ભયો ભયો! આનન્દની વાત છે કે કેવળ એક વર્ષના ગાળામાં ભાવકોનો આંકડો 4500ને આંબી ગયો અને આજે ત્રીજે વરસે તો તે 8500ને કુદાવી ગયો છે!

એક સામાન્ય ઉપક્રમ તરીકે શરુ કરેલ આ મહેફીલ અમારા માટે એક યાત્રા બની ગઈ તે એ કારણે કે, તે હવે પાના દોઢ પાનાંની પીડીએફ ફાઈલના સ્વરુપે કેવળ ગુજરાતી સાહીત્યનો અંશ ન રહેતાં, વીશ્વના સાતે ખંડમાં વસતા આઠ આઠ હજારથી વધુ ભાવકો સાથેની મૈત્રીનો ધાગો–સેતુ બની ગઈ છે. દર સપ્તાહે ભાવક મીત્રોને મહેફીલ પહોંચતાં જ તેમના પ્રેમાળ પ્રતીસાદોથી અમારાં હૃદય સ્નેહભીનાં થવા માંડતાં અને

જોતજોતામાં અમારે મન એ એક ઉપક્રમ જ ન રહેતાં મૈત્રીનું મુર્ત સ્વરુપ બની ગઈ–મૈત્રીયાત્રા બની ગઈ!

મૈત્રીની આ યાત્રા તો અનંત છે; પણ જેનાથી મૈત્રીનો આ મહાસાગર લહેરાય છે તે ઉપક્રમને સંજોગવસાત્, અત્યંત ભારે હૃદયે વીરામ આપવો પડે એમ છે. આમ, આ ૨૫ મે, ૨૦૦૮ની ૧૫૫મી મહેફીલથી આ યાત્રા વીરમશે. વીરામ તો ન જ કરવો જોઈએ એમ અમારાં હૃદય પણ કહે છે. પ્રારંભમાં અમારો ખ્યાલ હતો કે સપ્તાહના બે–એક દીવસ મહેફીલ માટે પુરતા થઈ પડશે કૃતીની પસંદગી, પરવાનગી, અક્ષરાંકન, ફોટો, પરીચય, રવાનગી વગેરે કામગીરી માટે. અનુભવે જણાયું કે સપ્તાહના પ્રત્યેક દીવસે તેને માટે મોટા ભાગનો સમય ફાળવવો જ પડે છે અને તેમ છતાં દર સપ્તાહે મળતા ભાવકમીત્રોના મળતા અનેકાનેક ઉમળકાભર્યા પ્રતીસાદ–સંદેશની સ્વીકાર–પહોંચને પહોંચી વળવું પણ મુશ્કેલ બની ગયું છે. ત્રણ–ચાર દીવસ બહારગામ જવાના પ્રસંગો અનીવાર્ય ન હોય તો ટાળવા જ પડે. આ કારણે સગાં–સબંધી, મીત્રો, પરીચીતોની ખાસી નારાજગી પણ વહોરવી રહે છે. જો કે મહેફીલના કામની સમજ આપતાં મોટે ભાગે ઉદારદીલે તેઓ દરગુજર કરે છે; એ રાહત પણ નાની નથી. તેમને પણ અહીં યાદ કરી લઈએ, આભારવશ હૈયે. પણ સરવાળે સમજાયું છે કે, હવે મહેફીલને વીરામ આપ્યા વીના કોઈ આરો દેખાતો નથી.

છતાં આને અલવીદા કહેવા માટેય હૃદય માનતું નથી, તેથી આને વીરામ કહી મનનું સમાધાન કરીએ છીએ. આ યાત્રા પુનઃ શરુ થશે કે કેમ તેનો અમને કશો ખ્યાલ નથી; થશે તો ક્યારે કે કેવા સ્વરુપે, કયા હેતુઓથી થશે તેનો પણ કશો અંદાજ નથી. ફરી આ ને આ જ સ્વરુપે ચાલુ થાય એવો કોઈ સંભવ અત્યારે તો પ્રતીત થતો નથી એ સ્વીકારવું રહ્યું. જે ઉદ્દેશ અને પેટા ઉદ્દેશથી મહેફીલ શરુ કરી હતી તેનો ક્યાસ કાઢવો જોઈએ તેવી ગડમથલ અમારું મન કરે છે; પણ એવી કોઈ આવશ્યકતાય હૃદયને જણાતી નથી. કારણ કે અમે નહીં કલ્પેલ તેવો અઢળક સ્નેહ અમને ભાવકમીત્રોએ આપ્યો છે. તે જ અમારા ઘડપણની મોટી અને સાચી મુડી છે.

ગુજરાતી પરીવારોની વાચનભુખ ઉઘડી હોય, ગુજરાતમાંના કે ગુજરાત બહારના સર્જકોની રચના અને સર્જકોથી અરસપરસ પરીચીત થવાયું હોય, આ ત્રણ વર્ષના ગાળામાં શરુ થયેલી અનેકાનેક ગુજરાતી વેબસાઈટ અને ગુજરાતી બ્લોગ તરફ બહુ જ મોટા પ્રમાણમાં વાચકો વાચન તરફ વળ્યા હોય, વાચકોની લાખો આંખો ‘ઉંઝાજોડણી’થી અર્થભ્રમ વીના વાંચતી થઈ હોય, દોઢ ડઝન જેટલી વેબસાઈટ–બ્લોગ ‘ઉંઝાજોડણી’માં શરુ થયાં હોય, જોડણી પરત્વે આપણા કરતા ઓછા રુઢીચુસ્ત એવા આપણા પાડોશી

રાજ્ય મહારાષ્ટ્રમાં પણ નેટ મારફતે ‘ઉંઝાજોડણી’ની વાત પહોંચી હોય, તે વીશે વીસ્તૃત માહીતી આપતો લેખ મંગાવી, તેને તેમની સાહીત્યીક પત્રીકા ‘भाषाजीवनी’માં મરાઠીમાં પ્રકાશીત કરી મરાઠી વીદ્વાનોનાં મંતવ્યો મંગાવવા પ્રશ્નાવલી પાઠવી હોય, દેશ–વીદેશના હજારો વાચકોએ અમારા રુપકડા ‘કલાપી’ ફોન્ટ મંગાવી સ્ક્રીન પર ગુજરાતી લખવું શરુ કર્યું હોય, સમજદારી અને ઉષ્માભરી મૈત્રીનું વર્તુળ આવડું મોટું થયું હોય.. આવી આવી, નાની જણાતી અનેક બાબતોમાં, આ ‘સન્ડે ઈ–મહેફીલે’ ત્રણ વર્ષમાં ચપટી જેટલોય ફાળો આપ્યો હોય તો તેટલું પુણ્ય પણ અમારાં ઘરડાં હૈયાંને હરખાવે છે.

વળી, એ દરમ્યાન જ ગુજરાતી ભાષાનો શબ્દ–સાગર સમો ‘ગુજરાતીલેક્સિકોન’ તૈયાર થઈ સેવાર્થે લોકસમર્પીત થયો. હજી તો ત્રણ વર્ષ પુરાં થાય ત્યાં તો તેના મુલાકાતીઓની સંખ્યા મીલીયન–દસ લાખની થવામાં છે તેનો રોમાંચ અને તેની ધન્યતા તો અવર્ણનીય છે અને અમારાં હૈયાંને ભીંજવે છે! ગુજરાતી વેબસાઈટ પુરતો આ રેકોર્ડ તો નહીં હોય કદાચ! ખેરવીખેર વસેલા ગુજરાતી વાચકોને અમારી લાખલાખ સલામ!

હવે આ પળે ખુબ જ આવશ્યક કામ તો એક જ છે. અને તે, અમને જેમનો જેમનો સામેથી– સ્નેહથી સાથ–સહકાર

મળ્યો છે તેમનો હૃદયપુર્વક આભાર માની તેમના ઋણને માથે ચડાવી તેમનું અભીવાદન કરવાનો, તેમના પ્રતી અંતઃકરણપુર્વક આભાર વ્યક્ત કરવાનો. અમે સાચે જ કૃતજ્ઞ છીએ......

1. મહેફીલ માટે પોતની કૃતી લેવાની પરવાનગી આપનાર દેશ–વીદેશ સ્થીત સૌ સર્જકોના, જે વીના આ ઉપક્રમ શક્ય જ નહોતો...

૨. આવી પરવાનગી મેળવવામાં સહાયભુત થયેલ અને સર્જકોની કૃતી, તેમનો પરીચય અને ફોટો મેળવવામાં પણ સક્રીય મદદ કરનાર સૌ સહૃદયી, ઉત્સાહી, સેવારત, સાહીત્યરસીક મીત્રોના...

૩. વીદેશમાં વસતા સાહીત્યકારોની કૃતીઓ મેળવી, તેના સંપાદનનો કાર્યભાર સંભાળી લેનાર અઝીઝ મીત્ર શ્રી હરનીશભાઈ જાનીના... તેમ જ અહીં ગઝલ–સંપાદનમાં સક્રીય મદદ કરનાર આચાર્ય કવી મીત્ર શ્રી મનસુખ નારીયા અને વીજ્ઞાન–શીક્ષક મીત્ર શ્રી સુનીલ શાહના...

૪. મહેફીલ ઓર રમણીય બની જેમનાં ધારદાર વ્યંગ–ચીત્રોથી તે, અમેરીકાસ્થીત કાર્ટુનીસ્ટ મીત્ર શ્રી મહેન્દ્રભાઈ શાહના...અને સુરતસ્થીત કાર્ટુનીસ્ટ અને સર્જક મીત્ર શ્રી નીર્મીશ ઠાકરના...

૫. સ્વેચ્છાએ ‘વીજયા–કલાપી’ ફોન્ટમાં ટાઈપ કરવાનું શીખી, અક્ષરાંકન કરી આપી અને છેક પ્રુફ–રીડીંગ સુધીની સહાય

કરનાર મીત્રો, શ્રી સુનીલ શાહ, શ્રી જુગલકીશોર, શ્રી વીજેશ શુક્લ, મધુકાંતા ગજ્જર અને અમે અમેરીકા હતાં ત્યારે સર્વ વાતે આવા જ ઉમળકાથી મદદ કરનાર મીત્ર શ્રી કીશોર રાવળ વગેરે જીગર–જાન દોસ્તોના...

૬. પાંચ હજારથી વધારે વાચકો થયા અને સૌ વાચકોને અમારાથી જાતે(મેન્યુઅલી) મોકલવાનું મુશ્કેલ બનતાં, મુંબઈ–અમદાવાની મૅગ્નેટ ટૅક્નોલૉજીના ભાઈ શ્રી અશોક કરણીયા અને તેમના સ્ટાફનાં શ્રી મીનાબહેન છાયા અને શ્રી જાગૃતીબહેન વાલાણી વગેરે તરવરીયાં યુવાન–ભાઈબહેનો અમારી વહારે ધાયાં અને આજે નીયમીતતાથી સાડા આઠ હજાર જેટલા મીત્રોને મહેફીલ પહોંચાડતા રહ્યાં છે તેમના...

૭. અણસાર આપ્યા વીના, નીઃસ્વાર્થભાવે, કેવળ ઉમંગ અને પુરા ભાવથી 'સન્ડે ઈ–મહેફીલ' માટે એક વેબસાઈટ https://sites.google.com/site/semahefil/ બનાવી આપી અને દર સપ્તાહે ચેન્નાઈ બેઠેબેઠે તેને અપલોડ કરતા રહી અમને સરપ્રાઈઝ ભેટ ધરનાર સુરતના ભાઈ શ્રી હિમાંશુ મીસ્ત્રીના..

૮. અમદાવાદના ભાઈ શ્રી જુગલકીશોરે પોતાના બ્લોગ આ નવી–સરળ 'ઉંઝાજોડણી'માં શરુ કર્યા. પોતાની હથોટી મુજબ વ્યાકરણ–છંદની સરળ સમજ પણ ઉંઝાજોડણી મારફત તેમાં પીરસવા મંડ્યા. તે જ રીતે અમેરીકામાં રહ્યે ગુજરાતીભાષા–સાહીત્ય માટે સતત ચીંતન–ચીંતા સેવનારા અને રાતદીવસ

મથનારા ભાઈ શ્રી સુરેશ જાની તથા ભાઈ શ્રી ચીરાગ પટેલે પણ ‘ઉંઝાજોડણી’માં વીશેષ રસ દાખવી પોતાના બ્લોગ દ્વારા ‘ઉંઝાજોડણી’માં વાચકોને રસપ્રદ વાચનસામગ્રી પીરસવાનો યજ્ઞ સફળતાથી ચાલુ રાખ્યો છે. સુરતની ‘સત્યશોધક સભા’નું ‘સત્યાન્વેષણ’, અમદાવાદનું ‘નયા માર્ગ’, મહેમદાવાદનું ‘વૈશ્વીક માનવતા’, મુંબઈનું ‘વીવેકપંથી’ આ તમામ ‘ઉંઝાજોડણી’માં પ્રગટતાં સામયીકો પોતાની વેબસાઈટ દ્વારા વીશ્વના વાચકોને સુલભ બન્યાં છે. ‘ગુજરાતી ભાષાપરીષદ’, અમદાવાદ પોતે પણ દર બે માસે ‘નયા માર્ગ’માં ‘ભાષાવીચાર પુર્તી’ પ્રકાશીત કરે છે. ભાઈ શ્રી મનીષી જાની અને શ્રી કીરણ ત્રીવેદી તેનું સંપાદન કરે છે તે બધી પુર્તીઓ તથા ‘ઉંઝાજોડણી’ની કેટલીક તાત્ત્વીક ચર્ચાઓ, દસ્તાવેજો, ઐતીહાસીક પત્રો, શ્રી રામજીભાઈ પટેલે કાળજીપુર્વક તૈયાર કરેલી અત્યાર સુધીમાં ‘ઉંઝાજોડણી’માં પ્રકાશીત થયેલાં સઘળાં પુસ્તકોની યાદી, લેખો વગેરે સચવાય અને ભવીષ્યે પણ સૌને તે સુલભ બને તે માટે https://sites.google.com/site/bhashavichar/ નામની એક વેબસાઈટ પણ બની છે જેની કામગીરી અમદાવાદના ભાઈ જુગલકીશોર અને સુરતના ભાઈ સુનીલ શાહ સંભાળી રહ્યા છે. ઉંઝાજોડણીમાં પ્રકાશીત બીજાં સામયીકો પણ હવે નેટ પર આવવાની તૈયારી કરી રહ્યાં છે. ટુંકમાં, આજે દોઢ ડઝનથીયે

વધારે બ્લોગ/વેબસાઈટ ‘ઉંઝાજોડણી’માં કાર્યરત છે. ‘સન્ડે ઈ–મહેફીલ’ના જેવા જ હેતુ સાથે શરુ કરાયેલા આ સઘળા ઉપક્રમોએ સન્ડે ઈ–મહેફીલને પરોક્ષ રીતે બળ તો પુરું પાડ્યું જ છે; એનું પ્રાગટ્ય પણ સફળ બનાવ્યું છે તે બદલ આ સૌ મીત્રોનો દીલથી ખુબ ખુબ આભાર..

૯. ‘ગુજરાતમીત્ર’, ‘દીવ્ય ભાસ્કર’, ‘મુંબઈ સમાચાર’ વગેરે દૈનીકો તથા ‘નયા માર્ગ’, ‘વીવેકપંથી’, ‘સૌજન્ય માધુરી’, ‘સત્યાન્વેષણ’, ‘ઓપીનીયન’(બ્રીટન), ‘માતૃભાષા’(ઓસ્ટ્રેલીયા), ‘ગુજરાત દર્પણ’(અમેરીકા) વગેરે સામયીકોના તંત્રી–સંપાદકશ્રીઓ અને લેખક મીત્રોના, જેમણે ‘સન્ડે ઈ–મહેફીલ’ની પ્રવૃત્તીની ખાસ નોંધ લઈ તે અંગેના અહેવાલ–લેખ પ્રસીદ્ધ કર્યા તે માટે...

10. છેલ્લે ખાસ તો મહેફીલના સુજ્ઞ અને ગુણગ્રાહી વાચક–ભાવકમીત્રોના, જેઓ પોતાના પ્રેમાળ પ્રતીભાવો અને મૈત્રીની ઉષ્મા વડે અમને સતત પ્રોત્સાહીત કરી સજાગ રાખતા રહ્યા અને જેમણે આ સાદાસીધા ઉપક્રમને અમારા માટે ઉમદા યાત્રામાં પરીવર્તીત કર્યો છે તેમના...

અને છેલ્લે! જે જે મીત્રોએ એક યા બીજા સ્વરુપે અમને સહાય કરી છે તે સહુના અમે દીલથી આભારી છીએ... તો મીત્રો, સ્નેહભર્યા પ્રણામ સાથે વીરામ, આવજો... ‘જય ગુજરાતી’

લી. આપના,

રતીલાલ ચંદરયા, e-mail: rpchandaria@comcraft.com

બળવંત પટેલ, e-mail: patel.balvant@gmail.com

ઉત્તમ ગજ્જર, e-mail: uttamgajjar@gmail.com

સંપાદકો, 'સન્ડે ઈ–મહેફીલ'

May 25, 2008

@

155-2 : 13-07-2008

'We salute your 'FEELINGS' for 'SeM' '

અનુક્રમણીકા

કહેવાય છે કે, "લોકો તમને અને તમારા કાર્યને કેવી રીતે મુલવે છે એ તમારે જાણવું હોય તો, ...તમારે મરવું પડે."



નીચે કેટલાક આપ્યા છે એવા અનેક પ્રતીભાવો વાંચતાં અમે સતત અમારે શરીરે ચુંટી ખણતા રહ્યા; એ જાણવા કે, અમે ગુજરી તો નથી ગયા ને?



We salute your 'FEELINGS' for 'SeM'
on 25th May, 2008
"Jay Gujarati"

Ratilal Chandaria, e-mail: <rpchandaria@comcraft.com>
Balvant Patel, e-mail: <patel.balvant@gmail.com>
Uttam Gajjar, e-mail: <uttamgajjar@gmail.com>
July 13, 2008



1. Pravin Patel wrote:

Sent: Friday, May 23, 2008 8:37 AM

Dear Ratibhai/Uttambhai/Balvantbhai:

It is said that end is written before the start,

I, however, enjoyed SM from the start and am happy the way it ends. I would miss, but at the same would cherish the things served all along on the plate.

Love, principle, dedication, and visualization were the driving force of the SM, and all those who kept it moving as I know were young at heart. It would not be improper to congratulate you and your team.

Again, where there is an end, there is new beginning. I am hopeful, and believe that there is a silver lining somewhere ahead.

SOMEWHERE, SOMEHING, for sure is doing to happen, and soon I would see THAT on my computer screen.

I wish you all a good health and happiness rest of life.

BE THE PEACE WITH YOU.

Truly yours,

Pravin Patel 'Shashi'-USA

2. Mahendra Shah wrote:

Friends: If you know about Sunday E Mahefil, I need not need to explain it. If you don't know, this attached SEM # 155 will explain everything to you. SEM meant a lot to me, .(and of course to all other readers too) I don't have any words for SEM and it's team for it's "Veeram". To me it's like a Viday of a daughter to her Sasural by a father . It is not one of the "Happiest moment" of my life for me, but that's life! Let's hope for the best. Only thing, I can tell is SEM gave me encouragement, appreciation, and a platform to uplift my cartooning skill. . Here is a priceless gift I rec'd from SEM a " RasDarshan" to one of my cartoon.(see attachment) Thanks a lot, Vadeel Sri. Ratikaka, Uttambhai, Balvantbhai, Harnishbhai & all SEM family members.

With regards.

Mahendra Shah-USA

3. Dhirajlal Parikh wrote :

I share my sentiments with Mahendrabhai. I will miss this a lot. It has been a constant comapnion for me.

--DhirajlalParekh

4. Kirit C. Daftary wrote:

Great Job, we love you all. You made e-mail interesting to read. But, alas!. Now same old same, junk and spam mail to put up with.

Mahendrabhai, BETA still can't come back home because you forgot their favorite SUBWAY……….. Most gujjus like it because it is Vegetarian, tasty and healthy!

With best wishes and Regards,

Kirit C. Daftary-USA

5. Jay Vyas wrote :

This is a BIG disappointment ..i am sure you know the

REAL reason, ...i dont.

can you think of taking over this?? can do commercially,

not for money but ..for network .. i can find an investor for

this ..but we need osmeone like you

think about it ..

i ma in canada this week ..will be back in us monday

afternoon

keep in touch

jagdish vyas



6. Kanak Raval wrote:

સંડે મહેફિલ બંધ થશે તે જાણી ગણો વસવસો થાય છે. તેના કારણો સમજી શકાય છે પણ ગળે વાત નથી ઉતરતી. વિનંતિ છે કે માત્ર ૬ મહિના માટે આ નિર્ણય મોકુફ રાખીએ અને આ અદભુત રચનાને ચિરંજિવ રાખવા પ્રયત્ન કરીએ. મહાનુભાવો સર્વેશ્રિ રતિભાઈ,બળવંત ભાઈ,ઉત્તમ ભાઈ, હર્નિશ ભાઈને અનેક ધન્યવાદો અને આભારનો સંદેશ. કનક રાવળ-જય ગુજરાત –USA

7. Shailly Vaishnavi wrote:

great loss to me
dr.niloo Vaishnav -- Shailly Vaishnavi

8. Suresh Jani wrote-

I am shocked.

આ પગલાંથી મને અત્યંત ગ્લાની પહોંચી. પણ ભાઈ સુનીલ શાહના કેટલાક ખુલાસાથી ઠંડક થઈ. ઉત્તમભાઈએ જે કાર્ય શરુ કર્યું હતું, તે આગળ ધપાવવા હવે આપણે સૌએ કમર કસવી રહી.

–સુરેશ જાની–ટૅક્સાસ–યુએસએ

9. Sunil Shah wrote-

વહાલા ઉત્તમભાઈ,

સન્ડે ઈ મહેફીલ બંધ થવા અંગેનો અણસાર તેના કારણો સહીત તમે એકાદ મહીના પુર્વે જ આપી દીધેલો, મનમાં મુંઝવણ, નીરાશા હતી; પણ તમારી સાથે ફોન પર લાંબી વાતો થયા પછી ભારે હૈયે આ કડવો ઘુંટ ઉતારવો જ પડે એમ હતો. દર શનીવારે મેઈલબોક્સમાં અચુક પડતી એ પી.ડી.એફ. ફાઈલના દર્પણમાં, ગુજરાતી સાહીત્યની કાળજીપુર્વક પસંદ થયેલી ઉત્તમ કૃતીઓ માણવાનો એ ભીનો અવસર અનેક વાર માણ્યા પછી, આમ, અચાનક તેની વીદાય ગમી તો નથી જ... તમારા લખ્યા

પ્રમાણે એ 'વીદાય' નહીં પણ 'વીરામ' જ બની રહે તેમ ઈચ્છું છું. સન્ડે મહેફીલ સાથે સંકળાઈને થોડું ટાઈપીંગ કરવાનો મને જે મોકો આપ્યો તેનાથી ગુજરાતીમાં ઝડપથી ટાઈપ કરી શકવાની મારી ક્ષમતા વીકસી એટલું જ નહીં, એ કૃતીઓ છાપતાં તેના અક્ષરે અક્ષરને સ્પર્શવાનો અદભુત અવસર મને પ્રાપ્ત કરી આપવા બદલ તમારો ઋણી છું. કૃતીની પસંદગીથી માંડીને લેખક પરીચય અને ત્રણ–ચાર વખતના પ્રુફ રીડીંગમાં તમારી ચીવટાઈ તથા આ બધામાં આદરણીય રતીકાકા, બળવંતભાઈ અને હરનીશભાઈના ઉત્સાહવર્ધક પ્રેમ–પ્રોત્સાહને મહેફીલને જે સુંદરતા બક્ષી હતી તે નીહાળવાનું–માણવાનું સદભાગ્ય મને સાંપડતું રહ્યું છે. મારા જીવનની આ ધન્ય પળો પુનઃ નવા રુપ–રંગે જીવીત થાય એવી પ્રાર્થના સાથે આભાર..પ્રણામ.........

સુનીલ શાહ (સુરત)

10. Rajendra Trivedi, M.D. wrote:

We wish you stay connected.
તમારી 'સન્ડે ઈ મેહફીલ'ની સમાપ્તિના સમાચાર જાણ્યા, ખેદ તો થયો, તમે ઘણી વિગતથી તમારાં કારણો બતાવેલાં છે, તમારી મેહનત, ખંત, સલુકાઈ ને સાદાઈ તમારા લખાણમાં જ પ્રગટ થાય છે, જે સંનિષ્ઠા ને ઉદારભાવે તમે ગુજરાતી ભાશા અને અમ સર્વે ગુજરાતીઓની સેવા કરો કે મદદ કરી છે તે અમારા જેવા તો હરહંમેશ યાદ કરતા રહેશે,

વિપુલભાઇએ યથાર્થ શબ્દોમાં તમારી ત્રણેયની ભારોભાર કદર કરીને બે શબ્દો લખ્યા છે. તમારી અંગત કદરદાની પણ એટલીજ કરું છું. તમારી સાર્થકતાનો યશ સજીવ રહેશે. મારી લખેલ આ અણઘણ ભાશા માનય રાખશો.

આ પતરની સાથે મોકલેલ એટેચમેનટ 'ખીસકોલીના પરયતનો' તમારી મેહનતની છબી ઉપસાવે છે. મિત્ર પરભૂલાલ ભારદીઆ..લંડન..

92. Suchi Vyas wrote:

'sunday e-mehfil bandh thaay chhe'... pan uttambhai haju tame judi judi rite niyamit malo chho... aam uttambhai bandh nathi thataa ..

mane bahu game chhe. do keep in touch with us. …….SUCHI VYAS -NJ-USA

93. Bipin Shroff wrote:

5/27/08

Dear Uttambhai & co,

I was out of station from my son's place Atlanta (USA).As soon as I entered in the house, my son informed me that have u read e-mail of Uttambhai? There was an announcement regarding the closure of Sunday Mahefil.

Uttambhai, virtually u people have started a movement for the betterment of Gujarati Language. Once u start the movement it will continue in one form or other. It depends upon the vitality of its ideas. I have no doubt about your efforts to convert it in to the movement. It was really so. Convey my sincere regards to Balwantbhai, Ratibhai & many others who were NIVKI ENT.

Regards to all pioneers of Sunday Mahefil including respected Madubahen who silently sacrificed everything for the creation of your New Baby(S.M.)

I will be in constant with u.

Yours Bipin with Heavy emotional Heart.

--

Bipin Shroff –USA

મસ્તક નમે છે અમારું આપ સૌના પ્રેમાગ્રહે

ફરી મળીએ ૨૦૦૯ના જાન્યુઆરીથી...

ઈન્શાલ્લાહ..

'જય ગુજરાતી'

Ratilal Chandaria, e-mail:<rpchandaria@comcraft.com>

Balvant Patel, e-mail:<patel.balvant@gmail.com>

Uttam Gajjar, e-mail:<uttamgajjar@gmail.com>

July 13, 2008

@

156 : 04-01-2009

ગુજરાતીમાં બોલો

- ડૉ. પંકજ શાં. જોશી

અનુક્રમણીકા

થોડા સમય પહેલાં વડોદરા જવાનું થયું અને ત્યાં વીદ્યાર્થીઓ, યુવાનો તથા ઘણાય રસ ધરાવતા નાગરીકો સાથે વીજ્ઞાન તથા બ્રહ્માંડ વીશે ઘણા મઝાના વાર્તાલાપો થયા.

પરંતુ એ બધામાં, પ્રાથમીક તથા માધ્યમીક શાળાના વીદ્યાર્થીઓ સાથે ગાળેલી એક બપોરના બેએક કલાક મારે માટે અત્યંત યાદગાર બની ગયા. તેમણે મને આજના ગુજરાતની શીક્ષણ–પદ્ધતી વીશે વીચારતો કરી દીધો. આમ તો મારે થોડી વીશ્વ–વીજ્ઞાનની વાતો કરીને પછી આ નાનાં–મોટાં બાળકો સાથે કંઈક પ્રશ્નોત્તરી કરવાની હતી; પણ તેમાં ઘટના એવી બની કે, મને પોતાને જ અનેક પ્રશ્નો થયા. તે બધાના જવાબ તો હજી મને મળ્યા નથી અને એથી જ સૌની સાથે તે વીશે વાત કરવા જેવું લાગે છે.

મુળ વાત એમ બની કે થોડા પ્રાથમીક પરીચય પછી તારાઓ, સુર્ય, ગ્રહમાળા વગેરે વીશે મેં વાત શરુ કરી. સ્વાભાવીક રીતે જ ગુજરાતીમાં હું બોલતો હતો, વીદ્યાર્થીઓ આનંદથી સાંભળતાં હતાં, પાછળ છેલ્લે કેટલાક શીક્ષકો પણ

બેઠા હતા. તેઓ જુદી જુદી શાળાઓમાંથી બાળકોને લઈને ત્યાંના વીજ્ઞાનકેન્દ્રમાં આવ્યા હતા.

બધું બરાબર ચાલતું હતું અને વચ્ચે વચ્ચે તારા–નક્ષત્રો વીશે અંગ્રેજી શબ્દો પણ હું કહેતો જતો હતો, જરુર જણાય ત્યાં, જેથી ભવીષ્યને માટે વધુ અભ્યાસ કરનારને તે ઉપયોગી થાય. ત્યાં થોડી વારમાં જ પાછળથી એક શીક્ષક મારી પાસે આવ્યા અને મને વચ્ચે જ અટકાવીને કહેવા લાગ્યાઃ ‘સાહેબ, અંગ્રેજીમાં જ આખ્ખી વાત કરો ને! આવી બધી વાત તો અંગ્રેજીમાં જ બરાબર થાય ને!’

મેં તરત વીદ્યાર્થીઓને કહ્યું કે, ‘જુઓ, મને આવી વીનંતી મળી છે. મને કંઈ વાંધો નથી. ચાલો, અંગ્રેજીમાં વાત કરીએ.’ અને મેં ભાષા બદલી અને વાતનો તંતુ સાંધ્યો. તેમાં હજુ માંડ ત્રણ–ચાર મીનીટ ગઈ હશે ત્યાં તો આગળ બેઠેલી દસ–બાર વર્ષની છોકરી જોરથી બોલી ઉઠીઃ ‘હાય, આમાં તો કંઈ સમજાતું નથી! પહેલાં ગુજરાતીમાં કેવી સરસ સમજ પડતી’તી! સાહેબ, ગુજરાતીમાં જ બોલો ને, પ્લીઝ!’

હવે ન સમજવાનો અને મુંઝાવાનો વારો મારો હતો! મેં કહ્યું, ‘ જુઓ મીત્રો, મને તો ગુજરાતીમાં બોલવાનું ગમશે–ગમે જ છે ખાસ કરીને ગુજરાતમાં. પણ આ શીક્ષક સાહેબે કહ્યું અંગ્રેજીનું. તો થોડું અંગ્રેજી મને પણ આવડે છે આથી તેનો પણ

વાંધો નથી. તો પહેલાં નક્કી કરો કે કઈ ભાષામાં વાત કરવી છે, પછી આગળ વધીએ.

આશરે બસો–સવાબસો વીદ્યાર્થીઓ અને આઠ–દસ શીક્ષકો હશે–બધા જ શાંત થઈ ગયા. વળી કોઈ આવીને મને ધીરેથી કહી ગયું કે આમાં અંગ્રેજી માધ્યમની શાળાના ઘણા વીદ્યાર્થીઓ છે. મેં વીદ્યાર્થીઓને જ પુછ્યું, 'ગુજરાતીમાં જ વાત ચાલુ રાખવી તેમ ઈચ્છનારાઓ હાથ ઉંચા કરો' અને ઘણા બધા હાથ ઉંચા થયા, પછી અંગ્રેજીનું પુછ્યું તો થોડા જ હાથ ઉંચા થયા. છેવટે આમાંથી કેટલા વીદ્યાર્થીઓ અંગ્રેજી શાળામાંથી આવે છે તે પુછતાં તો તે ઘણાયે–અડધા જેટલા હતા, કે એથી વધુ.

પણ હવે બ્રહ્માંડની વાતમાંથી હટીને મારું પોતાનું મગજ જ આ ભાષાના પ્રશ્નમાં લાગી ગયું! આથી જરા સંશોધન કરવા મેં વીદ્યાર્થીઓને પુછ્યું, 'તમારામાંથી ઘણાય અંગ્રેજી શાળાઓમાં ભણે છે, તે ભલે ભણતા; પણ મને એ વાત કરો કે તમારામાંથી ઘરમાં, તમારાં માતા–પીતા સાથે કેટલા અંગ્રજીમાં વાત કરે છે?' ત્યારે એક ચબરાકીયો વળી જોરથી બોલી ઉઠ્યો, 'સાહેબ, ઘરમાં તો ગુજરાતીમાં જ બોલીએ ને?' મેં કહ્યું, 'એમ નહીં, હાથ ઉંચા કરો...' ત્યારે એક જ હાથ ઉંચો થયો, બધાની નવાઈ વચ્ચે એ છોકરો કહે કે, 'મારા પપ્પાએ નીયમ કર્યો છે કે તેમની સાથે મારે અંગ્રેજીમાં જ બોલવાનું. અંગ્રેજી સુધરે એટલા

માટે.' મેં તરત પ્રશ્ન કર્યો, 'પણ મમ્મી સાથે?' અને જવાબ હતો, 'એ તો ગુજરાતીમાં જ હોય ને!'

ભાષાની આવી ચર્ચા થશે તેવી કોઈની ધારણા નહોતી – વીદ્યાર્થીઓ, શીક્ષકો અમારામાંના, અધ્યક્ષ કે બીજા મહેમાનોની! સાવ શાંતી છવાયેલી હતી. મેં શીક્ષકો તરફ જોઈને કહ્યું, 'બાળકોને પસંદ છે તો ગુજરાતીમાં જ વાત ચાલવા દો ને! પછી એવું હશે તો છેલ્લે થોડું અંગ્રેજીમાંયે બોલી દઈશું, તમારા સંતોષ માટે!'

આ સભા તો તે દીવસે સરસ પુરી થઈ; પણ મેં આગળ કહ્યું તેમ મારા માટે અને કદાચ આપણા બધાને માટે અનેક પ્રશ્નો છોડતી ગઈ. આ સંદર્ભે ત્યાંના મીત્રોએ પછી કહ્યું કે, 'અમારે વડોદરામાં આવી અંગ્રેજી–ગુજરાતીની મારામારી તો ચાલ્યા જ કરે છે હમેશાં.' પરંતુ આ ઘટના વીશે ધ્યાનથી વીચારીએ તો તે આજના ગુજરાતમાં બધે વધતા–ઓછા અંશે આવી પરીસ્થીતી હશે, તે વીશે સુચક માહીતી મળી જાય છે. આપણી આજની શીક્ષણ–પદ્ધતી, આપણી મનોદશા, શાળાઓ તથા શીક્ષકની સ્થીતી તથા તૈયારી વીશે આ ઘટનામાંથી સંકેતો મળે છે.

બાળકનો જન્મ થાય પછી એકાદ–બે વર્ષ તેને કડવાટ–કડુ–કરીયાતું પાવાનો આપણે ત્યાં રીવાજ છે. પરંતુ એ તો ઉપયોગી છે. આ જ બાળક થોડું મોટું થાય અને શાળાએ,

બાળમંદીરે જતું થાય કે તરત જ તેને સમાજ, શાળાઓ, શીક્ષકો અને મા–બાપ પોતે પણ આવી જ રીતે માતૃભાષાનું અમૃતરુપી ધાવણ છોડાવીને પરભાષાની કટુતા પીવડાવવા શા માટે તૈયાર થઈ જાય છે? હજી તો બાળક પાંચ–છ વરસનું માંડ થાય ત્યાં તેને અંગ્રજી એ, બી, સી, ડી, શીખવી દેવા માટે ઘરેઘરમાં કેમ યુદ્ધની પરીસ્થીતી રચાય છે? જો ‘કેટ’, ‘બેટ’, ‘મન્કી’ અને એવા બીજા શબ્દો શીખવામાં ચાર–પાંચ વર્ષના બાળકને થોડી વાર પણ લાગે તો તેના ‘એડમીશન’નું શું થશે; એવા ભયથી સર્જાતી ભયંકર તાણ, ફફડાટ અને માતા–પીતાના ચકળવકળ ચહેરાઓ કોણે નહીં જોયા હોય?

આ બધી પરીસ્થીતીનું મુખ્ય કારણ એ જ છે કે આપણા ગુજરાતી સમાજમાં અને ગુજરાતનાં શહેર–ગામોમાં એવો અતીવ્યાપક ખ્યાલ અને માન્યતા છે કે જીવનમાં, સમાજમાં અને કારકીર્દીમાં સફળ થવું હોય તો અંગ્રેજી, અંગ્રેજી અને બસ અંગ્રેજી ભાષા જ જોઈએ. અને એ નહીં હોય તો આપણે ત્યાંની કાઠીયાવાડી બોલીમાં કહીએ તો ‘મરાઈ જાશું’ . આમ આપણો આખો સમાજ જાણે એક પ્રકારની ભય ભરેલી તાણ–નર્વસ સ્થીતીમાં જીવી રહ્યો છે એમ કહીએ તો જરા પણ વધારે પડતું નહીં કહેવાય, એવું મને તો જણાય છે. આ સાથે જ એ પણ યાદ આવી જાય છે કે અમે શાળામાં ભણતા ત્યારે પણ, દાયકાઓ પહેલા પણ, આ પ્રશ્ન આવી જ ઉગ્રતા અને લાગણીઓની

લડાઈ સાથે ચર્ચાતો. એ સમયે ગુજરાત વીદ્યાપીઠના પ્રાધ્યાપક શ્રી મગનભાઈ દેસાઈ માતૃભાષાની વાત કરવામાં એવા વગોવાયેલા કે ગુજરાતી માધ્યમ ને ‘મગન માધ્યમ’નું નામ અપાયેલું!

પરંતુ શું આ માન્યતા અને ખ્યાલ સાચો છે? એનો જવાબ મેળવવા તો વૈજ્ઞાનીકો, બાળ–માનસશાસ્ત્રીઓ, ભાષા–શાસ્ત્રીઓ, કેળવણીકારો તથા તત્ત્વજ્ઞાનીઓની સલાહ–અભીપ્રાય લેવાં–સમજવાં જોઈએ.

પણ એ વાતને હમણાં એક બાજુએ રાખીને પહેલાં તો મને એ જ પુછવાનું મન થાય છે કે આ પરીસ્થીતીમાં ચાર–પાંચ વરસનાં કુમળાં બાળકોની શી દશા અને હાલહવાલ થાય છે એનો કોઈએ વીચાર કર્યો છે? દોઢ–બે વર્ષની વય થતાં થોડું થોડું સમજણું થતું જતું બાળક પોતાનાં કાકા–કાકી, મામા–મામી, દાદા–દાદી, ભાઈ–બહેન, માતા–પીતા આ બધાં તથા આસપાસના આડોશી–પાડોશી તથા સમાજમાંથી હર્ષ, શોક, સુખ, દુઃખ, આનંદ, ભય પ્રેમ, ગુસ્સો અને આવી અનેકવીધ લાગણીઓ, માહીતીજ્ઞાનનાં સ્પંદનો ઝીલતું મોટું થતું જાય છે અને તેનાં મન, બુદ્ધી, અંતઃકરણની ક્ષીતીજો ધીમે ધીમે વીકસતી આવે છે. ગુજરાતના કોઈ સામાન્ય ગામ કે શહેરમાં આ બાળક વસેલું છે તેવો વીચાર કરો, જે વાત, અલબત્ત,

ભારતના અન્ય પ્રદેશોને પણ એ જ રીતે ઓછે–વત્તે અંશે લાગુ પડે છે.

એકસોમાંથી પંચાણુ–અઠ્ઠાણુ ટકા તો બાળકની આજુબાજુ સ્વાભાવીક રીતે જ તેની માતૃભાષાનું વાતાવરણ હોય છે અને વધારામાં હીન્દી, અંગ્રેજી ભાષાઓના આપણા પોતાના બની ગયા હોય તેવા કેટલાક શબ્દો.

હવે તે ચાર–પાંચ વર્ષનું થતાં જ એક જુદી જ ભાષા(અંગ્રેજી)ની કેટલીક રંગબેરંગી કે સાવ સાદી પુસ્તીકાઓ તેની સમક્ષ હાજર થઈ જાય છે! અચાનક જ, તેમાંથી તેણે કંઈક ‘કરી લેવાનું’ છે ‘શીખી’ લેવાનું છે; ‘સીદ્ધ’ કરી લેવાનું છે, એવી વાત એ જ માતા–પીતા ક્યારેક આગ્રહ કે ક્યારેક થોડા ગુસ્સા સાથે કરવા લાગે છે, જે પહેલાં અતીપ્રેમાળ અને દેવદુત જેવાં દેખાતાં હતાં! જે સમાજ, વાતાવરણમાં તે ઉછર્યું છે તેનાથી કંઈક જુદી જ વાત આ થવા લાગી છે. ઘણા બધા કીસ્સાઓમાં તો બાળક તથા માતા–પીતા, આ બન્ને પક્ષે એક અત્યંત મનોવેદનામય પરીસ્થીતી પણ આમાંથી સર્જાતી હોય છે.

સાચી હકીકત તો એ છે કે મોટા ભાગનાં બાળકોનો ઘણો સમય, અનેક વર્ષો, આ નવી પરીસ્થીતી સાથે અનુકુલન અને સંતુલન સાધવામાં જ પસાર થઈ જાય છે. બાળપણનો આ એક એવો સમય છે જેમાં, બાળ–મનોવીજ્ઞાનીઓના કહેવા

પ્રમાણે અને સામાન્ય અનુભવથી પણ આપણને બધાને પણ ખબર છે તે પ્રમાણે, બાળક વધુમાં વધુ ગતીથી નવી નવી વાતો અને જ્ઞાન મેળવતું–શીખતું હોય છે. બરાબર આ જ સમયે તેને માતૃભાષા, જેનાથી તે પોતાના અત્યાર સુધીના અનુભવોથી પુર્ણ પરીચીત થઈ ચુક્યું છે અને પોતાની અભીવ્યક્તી સાધી ચુક્યું છે, તેનાથી તેને વીખુટું પાડી દેવાનો પ્રયત્ન અને કાર્ય શરુ થાય છે. મોટાભાગના કીસ્સાઓમાં બાળકને આ નવો અનુભવ ભયજનક જ જણાય છે અને તેની રચનાત્મક શક્તીઓ ગુંગળાઈને તેની નવું નવું શીખવાની ગતી ધીમી પડી જાય છે.

તેમાંયે સૌથી વધુ ક્રુરતાપુર્ણ વાત તો એ થાય છે કે જેમાં આજની ક્ષણ સુધી તે હસતું–રડતું, ખાતું–પીતું, નાચતું–ગાતું હતું તે તેની સમક્ષની માતૃભાષા તો હલકી–નબળી છે તેવી વાત શરુ થાય છે! કોઈ ફેશનપરેડમાંથી હાજર કરાયેલી સુન્દરીની જેમ, તે સ્વરુપે અંગ્રેજી ભાષા તેની સમક્ષ રજુ કરાય છે, જે તેની માતૃભાષા કરતાં ઉત્તમ, ઉપયોગી, સુન્દર, મહાન છે, આવું માનવા–મનાવવાની બળજબરી શરુ થાય છે.

ચાર–પાંચ વર્ષના બાળકની મનોભુમીકામાં જવાનો પ્રયત્ન કરીને આ વાત વીચારશો તો તરત સમજાશે. આનું પરીણામ એક જ હોઈ શકે અને હોય છે કે તેની સ્વાભાવીક રચનાત્મકતા, કલ્પનાશીલતા પર આઘાત–પ્રહાર થઈ તે કુંઠીત

થાય અને એમ જ બને પણ છે. આવી ઘટનાના અનેકાનેક દાખલા તમને તમારી જ આસપાસ જેટલા જોવા હોય તેટલા સરળતાથી મળી શકશે. મેં તો ઘણાયે જોયા જ છે.

તાજેતરમાં જ યુનેસ્કોએ વીગતવાર વૈજ્ઞાનીક અભ્યાસ પછી એક અહેવાલ બહાર પાડ્યો છે. તેમાં જણાવ્યું છે કે શરુઆતનું પ્રાથમીક શીક્ષણ તો દરેક બાળકને તેની માતૃભાષામાં જ મળવું જોઈએ, જેના અનેકાનેક ફાયદાઓ છે. અને જો એ ન થાય અને માતૃભાષાથી અન્ય ભાષામાં બાળકનું શીક્ષણ શરુ કરાય તો તેનાંય ઘણાં ગેરફાયદા અને નુકસાન પણ બહાર આવ્યાં છે.

અહીં મૂળ વાત એટલી જ છે કે જે ભાષામાં બાળક જન્મથી સંવેદનો ગ્રહણ કરતું આવ્યું છે તેમાં જ આગળનું શીક્ષણ તેને માટે સરળ અને સહજ રહે છે. ત્યારે તેમાં ચાર–પાંચ વર્ષની કુમળી વયે જ ભાષામાં ફેરફાર કરવાથી સ્વાભાવીક જ ગુંચવાડો ઉભો થાય છે. તમારા કુટુમ્બમાં બાળકનો જન્મ થાય કે તરત જ ઘરમાં અને આસપાસ પણ બધી વાતચીત, વ્યવહારો અંગ્રેજીમાં જ થવા લાગે તો જરુર તેનું શાળાનું શીક્ષણ તમે અંગ્રેજીમાં શરુ કરી શકો. પણ તેમ ન હોય તો તો નુકસાન જ નુકસાન છે.

વળી, આપણા સમાજમાં વ્યાપક બનતી જતી માન્યતા અને ખ્યાલ, જેની વાત મેં આગળ કરી કે જીવનમાં સફળ થવું

હોય તો શરુઆતથી જ અંગ્રેજીમાં શીક્ષણ લેવું એ વાત ખોટી અને પાયા વગરની અવૈજ્ઞાનીક વાત છે. વાસ્તવીકતા તો એ છે કે એકવાર માતૃભાષામાં શીક્ષણ શરુ થાય અને પાયો મજબુત બને, બાળકનું વાચન તથા અનુભવ થોડા વીશાળ બને અને પછી અન્ય જરુરી ભાષાઓ તથા આવડતો તો એ ઘણી વધારે સરળતાથી ગ્રહણ કરી લે છે અને આમ, જીવનના સર્વાંગી વીકાસમાં તે વધારે સરળતાથી આગળ વધે છે.

♦ ડૉ. પંકજ શાં. જોશી

ªજુન–2006ના ‘**નવનીત સમર્પણ**’ના અંકના પાન 97 ઉપરથી સાભાર...º

‘હું તો ગુજરાતી માધ્યમમાં જ ભણ્યો છું!’ એવું ગર્વથી કહેનાર આ ખગોળ વીજ્ઞાની પંકજભાઈનું એક પુસ્તક ‘બ્રહ્માંડ–દર્શન’ હાલ જ પ્રગટ થયું. પ્રકાશક–પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન, હુજરાતપાગા, વડોદરા–૩૯૦૦૦૧ મુલ્ય–૬૦ રુપીયા

સર્જકસંપર્કઃ

Pankaj S. Joshi

Professor,

Department of Astronomy and Astrophysics, Tata Institute of Fundamental Research,

Homi Bhabha Road, Colaba, Mumbai 400005, India

Phone: 022-2278 2486 (direct 022-2280 4923 (R)- -Fax: 091-22-2280 4610/4611

E-mail:joshi.divya2@gmail.com

@

'ભાષા જાળવણીની જવાબદારી કોની? સૌથી પહેલી જવાબદારી માબાપોની છે. સૌએ એ સમજી લેવાની જરૂર છે કે ભાષા માત્ર વાગ્વહેવારનું સાધન નથી; પણ સંસ્કૃતીનું મુખ્ય વાહન પણ ભાષા જ છે. આજે બાળકને અંગ્રેજી માધ્યમમાં મુકવાની ફેશન છે કે જરુરીયાત એનો ઉત્તર આપવો સહેલો નથી. કારણ કે એમાં ઘણાં બધાં પાસાં સંકળાયેલાં છે. બાળકને પોતાની ભાષા–માતૃભાષાથી વીખુટું પાડવું એટલે એની સંસ્કૃતીથી પણ વીખુટું પાડવા જેવું થાય. સંસ્કૃતી અને ભાષા એકબીજાં સાથે એટલાં સંકળાયેલાં છે કે બેને અલગ કરવાં એટલે સંસ્કૃતીના દેહ ઉપરથી ચામડી ઉતરડી લીધા જેવું થાય. સંસ્કૃતીનું સંક્રમણ પેઢી દર પેઢીથી ભાષાના મુખ્ય વાહન દ્વારા જ ચાલ્યું આવતું હોય છે. જ્યાં આગળ ભાષા બદલાઈ જશે ત્યાં સંસ્કૃતીનું સંક્રમણ પણ અટકી જશે. – –ડૉ. ઉર્મી ઘનશ્યામ દેસાઈ

'મુબઈ સમાચાર' દૈનીકે યોજેલી 'ગુજરાતી ભાષાનું ભવીષ્ય' નામક નીબંધસ્પર્ધામાં ત્રીજા ક્રમે આવેલ એમના નીબંધમાંથી..

તા. ૨૨ ડીસેમ્બર ૨૦૦૮ના 'મુંબઈ સમાચાર'ના અંકમાંથી સાભાર..

@

૨૧મી સદીના નગરનીવાસી બાલકૃષ્ણનું પ્રભાતીયું

(નરસીંહ મહેતાના ‘જાગ ને જાદવા’ પદનું પ્રતીકાવ્ય)

જાગ ને જાદવા, કૃષ્ણ નીશાળીયા,

તુજ વીના સ્કુલમાં કોણ જાશે?

મેંગી, પીઝા અને કરકરા કુરકુરે,

‘ઠંડા મતલબ...’ પછી કોણ પીશે?

લેસન ઘણું રહ્યું, રાતે ટીવી જોયું,

પડ્યું હોમવર્ક પછી કોણ કરશે?

બહુબહુ પુસ્તકો, બહુબહુ નોટબુકો,

દફતરનો ભાર તે કોણ વ્હેશે?

વાન આવી જશે, હૉર્ન બહુ મારશે,

તુજ વીના ગીરદી કોણ કરશે?

સ્ટડીરુમમાં વળી કવીતા ગોખતાં,

ફીલમી ગીતડાં કોણ ગાશે?

ભણે સાગર વળી આટલું ભણ્યા પછી,

નોકરીમાં તને કોણ લેશે?

–રતીલાલ બોરીસાગર

ishan_borisagar@yahoo.com

(નુતન વર્ષના એમના દીવાળી કાર્ડમાંથી સાભાર...)

@

'પરીશ્રમ મને પ્રીય છે. પરસેવો પાડીને મેળવેલું પરીણામ જે આવે તે મીઠું લાગે છે. એ પરીણામ જાહેર જનતાને સંતોષે છે કે નહીં, એ પ્રશ્ન તો પછી ઉઠે છે. પહેલો પ્રશ્ન તો લેખકના પોતાના સંતોષનો છે.

'હું એક કામ પુરું કરું છું ત્યારે મારો સંતોષ એ હોય છે કે મારી શક્તીની સમગ્ર મર્યાદા આવી રહ્યા સુધી મેં મહેનત કરી છે. આથી વધુ સારું હું ન જ કરી શક્યો હોત. એ થઈ મારી શક્તીની મર્યાદા.

'પણ હું મારી જાતને કદી એમ સમજાવી લેતો નથી કે મારી જાહેરમાં જે પ્રતીષ્ઠા થઈ છે તેને આધારે હું જે કાંઈ ઘસડીને ફગાવીશ તે લોકો ચલાવી લેશે. ના, હું જાણું છું કે સાહીત્યકાર કે પત્રકારનું કશું જ લોકો શ્રીપુરાંતે રાખતા નથી.

'અગાઉ તમે ખુબ અચ્છી કૃતીઓ આપી છે એટલે એકાદ નબળી લોકો નીભાવી લેશે, એમ કદી ગણશો નહીં. એથી ઉલટું, અગાઉ તમે લોકોને જે આસ્વાદ કરાવ્યો હશે તેથી ઉચ્ચ વાચનની લોકો તમારી તરફથી અપેક્ષા રાખીને બેસશે. માટે બહેતર છે કે કંઈ વધુ ન આપો; પણ જે કાંઈ આપો તે તમારા સો ટકા શ્રમનું જ અને તમારો પોતાનો સંતોષ પ્રાપ્ત કરી શકેલું પરીણામ હોવું જોઈએ.'

–ઝવેરચંદ મેઘાણી



157 : 18-01-2009

'ગઝલ–સુધીર'

–સુધીર પટેલ–

અનુક્રમણીકા

(૧)

હોય જે કૈં શક્યમાં મળજો મને,
સાવ પુરા સત્યમાં મળજો મને.

ના રહે અવકાશ કોઈ તર્કનો,
શુદ્ધ એવા તથ્યમાં મળજો મને.

સ્થીર રાખી ચીત્ત હું વીંધીં શકું,
એમ ફરતાં લક્ષ્યમાં મળજો મને!

બસ મળો તો આપણા થૈને મળો
ના કદી પણ અન્યમાં મળજો મને.

કોઈ અંતીમનો નથી આગ્રહ 'સુધીર'
એ જ ઈચ્છું મધ્યમાં મળજો મને!

(૨)

પોતાને બેઠો કરવાની કોશીશમાં છું,

અંદરથી બસ ના ડરવાની કોશીશમાં છું.

મારાથી ગભરાઈને ના ભાગો, લોકો,
ખાલી ખાલીપો ભરવાની કોશીશમાં છું.

દરીયા જેવી જાત હતી પણ ડુબ્યો ના, તો
પગ–હાથ હલાવી તરવાની કોશીશમાં છું!

આજ પતંગીયું ફરક્યું છે મારી પાસે,
આજકાલ હું સુધરવાની કોશીશમાં છું!

આયનો ના ધરજો ખુદને જોવા 'સુધીર'
આજે ખુદમાં ઉતરવાની કોશીશમાં છું.

(3)

ઘર તરફ પગલાં થવામાં વાર થોડી લાગશે,
એ ગલીને ભુલવામાં વાર થોડી લાગશે!

કેટલું એણે કહી દીધું રહીને મૌન બસ!
અર્થ એનો કાઢવામાં વાર થોડી લાગશે.

બહુ ફરી લીધું નહીંતર હાથ લઈને હાથમાં,
મન સુધી તો પ્હોંચવામાં વાર થોડી લાગશે.

કેટલી સહેલાઈથી ચાલ્યા ગયા એ તોડીને?
પુલ પાછો જોડવામાં વાર થોડી લાગશે!

એટલે કરતો રહું છું જાગરણ હવે,
સ્વપ્નને કંડારવામાં વાર થોડી લાગશે.

રાતભર પડખાં ફરો, તાકી રહો છતને ‘સુધીર’
આ ગઝલ અવતારવામાં વાર થોડી લાગશે.

(૪)

લખી મોકલ મને સઘળી ફીકર–ફીરાક ચીઠ્ઠીમાં,
તરત બસ ઓગળી જાશે જીવનનો થાક ચીઠ્ઠીમાં.

તને લાગે બધું લખવા સમું તે ટાંક ચીઠ્ઠીમાં,
ભુલો મારી, ગુના મારા, કહે સૌ વાંક ચીઠ્ઠીમાં.

બધાથી તું છુપાઈ આંખમાં આંજી લેજે,
હશે સુતું સરસ સપનું વચાળે ક્યાંક ચીઠ્ઠીમાં.

અનોખી સાવ શરમાવાની જોઈ મેં અદા તારી,
બધા શબ્દો તું માથે લીટી તાણી ઢાંક ચીઠ્ઠીમાં.

બહુ ભોળી દીસે જ્યારે મળે તું રુબરુ ‘સુધીર’
પરંતુ વાપરે છે શબ્દ બહુ ચબરાક ચીઠ્ઠીમાં.

(૫)

અચાનક આવશે કાગળ, તમે બસ સાબદા રે'જો,
ખૂટી જાશે બધા અંજળ, તમે બસ સાબદા રે'જો.

નથી જળ કે પછી મૃગજળ, તમે બસ સાબદા રે'જો,
ન આગળ કે કશું પાછળ, તમે બસ સાબદા રે'જો.

નહીં ફાવે કશીયે કળ, તમે બસ સાબદા રે'જો,
ખરી પડશે બધી અટકળ, તમે બસ સાબદા રે'જો.

ઉઘાડી ભીતરે સાંકળ, તમે બસ સાબદા રે'જો,
સીલકમાં એક કે બે પળ, તમે બસ સાબદા રે'જો.

વધી જાશે શગે ઝળહળ, તમે બસ સાબદા રે'જો,
ઉકેલી સ્વયંના સળ, તમે બસ સાબદા રે'જો.

ગઝલ 'સુધીર' વહે ખળખળ, તમે બસ સાબદા રે'જો.
શબદનાં ફોડી શ્રીફળ, તમે બસ સાબદા રે'જો.

(૬)

આમ તું દુર ને છતાંયે પાસ છે,
ટેરવામાં સ્પર્શનો અહેસાસ છે.

યાદ આપું તારી કઈ કઈ વાતની?

વાત તારી તો બધીયે ખાસ છે.

ગણગણું છું નામ તારું એટલે,
આ પવનની શક્તીમાં વીશ્વાસ છે.

એટલે તો ધડકે છે આ દીલ સતત,
ધડકમાં તુજ આગમનનો ભાસ છે.

છંદમાં બાંધી શકું હું ગઝલ, પણ–
હાથમાં તારા, જીવનનો પ્રાસ છે.

(૭)

એમનું અસ્તીત્વ છે સર્વત્ર જુઓ,
એ નહીં તો એમનો છે પત્ર જુઓ.

આમ તો પળપળ થતો વીછીન્ન હું પણ,
આયનામાં હોઉં છું એકત્ર જુઓ.
ફર્ક સૌ સરળતાથી પામી શકશો,
ખુદને જુઓ ને પછી અન્યત્ર જુઓ.

તોય ક્યાં પામી શકો છો ભેદ ‘સુધીર’?
કુદરત તો સાવ છે નીર્વસ્ત્ર જુઓ!

(૮)

જ્યારે સુઝે ના કૈં અક્ષર, મુંગામંતર થઈ જુઓ,
ભીતરથી રણઝણશે જંતર, મુંગામંતર થઈ જુઓ.
પુસ્તક સઘળાં બંધ કરી દ્યો, આંખોને પણ મીંચી દ્યો,
મેળે મેળે મળશે ઉત્તર, મુંગામંતર થઈ જુઓ.
હોય ભલે ના વાદળ, પણ જો તરસ ભીંજાવાની
મનમાં થાશે ઝીણી ઝરમર, મુંગામંતર થઈ જુઓ.
દર્પણ દર્પણ ભટકો નહીં ને બીંબ બધાં ફોડી નાંખો,
ખુદને મળશો ખુદની અંદર, મુંગામંતર થઈ જુઓ.

જળતરંગ માફક ઉઠો ને ત્યાં સુધી પ્હોંચો ‘સુધીર’
ખુદ થઈ જાશો સુંદર સરવર, મુંગામંતર થઈ જુઓ.

(૯)

હાથ ફેલાવી અહીં અવકાશ શોધું,
એટલે કે હું મને ચોપાસ શોધું.

એમ કૈં એવું નથી કે ખાસ શોધું,
હું હજી ઝાકળ મઢયું બસ ઘાસ શોધું!

એ છલોછલ પાત્ર લઈ સામે ઉભાં છે,
ને અહીં હું મુળગત પ્યાસ શોધું.

સુર્ય છોને સાંજ ટાણે ઢળતો ‘સુધીર’

જાતની સંકોરી શગ, અજવાસ શોધું.

(૧૦)

આળપંપાળથી શું વધુ જોઈએ?
સાર–સંભાળથી શું વધુ જોઈએ?

એક પંખીને બસ ચ્હેકવા–ઝુલવા
લીલીછમ ડાળથી શું વધુ જોઈએ?

આહ્ ને ઉફ્ બધું પળ મહીં ભુલવા
હાથ હેતાળથી શું વધુ જોઈએ?

આ હૃદયની ધબકને જ ચુકી જવા,
ઉંડી કો' ફાળથી શું વધુ જોઈએ?

બુંદ ઝાકળનું કે આંસુનું હો 'સુધીર'
રેશમી ઢાળથી શું વધુ જોઈએ?

(૧૧)

શબ્દને ભુલી ગયાનો વસવસો,
અર્થને ચુકી ગયાનો વસવસો.

પર્ણની પીળાશ બીજું કૈં નથી,
ડાળથી છુટી ગયાનો વસવસો.

એ મળી ચાલ્યા ગયાનો રંજ ના,
યાદને મુકી ગયાનો વસવસો.

છે હજી અકબંધ આ ચહેરો છતાં;
આયનો તુટી ગયાનો વસવસો!

સુચવે શું મૌન કાગળનું 'સુધીર'?
આ ગઝલ ખુટી ગયાનો વસવસો.

–સુધીર પટેલ–

(અમેરીકાનીવાસી શ્રી સુધીરભાઈના ત્રણ ગઝલસંગ્રહો 'નામ આવ્યું હોઠ પર એનું અને...', 'મુંગામંતર થઈ જુઓ' તથા તાજેતરમાં 'ઉકેલીને સ્વયંના સળ' પ્રગટ થયા છે.)

કવીસંપર્કઃ

E-Mail: Sudhir.Patel@flextronics.com

Sudhir Patel, 7504 Double Springs Court, Charlotte, N.C. 28262 – USA

@

158 : 01-02-2009

• ચીંતનની પળે •

એક જ વ્યક્તી વગર સારા જગ સુના લાગે...

–કૃષ્ણકાન્ત ઉનડકટ

અનુક્રમણીકા

માણસ અને જીન્દગીની વાત છેડાય ત્યારે લોકો કહે છે કે, ‘એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે.’ સાવ સાચી વાત છે. માણસ એકલો આવે છે અને એકલો જાય છે. કારણ કે આવવું અને જવું માણસના હાથની વાત નથી. બીજી એક સાચી વાત એ છે કે માણસ એકલો જન્મે છે, એકલો મરે છે; પણ એકલો જીવી શકતો નથી.

બે ઘડી વીચાર કરો કે તમે જે શહેરમાં રહો છો એ આખા શહેરને ખાલી કરીને, તમને એ શહેરમાં એકલા છોડી દેવાય તો તમારી શી હાલત થાય? નગરમાં ભટકો અને કોઈ જ સામું ન મળે તો? એકલતા બહુ જ ડરામણી ચીજ છે. કોઈ દુર જાય ત્યારે એવો અહેસાસ થાય છે કે જાણે આખું નગર ખાલી થઈ ગયું!

હમણાં એક વડીલને મળવાનું થયું. તેમની ઉંમર ૭૦થી વધુ તો હશે જ. યુગાન્ડાથી તેઓ આવ્યા હતા. રાતનો સમય હતો. ઘરમાં ઘણા લોકો હતા. બધા જ લોકો હસીને વાતો કરતા

હતા. ડીનર વખતે પીત્ઝા મંગાવ્યો. પીત્ઝાનો ટુકડો લેતી વખતે આ વડીલના અસ્તીત્વ ઉપર જાણે ઉદાસી ઉતરી આવી. એક બાઈટ લીધું અને એમનાથી બોલાઈ જવાયું કે, ‘સરલાને પીત્ઝા બહુ ભાવતો.’ બચેલો ટુકડો પાછો મુકી દઈ તેમણે આંખો બંધ કરી દીધી. પાંપણો નીચે પાણી જેવું કંઈક દેખાયું. કોઈનો મુડ ન બગડે એટલે તેઓ બાથરુમમાં મોઢું ધોવા ચાલ્યા ગયા. તેમનાં વાઈફના અવસાનને બે વરસ થઈ ગયાં હતાં. ‘સોરી,’ કહીને તેમણે કહ્યું કે, ‘અમે પંચાવન વરસ સાથે રહ્યાં. આ પંચાવન વરસ તો જાણે પાંચ દીવસની જેમ વીતી ગયાં. તેના વગર આ બે વરસ બે ભવ જેવાં લાગ્યાં છે.’ આ વૃદ્ધના ચહેરાની કરચલીઓ વચ્ચે ધબકતી સંવેદના બધાંને સ્પર્શી ગઈ. સામે બેઠેલા લોકોમાં દોઢ વરસ પહેલાં પરણેલું એક કપલ હતું. એક પણ શબ્દ બોલ્યા વગર બન્નેએ એકબીજાનો હાથ પકડી લીધો. એક બીજા સાથે આંખો મેળવી. આંખોથી પણ અસરકારક સંવાદ સધાઈ જતા હોય છે!

તમારી પાસે આવી કોઈ વ્યક્તી છે? ક્યારેય એવો વીચાર આવ્યો છે કે આ એક વ્યક્તી જો ન હોય તો જીન્દગીનો મતલબ શો રહે? એ વ્યક્તીની તમને કેટલી દરકાર છે? ઘણા લોકો એવા હોય છે જેમને જ્યારે છીનવાઈ ગયાનું ભાન થાય ત્યારે જ પોતાની પાસે કંઈક બહુ મુલ્યવાન હતું એનો અહેસાસ થાય છે.

એક દંપતી હતું. લગ્નને લગભગ દસેક વરસ થયાં હતાં. એક દીવસ પત્ની બીમાર પડી. ડૉક્ટર પાસે મૅડીકલ ચૅકઅપ્સ કરાવ્યાં. ખબર પડી કે પત્નીને ગંભીર બીમારી છે. પતીને સામે બેસાડીને ડૉક્ટરે કહ્યું કે, 'તમારાં પત્ની પાસે હવે વધુમાં વધુ એક વર્ષ છે.'

બસ, એક જ વર્ષ! પતીએ નક્કી કર્યું કે આ એક વરસ દરમીયાન હું મારી પત્નીને ખુબ જ પ્રેમ કરીશ. તેનો પડ્યો બોલ ઝીલીશ. તેનું પુરું ધ્યાન રાખીશ. પત્નીને પણ સમજાયું કે તેનો પતી તેની ખુબ જ કૅર કરવા લાગ્યો છે. એક મહીના પછી પત્નીએ કહ્યું કે, 'આટલો પ્રેમ પહેલાંથી કર્યો હોત તો! આટલી કૅર પહેલાંથી કરી હોત તો! આપણાં દસ વર્ષ મને દસ જીન્દગી જેવાં લાગત. તું સારો છે. મને કોઈ ફરીયાદ નથી. છતાં એવું થાય છે કે માણસને કેમ ત્યારે જ કોઈની કીંમત સમજાય છે, જ્યારે તે ગુમાવી દેવાનું થાય છે!' પ્રેમ કરવા માટે કોઈ સમય, કોઈ દીવસ, કોઈ તક કે કોઈ અવસરની રાહ ન જુઓ. 'જો ભી હૈ, બસ યહી ઈક પલ હૈ.' પ્રેમ, લાગણી, સ્નેહ અને હુંફ નસીબદાર લોકોને મળે છે. તમારી પાસે એવા લોકો હોય તો તેની કદર કરો. તમે પોતે, જો કોઈ માટે એવી વ્યક્તી હો તો તમારા પ્રીયજનના પ્રેમનું સન્માન કરો. તમારી તે વ્યક્તીને કહો કે, 'તું છે તો બધું છે; કારણ કે તું છે તો હું છું. તું ન હોય તો હું સાવ એકલો. તારા વગર આખું જગ સુનું!' તમારા આ

પ્રીયજનને દુર ન જવા દો. જે આજે ભરપુર પ્રેમ નથી કરી શકતો તે પાછળથી ભરપેટ પસ્તાતો રહે છે. ચાલી ગયેલી આજ ક્યારેય પાછી આવતી નથી અને ચાલી ગયેલી વ્યક્તી પણ...

છેલ્લો સીન...

આ માણસો પણ ખરા છે! લગ્ન પહેલાં તેઓ પ્રેમ કરવાના સોગંદ ખાશે અને લગ્ન બાદ સોગંદ ખાવા જેટલો પણ પ્રેમ કરશે નહીં! –શીડની શેલ્ડન

&&&

નકામી બાબતો ભુલી જાઓ..

માણસ સાથે સતત કંઈક ને કંઈક બનતું રહે છે. એમાંથી કેટલુંક સારું હોય છે ને કેટલુંક ખરાબ. માણસ સાથે જે કંઈ બને છે એ ઘટના માણસનાં મન અને મગજમાં એક છાપ છોડી જાય છે. કેટલીક ઘટના એવી હોય છે જે જીન્દગીભર સતાવતી રહે છે.

તમારી જીન્દગીનો સૌથી યાદગાર પ્રસંગ કયો, એવું તમને કોઈ પુછે તો તમે શો જવાબ આપો? જીન્દગીમાં કેટલું બધું સારું બન્યું હોય છે! એમાંથી કોઈ એક ચોક્કસ પ્રસંગને અલગ તારવવો મુશ્કેલ છે. એવો જ એક સવાલ છે કે તમારી જીન્દગીનો ખરાબ પ્રસંગ કયો? માણસની એક સમસ્યા એ છે

કે એ યાદ રાખવા જેવું જે કંઈ હોય છે તે ભુલી જાય છે અને ભુલી જવા જેવું જે હોય છે તે યાદ રાખે છે! નક્કામું હોય તે સંઘરતા રહીએ તો સારું હોય તેને સાચવવાની જગ્યા જ રહેતી નથી.

ત્રણ મીત્રો હતા. એક મીત્રે બાકીના બે મીત્રો સાથે ચીટીન્ગ કર્યું. બન્ને મીત્રોને ભારે આઘાત લાગ્યો. છેતરાયેલા એક મીત્રે તેની સાથે ઝઘડો કરી કહ્યું કે, ‘તને તો હું આખી જીન્દગી યાદ રાખીશ. તારા જેવો બદમાશ મેં મારી જીન્દગીમાં જોયો નથી.’ એ પછી બીજો મીત્ર તેના ચીટર ફ્રેન્ડને મળ્યો. તેણે કહ્યું કે, ‘તારે જે કરવું હતું તે તો તેં કરી નાખ્યું. મીત્રની પસંદગી કરવામાં કદાચ મારી જ ક્યાંક ભુલ હતી. હશે. જે થવાનું હતું તે થઈ ગયું. છુટા પડતી વખતે ચીટર મીત્રને તેણે કહ્યું કે, હવે હું તને કાયમ માટે ભુલી જઈશ. મારે તને યાદ જ નથી રાખવો.’

કોઈ દુખદ ઘટનાને યાદ રાખી આખી જીન્દગી ધુંધવાતા રહેવા કરતાં તેને સદંતર ભુલી જઈને મુક્તી મેળવી લેવામાં જ ડહાપણ છે. કેટલાક લોકો ‘જોઈ લેવા’ની જીદમાં પોતાનો જ સમય અને શક્તી વેડફતા હોય છે. ખરાબ વાતોને જ વારંવાર યાદ કરતા રહીને માણસ દુઃખી થતો રહે છે. કમ્પ્યુટરની ડીસ્કમાં કે મોબાઈલની ચીપમાં જે નક્કામું હોય તેને આપણે ‘ડીલીટ’ કરી નાખીએ છીએ. એક સમયે જે ખુબ જ

કામનું હોય એ સમય વીતતાં નક્કામું પણ થઈ જાય છે. શું ‘સેઈવ’ કરવું અને શું ‘ડીલીટ’ કરવું તેની સમજ હોય તો મનની ‘ડીસ્ક’ ખોટા ‘ડેટા’થી ‘ફુલ’ થઈ જતી નથી. સ્મરણો વારંવાર આપણી સંવેદનાના તાર ઝણઝણાવી દે છે. સંવેદનાની આ વીણામાંથી ક્યારેક મધુર તો ક્યારેક કરુણ સંગીત વહેતું રહે છે. ઘણી વખત તો એ નક્કી નથી થઈ શકતું કે આ સ્મરણો આપણને સુખ આપે છે કે દુઃખ! જીન્દગીનો હીસ્સો બની ચુકેલા આ સંસ્મરણો જ આપણી સંવેદનાને જીવતી રાખી ઝંકૃત કરતાં હોય છે.

વાત બધું જ ભુલી જવાની નથી. જે નક્કમું છે, પીડાદાયી છે તે ભુલવાની વાત છે. યાદ રાખવા જેવું પણ અઢળક હોય છે. જીવનનાં જીવાયેલાં વર્ષો એક સરસ મઝાની કીતાબ બનીને લાઈફના ‘શો–કેસ’માં ગોઠવાઈ જતાં હોય છે. તેમાં કેટલાંક પ્રકરણો સુંદર; તો કેટલાંક કરુણ પણ હોય છે. કેટલાંક તો કરુણ, દુઃખદાયી અને સાવ નક્કામાં હોય છે. આવાં પ્રકરણો ફાડીને ફેંકી દેવાં જોઈએ. ‘બતાવી દેવાની’ કે ‘જોઈ લેવાની’ વાતમાં માણસ જેટલી શક્તી વેડફે છે એટલી શક્તી જો પોતાનાં કામમાં વધારે વાપરે તો બેડો પાર થઈ જાય. ગમે તેવા સંજોગોમાં ડીસ્ટર્બ ન થવું. વર્તનમાં જો અપ–ડાઉન આવતાં હોય તો જીવનમાંયે ઉતાર–ચડાવ જ રહેવાના. જે લોકો સમય અને સંજોગોને સમજી શકતા નથી, એ લોકો ઉગતા હોય

છે; પણ ખીલતા નથી! ઉગવા અને ખીલવામાં ફરક છે. ખીલવું એટલે મહોરી ઉઠવું.

દરેક માણસ પાસે એક સરખી શક્તી હોય છે. છતાં કેટલાક લોકો આગળ હોય છે અને કેટલાક પાછળ રહી જાય છે. તેનું સૌથી મોટું કારણ જ એ હોય છે કે આપણે આપણી શક્તી ક્યાં વાપરીએ છીએ તેનો ખ્યાલ જ આપણને રહેતો નથી. શક્તીની જરુર સર્જનમાં પણ રહે છે અને વીસર્જનમાં પણ. દોસ્તીમાં જેટલી શક્તીની જરુર પડે છે તેના કરતાં બમણી તાકાત દુશ્મનીમાં ખર્ચાય છે. સાચી દોસ્તી તો શક્તીમાં વધારો કરે. હાથ મીલાવવા કરતાં બાંયો ચડાવવામાં આપણે વધુ સમય અને શક્તી બરબાદ કરીએ છીએ.

સારા અને સફળ થવાની સરળ રીત એ જ છે કે તમારી તમામ શક્તીને સર્જનાત્મક બનાવો. ‘લડી લેવાની’ કે ‘બતાવી દેવાની જીદ’ને બદલે ખીલી ઉઠવાની ટેવ કેળવો. યાદ રાખો, દુનીયા એને જ સલામ કરે છે જે ઉપર ઉઠી જાણે છે.

છેલ્લો સીન...

ધ્યેય માટે જીવવું એ, ધ્યેયમાટે મરવા કરતાં વધુ મુશ્કેલ છે. –સ્વા. વીવેકાનન્દ

–કૃષ્ણકાન્ત ઉનડકટ –

Krishnkant Unadkat,

Executive Editor,

DIVYA BHASKAR,

Plot No. 805, Near Chhani Toll bridge, VADODARA-391740.(India)

Mobile : 09825061787 e-mail : kkantu@gmail.com

(‘દીવ્ય ભાસ્કર’ની દર બુધવારે પ્રગટતી ‘કળશ’ પુર્તીમાં પ્રકાશીત થતી લેખકની કટાર ‘ચીંતનની પળે’માંથી સાભાર..)



આંખ સામે જ!

ઈજીપ્તમાં એક જુની કહેવત છે કે જે વસ્તુ માણસથી છુપાવવી હોય, તે તેની આંખની સામે મુકી દો; પછી તે એને જોઈ ન શકે.

તમને યાદ છે, કેટલા દીવસોથી તમારી પત્નીનો ચહેરો તમે નથી જોયો? ખ્યાલ છે તમને કે તમારી માતાની આંખમાં આંખ પરોવીને ક્યારથી તમે નથી જોયું? પત્ની એટલી મોજુદ છે, માતા એટલી નજીક છે, પછી જોવાનું શું?

પત્ની મરી જાય છે, તો ખબર પડે છે કે એ હતી. પતી જઈ ચુક્યો હોય છે ત્યારે યાદ આવે છે કે અરે, આ માણસ આટલો વખત સાથે રહ્યો; પરંતુ પરીચય જ ન થયો! આથી તો લોકો સ્વજનના મરણ ઉપર આટલું રુદન કરે છે. તે રડે છે એ મરણને કારણે નહીં; પણ એટલા માટે કે આટલા દીવસોથી જેની સાથે હતા એને આંખ ભરીને જોયા પણ નહીં, તેની ધડકનો સાંભળી ન શક્યા; એની સાથે કોઈ પરીચય ન થઈ શક્યો; તે અજાણ્યા જ રહ્યા ને અજાણ્યા જ વીદાય થઈ ગયા! અને હવે તેનો કોઈ ઉપાય નથી.

તમારું સ્વજન ચાલ્યું જાય ત્યારે તમે એટલા માટે રડો છો કે એક તક મળી હતી અને ચુકી ગયા; તેને આપણે પ્રેમ પણ ન કરી શક્યા.

ઈજીપ્તના ફકીરો એ વાત કહેતા હતા કે કોઈ ચીજને છુપાવવી હોય તો તેને લોકોની આંખ સામે મુકી દો. એ ચીજ જેટલી નજીક હોય છે, એટલી જ વધુ ભુલાઈ જાય છે.

– રજનીશ

(‘અરધી સદીની વાચનયાત્રા’ – ભાગ – ૧, પાન–૩૪૭ ઉપરથી સાભાર…)



159 : 15-02-2009

ગઝલ–મુકુલ

– ડૉ.મુકુલ ચોકસી–

અનુક્રમણીકા

(૧)

એક આખી જીન્દગીનો છે એમાં અભાવ દોસ્ત,
આ ખાલી જામનુંય વજન છે, ઉઠાવ દોસ્ત.

જીરવી શકાશે પુર્ણ ઉપેક્ષાનો ભાવ દોસ્ત,
પણ જીરવી ના શકાશે અધુરો લગાવ દોસ્ત.

દરીયામાં મોજાં આવે, બધે આવતાં નથી,
અમથી જ રાહ જોયા કરે છે તળાવ દોસ્ત.

દરીયા–પહાડ–આભમાં જો ના સમાય તો,
નાની ચબરખીઓમાં પ્રણયને સમાવ દોસ્ત.

તાજા કલમમાં એ જ કે તારા ગયા પછી,
બનતો નથી આ શહેરમાં એકે બનાવ દોસ્ત.

(૨)

ગીતના ઘેઘુર ગરમાળામાં ચુમી છે તને,
બે ગઝલની વચ્ચેના ગાળામાં ચુમી છે તને.
પર્વતો પાછળ સવારે, ને બપોરે ઝીલમાં,
સાંજ ટાણે પંખીના માળામાં ચુમી છે તને.

સાચું કહું તો આ ગણીત અમથું નથી પાકું થયું,
બે ને બે હોઠોના સરવાળામાં ચુમી છે તને.

કાળી રાતોમાં છુપાઈને ગઝલની આડમાં,
પાંચ-દસ પંક્તીના અજવાળામાં ચુમી છે તને.

લોકોએ જેમાં ન પગ મુકવાની ચેતવણી દીધી,
પગ મુકીને એ જ કુંડાળામાં ચુમી છે તને.

પાંપણો મીંચાય ને ઉઘડે એ પલકારો થતાં,
વાર બહુ લાગી તો વચગાળામાં ચુમી છે તને.

(3)

સામેનો રથ આ વાતથી અણજાણ પણ નથી,
કે મારી પાસે એક્કે ધનુષબાણ પણ નથી.

વીસ્તરતી ચાલી મારી ક્ષીતીજો આ દુર.. દુર..
તે આમ કોઈ જાતનું ખેંચાણ પણ નથી.

પાણીના વેશમાં મને ઘેર્યો છે કોઈએ,
જ્યાં ભાગવાને માટે કોઈ વ્હાણ પણ નથી.

માટે તો અર્થહીન આ ઉભા રહ્યા છીએ,
ત્યજવું નથી, ને કાયમી રોકાણ પણ નથી.

સંપુર્ણ શાંતી કેવી રીતે સંભવી શકે!
કરફ્યુ નંખાય એટલું રમમાણ પણ નથી.

(૪)

આપણી અંદર મરી પરવારી ગયેલા કોઈએ,
બાગમાં પથ્થર બનીને જન્મ લેવો જોઈએ.

સ્વપ્ન ફાનસના અજવાળામાં જેને જોઈએ,
ખુલ્લી આંખોના આ અંધાપામાં તેને ખોઈએ.

ચાલુ ટ્રેને બારી પાસે બેસવાની વાતમાં,
બારીમાંથી કુદવા જેવું ઝઘડતા હોઈએ.

આંસુની અધીકૃત વીક્રેતા છે થોડી આંખ આ?
ખાતરીપુર્વકનું ને જથ્થાબંધ ક્યાંથી રોઈએ!

પુર માટે માત્ર સ્થાનીક વાદળો પુરતાં નથી,
કંઈક ઉપરવાસમાં વરસાદ જેવું જોઈએ.

ખાઈ–પીને, નાહીને કવીતા નથી બનતી, હે દોસ્ત!
લોહી વહે ત્યારે જ કાગળ વચ્ચે ધરવો જોઈએ.

(૫)

અમે કેક્ટસને કાંઠે લાંગરેલા હાથ થઈ બેઠા,
તમે પણ કેટલો લોહીલુહાણ આધાર દઈ બેઠા!

તો વચ્ચેની જગાને સૌ તળેટી નામ દઈ બેઠા,
જો પહાડો ખીણથી બે ચાર ડગલાં દુર જઈ બેઠા.

નીચોવાઈ ગયેલા હોઠને જોયા તો યાદ આવ્યું,
ફરી ક્યાં કોઈનું ગમતું, પલળતું નામ લઈ બેઠા!

અવસ્થાની નદીમાં આજ ઘોડાપુર આવ્યાં, ને;
અમે કાંઠા કદી નહીં છોડવાની હઠ લઈ બેઠા.

(૬)

ગામમાં ખાતર પડ્યું ને દેવળે ડંકા થયા ને આવી તેવી એક બે ઘટના બને છે,

બાકી બધ્ધું છે સ્થગીત; પણ પત્રની ભાષામાં કહેવું હોય તો 'ચાલ્યા કરે છે'

હોંશમાં ને હોંશમાં કાલે નવા જોડા ખરીદી આજે ફરવા નીકળ્યા છીએ નગરમાં,

એક કવીતા જેટલું અંતર હજી કાપ્યું નથી ને પેનના પગમાં ફરી આંટણ પડે છે.

ભીડની વચ્ચે જઈને સુઈ ગયો તો પણ; કોઈ સ્પર્શે નહીં કે લાત પણ મારે નહીં,

તો પછી ખાલીપણામાં કેમ કોઈ આવી આવી છાતીએ દરરોજ અથડાયા કરે છે!

સૌ પ્રથમ તો આ સગર્ભા સાંજને પીડાના સાક્ષી જેવો સુરજ ડુબે છે ધીમે રહીને,

ને પછી જન્મેલાં કાળાં બાળકો આ મારા એકલવાયા પડછાયા ઉપર તુટી પડે છે.

(૭)

શ્વાસમાંથી સંચરી ને આંખમાંથી નીતરી,
એટલે તું કૌંસમાં પારેવું અથવા જળપરી.

જે લખાવાની હજુ બાકી છે તે કંકોતરી,
એટલે તું કૌંસમાં એક વેદના આગોતરી.

આમ પાછું કંઈ નહીં ને એક સ્વપ્નીલ શુન્યતા,
એટલે તું કૌંસમાં એક અર્થહીન યાયાવરી.

થડની આગળ જાય તો પણ થડ વગર ચાલે નહીં,
એટલે તું કૌંસમાં ડાળી અને ફુલપાંતરી.

(૮)

ભલે આજે નહીં સમજે કોઈ ‘ઉન્માદ’નો મહીમા,
ઉનાળામાં જ સમજાઈ શકે વરસાદનો મહીમા.

અલગ છે શબ્દનો મહીમા! અલગ છે નાદનો મહીમા,
છતાં એક જ છે બંનેથી થતાં સંવાદનો મહીમા.

જો એ વ્યક્તી જ હાજર હોય તો એનોય છે આનંદ,

નહીંતર આમ ક્યાં ઓછો છે એની યાદનો મહીમા?

પ્રણયની વેદનામાં વેદનાનું દુખ નથી હોતું,
અને ફરીયાદમાં હોતો નથી ફરીયાદનો મહીમા.

'મુકુલ' એવી જગાએ જઈ ગઝલ ના વાંચશો હરગીઝ,
ગઝલથી પણ વધારે હોય છે જ્યાં દાદનો મહીમા.

(૯)

ઐશ્વર્ય હો અલસનું, ઉપર તીલક તમસનું,
ઉન્માદ કેવું રક્તીમ છે રુપ આ રજસનું.

ફાડી નથી શકાતું પાનું વીત્યા વરસનું,
મનને છે કેવું ઘેલું આ જર્જરીત જણસનું!

પુર્વે હો પારીજાતો, પશ્ચીમમાં પુર્ણીમાઓ,
ચૌદે તરફ હવે તો સામ્રાજ્ય છે સરસનું.
બાહુ વહાવી દઈને બારીથી બારણાથી,
ઓછું કરી દો સાજણ, અંતર અરસપરસનું.

પેટાવો પાંદપાંદે એ તળપદા તરન્નુમ,

બુઝાવો ધીમે ધીમે એ તાપણું તરસનું.

કેવાં અસુર્ય દીવસો! કેવી અશ્યામ રાતો!
કેવું ઝળક ઝળકતું મોંસુઝણું મનસનું!

(૧૦)

નઝમ

હાથમાં પકડ્યો તમારો હાથ તો લાગ્યું, સજનવા,
મન પ્રથમ વાર જ ઉઘાડી પોપચાં જાગ્યું, સજનવા.

આપના આ મૌનથી એ વાત સમજાણી, સજનવા,
શબ્દથી ક્યારેક પર થઈ જાય છે વાણી, સજનવા.

આપનું વર્ણન જો કરવા જાઉં હું સાચું, સજનવા,
કાવ્ય રહી જાયે છે કાલું ઘેલું ને કાચું, સજનવા.

શબ્દને શોભે નહીં આ કાગઝી વસ્ત્રો, સજનવા,
આજથી પત્રોને બદલે લખજે નક્ષત્રો, સજનવા.
બે અમારાં દૃગ, સજનવા, બે તમારાં દૃગ, સજનવા,
વચ્ચેથી ગાયબ પછી બાકીનું આખું જગ, સજનવા.

ક્યાં ઉતરવું, ક્યાં જવું, ક્યાં નાખવા ધામા, સજનવા,
જણ હતું એક જ ને એનાં લાખો સરનામાં, સજનવા.

દુરથી જો આપને નીરખ્યાં ઉપરછલ્લાં, સજનવા,
નાસીકા પર રાતરાણીના થયા હલ્લા, સજનવા.

પારધી લાખો ને આગળ પાંચ–દશ હરણો, સજનવા,
આટલાં સહેલાં છે જીવતરનાં સમીકરણો. સજનવા

ટેરવાં માગે છે તમને આટલું પુછવા, સજનવા,
આંસુઓ સાથે અવાજો કઈ રીતે લુછવા, સજનવા?

મુક્તક

હો ભીડમાં જ સારું બધામાં ભળી જવાય,
એકાંતમાં તો જાતને સામે મળી જવાય,
સામે મળી જવાય તો બીજું તો કંઈ નહીં,
પણ 'કેમ છો' કહીને ન પાછા વળી જવાય.

* * * * *

કીસ્સો કેવો સરસ મઝાનો છે!
બેઉ વ્યક્તી સુખી થયાનો છે;
પલ્લું તારી તરફ નમ્યાનો તને,

મુજને આનંદ ઉંચે ગયાનો છે.

– ડૉ. મુકુલ ચોકસી (સુરત)

કવીસંપર્ક – ડૉ. મુકુલ ચોકસી (સુરત) ♦ ઈ–મેઈલઃ mukulchoksi@yahoo.co.in

કવીના ગઝલસંગ્રહ ‘તાજા કલમમાં એ જ કે...’(પ્રકાશક ‘ઈમેજ પબ્લીકેશન્સ’, પ્રથમ આવૃત્તી – જાન્યુ. ૨૦૦૧, પુનર્મુદ્રણ – એપ્રીલ ૨૦૦૬, પૃષ્ઠ – ૧૩૪, મુલ્ય રુપીયા – ૮૦ email: order@imagepublications.com)માંથી સાભાર... કવીના અન્ય સંગ્રહો– ‘તરન્નુમ’ અને ‘આજથી પત્રોને બદલે લખજે નક્ષત્રો, સજનવા!’



કાનમાં કહું?

કેટકેટલા કાવ્યસંગ્રહો, વાર્તાસંગ્રહો સુંદર શક્તીવાળા ઉદીયમાન કવીઓ ને વાર્તાકારોને હાથે સહેજ ઉતાવળમાં પ્રગટ થાય છે અને કાળના પ્રવાહમાં જાણે તણાઈ જાય છે, મુળીયાં નાખી સાહીત્યવાડીમાં એક અવનવા ઉમેરારુપ જવલ્લે જ થાય છે. ત્રણ–ચાર સંગ્રહોને આ રીતે તણાઈ જવા દેવા, એ સારું? – કે એ બધામાંથી ચુંટીને એક સબળ અર્પણ બની રહે એવું કંઈક

આપવું, એ સારું? કાનમાં કહું? – મારા હાથમાં મારો ભુતકાળ ભુંસવાનું શક્ય હોય, તો પદ્યનાં થોથાં ગાળી નાખીને એવું જ કંઈક કરું. પણ બાણ છુટી ગયું

– હવે શું? એ કામ હવે કાળ ભગવાને કરવાનું.

–ઉમાશંકર જોશી

'વાચનયાત્રાનો પ્રસાદ' (સંપાદક : મહેન્દ્ર મેઘાણી)માંથી સાભાર...

(પ્રકાશક–lokmilaptrust2000@yahoo.com પાન–512 મુલ્ય–રુપીયા 75)

@

160 : 01-03-2009

માણસને સૌથી મોટી ભુખ માણસની!

–'હરીશ્ચન્દ્ર'

અનુક્રમણીકા

એકદમ શું થઈ ગયું, તે અમરતબાને સમજાયું નહીં. પેશાબ કરવા ગયેલાં ત્યાં પગ લપસ્યો. આખા શરીરનો ભાર પગ ઉપર! એક–બે મીનીટ એમ જ પડ્યાં રહ્યાં. કપડાં એક બાજુ ભીનાં થઈ ગયાં. માંડ માંડ ભીંતનો સહારો લઈ ઉઠ્યાં. પગમાં તો કાંઈ દરદ થાય દરદ! જેમ તેમ પગ ઘસડતાં સોફા પર જઈ પડ્યાં. ઘરમાં બીજું કોઈ નહીં. દીકરો–વહુ બન્ને નોકરીએ જાય. શું કરવું, સમજાય નહીં. દુઃખાવો અસહ્ય. તન્દ્રામાં પડી રહ્યાં.

એકાદ કલાકે વહુ સુલા આવી, ત્યારે બા આમ ને આમ સોફા ઉપર પડેલાં. હાંફળી–ફાંફળી થઈ ગઈ. બધી વાત જાણી. જોયું તો પગ કાળો પડતો જતો લાગ્યો. તરત રીક્સા કરીને બાને હૉસ્પીટલમાં લઈ ગઈ. એક્સ–રે લેવાયો. પગે નાનકડું ફ્રેક્ચર થયેલું. પ્લાસ્ટર થયું. હવે ઓછામાં ઓછો એક મહીનાનો ખાટલો. બાની સાર–સંભાળ માટે દીવસ–રાતની બે નર્સ રાખવી પડી.

ખાટલામાં પડ્યાં–પડ્યાં અમરતબા પોતાના નસીબને કોસતાં રહ્યાં. ભગવાન મેં એવાં તે શાં પાપ કર્યાં છે, તે મારે આવું ભોગવવાનું આવ્યું! મને કેમ ઉપાડી લેતો નથી? બીજા પર આટલા ભારરુપ બનીને જીવવાનો શો અર્થ? કેટલાક તો તું જુવાનજોધને ઉપાડી લે છે, તો આ ૮૦ વરસની ડોસીને કાં ઉપાડી નથી લેતો?

અમરતબા બહુ સારી રીતે જીવન જીવેલાં. બહુ જ મહેનતુ, માયાળુ, મળતાવડાં. એમને બોલવા બહુ જોઈએ. બધાં સાથે વાતો કરવી બહુ ગમે, આડોશી–પાડોશી, સગાં–વહાલાં, ઓળખીતાં–પાળખીતાં બધાં જ સાથે હળતાં–મળતાં. એમને ત્યાં કોઈ આવ્યું, તો ખાધા–પીધા વીના કદી ન જાય. આળસ બીલકુલ નહીં. વહુ આવી તોયે ઘરનું વધારે કામ પોતે જ કરતાં. વહુ નોકરી કરે એટલે અમરતબા કહે, ‘બેટા, આ હું કરી નાખીશ, પેલું હું કરી નાખીશ.’ વહુ સારી હતી; પણ સ્વભાવની રુખી–સુકી. હસવું–બોલવું ઓછું. અમરતબાને બહાર હરવા–ફરવાનું થતું ત્યાં સુધી તો વાંધો નહોતો આવતો; પણ ઉંમર વધતાં ધીરે ધીરે બહાર જવાનું બંધ થયું, તેમ ઘરમાં રહી એ અકળાઈ જતાં.

તેમાંયે પાંચેક વરસ પહેલાં પતીના અવસાન બાદ તો અમરતબા ઘરમાં સાવ એકલાં પડી ગયાં. દીકરા–વહુને પાસે બેસી વાત કરવાની ફુરસદ નહીં. દીકરાનો દીકરો રાજુ

દાદીમાનો બહુ લાડકો. નાનો હતો ત્યારે તો દાદીને છોડતો જ નહીં. પણ મોટો થતો ગયો, તેમ એ પણ એની દુનીયામાં પડી ગયો. જો કે એ બે–ચાર દીવસે દાદી પાસે આવીને બેસતો, શું કર્યું, શું ખાધું, પુછતો. દાદીને બહુ સારું લાગતું.

પરંતુ રાજુનાં લગ્ન થયાં. આ ઘરમાં સમાસ થાય તેમ ન હોવાથી બીજું ઘર લઈ એ ત્યાં રહેતો થયો. તેથી દાદી ઘરમાં સાવ એકલાં પડી ગયાં. દીકરો–વહુ રાખે તો બહુ સારી રીતે; પણ દાદી હતાં માનવ–ભુખ્યાં અને તે ભુખ એમની ભાંગતી નહોતી. એમને જોઈએ માનવનો સંગ, પ્રેમનો સ્પર્શ, આત્મીયતાની હુંફ. માણસને સ્થુળ સાર–સંભાળ કરતાં આની વધારે જરુર હોય છે. ઘડપણમાં કદાચ વધારે. એ વીના દાદીને અકારું લાગતું.

રાજુ અને તેની વહુ રમીલા અવારનવાર આવતાં અને ત્યારે દાદી પાસેયે ખાસ બેસતાં. દાદીને સારું લાગતું. રમીલા બહુ જ માયાળુ સ્વભાવની. દાદીના પગ દબાવવા બેસી જાય, દાદી શું ખાય છે– પીએ છે, પ્રેમથી પુછે. એક વાર રાજુ–રમીલા બન્ને કહે, ‘દાદી, દાદી થોડા દીવસ અમારે ત્યાં રહી જાવ!’ અને બહુ આગ્રહ કરીને બન્ને દાદીને પોતાને ત્યાં લઈ જ આવ્યાં.

દાદીને તો જાણે સ્વર્ગ મળ્યું! આમ તો રાજુ–રમીલા પણ બન્ને નોકરી કરે. પણ રાજુ રોજ એક વાર તો આવીને દાદી પાસે બેસી જ જાય. અને રમીલા તો ઘરમાં હોય ત્યારે દાદી

પાસે આવીને ટહુકો કરી જ જાય – 'કંઈ તકલીફ તો નથી ને, દાદી! કઈ જોઈતું–કારવતું તો નથી ને, દાદી!' શાક લાવી દાદી પાસે બેસી સમારે. કાંઈ સીવવા કરવાનું કે નાનું–મોટું કામ હોય તો દાદી પાસે બેસીને કરે. દાદી પાસે બેસીને ટીવીની સીરીયલ જુએ. સાથે સાથે કાંઈ ને કાંઈ વાતો કરતી જાય. ઑફીસમાં આજે શું થયું, તેનીયે વાતો હોય. દાદી હવે તેની ઑફીસના માણસોનેય નામથી ઓળખતાં થઈ ગયાં હતાં.

અને દાદીના ખાવા–પીવાનું તો એટલું ધ્યાન રાખે! 'દાદી, તમને આ ભાવશે?... આજે દાદી, તમને આ કરી દઉં?...' ટુંકમાં, દાદી એને મન કોઈ વણજોઈતો બોજ નહીં; કુટુંબનું પોતીકું માણસ હતાં.

કાલે દાદીએ બાજુના રુમમાં થતી વાતચીત સાંભળી – 'દાદીને આપણે ત્યાં જ રાખીએ તો? બાના ઉપર એટલો બોજ ઓછો.'

આ સાંભળી દાદી તો પાણી–પાણી થઈ ગયાં. એમની આંખો ઉભરાઈ આવી. મનોમન વહુને કાંઈ કેટલાયે આશીર્વાદ આપી દીધા!

આજે દાદીના પગ દુખતા હતા. રમીલા પગ દાબવા બેઠી. પછી યાદ આવ્યું એટલે ઉઠીને વાટકીમાં વેદનાશામક આયુર્વેદીક તેલ લઈ આવી. એટલું સરસ ચોળતી હતી કે દાદી આંખ મીંચીને માણતાં રહ્યાં, અને એમનો હેતાળ હાથ વહુના

માથે ફરતો રહ્યો. ત્યાં એકાએક હાથ ફરતો અટકી ગયો. ઘણીવાર સુધી માથે એમનેમ રહ્યો. રમીલાએ ઉંચું જોયું, તો દાદીએ માથું ઢાળી દીધું હતું. દાદીનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. એમના મોઢા પર અનેરી પ્રસન્નતા હતી, અનેરી તૃપ્તીનો ભાવ હતો. આંખ ઉઘાડી હતી. એમાંથી જાણે અમી ઝરતું હતું.

(શ્રી. કલ્પના કુલકર્ણીની મરાઠી વાર્તાને આધારે..)

–'હરીશ્ચન્દ્ર'

તા. ૧૬ ઓગસ્ટ ૨૦૦૮ના 'ભુમીપુત્ર'ના અંકના પાન ૨૪ પરથી સાભાર..



અસ્મીતા મારી–મારા ગામની

મારી મા કીમથી કન્યાસી અમારી જમીન ખેડવા દરરોજ સવારે જતી. ખેતરે જવાનો સમય થાય એટલે ઘરમાં જે સ્ત્રી હાજર હોય તેના ખોળામાં મને રમતો મુકીને એ ખેતરે ચાલી નીકળે. ગાંધીદીધી અસ્મીતા સાથે જન્મેલો હું, અનેક જ્ઞાતી, વર્ગો અને ધર્મોની સ્ત્રીઓના ખોળામાં રમતો–રમતો, દુધ પીતો, લઘુશંકા કરતો મોટો થયો છું. વાલ્મીકી સમાજથી માંડીને બ્રાહ્મણ સ્ત્રી અને હીન્દુ, મુસ્લીમ અને પારસી સ્ત્રીના વાત્સલ્યથી મારો ઉછેર થયો છે.

નાનો હતો ત્યારથી એક દૃશ્ય જોતો આવ્યો છું કે મારા ગામમાં ગણેશોત્સવની ગણપતીની મુર્તી યુસુફ બનાવતો, શીવરાત્રીનું કમળ યુસુફ ઠારતો અને વહેલી સવારે યુસુફ જ શીવલીંગ ચડાવતો. નવરાત્રીમાં હાર્મોનીયમ યુસુફ વગાડતો અને સાખી, દોહા અને ભજનો પણ યુસુફ ગાતો. મને કોઈ પુછે કે ગણેશ કોનો પુત્ર તો હું કહું કે ગણેશને સર્જાતો તો યુસુફના હાથે જ મેં જોયો છે!

–ઉત્તમ પરમાર

‘ગુજરાતની અસ્મીતા–મારી નજરે’ પુસ્તકમાંથી સાભાર..

સંપર્કઃ ‘કીમ એજ્યુકેશન સોસાયટી’, સ્ટેશન રોડ, કીમ – જી.સુરત

મોબાઈલ નંબર – 99259 59014

@

161 : 15-03-2009

ગઝલ–કીરણ

– કીરણકુમાર ચૌહાણ –

અનુક્રમણીકા

(૧)

કહ્યું કોણે કે તારી પરવા કરું છું,
હું બસ તારાં સુખની તમન્ના કરું છું.

તને હું સ્મરું છું ને ભુલ્યા કરું છું,
હું જીવતરના બે છેડા સરખા કરું છું.

આ સમજણ, આ વળગણ, આ દર્પણ યા કંઈ પણ,
અકારણ–સકારણ હું તડપ્યા કરું છું.

મને પામવા તું પરીક્ષા કરે છે,
તને પામવા તારી પુજા કરું છું.

ઘણીવાર આ પ્રશ્ન જાગે છે મનમાં,
ખરેખર જીવું છું કે જીવ્યા કરું છું?
હવે જીતવાની મજા પણ મરી ગઈ,

તું હારે છે તેથી હું જીત્યા કરું છું.

(૨)

બંધ ઘરની એ ઉદાસીઓ બધી પી જાય છે,
એક કોયલ આંગણામાં રોજ ટહુકી જાય છે.

એ જ માણસ જીન્દગી સહેલાઈથી જીવી શકે,
જે મરણના આગમનની વાત ભુલી જાય છે.

કોઈ પણ હાલતમાં ખુશ રહેવાનું મન શીખી ગયું,
એટલે મારા બધાંયે દર્દ હાંફી જાય છે.

પહોંચવા તારા લગી કંઈ ચાલવું પડતું નથી,
પગ તળેથી માર્ગ આપોઆપ સરકી જાય છે.

આ અધુરી ઝંખનાઓનું પરાક્રમ છે 'કીરણ'!
રોજ તું મરવા પડે ને રોજ જીવી જાય છે!

(3)

ચીત્તમાં એ યુદ્ધની ઘટના વગરનો થઈ ગયો;
'હા' વગરનો થઈ ગયો ને 'ના' વગરનો થઈ ગયો.

સહેજ પણ બોજો નથી ને એકપણ ચીંતા નથી,
જ્યારથી હું નામ–સરનામા વગરનો થઈ ગયો.
એટલો ઉંચે ગયો હું એટલો ઉંચે ગયો...
કે પછી તો સાવ પડછાયા વગરનો થઈ ગયો.

જાત અપરાધી હતી તો પણ સજા ના દઈ શક્યો,
બસ, પછી હું જાત પર શ્રદ્ધા વગરનો થઈ ગયો.

સાંજને ઈચ્છા મુજબનો અંત ના આપી શક્યો,
હું પ્રણયમાં સાવ મૌલીકતા વગરનો થઈ ગયો.

(૪)

અહીં તો ભલભલા આવી ગયા બાંયો ચડાવીને,
પરંતુ કોણ લઈને જઈ શક્યું દરીયો ઉઠાવીને!

હજી થોડાંક દેવાલય બનાવી દ્યો, શું વાંધો છે?
કે જેથી સૌ અહીં માગ્યાં કરે માથું નમાવીને!

હજી ઈશ્વરને પામી ના શક્યાનું એ જ કારણ છે,
બધાં અટકી ગયાં છે આંગળી ઉંચે બતાવીને.
ઘણાં આઘાત, આંસુ, દર્દની વચ્ચે ખુમારી છે,

હું તેથી રહી શકું છું મોજથી, સઘળું ગુમાવીને.

કદી અહેસાન ના લેવાનો મોટો ફાયદો છે આ,
ગમે ત્યાં જઈ શકાતું હોય છે મસ્તક ઉઠાવીને.

ઘણું જીવે, છતાં પણ કોઈ નક્કર કામ ના આપે,
ઘણાં આવીને ચાલ્યા જાય છે ફોટા પડાવીને.

(૫)

રહે છે રોજ અધ્ધરશ્વાસ ને જંજાળની સાથે,
બધાં પરણી ગયાં છે જાણે કે ઘડીયાળની સાથે.

બધાંની ખુબ જુની આળ ને પંપાળની સાથે,
સતત ઉંચે જવાનું હોય છે આ ઢાળની સાથે.

અમે પંખી નથી; માણસ છીએ, બસ એ જ કારણથી,
અમારે એકલા ઉડવું પડે છે જાળની સાથે.
સજા દ્યો છો તમે ને એય કેવળ ભુખ્યા રહેવાની!
અમે વરસો સુધી કુસ્તી કરી દુષ્કાળ સાથે.

તમે ઘરડાંઘરોને દાનમાં મા–બાપ દઈ દીધાં,

હવે પાયો ત્યજીને ક્યાં જશો આ માળની સાથે?

(૬)

બધીયે કામના ખીંટી ઉપર ટાંગી જુઓ, સાહેબ!
તમારા મનને એનાથી અલગ રાખી જુઓ, સાહેબ!

જુઓ ખાલી ચડી પગમાં, જરા ચાલી જુઓ, સાહેબ!
મળે આ શ્વાસની ઓળખ, જરા હાંફી જુઓ, સાહેબ!

કદી ભાંગી પડો, તુટી પડો, ધ્રુજી જુઓ, સાહેબ!
કદી આ જીતવાની બાજીને હારી જુઓ, સાહેબ!

તમે કેવળ નર્યા અજવાસના માણસ, હું જાણું છું,
કદી આ ભાગ્યનો અંધાર પણ ચાખી જુઓ, સાહેબ!

બને તો સાવ કોરી, સાવ કોરી, સાવ... આંખોથી,
તમારી દીકરીના પત્રને વાંચી જુઓ, સાહેબ!

ઘણાં વરસો, ઘણા વેશો, ઘણી મહેનત, ઘણું પામ્યા,
હવે સઘળું એક ઝાટકે ત્યાગી જુઓ, સાહેબ!
શીખર પર આપ પહોંચ્યા છો, હવે પહોંચીને કરશો શું?

તળે સંભળાય એવી બુમ તો પાડી જુઓ, સાહેબ!

(૭)

પુછી જુઓ આ જાતને કે ક્યાં જઈ રહ્યાં?
કોના ઈશારે આપણે આગળ વધી રહ્યાં?

જન્મોજનમના કોલ તને દઈને શું કરું?
જ્યાં એક ભવના વાયદા ખોટા પડી રહ્યા!

તું લાગણીનો ખેલ ફરીથી શરુ ન કર,
રોઈ શકાય એટલાં આંસુ નથી રહ્યાં.

પામ્યાં જબાન તોય કશું બોલતાં નથી,
ખુદના જ શબ્દ જેમને કાયમ નડી રહ્યા.

ભુલી ગયા કે બ્રહ્મ તણા અંશ છો તમે?
ચપટીક સુખને માટે તમે કરગરી રહ્યાં.

(૮)

ના મળે અધીકાર ત્યારે ગર્જના કરવી પડે,
નહીં તો આખી જીન્દગી બસ યાચના કરવી પડે.

એટલા સહેલાઈથી બદનામ પણ ના થઈ શકો,
એના માટે પણ જગતમાં નામના કરવી પડે.

આપણે એવી રમત રમવી નથી જેમાં સતત,
અન્ય હારી જાય એવી કામના કરવી પડે.

આપવા માગે જ છે તો આટલું દઈ દે મને,
યાદ એવી આપ જેને યાદ ના કરવી પડે.

આમ તો પ્રત્યેક જણ યોગી છે અથવા સંત છે,
સાવ નાની વાતમાં અહી સાધના કરવી પડે.

(૯)

તડકાના ત્રાટકમાં જીવ્યા, વરસાદી વાછટમાં જીવ્યા,
કાયમ એક ખુમારી સાથે, ઘટમાં તોયે વટમાં જીવ્યા.

આંખ, હોઠ ને હૃદયની વચ્ચે થીજેલાં સંકટમાં જીવ્યા,
મર્યાદાની ચુનરી ઓઢી સપનાંઓ ઘુંઘટમાં જીવ્યાં.

આ તે કેવો મનસુબો ને આ કેવી ખટપટમાં જીવ્યા?
તેજ સુર્યનું ચોરી લેવા તારાઓ તરકટમાં જીવ્યા!

જીવ સટોસટની બાજી છે, તો પણ સાલું મન રાજી છે,
ભલે ચેન ના પામ્યા તોયે મનગમતી એક રટમાં જીવ્યા.

સુગંધભીની સાંજની વચ્ચે, રંગીલા એકાંતની વચ્ચે,
શ્વાસ કસુંબલ માણ્યો, જ્યારે જ્યારે તારી લટમાં જીવ્યા.

(૧૦)

વાવો સપનું વાવો, કોણે ના પાડી!
ને સપનામાં આવો, કોણે ના પાડી!

વધશે રોચકતા મારા હર અનુભવની,
ખુબ મને હંફાવો, કોણે ના પાડી!

અડગ છું મારા નીશ્ચય પર પણ તેમ છતાં,
આવીને સમજાવો, કોણે ના પાડી!

મારી સાથે ફાવે એને ફાવે છે,
થોડી પળ વીતાવો, કોણે ના પાડી!

'ઝેર સમું જીવન દઉં છું, જીવી લેશે?'
મેં પણ કીધું, 'લાવો...કોણે ના પાડી!'

– કીરણકુમાર ચૌહાણ (સુરત) –

♦ કવીસંપર્કઃ શ્રી કીરણકુમાર ચૌહાણ (સુરત) ♦

ઈ–મેઈલઃ kirankumarchauhan9@gmail.com

સરનામું :

100– શાન્તીકુંજ સોસાયટી, પાલનપુર જકાત નાકા, મીની વીરપુર રોડ, સુરત– 395 009

કવીના ગઝલસંગ્રહોઃ (1) ‘સ્મરણોત્સવ’ (સંકેત પ્રકાશન, સુરત, પ્રથમ આવૃત્તીઃ 2004)

(2) ‘મીજાજ’ (સાંનીધ્ય પ્રકાશન, સુરત, પ્રથમ આવૃત્તીઃ 2008) આ ઉપરાંત ‘ફાંફા ન માર’ (પલ્લવ પ્રકાશન–પ્રથમ આવૃત્તી, 2004) નામનો તેમનો ‘હઝલ–સંગ્રહ’ પણ પ્રગટ થયો છે.

@

162 : 29-03-2009

'બટા, વાટ કાપ્ય'

–શરીફા વીજળીવાળા

અનુક્રમણીકા

(આ વાર્તાઓ તળ કાઠીયાવાડનાં લગભગ બધાં ગામડાંઓમાં કહેવાતી. મેં આ બધી વાર્તાઓ નાનપણમાં મારી બા પાસેથી સાંભળેલી. આપણે આ વાર્તાઓને શ્લીલ–અશ્લીલનાં લેબલ મારીએ કે કવીન્યાય, તાર્કીકતાની તપાસ કરીએ. પણ સૌરાષ્ટ્રમાં હજી આજેય મેં વડીલોને, એયને ટેસથી આ વાર્તાઓ કહેતા જોયા–સાંભળ્યા છે અને ચમકતે ચહેરે, ઉંચી ડોકે, પહોળી આંખ કરી, સાંભળતાં ટાબરીયાંવને ખડખડાટ હસતાંયે જોયાં છે. 'બાની વાતું' પુસ્તક રુપે વાર્તાઓ સંપાદીત કરી તે પછી વળી મારી બાને આ વાર્તાઓ યાદ આવી. આમ પણ આ લોકમુખે કહેવાતી વાર્તાઓમાં બધાંને જે હદે રસ પડ્યો એનાથી મને સાનંદાશ્ચર્ય જ થયેલું ને એટલે જ આ બીજી થોડી વાર્તાઓ નોંધવાની હીમ્મત કરી છે.–શરીફા)



એક હતા પટેલ. પટેલ પાંહે પાર વગર્યના પૈસા. પટલાણી તો બોવ વેલાં સર્ગે સીધાવી ગ્યાં'તાં. પટેલને

બસારાને એક જ સોકરો. પણ ભાય, સોકરામાં કાંઈ સક્કરવાર નો મળે. અક્કલનો સાંટો જરાક ઓસો. તે પટેલને રાત્ય ને દી એક જ ફીકર ખાય જાય... મારા મર્યા કેડ્યે આ અક્કલમઠાનું હું થાશે? પૈસા હાટુ થયને હગાંવાલાં કાં તો એને જીવવા નઈ દ્યે. ને જીવવા દેશે તોય એને રાન રાન ને પાન પાન કરી મેલશે. ભગવાનની દયાથી આ ગાંડાહાજાને જો ડાય વઉ મળી જાય તો મારી વાંહે મારું ઘર હસવાય જાય... પણ એમ કાંય કોય ડાયું સે એવું એના મોઢા માથે થોડું સાપ્યું હોય? પટેલે તો ભાય, ધામેધુમે દીકરાને પૈણાવ્યો. પશી હવારના પોરમાં પટેલે તો ભાય, ડેલામાં ભર્યો ડાયરો... એયને કહુંબાપાણી ઘોળાણાં ને ‘મારા ગળાના હમ... લેવું જ પડે’ કેતા કેતા મંડ્યા પીવાવા. પટેલે તો ભાય, ડેલામાં શારપાંસ મશક્યું ભરીને પાણી રેડાવ્યું ને પશી ડેલેથી ઘરમાં વઉને કેવડાવ્યું કે ભાર્યેમાં ભાર્યે લુગડાં પેરીને એક હેલ પાણી ભરીયાવો.

બાય તો ભાય, ભાર્યેમાં ભાર્યે લુગડાંની જોડ્ય પેરીને, કાંખમાં હેલ્ય લઈને બારી નીહરી... પણ ડેલામાં તો કાદવનું રાબડું કસકસે... બાય તો ભર્યા ડાયરા વસાળે લુગડાં ઉંચાં લેતીકને હાલી ગઈ ધમ...ધમ કરતીકને... પટેલે તો ભાય, ડાયરો વીખેરી નાખ્યો. ઘડીકવાર પશી દીકરાને બોલાવીને પટેલ કયે, ‘ભાઈ, ગાડું જોડો, આપડા વડલાવાળા ખેતરે જાવું

સે.' ભાય, સોકરે તો હડી કાઢતાંક ગાડું જોડ્યું, વઉને બેહાડીને ત્રણેય જણાં હાલ્યાં ખેતરે. જરાક આઘેરાક ગયાં ને પટેલે દીકરાને કયું, 'ભાય, વાટ કાપો.' ને ભાય, સોકરો તો ઠેકડો મારતોકને હેઠે ઉતર્યો. કોદાળી લઈને મંડ્યો ઝાંખરાં ઉખેડવા, કુવાડીથી મંડ્યો જાળાં કાપવા. તરત જ બાપે એને રોક્યો. 'બસ બટા, હવે હાલો ઘર્યે પાસા!' સોકરો તો આમેય ભોપા જેવો હતો! તે એણે પુશ્યું 'કા બાપા, આપડે ખેતરે નથી જાવું?' બાપાએ ના પાડી. ઘરે આવીને સોકરો ગાડું સોડવા મંડ્યો; પણ બાપે આને વાર્યો. ' રેવા દે બટા, વઉ ભલે માલીપા બેઠાં. બળદ્યાને જરાક બે ડસકારી મારીને વઉને પીયર મેલ્યાવો...' દીકરો તો આમેય કોઈ દી પોતાની અક્કલ વાપરતાં શીખ્યો જ નો'તો. તે પટ લેતાંકને વઉને મેલ્યાવ્યો એને પીર. બે–તૈંણ મઈના કેડ્યે પટેલે તો પાસો સોકરાને પૈણાવ્યો. નવી વઉને પણ પેલાની જેમ જ પાણી ભરવાનું કીધું. ઈવડી ઈય તે લુગડાં ઉસાં લયને ભર્યાં ડાયરા વસાળેથી વય ગય... ને પટેલે બીજીનેય બાપને ન્યાં વળાવી. વળી બે–તૈંણ મઈના ગ્યા ને પટેલે ત્રીજી સોકરી ગોતી. વળી સોકરાને ઘોડે સડાવ્યો. જાન વાજતે ગાજતે ઘર્યે આવી. વર–કન્યા પોંખાયાં... રાત પડી... અટાણ હુધીમાં વઉ મનમાં હમજી ગઈ'તી કે માટીમાં કાંય ઝાઝું પાણી લાગતું

નથી. બાઈ વીશારે કે તો પસી આ બબ્બે બાયુંને રાત્યોરાત્ય પાશી મેલ્યવાનો ભેદ હું? બાયે તો જેવો ધણી ઓયડે આવ્યો ઈ ભેળો એને હંહીને બોલાવ્યો, પાંહે બેહાડી વાતુંએ સડાવ્યો ને પશી હળવેકના પુશી લીધું કે, 'તમારા બાપાએ આગલી બે બાયુંને રાખી કાં નંઈ?' ભોપાભાઈ ભોળાભટ્ટાક મોઢે કયે કે, 'ઈ તો મનેય નથી ખબર્ય..' બાય કયે, 'ઈ તો જાણે ઠીક; પણ મને ઈ તો કયો કે બાપા હવારમાં કરે હું?' ધણી કયે, 'કાંય નો કરે. ઈ તો એયને ડાયરો ભરશે ને તને પાણી ભરવાનું કેશે. પશી મને ગાડું જોડવા કેશે. અડધે રસ્તે કેશે, 'બટા, વાટ કાપ્ય.' તે હજી તો હું બે–તૈંણ ઝૈડાં કાપું નો કાપું ન્યાં તો ગાડું પાસું વળાવે ને વઉને એને પીર પાશી મેલ્યાવાનું કયે!' બાય હતી ડાઈ માની દીકરી, ખરી કોઠાડાય. ઈ હમજી ગઈ કે હાહરા આવો દાખડો શેના માટે કરે સે. એણ્યે ધણીને ફોહલાવીને કીધું, 'જો હવે આતા તમને વાટ કાપવાનું કયે, અટલે તરત તમારે અલકમલકની વાતું માંડવાની. 'આતા, ઓણ તો શીંગ મબલખ પાકશે. મગેય હારા થ્યા સે. વણનાં કાલાંય ફાટફાટ થાય સે... આતા, ઓણના વરહે ભાવેય ઉંસા સે. હારા ભાવ આવે તો વાંહ્યલું ભડું પાકું કરાવી લેશું...' એમ આતા થાકે નય ન્યાં લગણ તમારે તડાકા ઝીંક્યે જાવાના.' ધણી તો ભાય, ડોકું હલાવીને કયે કે, 'ઠીક, તું કેસ એવું કરીશ.'

પટેલે તો ભાય, હવારના પોરમાં કહુંબાપાણી હાટું ડાયરો ભર્યો. ને ડેલામાં કરી પાણીની રેલમશેલમ... ને પશી વઉને કેવડાવ્યું કે ભાર્યે માંયલાં લુગડાં પેરીને પાણીની એક હેલ ભરીયાવો. વઉએ તો ભાય, મોંઘામાં મોંઘી જોડ્ય પેરી. હેલ્ય લીધી કાખમાં. ડાઢી હુધી ઘુમટો તાણ્યો ને કાદવના કીસલાણમાં ઈ તો હફરક લફરક કરતીક હાલી ગઈ. પટેલ તો મનમાં રાજીના રેડ થઈ ગ્યા. 'ખરી આબરુદારની દીકરી સે! લુગડાં ઘોળ્યાં બગડે; પણ ખાનદાન બાઈ, ભર્યા ડાયરે લુગડું ઉંસું નો જ લ્યે...' પટેલે ભાય, ડાયરો વીખેરી નાખ્યો. દીકરાને બરક્યો. દીકરે વગર કીધે જ ગાડું જોડ્યું. વઉ ને પટેલ બેઠાં. જરાક આઘેરાંક ગ્યાં ને બાપે કીધું, 'બટા, વાટ કાપો.' ને ભાય, દીકરો તો મંડ્યો અલકમલકની વાતું કરવા... બાપની આંખ્યમાં હરખનાં આંહુડાં આવી ગ્યાં. વઉના માથે હાથ મેલીને પટેલે કીધું, 'વઉ દીકરા, હવે મને ધરપત્ય થઈ. તમારા હાથમાં મારા ખોયડાની આબરુ જળવાશે. હવે હું નીરાંત્યે મરીશ... લ્યો બાપ, આ હંધીય કુંશીયું. રમો, જમો ને લીલાલેર કરો.'

ડાય દીકરી

એક હતો ભામણ. એને એક જ દીકરો. મા વગર્યનો દીકરો રખડતો રવડતો મોટો થ્યો'તો. ભામણ બસારો દી'

આખો જજમાનુંમાં ધોડ્યે રાખે ને ઠેઠ્ય રાત્ય પડ્યે ઠાક્યોપાક્યો ઘર્યે આવે. એમાં દીકરામાં અક્કલનો સાંટો જરાક ઓસો રય ગ્યો'તો. ભામણને થ્યું કે દીકરામાં તો કાંય રામ નથી; અટલે હવે વઉ અક્કલવાળી ને કોઠાડાય ગોતવી જોશે. ઈ તો ભાય, ખંભે ખડીયો નાખીને ગામેગામ મંડ્યો ભટકવા. પણ ક્યાંય આંખ ઠરે અને મન માને એવી સોકરી નો જડી. એમાં એક ગામને પાદર્ય ભામણ પોરો ખાવા બેઠો. ન્યાંકણે બાર–તેર વરહની સોકરીયું ધોલકાં કરીને ઘર–ઘર રમતી'તી. એમાંથી એક સોડીએ જોરથી બાકીની બધ્યુંને કીધું, ‘એ ભાય, હું કોઈનું ઘર નથી બગાડતી, કોયે મારું ઘર નો બગાડવું.' ભામણ હાંભળીને મલકાણો. ઉભો થઈને પાંહે ગ્યો. ‘એ બેનુ, દીકરીયું, મને જરાક ભામણનું ખોયડું દેખાડશો? આઘેથી હાલ્યો આવું સું ને થાક્યો સું ઠીકાઠીકનો...' ઓલી રુપકડી ને વટકબોલી સોકરી ઉભી થયને કયે, ‘હાલો બાપા, મારા ઘર્યે. અમે ભામણ જ સીયે.' હવે ભાય, પેલાના જમાનામાં તો સોકરીયુંને નાનેથી પૈણાવી દેતા. અટલે સોકરીયું બાર–તેર વરહની થાય ન્યાં હંધી વાતે હુંશીયાર થય જાય.

સોકરી તો ભામણને ઘર્યે લય ગઈ ને ખાટલો ઢાળીને ફળીયામાં બેહાડ્યો. પશી ઘરમાં જઈને કળશ્યો ભરીને ટાઢું પાણી લય આવી. ભામણે, આમતેમ નજર કરતાં પુશી લીધું, ‘ગગી, તારાં માવતર ક્યાં, બટા?' સોકરી કયે, ‘ઈ તો હામેના

ગામે ખળાં માંગવા ગ્યાંસે.' 'ઠીક, તંયે. કંઈ પાસાં આવશે?' સોકરી તો આભલાં હામે નજર નાખીને કયે, 'આવશે તો નય આવે ને નય આવે તો આવશે.' ભામણ વીસારમાં પડયો. માળી સોકરી સેને કાંય... મનેય ગોટે સડાવ્યો.. હવે મનમાં મુંઝાય મરવું ઈ કરતાં પુશી લેવું હારું. ભામણે તો પુશી લીધું, 'અટલે, બટા?' 'ઈ તો બાપા, જો મેઘરાજો – મારો વા'લો, આવશેને તો નાળામાં પાણી આવશે, તો મારાં માવતર હામે કાંઠે રોકાય જાહે. ને નય આવે તો આવશે.' ભામણ તો ભાય, રાજીના રેડ થય ગ્યો. એણ્યે તો પોટલીમાંથી મુઠી સોખા કાઢ્યા ને સોકરીને દીધા. 'લે ગગી, આ સોખા સડવા મેલ્ય. ખાશું ન્યાં તારાં માતર આવી જાહે.' સોકરીએ તો ભાય, સોખા લીધા. ઘર્યમાં જયને જ્યાં જોયું તો ચોખા તો હતા આરસપાણાના. સોકરી હમજી ગય. એણ્યે તો એની રમત્યના લોઢાના સણ્યામાંથી મુઠો ભર્યો. બારી નીહરીને ભામણના ખોળામાં દીધા. 'લ્યો બાપા, આટલ્યા સણ્યા સાવો ને ન્યાં સોખા સડી જાહે...' ભામણ લોઢાના સણ્યા ભાળીને હમજી ગ્યો કે ગગી સે માથાની. મારે જેવી વઉ જોતી'તી એવી જ સે આ. હવે તો રુપીયો ને નાળીયેર દઈને જ જાશ. ને એણ્યે તો ભાય, ખાટલા માથે ફાળીયું પાથરીને નીરાંતે મંડ્યું ઘોરવા.

(જુન–2006ના ‘નવનીત સમર્પણ’ના અંકના પાન 102 ઉપરથી સાભાર...)

વહુ, મોં વાળો

એક દા’ડો નવી પયણેલી પટલાણી રોટલા ઘડતી’તી. એની હાહુ ઈ દા’ડે વેલી ભુખી થય હશે તે થાળી લઈને ગળચવા બેહી ગ્યેલી. ખાતાં ખાતાં એના મોઢામાં મોવાળો આવ્યો. તે હાહુએ ઓસરીની પાળીએ બેઠાં બેઠાં જ રાડ્ય પાડી..‘એ વઉ મોવાળો..’ ને વઉ તો ભાય, રોટલા મેલ્ય પડતાં ને મોં ઢાંકતીક લાંબા રાગે મંડી રોવા. હાહુને થ્યું કે આ બાયને કાંય નો’તું ને આમ રોવા કાં બેઠી? રહોડામાંની જાળીમાંથી કો’ક એના માવતારના કાંઈ માઠા ખબર્ય તો નંઈ દઈ ગ્યાં હોય ને? ખબર્ય કેમની પડે? વઉ તો એકધારી રાડ્યું નાખીને રોતી જાતી’તી. તે પશી તો ભાય, હાહુયે ખાવાનું મેલ્ય પડતું ને બેહી ગય મોં વાળીને... ઘડી બે ઘડીમાં તો આખ્ખો પાડોહ ભેળો થઈ ગ્યો. હંધય મોં વાળીને લાંબા રાગે મંડ્યા રોવા. ઘડી વાર રોયા પશી પાડોહની એક ડોહીએ ધીરે રયને પુશ્યું, ‘તે હેં બાય, કોણ પાસું થ્યું?’ હાહુ ઓરા ઓઢેલા ઓઢણાને આઘેરુંક ખહેડતાં કયે કે, ‘ઈ તો મને નથી ખબર્ય, વઉના કો’ક પાસા થ્યા સે...ઈ રોવા બેઠી આમાં પુશ્યાઘાશ્યા વના હુંય મંડી રોવા...’ અટલું હાંભળ્યું ન્યાં તો

લાજ આઘી કરતી વહુ તાડુકી... ‘ બાઈજી, મરે ને મારા દુશ્મન. મારા માવતરમાં કોઈ કાં પાસું થાય? ઈ તો તમે કીધું કે વઉ મોં વાળો...તે મેં તો વાળ્યું.’

‘અરે વાલામુઈ, અક્કલની મુઠી, મેં તો મોવાળો શાકમાં આવ્યો એવી રાડ નાખી’તી.’

આખો પાડોહ હાહુવઉની ઠેકડી ઉડાડતો ઉભો થયને વયો ગ્યો દાંત કાઢતો કાઢતો.

–ડૉ. શરીફા વીજળીવાળા

સંપર્કઃ બી–૪૦૨, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, બેજનવાળાની પાછળ, કૉઝ–વે રોડ, તાડવાડી, રાંદેર, સુરત– ૩૯૫ ૦૦૯– ભારત મોબાઈલ નંબર –૯૮૨૪૫ ૧૯૯૭૭

ઈ–મેઈલઃ skvijaliwala@yahoo.com

આ ત્રણે વારતાઓ પછીથી ‘બાની વાતું’માં ગ્રંથસ્થ થઈ છે. ‘બાની વાતું’ - સંવર્ધીત ત્રીજી આવૃત્તી–૨૦૦૬; પાન – ૭૯; કીંમત – રુપીયા પચાસ, પ્રકાશક – ઈમેજ પબ્લીકેશનઃ info@imagepublications.com



તગતગતા તાંદુલ

વાતું એટલે વાતું જ, ન કથા, ન વાર્તા. ડાયરામાં મંડાતી વાર્તાની સજધજ અહીં નથી. અહીં વાત સીધીસટ

ચાલે છે, કશી આળપંપાળમાં પડતી નથી. એમાં નરી સહજતા અને નૈસર્ગીકતા છે–ઘરઆંગણે બેસીને ગામગપાટા ચલાવાતા હોય એના જેવી. એમાં સંક્ષીપ્તતા છે. કહેવાતાં–કહેવાતાં કાંકરા–કસ્તર નીકળી ગયાં છે. ધાન ખાંડ્યા પછી ફોતરાં નીકળી જઈ તાંદુલ – નક્કર દાણા બચ્ચા છે, 'તગતગતા તાંદુલ' જેને દેખીને ઋષીજી પણ રીઝ પામે.

આ વાતુંમાં લોકજીવન અને લોકસ્વભાવના અનુભવનો નીતાર છે. આગલી પેઢીની કેટલીક સ્ત્રીઓમાં આવી વાતું કહેવાની ખાસ આવડત હતી. આવી વાતુંને 'ઓઠાં' કહે છે. ઓઠાં એટલે દૃષ્ટાંત રુપે કહેવાતી વાતો. એની પરંપરા 'પંચતંત્ર' ને 'હીતોપદેશ' જેટલી જુની છે અને મધ્યકાલીન ગુજરાતીમાં પણ એ જડે છે.

વાતુંનું આ સંપાદન ભાષાવૈજ્ઞાનીક દૃષ્ટીએ ને પદ્ધતીએ થયું નથી. એનો એ આશય પણ નથી, એનો આશય તો આપણા એક પરંપરાગત વારસાની જીવંત ઝાંખી વીશાળ જનતાને કરાવવાનો છે. એમાં આ પ્રયત્ન પુરતો કામયાબ નીવડે છે કેમ કે એમાં બોલચાલના લહેકાઓ ને મરોડો, ઉચ્ચારણ–ખાસીયતો ને કહેણીની આગવી છટા આબાદ રીતે ઝીલી શકાયાં છે. આ બધું રજુઆતદારે પોતે ઠીકઠીક આત્મસાત કરેલું છે એ એમણે (આ પુસ્તકના એમના

પ્રાસ્તાવીકમાં)કરેલું એમની બાનું ચરીત્રચીત્રણ ને એમનું નીવેદન બતાવે છે.

મોંમાં મમળાવ્યા કરવાથી વધુ સ્વાદ આવે એવા આ 'તાંદુલ'નો રસ સૌ કોઈ માણશે.

– જયંત કોઠારી

૧૨ જુલાઈ, ૧૯૯૯

'બાની વાતું' પુસ્તકને મળેલી એમની પ્રસ્તાવનામાંથી... સાભાર...



163-1 : 12-04-2009

ગઝલ–ભાવેશ

– ભાવેશ ભટ્ટ –

અનુક્રમણીકા

(૧)

ચીંતા કરવાની મેં છોડી,
જેવું પાણી એવી હોડી!

ટુકડા શોધું અજવાળાના,
કોણે મારી સવાર તોડી?

ચોક્કસ ઘટના જેવો છું હું,
તું આવે છે વ્હેલી–મોડી.

બારી એવાં દૃશ્ય બતાવે,
ભીંતો કરતી દોડા–દોડી.

એક જનમની વાત નથી આ,
કાયમની છે માથાફોડી.

(૨)

એવા થાકીને ઘર આવ્યા,
પડછાયાને ચક્કર આવ્યા.

કેમ સમયજી ખુશ લાગો છો?
કોને મારી ટક્કર આવ્યા?

કૈંક લખ્યું જ્યાં તારા માટે,
આંસુ જેવા અક્ષર આવ્યા.

છેક નદીની વચ્ચે પહોંચ્યા,
આજ કીનારા વટ પર આવ્યા.
બસ દુનીયાનાં દ્વારે બેઠા,
બ્હાર ગયા ના અંદર આવ્યા.

(3)

છીદ્રવાળું વહાણ છે તો છે,
પાણીને એની જાણ છે તો છે.

એ ભલે ફૂલછાબ જેવો છે,
પણ ફૂલોથી અજાણ છે તો છે.

કામ બીજું હવે રહ્યું ક્યાં?
શ્વાસની ખેંચતાણ છે તો છે.

હું દીવસને નથી મળ્યો ક્યારેય,
કોઈને ઓળખાણ છે તો છે.

જેવું જીવ્યા છીએ લખ્યું એવું,
સાવ નબળું લખાણ છે તો છે.

(૪)

સૌ મીલન ભડકે બળે તારા વગર,
તું મને કાયમ મળે તારા વગર.

મેં પછી આકાર લઈ લીધો હતો,
કોણ પાછું ઓગળે તારા વગર?

તું નદી છે કે નથી કોને ખબર?
તોય દરિયો ખળભળે તારા વગર!

કોણ આ મારી ભીતરથી નીકળી?
કોણ આ પાછું વળે તારા વગર?

હું ન ગરજું ન વરસું કૈં જ નહી,
જીદ પકડી વાદળે તારા વગર!

(૫)

સૌ દીશા મળશે નવી જો તો ખરો,
આ હકીકત ગોઠવી જો તો ખરો.

કોઈ પ્રકરણ ક્યાંક સારું આવશે,
એક પાનું ફેરવી જો તો ખરો.

જીંદગીમાં એક અજવાળું થશે,
તું અતીતને ઓલવી જો તો ખરો.

હર જગા આકાશ જેવી લાગશે,
એક પીંછું સાચવી જો તો ખરો.

તું પછી ભગવાનગીરી નહીં કરે,
મારું જીવન ભોગવી જો તો ખરો.

(૬)

જીંદગીના શું ખુલાસા થઈ શકે?

આપણાથી તો તમાશા થઈ શકે!

જે જગતની ખાસ વાતો હોય છે,
કોઈના માટે બગાસાં થઈ શકે.

એક ટીપું પણ કરી દે તરબતર,
એક દરીયાથી નીરાશા થઈ શકે!

માન કે ના માન પણ સાચું કહું,
આ નદી પર્વતની ભાષા થઈ શકે.

હું અને મારી ગઝલથી શું થાય?
એકબીજાના દીલાસા થઈ શકે!

(૭)

થઈ રહ્યું છે શું કશું જાણે જ નહીં?
તો પછી આવો ખુદા ચાલે જ નહીં!

મેં કહ્યું આકાશની સોબત ન કર,
પણ અગાશી વાતને માને જ નહીં.

વૃક્ષની હું વારતા વાંચું અને,
વારતામાં પંખી આવે જ નહીં.

જીંદગીભર એટલે તપતા રહ્યા,
છાંયડાને છાંયડો ફાવે જ નહીં.

(૮)

વૃક્ષના ફતવા તરત માની લીધા,
મેં બધાં પંખીને સમજાવી લીધાં.

રહી ગયું હોવાપણું બસ નામનું,
તે સૂરજમાંથી કીરણ કાઢી લીધાં.

બસ હવે પાછાં જવું છે ઘર તરફ,
બહુ પડીકાં દૃશ્યનાં વાળી લીધાં.

એ ઉઝરડાઓથી કંટાળી ગયો,
તો હવાના નખ બધા કાપી લીધા.
છાંયડા–તડકાને જ્યાં ભેગા કર્યા,
સૌ રહસ્યો શ્વાસનાં જાણી લીધાં.

(૯)

જાવ આકાશનું અખબાર લઈને આવો,
સૂર્યના કૈંક સમાચાર લઈને આવો.

આવડે છે એને બસ મારી નકલ કરવાનું,
આયનો કઈ સમજદાર લઈને આવો.

આ દીવાનું ગળું અંધારાં દબાવી દેશે,
વીજળીના કોઈ ઝબકાર લઈને આવો.

માંગવાની મને આદત છે, તો હું માંગુ છું,
કૈં જ ના હોય તો ધીક્કાર લઈને આવો.

મારી અંદર તો ઘણાં વૃક્ષ ઉગાડ્યાં છે મેં,
કોઈ ટહુકાનો પુરસ્કાર લઈને આવો.

લઘુકાવ્યો

(૧)

ટીકીટ લીધા વગર,

એક માણસ

ટ્રેનના પાટા પર સુઈ ગયો,

ક્યાંનો ક્યાં પ્હોંચી ગયો..!

* * *

(૨)

કોઈ સારો કમ્પ્યુટર એન્જીનીયર

ધ્યાનમાં હોય તો કહેજો,

જેટલી વાર માણસ ડૉટકૉમ

એન્ટર કરું છું;

કમ્પ્યુટર હેન્ગ થઈ જાય છે...!

* * *

(3)

રસ્તા પર બેવડ વળી ગયેલા

વૃક્ષને જોઈ બાળકે પુછ્યું,

'કેમ અંગુઠા પકડીને ઉભું છે?

તેં લેસન ન્હોતું કર્યું?'

* * *

(૪)

બુટ–પૉલીશની થેલી

ખભે લટકાવી

રસ્તા પર ફરતા બાળકની

ખરબચડી નજરમાં

દરેક વસ્તુ ચમકતી હતી.

* ભાવેશ ભટ્ટ *

♦ કવીસંપર્કઃ ભાવેશ ભટ્ટ, બી–6, ચીત્રકુટ એપાર્ટમેન્ટ્સ–2, દેવાશીષ સ્કુલની સામે, બોડકદેવ, અમદાવાદ–380 054 ઈ–મેઈલઃ

bhaveshbhatt000@rediffmail.com

મોબાઈલ – 92274 50244

કવીનો ગઝલસંગ્રહઃ 'છે તો છે...' (પ્રકાશકઃ પોતે, વીતરકઃ નવભારત સાહીત્ય મંદીર, અમદાવાદ–380 001. પ્રથમ આવૃત્તી, મે–2008, કીંમત રુપીયા– 50)

@

163-2:12-04-2009



-ધીરુબહેન પટેલ

અનુક્રમણીકા

તા. ૩ એપ્રિલ, ૨૦૦૯ના દિને અમદાવાદમાં મળેલી

પ્રેસ કૉન્ફરન્સ સમક્ષ

શ્રી. ધીરુબહેન પટેલે આપેલું પ્રવચન

રામનવમી,

કોઈ પણ યજ્ઞકાર્યની શરૂઆત 'અહં કરિષ્યે' એ શબ્દોથી થાય છે. એમાં દૃઢ નિશ્ચય, અડગ પુરુષાર્થ અને ધ્યેયનિષ્ઠાનું બળ હોય છે. એનાથી પ્રેરાયેલો મનુષ્ય આડુંઅવળું જોયા વગર એકધારા ઉત્સાહથી આગળ વધે છે. વિઘ્નો એને રોકી શકતાં નથી, ટીકાકારોના ઉપાલંભ કે કટાક્ષની એને કશી અસર થતી નથી, કોઈ પણ પ્રલોભનો એની ગતિ રોકવા સમર્થ નથી હોતાં અને આખરે એક એવી અમૂલ્ય ક્ષણ આવે છે જ્યારે આ આખા આયામનો કર્તા આપમેળે અટકી જાય છે, એ જુએ છે કે કરવા ધારેલું કાર્ય પૂરું થઈ ગયું છે.



એ વખતે એના મનની સ્થિતિ કેવી હોય? અહંકારની, અવસાદની, ખાલીપાની કે હર્ષની? મૂળે એ માણસ કેવો છે એની પરીક્ષા એ પળે થાય છે. શું એ સમગ્ર પરિસ્થિતિનું અવલોકન કરીને હળવે હૈયે આકાશ સામે હાથ જોડે છે? આસન પરથી ઊઠતી વેળાએ સંપૂર્ણ કૃતકૃત્યતાના આનંદ સાથે ઇશ્વરને કહી શકે છે કે 'ઇદં ન મમ'? તે વખતે એને પૂછો કે, ભાઈ, આ તારું નથી તો કોનું છે? ઘણા વપરાશથી લિસ્સા પડી ગયેલા સિક્કા જેવો એક જ શબ્દ યાદ આવે છે - 'જનતાજનાર્દન'! હા, એ જ બરાબર છે. જે અંતર્યામી માત્ર મારા કે તમારા ખોળિયામાં કેદ નથી રહેવાનો, જે ઘટ ઘટમાં રમે છે, જેની આ બધી લીલા છે, તેની જ પ્રીતિ અર્થે આ કાર્ય શરૂ થયું હતું, એ સંપન્ન થતી વેળાએ તેને જ અર્પણ કરવામાં ઔચિત્ય છે. માલિકીપણાનો લેશમાત્ર ભાવ ક્યાંય ચોંટી ન રહે એટલા માટે હાથ ખંખેરીને ઊભા થઈ જવાનું છે. પરમ વૈરાગ્યની આ ક્ષણ છે અને એ જ ક્ષણ પરમ આનંદની પણ છે.

ખરેખર ખુશનસીબ હોય તેને જ આખા આવરદામાં આ બે ઉક્તિઓ ઉચ્ચારવાનો લાભ મળે. આગલી કરતાં

પાછલી વધારે મુશ્કેલ છે. 'હું કરીશ' એમ કહેવાનું તો ઘણા બધાને ઘણી બધી વાર મન થાય. પણ એ જાતને આપેલું વચન પરિપૂર્ણ કરનારા કેટલા? 'સારા કામમાં સો વિઘ્ન' એ કહેવત કંઈ અમથી નહીં પડી હોય. બાહ્ય સંજોગો જેટલી જ આંતરિક નબળાઈઓ પણ નડે. એવા વિરલા કેટલા જે 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' એવા મુદ્રાલેખ સાથે આગળ વધે અને મનમાં ધારેલું તે પૂરું કરીને જ જંપે? એવી સ્વનામધન્ય વ્યક્તિઓ જ્યારે જ્યારે મળે ત્યારે આપણું શિર આદરથી ઝૂકી જાય.

પણ પેલી બીજી વાત? 'ઇદં ન મમ' સરળતાથી બોલી શકનાર તો લાખોમાં એક હોય. કારણ કે માનવ સ્વભાવ જ એવો છે કે પોતાનાં પરાક્રમોમાં, પોતાની સિદ્ધિમાં રાચવું સૌને ગમે. વળી વળીને સિંહની માફક પાછું વાળીને જોવું અને પોતે કરેલાં અતિ મુશ્કેલ કામો યાદ કરીને, 'જોયું? આ બધું મેં કર્યું. બીજું કોઈ કરી શકે કંઈ? ' એવા અભિમાનમાં ખોવાઈ જવું એ કેટલું બધું સરળ છે? કેટલું આનંદદાયક છે? આ પ્રલોભનને વશ ન થતાં પોતાની બધી સિદ્ધિઓ સાચા મનથી ઇશ્વરાર્પણ કરી દેવી એ કંઈ ઓછું પરાક્રમ નથી. ફરક એટલો છે કે આ ગુપ્ત મનોભાવ આપણે એકલા જ જાણીએ જ્યારે પેલાં પહેલાંનાં પરાક્રમો જગજાહેર હોય.

આજનો દિવસ આપણે સૌને માટે સ્મરણીય બની રહેવાનો. એટલા માટે નહીં કે આજે રામવનમી છે. જો કે રામ તો તમામ ભારતવાસીઓના આરાધ્ય દેવ છે, ભલે તેઓ ગમે તે ધર્મ પાળતા હોય. કારણ કે રામ એટલે સત્યનું મૂર્તિમંત સ્વરૂપ, રામ એટલે ન્યાયના કઠોર માર્ગ પર જરાયે વિચલિત ન થતાં પંથ કાપનાર ચિરપ્રવાસી, રામ એટલે કર્તવ્યનો મર્મ સમજનાર અને મર્યાદાનું સદૈવ પાલન કરનાર રાજવી- જોજો, આ દશરથપુત્ર રામના જીવનપ્રસંગો ઇતિહાસનું કે પુરાણનું કલેવર ધારણ કરીને આવે તેથી ભરમાશો નહીં, દરેકના હૃદયમાં જે રામ વસેલો છે, જે હંમેશાં આપણી રક્ષા કરે છે. શું કરવા યોગ્ય અને શું નહીં કરવા યોગ્ય તેનું માર્ગદર્શન કરે છે, અને જીવનના અંતકાળે પણ સ્મરણમાત્રથી હાજર થઈ આપણા સમસ્ત ભયનો નાશ કરે છે તે રામની હું વાત કરું છું. એના પાર્થિવ દેહની કે એના કર્ણોપકર્ણ ઊતરી આવેલા ઇતિહાસની આપણે શી લેવાદેવા? પ્રત્યેક મનુષ્ય સમજે છે કે શું સારું ને શું ખોટું. બસ, એને એ સમજાવનાર શક્તિ તે રામ- એનો આપણને ક્ષણભર

પણ વિયોગ ન થજો. ભલે આપણે કોઈ પણ સમ્પ્રદાયના હોઈએ.

હં, આજનો દિવસ જો રામને કારણે વિશિષ્ટ ન ગણવાનો હોય તો પછી શા કારણે હું એને સ્મરણીય કહું છું?

ફક્ત એટલા માટે કે આપણે સૌ એક અત્યંત કલ્યાણકારી પ્રસંગના સાક્ષી બનવાના છીએ- કર્મશીલ, કર્મવીર, કર્મયોગી શ્રી રતિલાલ પ્રેમચંદ ચંદરયા આજે 'ઇદં ન મમ' કહીને ‘ભગવદ્ગોમંડલ’ના બે લાખ એક્યાંસી હજાર ત્રણસો સિત્તોતેર શબ્દોને, તેમના આઠ લાખ એકવીસ હજાર આઠસો બત્રીસ અર્થો સાથે, અઠ્યાવીસ હજાર એકસો છપ્પન રૂઢિપ્રયોગો સહિત, કાગળના પિંજરમાંથી મુક્ત કરીને ગગનગામી બનાવવાના તેમના ભવ્ય પુરુષાર્થનું લોકાર્પણ કરવાના છે. આ મંગળ ક્ષણ મારી વહાલી ગુજરાતી ભાષાના ઇતિહાસમાં સદા ઝળહળતી રહેશે. આ શ્રીમાન રતિલાલ ચંદરયા કોઈ ભાષાશાસ્ત્રી છે? પંડિત છે? પ્રોફેસર છે? ના રે, એ તો એક સીધાસાદા વ્યાપારી કે ઉદ્યોગપતિ છે. એમને આ બધી ઉધમાત કરવાની ન તો કોઈ જવાબદારી હતી કે નહોતી જરૂર. એમણે પાંસઠ દેશોમાં ઔદ્યોગિક પ્રગતિ સાધી. ભારતીય વિદ્યા ભવન જેવી વિધવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દા પરથી કામ કર્યું. બસ ને? એક માણસ પોતાની જિંદગીમાં જેટલું કામ કરી શકે તેનાથી ક્યાંય વિશેષ કર્યું. એટલેથી સંતોષ ન થવો જોઈએ? ન થયો. ક્યાંથી થાય? પોતાની માતૃભાષા પરના અનહદ પ્રેમથી પિડાતા આ સજ્જનને રાત-દિવસ એક જ ચિંતા કોરી ખાતી હતી. વિદેશોમાં વસતાં ગુજરાતી કુટુંબોની

આગામી પેઢી પોતાની ભાષા ખોઈ બેસશે તો? એટલું જ નહીં; ભારતનાં મોટાં શહેરોમાં વસતા ગુજરાતીઓનાં બાળકો પણ અંગ્રેજી માધ્યમને પ્રતાપે પોતાની માતૃભાષાથી વિમુખ થતાં જાય છે એને આપણા દુર્ભાગ્યે એમનાં માતાપિતાને આ ઘટના દુ:ખમય નહીં પણ ગૌરવપ્રદ લાગે છે! આ રીતે ગુજરાતી ભાષા કેમ ટકશે? ભાષા જતાં આપણા સાંસ્કૃતિક વારસાનો લોપ થશે. આપણું ગુજરાતીપણું શોધ્યું નહિ જડે. આ કેમ ચલાવી લેવાય? હૃદયને એક ખૂણે સતત જલતી રહેતી આ ચિનગારીને ઠારવાનો ઉપાય એમણે શોધી કાઢ્યો. એક વિદ્વાનની નજરે નહીં, એક બાહોશ ઉદ્યોગપતિની નજરે. એમણે કાળનાં એંધાણ પારખ્યાં. કાગળ કલમનો જમાનો હવે આથમતો જાય છે. આવતી કાલ ઇન્ટરનેટની છે. ગુજરાતી ભાષાને આ પવનની પાંખે ઉડાડીએ તો જ એ જીવશે. પરદેશમાં રહેતા ગુજરાતીઓ પુસ્તકો નહીં, કમ્પ્યૂટર વસાવશે તેમનાં બાળકો એના સતત સહવાસમાં રહેશે, રમતાં રમતાં ગુજરાતી શીખી જશે, વાપરશે, એનાથી રમશે, ધીરેધીરે એના સાહિત્યના ખજાના ખોલશે અને પરિચિત થશે.

પણ એ માટે કોઈકે તો પહેલ કરવી જોઈશે ને? 'અહં કરિષ્યે' કહીને રતિલાલભાઈએ સ્વેચ્છાએ આ જંગ વ્હોરી લીધો - સાક્ષરોનો સહકાર મેળવવામાં મુશ્કેલીઓ નડી. નિ:શબ્દ પગલે નિકટ આવતી જરાવસ્થાએ એમની તકલીફોમાં ઉમેરો

કર્યો. છતાં એ ડગ્યા નહીં. હિંમત હાર્યા નહીં. આખરે પચીસ વરસના એકધારા પરિશ્રમના ફળ રૂપે ૨૦૦૬માં ગુજરાતી લેક્સિકોનનું સ્વપ્નું સાકાર થયું. અંગ્રેજીમાં જ વાત કરતાં બાળકો પોતાને જોઈતો ગુજરાતી પર્યાય શોધી શકે, ગુજરાતીના અઘરા શબ્દોના પર્યાય શોધી શકે, ગુજરાતી શબ્દનો અંગ્રેજી દેહ કયો તે જાણી શકે, આ બધું શક્ય બન્યું. જે ભાષા બોલવાનું હજુ પ્રભુકૃપાએ શક્ય રહ્યું હતું તેને લખવા વાંચવાનું પણ શક્ય બન્યું. આ બધા રૂડા પ્રતાપ એક ઉદ્યોગપતિના દિલમાં જાગેલી પીડાના.



પણ કહેવત છે ને? કામ કામને શીખવે કે કામ કામને તાણી લાવે? આટલું થયા બાદ વધારે દૂરની ક્ષિતિજો દેખાવા માંડી.

"સાર્થ જોડણીકોશ"નો સમાવેશ વિદ્યાપીઠના સહકારને લીધે શક્ય બન્યો. પણ મોટા ઉધોગપતિને જેમ વ્યાપારમાં તેમ જ જ્ઞાનાર્જનમાં - નજર લાંબે જ દોડે 'ભગવદ્ગોમંડલ' ધ્યાનમાં આવ્યું. ગોંડલના અક્ષયકીર્તિસંપન્ન મહારાજા ભગવતસિંહજીએ સેવેલું અને ધરતી પર ઉતારેલું એક સ્વપ્ન. સ્વપ્નદૃષ્ટાઓ જ એકબીજાને સમજી શકે અને સાચી કદર

કરી શકે. સાંકડા ઘરમાં ગમે એટલું વિશાળ હૃદય હોય તો પણ માણસ ક્યાંથી આ દળદાર નવ ગ્રંથો સમાવી શકે? રસ્તો કાઢવો જ રહ્યો. રતિલાલભાઈએ પોતાના અમદાવાદના કાર્યાલયમાં કામ કરતા અશોક કરણિયા અને તેમના સાથીઓને ભરોસે ભગવદ્ગોમંડલને ડિજિટલાઈઝ્ડ કરવાનું બીડું ઝડપ્યું. પરવાનગીઓ મેળવી અને કામનો આરંભ કર્યો. વરસ પૂરું થતાં થતાંમાં તો એ પૂર્ણ થઈ ગયું અને હવે આગળ શું? એ પ્રશ્ન ઊભો થયો.

પરંતુ કાર્ય સંપન્ન થયાની ક્ષણ પારખીને રતિલાલભાઈ ચંદરયાએ જોયું કે ભાષાનું કામ તો નિરંતર ચાલ્યા જ કરે એ પ્રકારનું છે. ભાષા વાપરનાર અને એને પ્રેમ કરનાર પ્રજા પોતાનું કર્તવ્ય નિભાવશે. મારે હવે બે હાથ જોડીને 'ઈદં ન મમ' કહેવું ઘટે. શેષ આયુષ્ય જવાબદારીના બોજ વિના, બધું કામ મારે હાથે જ થાય એવા મોહમાંથી મુક્તિ મેળવીને ગાળવું અને યથાશક્તિ યથામતિ જે કંઈ આજ લગી થઈ શક્યું તેને લોકાર્પણ કરવું એ જ સાચો માર્ગ છે. આજે તેઓ આ માર્ગે પ્રયાણનું આદરે છે ત્યારે આપણે એમનું ઋણ સ્વીકારીને હૃદયના ઊંડાણથી પ્રાર્થીએ 'શિવાસ્તે પંથાન:'

ભગવતસિંહજી અત્યારે વિદ્યમાન નથી પરંતુ તેમનું સ્મરણ માત્ર આપણને પાવન કરે અને કર્તવ્યની નવીનવી

કેડીઓ ચીંધે એવું છે. આવા પ્રજાવત્સલ, મૌલિક વિચારસરણી ધરાવનાર, દેશભક્ત અને વિદ્યાવ્યાસંગી રાજવીઓ જો વધારે સંખ્યામાં આપણને મળ્યા હોત તો કદાચ આપણે લોકશાહી તરફ ઢળ્યા ન હોત. પરંતુ કાળનું ચક્ર પોતાની આગવી ગતિએ ફર્યા કરે છે. આપણે નથી એને રોકી શકતા, નથી પાછું ફેરવી શકતા. પણ જુઓ તો ખરા, ગોંડલની પ્રજાને આ કેવા રાજા મળ્યા હતા!

રાજ્યની આવક લગભગ એંસી લાખ લગી પહોંચાડવા છતાં તેઓ માત્ર બાર હજાર રૂપિયાનું સાલિયાણું લેતા, વીજળીનું બિલ બીજા નાગરિકોની જેમ જ ભરતા, પોતાના કુંવરોને નોકરી કરાવીને ઘટે એટલો જ પગાર આપતા - માન્યામાં આવે છે? સાદો પહેરવેશ, કરકસરભરી રહેણીકરણી, કન્યાકેળવણીને ઉત્તેજન, ફરજિયાત પ્રાથમિક શિક્ષણ, વૃક્ષોની જાળવણી, ગર્વનરજનરલ વધારાના બે દિવસ ગોંડલમાં રહ્યા તો તેનું બિલ મોકલવાની નિર્ભયતા - શું શું યાદ કરીએ અને શું ભૂલી જઈએ?

જોકે આજના દિવસે તો ખાસ યાદ રાખવા જેવો છે તેમનો વિદ્યાપ્રેમ 'ભગવદ્ગોમંડલ' જેવા અદ્વિતીય જ્ઞાનકોશની કલ્પના અને એને મૂર્તિમંત કરવાની ધગશ માટે એકેએક ગુજરાતી એમનો ઋણી રહેશે.



આ કોશ પાછળ એમણે માત્ર પૈસા નહોતા ખર્ચ્યા, પોતાની જાત ખરચી હતી. કોઈ પણ નવો શબ્દ છપાયેલો હોય તો આંખે ચડે, બોલાયેલો હોય તો કાન ચમકે. એનો અર્થ જાણ્યા વિના કેડો ન મૂકે. કોઈ પણ નવો શબ્દ આપનાર કે શબ્દનો નવો અર્થ શોધી લાવનારને પુરસ્કારનો એક આનો આપતા. કોઈને મોંએ નવો શબ્દ સાંભળે ત્યારે કાગળ હાથવગો ન હોય તો પોતાના અંગરખાની ચાળ પર પણ લખી લેતા. 'ઈંદ્રગોપ' શબ્દની પૂરી સમજણ પડે એટલા માટે એ જીવડાંની આકૃતિ બરાબર દોરાય તે સારુ બાહસમાં એને પૂરી લાવેલા એમ જ 'બાઘડ' નામનું જીવડું કાંટાળી ઝાડીમાં જોયું તો જાતે અંદર જઈને પકડી લાવેલા. આવા જ્ઞાનપિપાસુ રાજાને હાથે જ આવું ભગીરથ કાર્ય સંપન્ન થાય ને!

હું તો માનું છું કે આજના જમાનામાં સહેલાઈથી ઉપલબ્ધ સામગ્રીઓને જરાતરા હેરફેર સાથે જુદા ઢાંચામાં ઢાળીને શોધનિબંધ તૈયાર કરતા વિદ્યાર્થીઓ અને તેમના મોટા પગાર મેળવતા પ્રૉફેસરોએ આ વિદ્યાપ્રેમી રાજવીને

પ્રેરણાસ્રોત માનીને તેમની તસવીરનું રોજ દર્શન કરવું જોઈએ અથવા તેમાં એકવિધતા લાગતી હોય તો તેમના અનન્ય ગ્રંથનાં પાંચેક પાનાંનું રોજ અધ્યયન કરવું જોઈએ. અલબત્ત, ગુજરાતી ભાષાનો વિધિપુરઃસર અભ્યાસ કરનારાઓને ઉદ્દેશીને જ આ બોલું છું; પણ મને ખાતરી છે કે અન્ય ભાષાભાષીઓને તથા જ્ઞાનનાં બીજાં ક્ષેત્રોમાં અભ્યાસ કરનાર વ્યક્તિઓને પણ ભગવતસિંહજીના જીવનમાંથી ઘણી પ્રેરણા મળી શકે.

આજના દિવસે એમણે કરેલા જ્ઞાનોપાર્જનના કાર્યને ચિરસ્થાયી અને આધુનિક સ્વરૂપ બક્ષનારા શ્રી રતિલાલભાઈ ચંદરયાને અભિનંદન આપતી વખતે 'ભગવદ્ગોમંડલ'ની રચનાનો પ્રચંડ પુરુષાર્થ આદરનાર રાજા ભગવતસિંહને પણ નમ્રભાવે પ્રણામ કરીને આપણે ચાહેલી, આપણી પ્રિય ગુજરાતી ભાષાને માત્ર જિવાડવાનો નહીં; પણ એને નવપલ્લવિત કરીને જગતની શ્રેષ્ઠ ભાષાઓમાં સ્થાન અપાવવાનો આપણે સૌ સંકલ્પ કરીએ. શુદ્ધ સંકલ્પ હશે તો પરમાત્મા જરૂર એની સામે મીઠી નજરે જોશે.

- ધીરુબહેન પટેલ

‘ગુજરાતી સાહિત્ય પરિષદ’નાં ભૂતપૂર્વ પ્રમુખ અને પ્રસિદ્ધ લેખિકા

&&&

'ભ.ગો.'ના સર્જકનું ટૂંકું પ્રવચન અને આભારદર્શન



સૌ પ્રથમ તો ઉપસ્થિત આદરણીય ધીરુબહેન પટેલોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું કે જેમના સહકારથી 'ગુજરાતીલૅક્સિકોન' અને 'ભગવદ્ગોમંડલ'નું મારું સ્વપ્ન સાકાર થયું, એમનું માર્ગદર્શન અને પ્રેરણા અમને સતત મળતાં રહ્યાં; જેથી આ બન્ને સાઇટોનું કામ સરસ રીતે થઈ શક્યું.

મીડિયાના સૌ મિત્રોને મારે કહેવાનું કે મને પોતાને અને વિદેશમાં રહેતાં મારાં અને મારા જેવા અનેકોનાં બાળકોને ગુજરાતી વાંચવા અને લખવામાં પડતી તકલીફો જોઈને મને વિચાર આવ્યો હતો કે આપણી મોંઘેરી ભાષા માટે

કંઈક કરવું તો પડશે અન્યથા નવી પેઢી તેમની માતૃભાષા લખી અને વાંચી શકશે નહિ.

દેશવિદેશ વસેલી સાડા પાંચ કરોડ જેટલી ગુજરાતી જનતા સુધી પહોંચવાની મારી નેમ છે. ભવિષ્યમાં દરેક ઘરમાં કમ્પ્યૂટર હશે ત્યારે આ માહિતી દરેકને માટે મહત્ત્વની સાબિત થશે. તથા આ માધ્યમથી બાળકો ગુજરાતી ભાષા અને સાહિત્ય સુધી પહોંચી શકશે. બસ, આ સંદેશ ફેલાવવા હું તમારો સહકાર વાંછું છું.

'ભગવદ્ગોમંડલ'નો લાભ ગામેગામના યુવાનોને મળે તે માટે આપણે સૌ કટિબદ્ધ થઈએ. હું તો તમામ પ્રયત્નો કરું જ છું અને જીવીશ ત્યાં સુધી કરતો રહીશ.

મારા આ સ્વપ્નને લક્ષ સુધી પહોંચાડવા માટે હું 'મૅગ્નેટ ટૅક્નૉલૉજીસ' અને તેની ટીમના સૌ સભ્યોનો આભારી છું.

–રતિલાલ ચંદરયા – અમદાવાદ – રામનવમી, તા. ૩-૪-૨૦૦૯

અક્ષરાંકનઃ મૈત્રી શાહ – maitri@arniontechnologies.com

For Media coverage, please visit the link:

http://bhagvadgomandal.com/index.php?action=MediaRoom

AND

For Photographs :

http://bhagvadgomandal.com/index.php?action=Gallery

Thanks...

@

164 : 26-04-2009

પાણીપુરીથી સ્વર્ગપુરી કેટલું દુર?

–ઉર્વીશ કોઠારી

અનુક્રમણીકા

પુરાણોમાં પુરીના અનેક પ્રકારો વર્ણવ્યા છે. એકમાં અલકાપુરી, ચાણક્યપુરી, ઈન્દ્રપુરી વગેરે આવે છે. આ બધા પીનકોડવાળા/પીનકોડ વગરના વીસ્તારો છે. પુરીનો બીજો પ્રકાર છેઃ મદન પુરી, અમરીશ પુરી, ઓમ પુરી ઈત્યાદી. ત્રીજી જાતમાં કંદપુરી (રતાળુના ભજીયાં), રીંગણપુરી (રીંગણનાં ભજીયાં) વગેરે આવે છે; પણ આ સઘળા પ્રકારોમાં શીરમોર છે પાણીપુરી. અઠંગ પ્રેમીઓ તેને પકોડીપુરી, પુરીપકોડી, ગોલગપ્પા જેવાં નામે પણ ઓળખે છે.

જમીનમાંથી પાણી શોધી કાઢતા લોકો ‘પાણીકળા’ કહેવાય છે. એ રીતે અમુક લોકો ‘પાણીપુરીકળા’ હોય છે. ગમે તેવી અજાણી જગ્યાએ તેમને લઈ જવામાં આવે તો પણ એ પાણીપુરીનો એકાદ ખુમચો શોધી કાઢે છે. પાણીપુરીની ખરી લીજ્જત ઉભા રહીને ખાવામાં છે. બુફે ડીનરના વીરોધીઓ અને ‘બેસીને ખાધા વીના મને તો સંતોષ જ ન થાય’ એવું માનનારા રુઢીચુસ્તો પણ પાણીપુરીને અપવાદરુપ ગણે છે. તેમના

લાભાર્થે જાહેર રસ્તાની કોરે, વાહનની અવરજવરથી અલીપ્ત, ‘ભીડ વચ્ચે એકલા’ ભૈયાજી, લારી કે ખુમચા સાથે હાજરાહજુર હોય છે.

પાણીપુરી ખાનાર બે પ્રકારના હોય છે. ‘ચાલો, પાણીપુરી ખાવા જઈએ’ એવું નક્કી કરીને નીકળેલા લોકો ભૈયાજીના સંભવીત લોકેશન વીશે જાણતા હોય છે. બીજા પ્રકારના લોકો ‘ઈમ્પલ્સીવ ઈટર’ હોય છે. શાંત બેઠેલું કુતરું, પાઘડીવાળા માણસને જોઈ અચાનક ભસવા માંડે, તેમ પાણીપુરીનો ખુમચો જોઈને બીજા પ્રકારના લોકોના મનમાં ખળભળાટ જાગે છે. પોતાના હૃદયના ‘પાણી’માં હાથ નાખીને કોઈ હલાવતું હોય એવી અનુભુતી તેમને થાય છે. મનમાં ગળી ચટણી અને કુદીનાવાળા પાણીનો સ્વાદ રેલાય છે. આખી પુરી હાથમાં લઈને અંગુઠાના એક પ્રહારથી તેનું ટોપકું તોડી નાખતા ભૈયાજીનું રમ્ય ચીત્ર મનમાં ખડું થાય છે. બાફેલા ચણા–વટાણા–બટાકાના માવામાં મસ્ત મસાલાની સુગંધ...! એ સાથે જ અંતરાત્મા પોકારી ઉઠે છે, ‘(પાણીપુરી ખાધા પછી) કૉલેરા–ટાઈફૉઈડના મોતે મરીશ; પણ પાણીપુરી ખાધા વીના આગળ નહીં વધું.’

સરહદ પર લડનાર કોઈ પણ વ્યક્તી ‘જવાન’ હોય છે, તેમ પાણીપુરીનો ખુમચો–લારી લઈને ઉભેલો કોઈ પણ પ્રાંતનો રહેવાસી ‘ભૈયાજી’ કહેવાય છે. તેમની સાથે હીન્દીમાં વાત કરવાનું ફરજીયાત ગણાય છે, એ ફરજમાંથી ‘ભૈયાજી, એક મોરી દેના’(મોળી એટલે પાણી વગરની, મસાલો ભરેલી પુરી) જેવાં ફ્યુઝન વાક્યો જન્મે છે.

ભૈયાજીનું સ્થાનક ચાહે લારી હોય કે ખુમચો, એ માખીઓ અને માણસોના શાંતીપુર્ણ સહઅસ્તીત્વની ભાવના ચરીતાર્થ કરનારું હોય છે. નવો ઘરાક ત્યાં જઈને ઉભો રહે એટલે થોડો સમય તેણે ઠંડી ઉપેક્ષાનો સામનો કરવો પડે છે, કેમ કે ભૈયાજી આગળના ગ્રાહકને ‘પતાવવા’માં બીઝી હોય છે. એ યાંત્રીક રીતે પુરીઓ તૈયાર કરીને, પાણીમાં ડબોળીને, ગ્રાહકે હાથમાં પકડેલી પ્લેટમાં મુકતા જાય છે. ગ્રાહક બસ કરે, એટલે ભૈયાજી એક હાથે બાફેલા બટાકા અને ચણા–વટાણાનો નવો મસાલો બનાવતાં, નવા ગ્રાહકની સામે આવકાર અને પ્રશ્નાર્થમીશ્રીત નજરે જુએ છે. ત્યાં સુધી પાણીની અને મસાલાની સુગંધથી ઉશ્કેરાયેલો ગ્રાહક મહાપરાણે મનને સમજાવે છે, ‘ધીરજ ધર, હે મન! આ ખાઉધરો બંધ થાય એટલે તારો જ વારો છે.’

www.gujaratilexicon.com

પાણીપુરીની પુર્વતૈયારી તરીકે ભૈયાજી હાથમાં એક પ્લેટ પકડાવે છે, જેને ચોખ્ખી કહેવામાં ચોખ્ખાઈનું અને ગંદી કહેવામાં ભૈયાજીનું અપમાન થવાની ભીતી હોય છે, 'આપણે પ્લેટમાં ક્યાં દાળ–ભાત ખાવાં છે કે તેની ચોખ્ખાઈની ચીંતા? આપણે તો તેનો પાણીપુરી મુકવા પુરતો જ ઉપયોગ કરવો છે ને!' અંતરાત્મા સાથેનો આ સંવાદ પુરો થાય ત્યાં સુધીમાં ભૈયાજીનો હાથ મશીની ઝડપે પુરીને તોડીને, તેમાં મસાલો પુરીને, પાણીમાં ઝબોળીને પ્લેટમાં મુકી દે છે. આતુર બનેલો ગ્રાહક એ પુરીને એટલી જ ઝડપે પ્લેટમાંથી મોંમા પધરાવે છે.

પાણીપુરી બનાવવા જેટલી જ મોટી કળા પાણીપુરી આરોગવાની છે. ઘરાક પ્લેટમાંથી મોંમાં પુરી મુકવા જાય એ દરમીયાન, કેટલીક એક્સ્ટ્રા લાર્જ અથવા નાજુક બદન પુરીઓ મસાલા–પાણીનો ભાર ખમી ન શકવાથી અધવચ્ચે ફસડાઈ પડે છે. તેનો કાટમાળ ડીશમાં રેલાય છે. 'મોં અને કોળીયા વચ્ચેનું અંતર' ફીલસુફી નહીં; પણ વાસ્તવીકતા છે તેનો અહેસાસ પાણીપુરીને ખુમચે થઈ શકે છે. પાણીપુરીને અખંડ સ્વરુપે સુખરુપ મોમાં સમાવવાનું કામ દેશી રાજ્યોના વીલીનીકરણ જેવું અઘરું લાગે છે. પાણીની તીખાશ, પુરીની મોટી સાઈઝ, પુરીમાંથી નીતરતાં પાણીનાં ટપકાં – આ બધાં પરીબળો પુરીને હૈદરાબાદના નીઝામ જેવી બનાવે છે. દરેક વખતે ભૈયાજી પુરી

મુકવા માટે હાથ લંબાવે ત્યારે એ પુરી નહીં; પણ પડકાર આપતા હોય એવું લાગે છે.

પાણીપુરી જોઈને મોંમાંથી અને તેને આરોગ્યા પછી આંખમાંથી પાણી છુટે છે. ખાનારની વાતચીતમાં વીરામચીહ્નોની જગ્યાએ સીસકારા આવી જાય છે, 'સ્સ્સ્સસ…… કીતને કી હુઈ…. સ્સ્સ્સસ…?' ભૈયાજી પુછે છે, 'સત્તર કી, બીસ કી કર દું?' 'સ્સ્સ્સસ…… હા… પણ મીડીયમ બનાના… સ્સ્સ્સસ…' જવાબમાં ભૈયાજી કહે છે, 'યે મીડીયમ હી હૈ. કહો તો લાઈટ બનાઉં.' સીસકારા ફક્ત તીખાશમાં જ હોય છે એવું માનનારા ભીંત ભુલે છે. હકીકતમાં, પાણીપુરીનો જલસો ઉડાવતી વખતે મનમાં તેની સંખ્યા ગણવાનું કામ ચાલુ હોય છે. પાણીપુરીના પરમાનંદની સાથે તેની સંખ્યા ગણવા જેવું ક્ષુલ્લક કામ કરવાની મજબુરી ઘરાકના મનમાં વેદના અને જીભે સીસકારા પેદા કરી શકે છે. ઘરાક દાવ ડીક્લેર કરે ત્યાર પછી એક મસાલાવાળી અને એક સાદી પુરીથી પાણીપુરી–ભક્ષણના કાર્યક્રમનું સમાપન થાય છે. તૃપ્તી અનુભવતાં ઘરાક કહે છે, 'થોડી તીખી હતી; પણ મસ્ત હતી.'

પાણીપુરી જેવી લોકભોગ્ય વાનગી આરોગવામાં અનેક સમસ્યાઓ નડી શકે છે. તેની પીતરાઈ જેવી ભેળપુરી, સેવપુરી

કે દહીંપુરી ડીશમાં પીરસી શકાય છે અને ચમચી વડે ખાઈ શકાય છે; પરંતુ પાણીપુરી ‘લાઈવ’ ખાવાની જ આઈટેમ છે. એટલે બીજી પુરીઓ અને પાણીપુરી વચ્ચે ‘પ્રી–રૅકૉર્ડેડ’ અને ‘લાઈવ’ કાર્યક્રમો જેટલો તફાવત રહે છે. ‘સ્વદેશી’પ્રેમીઓ પીત્ઝા અને બર્ગર જેવા ફાસ્ટ ફુડના સ્વદેશી વીકલ્પ તરીકે પાણીપુરીને સહેલાઈથી પ્રોજેક્ટ કરી શકે છે. સૌરાષ્ટ્રના કેટલાક હીસ્સામાં પાણીપુરીને ભારે અહોભાવથી જોવામાં આવે છે. અલબત્ત, તેના માટે લોકોનો સ્વદેશપ્રેમ નહીં, પણ ‘આ ચીજમાં કેટલું બધું પાણી વપરાય છે!’ એવો અહોભાવ કારણભુત હોઈ શકે.

પાણીપુરી અને ગંદકીને સમાનાર્થી ગણતા લોકોના લાભાર્થે ઘણાં શહેરોમાં ‘હાઈજેનીક પાણીપુરી’નો વાયરો ચાલ્યો છે. પાણીપુરી ખાવી અને હાઈજીનની ચીંતા કરવી એ ‘હસવું અને લોટ ફાકવો’ જેવો શબ્દપ્રયોગ કહેવાય. પાણીપુરી હાઈજેનીક હોઈ શકે તો હાઈજેનીક ખુમચો, હાઈજેનીક ધુળ, હાઈજેનીક પરસેવો, હાઈજેનીક કચરો... શક્યતાઓ અનંત છે. હાઈજેનીક પાણીપુરી બનાવનાર ભૈયાજી હાથમાં ગ્લવ્ઝ પહેરે છે અને ડોયાથી પુરીમાં પાણી રેડે છે. આ રીતે પાણી પુરીમાં જતું હશે; પણ પાણીપુરી ખાવાનો રોમાંચ પાણીમાં જતો રહે છે.

હાઈજેનીક ભૈયાજીના હાથમાં રહેલાં ગ્લવ્ઝને રોજ સ્ટરીલાઈઝ કરવામાં આવતાં હશે, એવી શ્રદ્ધા રાખવાથી આખું દૃશ્ય બહુ હાઈજેનીક બને છે. કેટલાક હાઈજીન-ઘેલાઓને પાણીપુરી કરતાં ગ્લવ્ઝને કારણે વધારે મઝા પડે એવું પણ બને છે. નજીકના ભવીષ્યમાં કોઈ હાઈજેનીક ભૈયાજી પોતે ગ્લવ્ઝ પહેર્યા પછી ગ્રાહકને પણ ગ્લવ્ઝ પહેરાવીને પાણીપુરી પીરસશે તો નવાઈ નહીં લાગે.

–ઉર્વીશ કોઠારી

લેખકના ‘બત્રીસ કોઠે હાસ્ય’ (પ્રકાશકઃ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ–380 001, પૃષ્ઠસંખ્યા–180, પહેલી આવૃત્તીઃ સને 2008, કીંમત–રુપીયાઃ 150) પુસ્તકમાંથી સાભાર....

લેખક સંપર્કઃ ઉર્વીશ કોઠારી, લુહારવાડ, મહેમદાવાદ – 387 130 (ગુજરાત–ભારત)

ફોન નંબરઃ 99982 16706 ઈ–મેઈલઃ uakothari@yahoo.com

બ્લોગ - http://urvishkothari-gujarati.blogspot.in/

www.gujaratilexicon.com

(હજી સુધી કદી ન જોયો હોય તો આ બ્લોગની સામગ્રી એક વાર અવશ્ય જોવા વીનંતી..ઉ.મ..)



‘પસ્તાવાના’

ના, ઉપરના મથાળામાં પ્રુફની કોઈ ભુલ નથી. એ સાચું જ વંચાય છેઃ ‘પસ્તાવાના’. જે પ્રસ્તાવના લખાવે એ પણ પસ્તાવાના અને પ્રસ્તાવના ન લખાવે એ પણ પસ્તાવાના.

સ્નેહી વડીલ કે સુપ્રસીદ્ધ સાહીત્યકારને પ્રસ્તાવના લખવાનું કહ્યા પછી નવોઢા જેવી મનઃસ્થીતી સર્જાય છે. મન મધુર ભવીષ્યની કલ્પના અને કરુણ ભાવીની આશંકા વચ્ચે ઝુલે છેઃ શું લખશે વડીલશ્રી પ્રસ્તાવનામાં? પ્રશંસાનાં ફુલ વરસાવશે, કે પછી આખે આખાં કુંડાં ફેંકશે? જેમ કેઃ–

‘...ભાઈનો આ પહેલો પ્રયત્ન છે. સારો છે. શેક્સપીયરનાં પહેલાં કેટલાંક પુસ્તકો કેટલાં નબળાં હતાં, એ તો જે જાણતા હોય તે જ જાણે. આમ કહીને આ લેખક શેક્સપીયર સમકક્ષ છે કે એમનું પુસ્તક નબળું છે એવું હું કહેવા

નથી માગતો. પુસ્તકના લેખોના સ્વરુપ વીશે હું નીરાંતે –એટલે કે પુસ્તક વાંચ્યા પછી– ચર્ચા કરવા ધારું છું. લેખક પર ઠેકઠેકાણે જ્યોતીન્દ્ર દવે, વીનોદ ભટ્ટ, બકુલ ત્રીપાઠી, રતીલાલ બોરીસાગર, તારક મહેતા ઈત્યાદી હાસ્યલેખકોની અસર જણાય છે. સ્ટીફન લીકોક–ચાર્લ્સ લેમ્બ–માર્ક ટ્વેઈન વગેરેની પણ અસર નથી એવું નથી. (આ બધાં નામોથી પણ હું સુપેરે પરીચીત છું) છતાં, તેમની પર સૌથી વધારે અસર મારી હોય એમ લાગે છે. એટલે પ્રસ્તાવના લખવા જેવું સૌથી મહત્ત્વનું કામ તેમણે મને સોંપ્યું છે. બીજા મહાન અંગ્રેજી લેખકોની સરખામણીમાં મારી વધારાની લાયકાત એ પણ ખરી કે હું હજી હયાત છું.'...

–ઉર્વીશ કોઠારી

(બાર વર્ષના હાસ્યલેખન પછી સંગ્રહિત કરેલા હાસ્યલેખોના પ્રથમ પુસ્તક 'બત્રીસ કોઠે હાસ્ય'ની, લેખક ભાઈ ઉર્વીશ કોઠારીએ પોતે જ લખેલી રસીક પ્રસ્તાવના– 'પસ્તાવાના'નો એક અંશ....સાભાર....ઉત્તમ ગજ્જર..)



165-1 : 10-05-2009

મારું રાજકોટ

–સુચી વ્યાસ

અનુક્રમણીકા

રાજકોટમાં વળી એવું તે શું કે 'રાજકોટ' બોલતાં જ દાંતમાં ખડીસાકરના કટકા ભરાણા હોય એવો સવાદ આવે, દીલમાં ગલગલીયાં થાય અને શરીરમાં એક નાનો શો ગરમાટો અનુભવાય?

બે–ત્રણ રાજકોટીયા ભેગા થાય ને તરત જ રાજકોટની શેરીઓ, ગટર, જગ્ગાડનાં ભજીયાં, પટેલનો આઈસ્ક્રીમ, ધર્મેન્દ્રસીંહજી કૉલેજ, પટનું મેદાન, ત્રીકોણ બાગ, શ્રોફ બંગલો, રેઈસ કોર્સ, જુબીલી ગાર્ડનની વાતું કુદી કુદીને, તાળીયું દઈ દઈને રસપુર્વક કરે. એમાં ચાંપલાં મુંબઈગરાં કે ભાવનગરીયાંઓ, પોરસીયાં રાજકોટીયાંઓની નસ દાબે, 'કાં, તમારા રાજકોટમાં ગંદવાડ બહુ, હોં! ખુલ્લી ગટરોને લીધે બહુ વાસ મારે!' રાજકોટના 'બાપુ' એવે ટાણે ભાઈસા'બ મુછનો દોર વાંકો ન થાય એવા ધીમા કાઠીયાવાડી અવાજે, તમાકુ ચાવતાં ચાવતાં બારીની બહાર જોઈને કહે કે, 'હા, તમારી વાત સોળ આના સાચી કે ગંદવાડ ખરો...પણ સોખ્ખો ગંદવાડ, હોં!' અને તરત જ કાઠીયાવાડી અદાથી વાતનો દોર બદલાવી કહે,

'બાપુ, સાંજે છ વાગ્યા નથી ને એય રાજકોટના ઉનાળાની સાંજ કેવી માદક, કાં ને?' રાજકોટના માણસો દલીલ ચર્ચામાં ન પડે; પણ સહેલાઈથી, સીફતથી ફીરકીના દોરની ઢીલ મુકી જુદી જ દીશામાં પતંગ ચગાવે!

છેલ્લાં ત્રીસ વરસથી મેં રાજકોટને ભૌગોલીક રીતે છોડી દીધું છે; પણ દીલમાં તો તાજા ગુલાબ જેવું તે સતત મહેકે છે, સુંવાળપથી સ્પર્શે છે, ધબકે છે, વહે છે અને એક અનેરો કેફ ચડાવે છે. અહીંના મારા અમેરીકા–ફીલાડેલ્ફીયાના લોકો પુછે કે, 'એવું તે ત્યાં શું છે?' ત્યારે થાય, ક્યાંથી શરૂ કરું મારી વાત!

મારે માટે મારું રાજકોટ એટલે મારું જાની બીલ્ડીન્ગ, રાષ્ટ્રીય શાળા, જી. ટી. સ્કુલ અને ધર્મેન્દ્રસિંહજી કૉલેજ. બસ, બધું એમાં સમાઈ ગયું! જાની બીલ્ડીન્ગ એટલે ફક્ત તે મોટું મકાન માત્ર નથી. જાની બીલ્ડીન્ગ એટલે જાણે 'ગાંધી આશ્રમ'નું એક્સટેન્ડેડ વર્ઝન. ફરક માત્ર એટલો હતો કે ગાંધીજી ત્યાં રહેતા ન હતા. આશ્રમવાસીઓએ અને ગાંધીજીના અનુયાયીઓએ ત્યાં આવી એમનું રહેઠાણ બનાવેલું. મોટું ડેલાબંધ મકાન, ડેલામાં પરમાત્મા પગીનો વાસ, ડેલાની બન્ને બાજુએ બે ઑફીસો, એક બાજુ જાણીતા વકીલ બાલકૃષ્ણ શુક્લ

અને બીજી બાજુ જાણીતા વકીલ સત્યેન જોશી, વચ્ચે ફળીયું, ફળીયામાં ડંકી, ડંકીની આજુબાજુ બાંધેલી ચોકડી, ડંકીની સામે બે સીડી, સીડી પાસે વાવેલા કરેણના છોડ – એક સફેદ, એક લાલ. આગળ ચાલો તો પાછું નાનું શું ચોરસ ફળીયું, વચ્ચે નાનો પૅસેજ, ફરી જાની બીલ્ડીન્ગનો વીસ્તાર જ્યાં ભાઈઓ અને બહેનોનાં પાયખાનાં, પાસે બીજી ડંકી અને સામે અમારા 'મામા'ની દુકાન, જ્યાં નારંગીની પીપરમીન્ટ. શીંગ–દાળીયા મળે. અને છેલ્લે આવે બગીચો.

બે માળના મકાન ઉપર મોટી અગાશી. મારાં જેવાં બસોએક છોકરા–છોકરીઓનું શૈશવ ફળીયામાં અગાશીમાં ગયું હશે. રમતોમાં લંગડી, ખોખો, ધપ્પો, ભમરડા, અમીનો, નાગોળીયો, ક્રીકેટ, સાઈકલ, ગરબડીયો ગોરાવો, ઘોઘો અને પ્રસંગોમાં નવરાત્રી, હોળી, લગન–મરણ અને આત્મહત્યાઓ બધું આવી જાય! અગાશીમાં પતંગ, ગુબારો, ઉનાળાની રાતો, તારાઓનું જ્ઞાન, અને પરાક્રમી પુરુષાતનો– જેમ કે બંગડીવાળો નીકળે તો પાણા ફેંકી બંગડીઓ ફોડવી, કોઈના પર ઠંડું પાણી રેડવું, ધમાચકડી કરવી. સાંજે ઘરભેળા થઈએ ત્યારે હરહંમેશ સારા એવા મારની આગાહી. ઉભાં ઉભાં બે હજાર વાર રામનામ લખ્યા છતાં ન સુધરેલી પ્રજા તે અમે! લગભગ ૨૫–૩૦ છોકરાંની ગૅન્ગ નીર્દોષ આનન્દ લુંટે. આશ્ચર્યની વાત

www.gujaratilexicon.com

તો એ છે કે, આમાંથી કોઈનો પણ પ્રેમમાં પડીને કે પ્રેમમાં પડ્યા વગર પરણ્યાનો એકે દાખલોય નથી જડતો! કોઈનાંય અંદરોઅંદર લગ્ન નથી થયાં. નાખી દેતાંયે જાની બીલ્ડીન્ગનાં, તે વેળાનાં ૨૫–૩૦ બાળકો, આજે વયોવૃદ્ધ થયેલાં, અમેરીકામાં રહેતાં હશે અને આટલાં વર્ષે પણ જ્યારે એકબીજાને મળે ત્યારે સગાં ભાઈ–બહેનથીય વીશેષ પ્યાર કરે છે.

અમારા જેવા નાલાયકો ભણવામાં હોશીયાર તો ખરા; પણ છતાંયે ખાદીધારી દવે સાહેબ બરાબર સાડાચાર વાગ્યે, ‘ચાલો બહેન, ચાલો ભાઈ!’ કરતાં અમને ભણાવવા આવે. ધોતીયાની પાટલી હાથમાં પકડી, ટોપી સરખી કરી, છોકરાઓને ધોલ મારે અને છોડીઓને ડોળા દેખાડે! અહીં અમેરીકા આવી બધા હવે ‘દવે’ના ‘ડેવ’ થઈ જાય; પણ દવે સાહેબ અમેરીકા આવ્યા વગર અમારા તો ‘દેવ’ થઈ ગયા! એમનું પ્રાથમીક શીક્ષણ આજે પણ એટલું જ કામ આપે છે. રાષ્ટ્રીય શાળામાં બધાં સાથે ભણવા જઈએ, રેંટીયો કાંતીએ, સફાઈ કરીએ, શાળાના પ્રાર્થનાખંડમાં પ્રાર્થના કરીએ. ગાંધર્વ મહાવીદ્યાલયનાં ‘બહેન’ અને ‘ભાઈ’ તરીકે ઓળખાતી પતી–પત્નીની જોડી વીજયાબહેન અને પુરુષોત્તમભાઈ અમને સંગીત શીખવે. જાની સાહેબ કસરત કરાવે. એય ને

લીલાલહેર હતી..! બાલ્કનજીબારીનાં પર્યટનો, છવ્વીસ જાન્યુઆરીનાં સરઘસો, પંદરમી ઑગસ્ટનાં ઝંડાવંદનો...

પાંચમા ધોરણથી જાની બીલ્ડીન્ગનાં છોકરાં–છોકરીઓ છુટ્ટાં પડી જાય; તે છેક પાછાં કૉલેજમાં ભેળાં થાય! અમે જી.ટી. સ્કુલમાં અને છોકરાઓ વીરાણીમાં જાય. ભણાવનારાં બધાં અમારાં માયબાપ જેવાં. અમારા જેવી બાંગડ પ્રજાને ભણાવવી, કેળવવી એટલે માથાની ઓલીકોરનું જ કામ.

રાજકોટ આમ તો જૈન વાણીયાનું ગામ. એમાં પાછાં ગરાશીયાઓ–રાજપુતોની દાદાગીરી! પણ અમારે એની હારે કોઈ લેવા કે દેવા નહીં. અમારી દુનીયા જાની બીલ્ડીન્ગ, રાષ્ટ્રીય શાળા, જી.ટી. સ્કુલ અને ધર્મેન્દ્રસીહજી કૉલેજમાં વસેલી. એ જમાનામાં રાજકોટમાં ૬૦ ઘોડાગાડીઓ અને ૨૦૦ સાઈકલ માંડ હશે.

રાજપુતપરામાં અભેસીંગભાઈની ઘોડાગાડી કરાવવાની અને જનમદીવસ વખતે રાણા સાઈકલ સ્ટોરમાંથી લાલ સાઈકલ એક આનાની આખા દી' માટે ભાડે કરી ગામ આખું ખુંદી વળવાનું. આંગળીને ટેરવે ગણીએ એટલી મોટર ગામમાં! બજારમાં જઈએ તો ગાડીના હૉર્ન પરથી જ ખબર પડી જાય

કે કોની ગાડી નીકળી. 'આ તો રસીકભાઈ શાહ, દેરાસર જવા નીકળ્યા… આ તો સવીતાબહેન વીભાકર, વીઝીટે જવા નીકળ્યાં… આ તો સદરબજારવાળાં ડૉ. તારાબહેન જાદવની બેબ–કાર હૉસ્પીટલને રસ્તે રુમઝુમતી ઉપડી… કે હવે સારેગમ વગાડતી ડૉ. વરીયાવાળાની ગાડી…'

પોલ્યુશનનું નામ નહીં. ગંદવાડ તો હતો જ નહીં અને હશે તો દેખાય નહીં એટલો ચોખ્ખો ગંદવાડ! આજે અમે ત્યાં પાછાં જઈએ ત્યારે જુના રાજકોટનાં દર્શન થાતાં નથી. પરીવર્તન તો જગતમાં એક ધ્રુવની જેમ અચલ જ છે. આપણા મોઢાની સુરખી પણ ક્યાં હવે પહેલાં જેવી રહી છે?

પણ મારા ખયાલોમાં રહેલું મારું રાજકોટ સદાયે સુંદર, સ્વચ્છ અને રળીયામણું છે.

અમ્મારું ઘર રાજકોટ મુકામે…

આમ વીચાર કરીએ તો એક ઓસરી–ઉતાર બે ઓરડા! એક બાજુ રસોડું અને સામે કોઠાર. રસોડા પાછળ ખાંચો અને બરાબર તેની સામે બીજો ખાંચો, જ્યાં બાથરુમ. બસ! વાત પુરી. આ ઘરમાં અમે દસ જણાં રહીએ. ઉપરાંત અનેક મહેમાનોની હાર… પણ ક્યારેય અગવડ પડી હોય

એવો અનુભવ થયો નહોતો. રસોડામાં ભીંતમાં જડેલો ૩/૪ ખાનાવાળો કબાટ; એક પીંજરુ - જે આજકાલનાં 'ફ્રીઝ'ની ઐસી કી તૈસી બોલાવે. નાના રસોડાની ચારેય બાજુ બે થરમાં અભરાઈ. એક ચુલો, જેને રોજ સવારે કે સાંજે લીંપી–ગુંપીને સાફસુફ કરવાનો. ચુલો કાઢી નાંખ્યા પછી બે નાની સગડીઓ હતી. ૧૦ કે ૧૨ લોકોથી વધુ માણસોની રસોઈ કરવાની હોય તો સગડીઓ બહાર ઓસરીમાં આવી જાય, હોં! ઓસરીમાં પાણીયારું, એના ઉપર એક અભરાઈ, જ્યાં પ્યાલાં–લોટા ચકચકીત માંજીને હારબંધ ગોઠવાયેલાં હોય. પાણીયારા હેઠે એક કાળો પથ્થર, લાદીમાં જડેલો. જેમાં તમામ પ્રકારનુ વાટવાનું કામ થાય. વાટીદાળના ભજીયાંનો તો મોટો પ્રોગ્રામ યોજાય. (બાપુ, ઈ જમાનામાં 'બ્લેન્ડર'નું નામોનીશાન નહોતું, હોં સાહેબ!)

આ જ ઓસરીમાં આખ્ખા વરસનાં દાણા-દુણી વીણાય, બટેટાની પતરીઓથી માંડીને અથાણાં–પાપડના ભવ્ય પ્રોજેકટ્સો ઉજવાયા હશે. આજ ઓસરીમાં અમારા માથાના લાંબા વાળની જાળવણી માટે ભૃંગરાજ અને કંઈક મસાલાઓ કાદર વોરાની દુકાનેથી આવે અને એયને ત્રણ ત્રણ દીવસ સુધી તેને ઉકાળવામાં આવે. આ જ ઓસરીમાં ભાઈબીજના દુધપાક બને, ઉનાળામાં કેરીનો રસ નીચોવાય અને શીયાળામાં સ્વેટરો ગુંથાય. આ બધામાંથી, ઓસરી પાસે થોડો

સમયગાળો મળે તો બાનો ‘સીંગર’ સંચો ઓસરીમાં બહાર આવી શકે. પછી તો પુછો મા વાત.. જલ્સેથી જોરદાર સીવણકામ હાલે ને આખ્ખાયે ઘરનાં આછા લીલા રંગના ખાદીના પડદાઓ ઝાલર, ફુમતા–બુમતા સહીત બધું સીવાઈ જાય ને ટીંગાડી દેવામાં આવે. ઓસરીનું ‘ફોકલ પોઈન્ટ’ ઘરની જાળી. જાળી ખોલો અને અંદર પ્રવેશો ત્યાં ડાબી બાજુ એક ડામચીયો દેખાય–મોટો મજુસ, જેમાં વધારાનાં ગોદડાંઓ અને સુંદર ગાલીચો રાખવામાં આવતો. મજુસની ઉપર ગાદલાંઓ વાળી, એક ઉપર એક ગોઠવાય. બરાબર ગાદલાંઓની બાજુમાં ઓશીકાંઓ લાઈનબંધ ગોઠવાઈ જાય અને પછી એક કલાત્મક સુંદર ચંદરવો – (બાની કલાકોની સીલાઈકામની કારીગરીનો ઉતમ નમુનો જ તો!) ડામચીયા ઉપર ઢાંકવામાં આવે, જેથી સુઘડતા અને વ્યવસ્થા સાથે સાથે દીવસભર ડામચીયો માથે ન આવે. કોઈક વાર શું!–હરહંમેશ મહેમાનોથી ઉભરાતા અમારા ઘરમાં ઓસરી રાત પડ્યે ગેસ્ટ રુમ બની જાય. હારબંધ ઢાળેલા પાટીવાળા ખાટલા, ચોખ્ખી પથારી અને મચ્છરદાની સાથે ઓસરી તૈયાર થઈ જાતી. જાણે નવવધુ! બાપુ, કોઠારની વાત યાદ કરતાં તો રડવું જ આવી જાય છે. અમેરીકાની મોટી મોટી લાયબ્રેરીઓને ભાંગી નાંખે હોં! એક બાજુ રંગરંગની રંગોળી ને શરમાવે તેવી દાળ–કઠોળની બરણીઓ, એક બાજુ આખ્ખા વરસનાં અથાણાંની

બરણીઓ, જેને ધોઈ–ધફોળી, ચોખ્ખી કરીને તેને માથેનાં ઢાંકણ ખાદીનાં સફેદ કપડાંથી નાડી વડે બાંધેલાં હોય. બરણી ઉપર ચોખ્ખા અક્ષરે અથાણાંનાં નામની ચીઠ્ઠી ચોંટાડેલી હોય. પાપડના ગોળ ડબ્બાઓ, મશાલાઓની પારદર્શક બરણીઓ. ચા, ખાંડ, લોટના ભુરા કે લીલા રંગના મોટા ડબ્બાઓ (બાનાં મુડ પ્રમાણે દર વરસે રંગ બદલાતા રહેતા) હોય. પછી આવે છે આરોગ્ય અને આયુર્વેદીક દવાઓની દુકાન! જેમાં હીંગાષ્ટકથી માંડીને વીરેચન ચુર્ણ, મહાસુદર્શન ચુર્ણ, મહાયોગરાજ ગુગલ કે ભાતભાતના ક્વાથ. બરાબર તે ખાનાંની નીચે નહાવાના સાબુ, કપડાં ધોવાના સાબુ, કૉસ્ટીક સૉડા, અરીઠા વગેરે વગેરે. અમ્મારા ઘરમાં કોઈ અજાણ્યું માણસ આંખ બંધ કરીને કોઠારમાંથી કાંઈપણ ગોતી શકે! એકી સાથે ૨૦/ ૨૫ માણસોની રસોઈ થાતી હોય પણ રસોડું/કોઠાર હરહંમેશ સ્વચ્છ, સુઘડ, સરળ, હસતાં–રમતાં દેખાય. બાથરુમનો વીભાગ રસોડા કરતાં સહેજ મોટો હશે. જેમાં એક મોટું લીલા રંગનું પીપ ભરીને પાણી ભરેલું રાખવામાં આવતું. એક બેઠા ઘાટની પહોળી ડોલ, સામે ગરમ પાણીનો બંબો. બે ઉંચી બારીઓ, બારીની પાંધી ઉપર નહાવાના સાબુ, નહાવાનો પાટલો. ધબાધબ અમે બધા નહાતાં– ધોતાંને દોડતાંક નીશાળે પહોંચી જતાં.

હવે આવે છે હીંચકાવાળો, ભગવાનનો, ભાઈ/ભાભીનો, અમ્મારા બધાનો મલ્ટી–પરપઝ રુમ. (અમેરીકામાં આવા રુમનું ખાસ નામ 'ફેમીલી રુમ') રુમની વચ્ચોવચ હીંચકો, એક ભીંતે ખાટલો, બે ગોદરેજના કબાટ, સામી ભીંતે એક કબાટ ભીંતમાં જડેલો. અને ખુણામાં ભગવાનનું લાકડાનું મંદીર. ભીંતમાં જડેલા કબાટમાં અમારા રોજનાં કપડાંની ઘડીઓ, વધારાના ટુવાલ, નેપકીન સૌથી ઉપલા ખાને રહે. એકાદ બે જોડી બહાર પહેરવાનાં કપડાં ગોદરેજના કબાટમાં રહે. ઘરમાં આવો કે તરત દોડીને હીંચકા ઉપર બેસવાની પડાપડી થાય. બા કે મોટાભાઈ આવે તો ટપ કરતાં ઉભા થઈ જવાનો ન નોંધાયેલો નીયમ. બપોરે હીંચકાની સુવાંગ માલીકી બાની. સવાર–સાંજ આ રુમમાં જ પુજા-પાઠ થાય. સાંજે દીવો કરી, જમ્યા પછી અચુક પ્રાર્થના થતી. પીતાશ્રી રાષ્ટ્રનાં કામ પછી ક્યારેક ઘરે આવ્યા હોય ત્યારે ગાંધી પ્રાર્થના અને 'આશ્રમ-ભજનાવલી'નાં ભજનો થતાં.

હવે ઑફીસ-રુમઃ જે અમારો ભણવાનો, કોઈ આવે તો મળવાનો, લાઈબ્રેરી રુમ, અને રાત પડ્યે બધાં બાળકો અને બાનો સુવાનો રુમ બની જતો. આ રુમમાં થોડા ખાસ ફોટાઓ ટીંગાડવામાં આવેલા. જેમાં રમણ મહર્ષી, ગાંધીબાપુ, પોંડીચરીવાળાં માતાજી, રવીન્દ્રનાથ ટાગોરનો સમાવેશ થાય છે. એક લાંબી પાટ, લાકડાની ચાર ખુરશીઓ, જેના ઉપર

પડદાના રંગ જેવા જ કુશન કવર, ખુરશી પાછળનો ભાગ પણ ખાદીના કવરથી શણગારવામાં આવતો. સામેની ભીંતે એક ભીંતમાં જડેલો કબાટ હતો, જેમાં અનેક પુસ્તકો રાખવામાં આવતાં. ગાંધી–સાહીત્ય તો ખરું જ! સાથે સાથે 'હીમાલાયનો પ્રવાસ'થી માંડીને 'યોગીની આત્મકથા'થી માંડીને તે શરદબાબુની તમામ નવલકથાઓ, ર.વ દેસાઈનો સેટ, ગોવર્ધનરામ ત્રીપાઠીના 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગ, 'કન્યાને પત્રો'– કીશોરલાલ મશરુવાળાનુ અમુલ્ય પુસ્તક. અમારા ઘરના નીયમ પ્રમાણે ૧૦મું ધોરણ પાસ કરતાં પહેલાં આટલું વાચન પુરું કરવું પડતું. આ જ રુમમાં હરીજન સેવક સંઘ/ રાષ્ટ્રીયશાળાની અનેક મીટીંગો ભરાતી. મોટાભાઈ વકીલાત કરતા તેથી અસીલો સાથે મોડી રાત સુધી કન્સલ્ટીન્ગ ચાલતું. અમે ત્યાં જ વાંચતા, લખતા અને ભણતા.

ઘરની બહાર ત્રણ લાંબાં પગથીયાં અને સામે ડંકી હતી. ઓટલા અને આંગણું દીવસમાં બે વખત ધોવાઈ જતાં. દીવાલીના દીવસોમાં તો પગથીયાં ને આખ્ખુંયે આંગણુ સ્વર્ગીય રંગોળથી ઝગમગતાં હતાં.

અમેરીકાના અમારા આ હાઈ-ટેક હાઉસમાં રહેવા છતાં; મારા બાળપણના આ ઘરની મારે હૃદયે રહેલી ઉંડી મમતાની છાપને, અક્ષરોથી ઉપસાવવાનાં મારા આ દીલી

પ્રયાસોમાં, મનેનીષ્ફળ થતી હું જોઈ શકું છું... સલામ... મારા વહાલા ઘરને!...

–સુચી વ્યાસ

લેખીકા–સંપર્કઃ

Suchi Girish Vyas, 8105 - Meadowbrook Drive, PA - 19111 - -USA Home # 215-742-5625 Cell # 215-219-9962 - e-mail girishsuchi@comcast.net



165-2 : 10-05-2009

મા મારી શ્રેષ્ઠ મીત્ર

– ભગવતીકુમાર શર્મા

અનુક્રમણીકા

મા મારી શ્રેષ્ઠ મીત્ર
મા મારી પહેલી મીત્ર
અને શ્રેષ્ઠ મીત્ર,
અને છેલ્લી પણ.
બીજી મીત્રતાઓમાં
કદી સ્વાર્થનું નહીં; તો અપેક્ષાનું
વાળ જેવું બારીક
પણ એકાદ કણ તો આવી જાય;
પછી ઘસરકો, ઉઝરડો, તીરાડ.
ઉદારતાથી ક્ષમા કરીએ
કે કોઈ આપણને ક્ષમા કરી દે
તે વાત જુદી,
પણ થીંગડું અને ભીંગડું બંન્ને ઉખડે
માને તો આકાશ જેટલું ચાહી શકાય,
દેવમુર્તીની જેમ પુજી શકાય.
પણ એવું માંગે–ઈચ્છે–વીચારેય નહીં!

એટલે જ દોસ્તની જેમ

એને ખભે કે ખોળામાં માથું મુકી શકાય,

ઝઘડીયે શકાય.

આપણા હોઠો પર દુધીયા ગંધ

એની છાતીમાં અકબંધ.

એના ખોળામાંની

આપણા પેશાબની દુર્ગંધ

એ સાથે લઈને જ જાય

ભગવાનની પાસે–

અને સ્વયં ભગવાન સુગંધ..સુગંધ..!

(ભગવાનનીયે મા તો હશે જ ને?) – – – ભગવતીકુમાર શર્મા

તારા એક સ્મીત માટે હું લાખ જોજનનું અંતર કાપીશ, મારી મા!

–હરીન્દ્ર દવે

મા વીશે ઉત્તમ ઉર્મીકવીતાથી માંડીને શ્રેષ્ઠ નવલકથા સુધીનું પારાવાર સાહીત્ય રચાયું છે. પ્રત્યેક સર્જકે જ્યારે જ્યારે મા વીશે લખવાનું નકકી કર્યું ત્યારે એની કલમમાં દૈવી રણકો આવી જ ગયો છે. હમણાં કોઈએ પુછયું : ‘મા વીશેની શ્રેષ્ઠ

ઉક્તીઓ કઈ હોઈ શકે?’ મારી જીભે એક યહુદી કહેવત સહજભાવે આવી ગઈ. મેં એ કહેવત જ જવાબમાં કહી દીધી : ‘ભગવાન સર્વત્ર પહોંચી ન શકે, એટલા માટે એણે માતાનું સર્જન કર્યું.’ થેકરેની નવલકથા ‘વેનીટી ફેર’માં આ જ વાત જરાક જુદી રીતે કહેવાઈ છે : ‘નાનાં બાળકના હોઠ ને હૃદયમાં ભગવાનને સ્થાને માનું નામ હોય છે.’ વી. સ. ખાંડેકરે પણ સહેજ જુદી રીતે કહ્યું છે : ‘દુનીયામાં બે બાબતો કદી ખરાબ નથી હોતી : એક આપણી માતા, બીજી આપણી જન્મભુમી.’

હમણાં મારા હાથમાં એક જુની ડાયરી આવી. અમેરીકન પ્રકાશન હતું એટલે ત્યાં મનાવાતા દીવસોની યાદી તેમાં હતી. એમાંનો એક દીવસ છેઃ ‘મધર્સ ડે’. દર મે મહીનાના બીજા રવીવારે અમેરીકામાં માનું સન્માન કરવા માટે, માનું ઋણ સ્વીકારવા માટે આ દીવસ ઉજવાય છે. ૧૯૦૮માં ફીલાડેલ્ફીયામાં સૌ પ્રથમ આ દીવસ ઉજવાયો હતો . હવે તો એ પશ્ચીમની દુનીયાનો સ્વીકૃત તહેવાર થઈ ગયો છે.

માનું સ્મરણ કરવા માટે, માના ઋણને માથે ચડાવવા માટે તહેવાર ઉજવાય એ વાત જ હૃદયને સ્પર્શી ગઈ. ૧૯૮૪માં આઠમી મેના રોજ (મે મહીનાના બીજા રવીવારે) ‘માતૃદીન’ (મધર્સ ડે) ઉજવાશે. પશ્ચીમમાંથી આપણે ઘણું બધું

લીધું છે. પોશાક, રીતભાત, છીન્ન કુટુંબ, ઘરડાં–ઘર વગેરે. હવે પશ્ચીમનો આ તહેવાર આપણા સંસ્કારને જાગૃત કરવા માટે પણ ઉછીનો લેવાની વેળા આવી પહોંચી છે. સંયુકત કુટુંબ છુટાં પડતાં જાય છે. 'માબાપે અમને જન્મ આપ્યો છે : અમને મોટાં કરે એમાં શું? એટલી તો તેઓની ફરજ છે!'–આવો મીજાજ ધીરે ધીરે આપણે ત્યાં પણ આવતો જાય છે. હજી માતાનો મહીમા સંસ્કૃતીમાં છે, એ તો રહેલો છે. પણ ધીરે ધીરે માનું સ્થાન લોપાઈ જાય એ પહેલાં વરસમાં એક દીવસ માતૃદીન ઉજવી માના ઋણનો જાહેરમાં સ્વીકાર કરીએ અને બાકીના ત્રણસો દીવસ એને વ્યવહારમાં મુકીએ તો કેવું?

ચન્દ્રવદન મહેતાએ એમના એક આશ્વાસન પત્રમાં લખ્યું હતું , 'મા તે મા'ની સ્મૃતી હજી આ ગોઝારા ભારતમાં રહી છે, એ એની સંસ્કૃતી છે.' રવીન્દ્રનાથે એકવાર વીદેશમાં ખળખળ વહેતાં ઝરણાંને કાંઠે ઉભા રહીને કહ્યું હતું : 'આ જળના વહેતા ધ્વનીમાં મને મારી માનો સાદ સંભળાય છે.' એક લેખકે પોતાની મા પરના પત્રનો આરંભ કર્યો હતો : 'તારા એક સ્મીત માટે હું લાખ લાખ જોજનનું અંતર કાપવા તૈયાર છું, મારી મા!'

મા માટેની આ આરત, આ આરઝુને દરેક વાચા આપી શકતા નથી. કેટલાક તો પોતાના હૃદયની લાગણીને વાચા જ

આપી શકતા નથી. પરંતુ જેમ કોઈના જન્મદીને આપણે એ વ્યકતીને ફુલો અર્પીએ, સુંદર ભેટ આપીએ એનો જ મહીમા છે. છોકરાઓ દુર દુર રહેતા હોય; પણ તે દીવસે માને મળવા ન આવી શકે એ તાર કરે, પત્ર લખે. આખો વખત બાળકો વચ્ચે જીવન વીતાવી દેતી માને એ દીવસે એવી લાગણી થાય કે મારું પણ કંઈક મહત્ત્વ છે.

એકવાર એક મીત્રે મને સરસ પ્રસંગ કહ્યો હતો. એમના કુટુંબમાં મા તરફ સૌને લાગણી. પણ બધા ભાઈઓ વ્યવસાયમાં પડી ગયેલા. કોઈને મા પાસે જવાનો સમય ન મળે. એકવાર એક ભાઈને તુકકો સુઝયો. તેણે માનો જન્મદીવસ કયારે આવે છે તે શોધવા કોશીશ કરી. માને તો યાદ હતો જ નહીં! પણ તેણે એક યુક્તી કરી. એક જુની નોટબુક શોધી કાઢી. તેમાં કંઈક જુના હીસાબો લખ્યા. અને એક પાના પર લખ્યું : 'ચી. કાશીનો જન્મ ચૈત્ર વદ….! વગેરે વગેરે ' અને પછી સૌને લખ્યું : 'મેં આપણા કુટુંબના જુના કાગળોમાં સંશોધન કરી માનો જન્મદીન શોધી કાઢ્યો છે. આ વખતે આપણે સૌ એ દીવસ ઉજવીએ.'

માના ત્રણ દીકરા અને બે દીકરીઓ, ત્રણ પુત્રવધુઓ અને બે જમાઈઓ તથા સંખ્યાબંધ પૌત્ર–પૌત્રીઓ એકઠાં થયાં.

બધાં એક પછી એક માને પગે લાગ્યાં. એક દીકરાએ પોતાનું ડૉક્ટરી સર્ટીફીકેટ માના ચરણમાં મુકી કહ્યું : 'મા, તેં મારી સંભાળ લીધી તો હું આટલો મોટો થયો!' એ દીકરાની વહુએ પણ કહ્યું : 'મા, તમે ન હોત તો આવો સરસ વર મને ક્યાંથી મળત?' એક દીકરીએ કહ્યું : 'મા, મને સાસરીયામાં કોઈ આંગળી ચીંધી શક્યું નથી. એ તારી કેળવણીને કારણે જ આ બન્યું છે.' એક દીકરાએ કહ્યું : 'હું તારા ખોળામાં જે શીખ્યો એમાં કૉલેજની કેળવણી કશો જ ઉમેરો કરી શકી નથી!' મા આ બધાંની વાત સાંભળી રહી. બધાંએ માને હાર પહેરાવ્યા. જાતજાતની ભેટ સોગાદો આપી. 'હેપી બર્થડે ટુ યુ'નું ગીત ગાઈ માને હાથે કેક કપાવ્યો. તાળીઓ પાડી. છેલ્લે કોઈએ કહ્યું : 'હવે મા કંઈક બોલે!'

માના ગળે ડુમો બાઝી ગયો હતો. તેણે કહ્યું : 'દીકરાઓ, મને તો મેં આ બધું કર્યું તેની ખબર જ નથી! દેવે દીધેલાં છોકરાં–છોકરીઓને હસતાં–રમતાં મોટાં કર્યાં એ ખરું; પણ એ તો દરેક મા કરે છે!'

જે છોકરાને માનો જન્મદીન ઉજવવાનો વીચાર આવ્યો હતો, તેણે કહ્યું : 'પણ મા, એ જ માને એના ઘડપણમાં હસતાં–

રમતાં હથેળીમાં રાખીએ તે અમારે સૌએ કરવાનું કામ છે અને અમારામાંથી કેટલાં કરે છે?'

બધાં જ સંતાનોની આંખો એ ક્ષણે ભીની થઈ. આ દીવસને–કે આવા કોઈ પણ દીવસને હું 'માતૃદીન' કહું.

–સ્વ. હરીન્દ્ર દવે

'જગતની સૌ માતાઓને ભાવભીની વંદના'

@

166-1 : 24-05-2009

ગઝલ–મહેશ

-મહેશ દાવડકર

અનુક્રમણીકા

(૧)

જોઈ લઉં આરપાર મારામાં,
ક્યાં થયો છે ફેરફાર મારામાં?

આ સકળ વીશ્વ ભીતરે પણ છે,
થઈને જો તું પસાર મારામાં.

હોય તારું સ્મરણ તો લાગે છે,
રણઝણે કો’ સીતાર મારામાં.

હું મને એ ક્ષણે મળી લઉં છું,
હોય જ્યાં સુનકાર મારામાં.

વેદનાઓ અતીથી થઈ આવે,
હુંય દઉં આવકાર મારામાં.

ખીલતું પદ્મ જેમ કાદવમાં,
એમ ખીલે વીચાર મારામાં.

ક્યાંક હોવાપણું વીખેરાશે,
આંધી છે જોરદાર મારામાં.

(૨)

ભીડ વચ્ચેથી નીકળવાનું ઘણું મુશ્કેલ છે,
ને હવે તો ખુદને મળવાનું ઘણું મુશ્કેલ છે.

હર ક્ષણે ખુદને સમજવાનું ઘણું મુશ્કેલ છે,
વ્હેતાં જળમાં બીંબ થવાનું ઘણું મુશ્કેલ છે.

એક ટીપું આંસુનું દરીયા સમુંયે હોય છે.
દોસ્ત! એને પાર કરવાનું ઘણું મુશ્કેલ છે.

લાગણીનો ઢાળ કેવો છે, ખબર ક્યાં છે તને?
ચાલીને જો ત્યાં અટકવાનું ઘણું મુશ્કેલ છે.

છાતીમાં સળગે ચીતા જેવું તો થઈ પણ શું શકે?
સાવ અળગા થઈ નીરખવાનું ઘણું મુશ્કેલ છે.

(3)

સતત ઘટમાળમાં જીવાય છે, સાલું!
કહો કે કેટલું સમજાય છે, સાલું?

આ હોવું તો છે ચકચકતી છરી જેવું,
એ જ્યારે–ત્યારે વાગી જાય છે, સાલું!

અચાનક ગાડી ઉતરી જાય પાટેથી,
કે જીવતરમાંયે એવું થાય છે સાલું!

નજરને સ્હેજ બદલી નાંખવી પડશે,
બધું તો ક્યાં અહીં બદલાય છે સાલું!

પથારી બાણ–શૈયા જેવી થઈ ગઈ છે,
નીરાંતે ક્યાં હવે ઉંઘાય છે સાલું!

બળાપો જીંદગીનો ઠાલવું છું, દોસ્ત!
કે આવું એથી તો બોલાય છે, સાલું!

(૪)

હો મન વ્હેતું તો મળવામાં સરળતા,

કોઈને પણ ભીંજવવામાં સરળતા.

હું અટકી–અટકીને એથી તો ચાલું,
રહે છે પાછા વળવામાં સરળતા.

ઉતારી જો તું ચશ્માં ધારણાના,
તો રહેશે તારા જોવામાં સરળતા.

અહમ્ ને રાખ નાજુક ડાળ જેવો,
તો રહેશે સ્હેજ ઝુકવામાં સરળતા.

વમળ વચ્ચે મને તું રાખ જેથી,
રહે ઉંડે ઉતરવામાં સરળતા.

(૫)

હયાતી જ્યોત જેવી થરથરે છે,
સતત વંટોળ જેવું ભીતરે છે.

નર્યું પોલાણ વ્યાપે જીવતરમાં,
ઉપરથી આ સમય પણ કોતરે છે.

ભલે નક્કર હશે એકાંત તો પણ,
આ એકલતા ધીમેથી ઘર કરે છે.

મને મળવા હું જ્યારે નીકળ્યો,
ને ઈચ્છા કોઈ રસ્તો આંતરે છે.

હશે અભીશાપ શું એ પાનખરનો,
કે પર્ણો સાથ છાયા પણ ખરે છે?

ઘણી વેળા અકારણ મન ઝૂરે છે,
ગઝલ એમાંથી અંતે અવતરે છે.

(૬)

કશે ક્યાં એ તણાવાનું કહે છે,
કીનારે રહી નીરખવાનું કહે છે.

ભીનાં વસ્ત્રો સુકાતાં હો એ રીતે,
એ પાંપણને સુકવવાનું કહે છે.

સમયની ભીંત પરનું પોસ્ટર છું,
સમય પર એ ઉખડવાનું કહે છે.

આ મારા હાથ પગ તો બાંધી દીધા,
ને દરીયો પાર કરવાનું કહે છે!

એ તાળું મારી ચાવી આપે ક્યાં છે?
ને પાછું એ ઉઘડવાનું કહે છે.

એ તો આંધીની વચ્ચે રેતમાં જઈ,
ત્યાં ગમતું નામ લખવાનું કહે છે.

(૭)

આંસુઓને રોકવામાં લોહીનું પાણી થયું,
ને ડુમો પીગાળવામાં લોહીનું પાણી થયું.

આગ અંદરની આ પાણીથી કદી બુઝાય નહી,
આગ આ પ્રગટાવવામાં લોહીનું પાણી થયું.

કેમ આવ્યો ચીત્રનો ઉઠાવ એ તું જાણે છે?
દોસ્ત! રંગો પુરવામાં લોહીનું પાણી થયું.
આ ગઝલ વ્હેતી નદી છે, હો તરસ તો આવજે,
આ નદી છલકાવવામાં લોહીનું પાણી થયું.

લે નસેનસમાં વહીને આજ તું એ જોઈ લે,
કે ખરેખર જીવવામાં લોહીનું પાણી થયું.

(૮)

આજે મારી સઘળી ઈચ્છાનું પડીકું વાળી દીધું,
એટલે કે સૌ સમસ્યાનું પડીકું વાળી દીધું.

એને વેચાતું તો શું કોઈ મફતમાં પણ ક્યાં લે છે,
એથી તો મેં મારી પીડાનું પડીકું વાળી દીધું.

નૌકા આબેહુબ દોરી; પણ એ થોડી પાર લઈ જાય,
આખરે દોરેલી નૌકાનું પડીકું વાળી દીધું.

દોસ્ત! વીતેલી ક્ષણો ખોલી નીરખવાનું હવે છોડ,
કોઈ પુછે તો કહેવાનું પડીકું વાળી દીધું.

સાંજના પરછાઈ લંબાતી ગઈ એવી રીતે કૈં,
ધીરે ધીરે એણે તડકાનું પડીકું વાળી દીધું.

(૯)

કીનારો પુછે જળને મઝધાર શું છે?

આ ગહેરાઈનો આખરે સાર શું છે?

બધી માછલી શોધવા નીકળી છે,
આ જળ શું છે? ને જળનો આકાર શું છે?

બે ક્ષણની વચોવચ જે જીવી શકે છે,
એ જાણે છે ભીતર શું છે બ્હાર શું છે.

ભીંતો, દ્વાર, છત, બારી પુછ્યા કરે છે,
નીકટતા, અલગતા ને તકરાર શું છે?

ભીની આંખમાં વીજળી જેવું ચમકે,
એ જાણી શકે છે કે અંધાર શું છે.

(૧૦)

થાય છે કેવા પ્રહારો? એ વીશે ઘર મૌન છે,
રોજ પડતી ગઈ તીરાડો, એ વીશે ઘર મૌન છે.
આસમાની રંગથી ભીંતો સરસ રંગાવી પણ,
તોય છે અંદર ઝુરાપો, એ વીશે ઘર મૌન છે.

કોઈ વેળા કંકુના થાપા હતા જે ભીંત પર,

ત્યાં હવે ખરતો નીસાસો, એ વીશે ઘર મૌન છે.

ઓરડો જાણે કે ચોરસ દરીયા જેવો થઈ ગયો,
એમાં છે કેવા પ્રવાહો, એ વીશે ઘર મૌન છે.

સઘળું ભરચક તે છતાંયે ખાલીપો વરતાય છે,
આંખ છે એનો પુરાવો, એ વીશે ઘર મૌન છે.

♦ મહેશ દાવડકર ♦

♦ કવીસંપર્કઃ 27–મંગલદીપ રો–હાઉસ, જય અંબે સોસાયટીની પાસે, મોટી ફળીની બાજુમાં, પાલગામ, સુરત–394 510
ફોન–0261 291 8101 મોબાઈલ – 99984 90115

કવીના ગઝલસંગ્રહોઃ (1) 'અજવાળું સુરતનું' સુરતના ચાર યુવાકવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ
(2) 'ભીડથી ભીતર સુધી' (પ્રકાશકઃ સાહીત્ય સંગમ, ગોપીપુરા, સુરત-395 001 પહેલી આવૃત્તી–2009)



166-2 : 24-05-2009

સહીયારું સહજીવન

-‘હરીશ્ચન્દ્ર’

અનુક્રમણીકા

દસ વાગવાને હવે ચાર–પાંચ મીનીટની જ વાર હતી. સુષમાના સાયબર કાફેમાં ચેટીન્ગ–સર્ફીન્ગ કરવા આવનારાઓની સંખ્યા પણ ઓછી થવા લાગી હતી. હજી થોડો વખત રહે તો કદાચ બે–ચાર ગ્રાહક આવે પણ ખરા. આ કામ શરુ કર્યું, ત્યારે રાતે લગભગ અગીયાર વાગ્યા સુધી કાફે ખુલ્લું રાખવું પડશે એવી કલ્પના હતી જ. પરંતુ સ્ત્રીઓ, પુરુષો કરતાં જરાયે ઉતરતી નથી અને જે કામો પુરુષો કરે છે, તે બધાં સ્ત્રીઓ પણ કરી જ શકે, એવો સમાજમાં દાખલો બેસાડવો હતો. આ માટે તેના કરતાં ઉલટાનો અવીનાશનો આગ્રહ હતો. પતી–પત્નીએ બન્નેએ રાજીખુશીથી અને આપસમાં ઘણી ચર્ચા–વીચારણા કરીને આ નક્કી કરેલું કે અવીનાશ ઘરકામ સંભાળશે અને સુષમા કાફે ચલાવશે. એટલે સુષમા રોજ મોડે સુધી કાફે સંભાળતી બેસતી.

જો કે ક્યારેક એને કંટાળો આવતો. ઝાઝા ગ્રાહક ન હોય અને કાફેમાં સાવ એકલા બેસી રહેવાનું હોય, ત્યારે

ગમતું નહીં. ઘર યાદ આવતું, અવીનાશ યાદ આવતો. પોતાને આવો ધણીપણાનો સહેજેય ભાર વીનાનો પતી મળ્યો છે, તે યાદ આવતાં પાણી–પાણી થઈ જવાતું. અને ત્યારે ઝટ ઘરે પહોંચીને તેને મળવાનું મન થતું.

આજે પણ તેને એવું જ મન થયું. એટલે કાફે જરા વહેલું બંધ કરી એ ઘરે જવા નીકળી. ઘરે પહોંચી તો સુષમાના બન્ને ભાઈ અને બન્ને ભાભીઓ આવ્યાં હતાં. ગપ્પાં–ગોષ્ઠી અને નાસ્તા–પાણી ચાલતાં હતાં. સુષમા આવી એટલે અવીનાશ એને માટે ટ્રેમાં પાણીનો ગ્લાસ લઈને આવ્યો. બોલ્યો, ‘આ કુટુમ્બમેળામાં બસ, તારી જ કમી હતી.

ત્યાં દમુભાભી બોલી ઉઠ્યાં, ‘ નહીં હોં! અવીનાશભાઈએ તો કોઈ કમી રહેવા દીધી નથી. જુઓ ને! ગરમ–ગરમ નાસ્તો ને ખડે પગે આગતા–સ્વાગતા!’ સુષમાએ અમી ઝરતી આંખે પતી તરફ જોયું.

સુષમા અને અવીનાશ, બેઉ નાનપણથી દોસ્ત. સ્કુલમાં સાથે, કૉલેજમાંયે સાથે. યુવાની સાથે સહજ પ્રેમ પાંગરતો ગયો. જીવનભર દોસ્તી નીભાવવાનું નક્કી કર્યું. બન્નેના વીચારોમાં, ભાવનામાં, આદર્શમાં ઘણું સામ્ય.

દોસ્તીભર્યું લગ્નજીવન પણ અનોખું જીવીએ, દુનીયા કરતાં કંઈક નીરાળું.

એમણે વીચાર્યું – અમુક કામ સ્ત્રીઓ જ કરે અને અમુક પુરુષો, એવું શું કામ? બન્ને બધાં કામ કરે, કોઈ કામ ઉંચું નહીં ને કોઈ કામ નીચું નહીં. અવીનાશે કહ્યું, ‘હું ઘર ચલાવવાની સંપુર્ણ જવાબદારી લઉં છું, તું બહારની ને પૈસા કમાવાની.’ હજી સુષમા થોડી ઢચુપચુ હતી. પુરુષ બહારનું કંઈ કામ ન કરે અને આખો દીવસ ઘરમાં લાગ્યો રહે?! ‘લોકો શું કહેશે?’–નો હાઉ પણ ખરો. પરંતુ અવીનાશે કંઈ ન સાંભળ્યું. એ કહે, ‘આપણે સમાજમાં દાખલો બેસાડવો છે.’

અને અવીનાશે ઘરકામ એવું ઉપાડી લીધું કે સુષમા જ નહીં; બધાં દંગ થઈ ગયાં! સુષમાને પણ દુનીયાથી નીરાળા આ રસ્તે ચાલવામાં મઝા આવવા લાગી.

જો કે કહેનારા હજી કહેતા રહ્યા કે, તમે જોજો ને, એકાદ બચ્ચું થશે, પછી બધી ખબર પડી જશે! કોઈક અવીનાશને ટોણોય મારતું, ‘ બચ્ચાને જનમ પણ તું જ આપને!’

અવીનાશના મનમાં કશો ડગડગો નહોતો. એ જવાબ આપતો – ‘કુદરતની યોજનાને લીધે હું ભલે આઈ ન બની શકું; પણ દાઈ તો જરુર બનીને દેખાડીશ.’

અને અવીનાશે જે રીતે દાઈ બનીને દેખાડ્યું, તે જોઈ બધાં મોંમાં આંગળાં નાખી ગયાં! પ્રસુતી વખતે ખાસ હાજર રહ્યો. પ્રસુતી–પીડા શરીરથી ભલે સુષમાએ ભોગવી; પણ અવીનાશ મનથી સુષમાની સાથે ને સાથે જ. સ્તનપાન ભલે સુષમાએ કરાવ્યું; પણ બીજી બધી જ સાર–સંભાળ અવીનાશે રાખી. થોડા મહીના ઘરકામની સાથોસાથ કાફેનીયે ઠીક ઠીક જવાબદારી અવીનાશે સંભાળી; પણ પછી તો પાછી કાફેની જવાબદારી સુષમાની ને ઘરની અવીનાશની.

પરંતુ ઘરમાં એક ઢીંગલી હવે ઢીંચણીયાં ભરતી ને ડગુ–મગુ ચાલતી તથા હસતી–રમતી ને અવીનાશની મમતાભરી માવજત – એટલે કે બાપજત હેઠળ ઉછરતી થઈ હતી. હવે એ ઢીંગલી જ બન્નેને બન્નેની સહીયારી જવાબદારીનું ભાન કરાવતી થઈ. ઢીંગલીને તો બેઉ જોઈએ! ઢીંગલી હઠ પકડે કે કજીયો કરે કે, ‘મારે મમ્મી પાસે જવું છે,’ એટલે એને લઈને અવીનાશે કાફેમાં જવું જ પડે. અને ક્યારેક મમ્મી ઢીંગલીને મળવા આતુર થઈ જાય, તો ઘરે આવી

જાય અને એટલો વખત અવીનાશે કાફે સંભાળવા જવું પડે. ઘરે હોય ત્યારેય ઢીંગલીને સાચવવાનું બધું અત્યાર સુધી અવીનાશ જ સંભાળતો હતો; એટલે એ તેની તહેનાતમાં હોય, અને ત્યારે રસોઈનું કામ સુષમાએ પાર પાડી નાખવું પડે.

આમ કરતાં–કરતાં ધીરે ધીરે અનાયાસ એમ ગોઠવાતું ગયું કે સુષમાની અને અવીનાશની જુદી જુદી ચોક્કસ જવાબદારી રહેવાને બદલે બન્નેની સંયુક્ત સહીયારી જવાબદારી જ થતી ગઈ. ઘરનાં ને બહારનાં કામની બન્નેએ જે વહેંચણી કરી લીધી હતી, એવી વહેંચણી હવે રહી નહીં. સમયની માંગ પ્રમાણે અને ઢીંગલીની માંગ પ્રમાણે બન્નેને ભાગે બન્ને કામ કરતા રહેવાનું આવ્યું. હવે ન કશું કામ વહેંચવાનું હતું, ન કશી જવાબદારી! બસ, સાથે જીવવાનું હતું, સહજીવન માણવાનું હતું, ઢીંગલી પર સહીયારો સ્નેહ વરસાવવાનો હતો.

(શ્રી કૌસ્તુભ તામ્હણકરની મરાઠી વાર્તાને આધારે)

–'હરીશ્ચન્દ્ર'

તા.૧ સપ્ટેમ્બર ૨૦૦૮ના 'ભુમીપુત્ર'ના અંકમાંથી સાભાર..



167-1 : 24-05-2009

ડૉક્ટર, દર્દી, હૉસ્પીટલઃ આચાર સંહીતા

-પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

અનુક્રમણીકા

ડૉક્ટર સાહેબ રાઉન્ડ (ભ્રમણ) પર આવ્યા. એટલે મેં પ્રશ્નાર્થ આંગળી ઉંચી કરી પુછ્યું, 'સાહેબ, એક પ્રશ્ન પુછું? ફક્ત એક જ!'

ડૉક્ટર સાહેબે મારા પ્રશ્નની જાણે પુર્વધારણા કરી લીધી. તેઓ બોલ્યા, 'એમ પુછવા માંગો છો ને કે, હૉસ્પીટલમાંથી રજા કયારે મળશે?'

અને મને એક પ્રાચીન પ્રસંગ યાદ આવ્યો. વૃદ્ધ મગજની બહુધા આવી વીચીત્ર વીશીષ્ટતા હોય છેઃ તાજું, એક બે વરસ અરસાનું બધું ભુલી જવાય, કયારેક તો સાવ જ; તે એટલી હદે કે મળવા આવનાર કે મળીને જનાર વ્યકતી ભારે ઉમળકાથી વાત કરતી હોય ને હું એને જરાય ઓળખી જ શકતો ન હોઉં! બીજી બાજુ, પુરાણી ઘણી જુની વાતો જાણે ચીત્રવત્ યાદ આવ્યા કરે. માટે જ હું ઘણી વાર કહું છું કે અમે ડોસાઓ સ્મરણ ખાઈને જીવીએ છીએ!...

હા, તો મને જે પ્રસંગ યાદ આવ્યો તે એ કે, ૧૯૫૫ના અરસામાં હું દીલ્હીમાં જોશી હૉસ્પીટલમાં દાખલ થયેલો.

એપેન્ડીસાઈટીસનો સોજો કે પાક પુરેપુરો મટે, તો જ ઑપરેશન થાય; એટલે છ સાત દીવસ ત્યાં પડ્યા પાથર્યા જ રહેવું પડ્યું. પરીણામે સ્વજનો મીત્રો અકળાય. એકવાર રાઉન્ડ પર આવેલા ડૉ. અરોરાને મારા એક મીત્રે પુછી નાંખ્યું;

'સાહેબ, દર્દીને અહીંથી રજા કયારે મળશે?'

ડૉ. અરોરા અલમસ્ત અને વળી રમુજી માણસ, એટલે મંદમંદ હસતાં જવાબમાં કહે કે, 'યહ સવાલ તો આપ કીસી ઍસ્ટ્રોલૉજર સે જા કે પુછીએ!'

થોડીક આડ માહીતી પણ આપી જ દઉં, કારણ કે એ જાણવા જેવી રસપ્રદ છે. આ જોશી હૉસ્પીટલ તે ડૉ. એન. સી. જોશીની, જેઓ વીખ્યાત સામ્યવાદી નેતા પી. સી. જોશીના સગા ભાઈ. 1946-47ના ગાળામાં દીલ્હીમાં ભયંકર ખુનખાર રમખાણો ચાલે...એવી જોખમી પરીસ્થીતીમાં મોડી રાત્રે કોઈ દર્દી ડૉ. એન. સી. જોશીને વીઝીટ માટે બોલાવવા આવ્યો. સ્વજનોએ ઘણાં સમજાવ્યા, મદદનીશોએ પણ ડૉ. જોશીને કહ્યું કે, આવી તંગ પરીસ્થીતીમાં રાતના સમયે બહાર ન જવાય! પણ ડૉકટરનો તો સૌને એક જ જવાબઃ 'એક તબીબ તરીકે મારો એ જ ધર્મ, એ તો મારી ફરજ...મારે જવું જ જોઈએ!'

ડૉકટર અર્ધી રાતે બહાર નીકળ્યા, તે કદીય પાછા ન ફરવા માટે જ. રમખાણોમાં ડૉ. જોશીની હત્યા થઈ ગઈ! (અલબત્ત, આ તો આદર–આશ્ચર્ય સાથે થતી એવી સાંભળેલી

ઘટના છે. 1946-47ના અરસામાં હું દીલ્હીમાં નહોતો, અને 1950માં જયારે હું ત્યાં બાજુમાં રહેવા ગયો ત્યારે, ડૉ. એન. સી. જોશી જ નહોતા!–એટલું સત્ય.)

હવે મુળ વાત પર આવીએ, મોટા ભાગના તબીબો દર્દીઓના પ્રશ્નોના જવાબ આપવામાં તોછડાઈ કે અધીરતા દાખવે છે; ત્યારે દર્દી–જુથ તેઓની ટીકા કરે છે. પણ ભણેલા–ગણલા દર્દીઓ સુધ્ધાં એટલું નથી સમજતાં કે ડૉકટર તમને જરુરી માહીતી તો બધી જ આપવાના છે, ખરેખર તો એ તેઓને પક્ષે અનીવાર્યતા છે. એટલે ગમે તેવા અર્થહીન કે વાહીયાત પ્રશ્નો દર્દીઓ પુછી પાડે, ત્યારે તેઓને કંટાળો આવે જ. એમના મનમાં તો, કેટકેટલા પ્રકારની જવાબદારીઓ ઘુમરાતી હોય. પછી એથી તેઓ થાકે અને કંટાળેય ખરા, દા.ત. એક બહેને પ્રશ્ન કર્યો કે 'બીજું કાંઈ?' ડૉકટરે દરદીએ શું ખાવું–એની જરુરી સલાહ આપી જ દીધેલી પછી 'બીજું કાંઈ?' એવા પ્રશ્નની કશી આવશ્યકતા જ કયાં હતી? ડૉકટર સાહેબે જરા કડકાઈપુર્વક પ્રતીપ્રશ્ન કર્યો, 'બીજું કાંઈ એટલે?'... આ બહેન પણ ભણેલાં–ગણેલાં અને અપ–ટુ–ડેટ હતાં, એટલે ડૉકટરના પ્રશ્નથી જરાક ઝંખવાયા અને સમજદાર એવા એ તબીબે પણ શકય તેટલા સૌજન્યપુર્વક એ વાત સાંભળી પણ લીધી. જોશી હૉસ્પીટલમાં ડૉ. અરોરાને બરાબર પેલો જ પ્રશ્ન

પુછનાર સજ્જન–સ્વજન પણ ભણેલા–ગણેલા, ચશ્માધારી અપ–ટુ–ડેટ જ હતા.

આવી બધી વાતોનો આજે અહીં સારાંશ એટલો જ કે, 'આપણે મૅનરલેસ(રીતભાતની જરુરી આવડત વીહોણી) પ્રજા છીએ. આપણાં જાહેર કે ખાનગી સ્થળો ખાતેના તેમ જ પરસ્પરના વ્યવહારમાં, સજ્જન કે શીક્ષીતને છાજે તેવી, તેમ જ સામાજીક નાગરીક આચારસંહીતાના જ્ઞાન–ભાનવાળી સુસંસ્કૃત રીતભાત આપણને આવડતી જ નથી, જે કોઇ શીખવતુંય નથી, એ તો ઠીક; પણ એવી કશી અનીવાર્યતાય આપણે સમજતા નથી. ખરેખર જ, આપણા રાષ્ટ્રમાં, સ્વતંત્રતા બાદ તત્કાળ 'સાંસ્કૃતીક ક્રાંતી'ની ભારે અનીવાર્યતા હતી. આધુનીકતમ સાધનસામગ્રી વાપરતા તો આપણે થઈ ગયા; કારણ એ જ કે, આપણે એક 'અતીલાભવાદી' પ્રજા છીએ. દા.ત. આપણા પ્રવચનકારોને ઉપદેશકારો વીજ્ઞાનને ગાળ ભાંડશે અને રામનામ કે ગાયત્રી જેવા મંત્રો જોરશોરથી લલકારશે, પણ તેય વીજ્ઞાનદત્ત 'માઈક' ઉપરથી!

વીજ્ઞાનને જાહેરમાં ગાળો દેનાર સાધુ મહાત્મા એટલુંય નથી વીચારતાં, સમજતાંય નથી કે તેઓ વીજ્ઞાનને ગાળો આપી રહ્યા છે, એવું જાહેર ગાલીપ્રદાન સ્વયં માઈક કે અન્ય સંચાર માધ્યમો જેવી વીજ્ઞાને આપેલી કૃપાસીદ્ધીથી જ શકય બન્યું છે!...ખેર, પણ મારી ખરી ચીંતાનો વીષય આજે એ છે

કે, સંસ્કૃત માનવ નાગરીકને શોભે એવી સુંદર રીતભાત કે એવો શોભાયમાન વ્યવહાર આપણે ક્યારે શીખીશું? શીખીશું ખરા? આપણા દર્દીઓમાં પણ હૉસ્પીટલ–મૅનર્સ, ઍટીકેટ, પ્રોટોકૉલ કે આચારસંહીતાનો લગભગ અભાવ હોય છે; માટે જ પ્રારંભે જણાવ્યું તેમ, મારા ડૉક્ટર સાહેબે મારા અપેક્ષીત પ્રશ્ન બાબત પુર્વધારણા બાંધી લીધી કે, 'સાહેબ, મને અહીંથી રજા ક્યારે આપશો?'

વાસ્તવમાં, મારો પ્રશ્ન એ હતો જ નહીં, ઉપરાંત એવો વાહીયાત સવાલ હું કદી પુછું જ નહીં. મને પાકી ખાતરી કે જરુરથી વધારે એક મીનીટ માટે પણ ડૉક્ટર મને હૉસ્પીટલમાં રાખવાના જ નથી. આપણે ત્યાં તો ખબર જોવા આવનારાં પરીચીતો પણ ડૉક્ટર સમક્ષ લાંબીપ્રશ્નાવલી રજુ કરી દે! જો કે મુળભુત રીતે; આવો ખબર જોવા આવવાનો રીવાજ જ રદબાતલ કરવા જેવો છે. એ અન્ય પુરાણી રુઢી જેવી જ અર્થહીન રુઢી છે; જે એ જમાનાની રસમ કે જ્યારે દર્દી ઘરમાં ખાટલામાં પડયો હોય અને ટેલીફોન જેવાં સાધનો તો હજી ભવીષ્યમાં શોધાવાનાં હતાં!... મારે માટે તો ડૉક્ટરને પ્રશ્ન પુછવાનું અનીવાર્ય એ કારણે બન્યું કે હું મુંઝવણમાં હતો, અને ડૉકટર સાહેબને કદાચ ધ્યાનમાં ન આવે એવી બાબત હતી. ટુંકમાં જ કહી દઉં કે ઑપરેશનને બીજે જ દીવસે મને આપવામાં આવેલી દવાઓમાંની એક પર એવી સુચના હતી

કે, 'જમ્યા પછી એક ટીકડી!' હવે, જમવાની તો છુટ મળેલી જ નહીં! પછી મારે કરવું શું? સંક્ષેપમાં, સમજી જ ગયાં હશો; કારણ કે મારે હવે બીજી મજાની વાત કરવી છેઃ

*****

હૉસ્પીટલમાં ટોળાબંધ ખબર જોવા તો ના જ આવવું જોઈએ, એ વાત તો ઠીક; પરંતુ આપણે ત્યાં તો દરેક ખબરદૃષ્ટા પાછો પોતે જ ડૉક્ટર કે સવાયો ડૉક્ટર બનીને પધારે છે! અરે, મારી રસોયણ બહેનેય મને સલાહ આપી કે, 'તમારે કઢી નહીં ખાવાની, હા, લીંબુનો વાંધો નહીં–ખટાશથી ટાંકા પાકે, અને તમારા ચહેરા પર આ થોથર જેવું દેખાય છે!– એય ખટાશને કારણે જ; કઢી–છાશ લીધી એટલે!' એક મહાજ્ઞાની 'સજજને' વળી સલાહ આપી કે, 'સેવલોનને બદલે તમે 'બેટેડાઈન' વાપરો, એ વધારે સારી!'...અને તેઓશ્રી ફક્ત આટલી સલાહ આપીને જ અટક્યા હોત, તોય હું એમનો આભાર માનત.

પરંતુ તેઓ તો ૨૦ રુપીયાની સેવલોનની બાટલીના વીકલ્પ તરીકે પુરી 120-150 રુપીયાની 'બેટેડાઈન' ખરીદી પણ લાવ્યા! એક એડવાઈઝર–મહાશય કહે, 'તમારે ઉંધા જ સુઈ રહેવું!' તો બીજાએ સલાહ આપી, 'જરા આડે પડખેય સુવાનું રાખો!' સારું જ થયું કે કોઈ શુભેચ્છકે એવી સલાહ ન

આપી કે, 'તમારે શીર્ષાસન કરીને જ ઉંઘવું!'...એક બહેને વળી એવી 'સોનેરી' સલાહ આપી કે, 'ડૉક્ટરો તો કહ્યા કરે, તમારે એકાદ રોટલી ને થોડાંક દાળભાત તો ખાવાં જ, તો જ શરીરમાં શક્તી આવે!' હવે ટુંકમાં જ કહી દઉં કે, ખબર જોવા આવનારાઓમાંથી નેવું ટકા મુલાકાતીઓએ એકસોને નેવું પ્રકારની સલાહો આપી. જેમાં કેળાં, મોસંબી, સફરજન, ચીકુ સહીત જગતભરમાં પાકતાં ફળો, કુમારપાઠું, ભોંયરીંગણી, ફુદીનો, આદુ આદી રામબાણ ઔષધીઓ. લોકવાયકા મુજબની 'પચવામાં હલકી' મનાતી–બીસ્કીટ–વેફર કે રાબ–સુપથી માંડીને તે કૉર્નફ્લેક્સ, મગની દાળ, ઢોકળાં, ઉપમા સુધીની, કેટલીક તો મેં મારી લાંબી જીન્દગીભર નહીં સાંભળેલી એવી તેવી વાનગીઓ, જાતભાતની દવાઓ અને બીજા ડૉકટરો, બેસવા–સુવાનાં એવાં ખુદ મુની પતંજલીએ યોગમાંય નહીં સુચવેલાં કે જાણેલાં એવાં અલક મલકનાં આસનો, બોલવા, ચાલવા, લખવા–વાંચવાની અફલાતુન આચારસંહીતાઓ અને બીજું તો શું શું નહીં? એવી એવી અભુતપુર્વ સલાહો આપી સૌએ! – તે સૌનો હાર્દીક આભાર!

– ભરતવાક્ય –

નમ્ર ભાવાર્થ એટલો જ કે, હોસ્પીટલોમાં ડૉક્ટરોને બીનજરુરી પ્રશ્નો પુછવા નહીં; ખુબ નજીકના અને જેઓ ખરેખર

મદદગાર થાય યા તો દર્દીને ગમે, તેવાં પરીચીતોએ જ ખબર જોવા જવું; ખબર જોનારે જાતે જ ડૉક્ટરવત્ બની, દર્દ કે આરોગ્ય વીષયક સલાહ આપવી નહીં…ટુંકમાં, આપણે સર્વ ક્ષેત્રે નાગરીક એવી સંસ્કૃત–સંસ્કારી, માનવીય આચારસંહીતાનું પાલન કરતા હવે તો શીખી લઈએ! અનીચ્છનીય રુઢીઓથી મુક્ત થઈએ!

પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

સંપર્કઃ A-4, નટરાજ એપાર્ટમેન્ટ, પાટીદારજીન કૉમ્પ્લેક્સ, સરદાર બાગ, બારડોલી–394 601

ફોન– 02622-222 176 મોબાઈલ– 99258 62606

તા. ૨૨ નવેમ્બર ૨૦૦૮ શનીવારના, સુરતના દૈનીક 'ગુજરાતમીત્ર'ની એમની 'રમણભ્રમણ' કટારમાંથી સાભાર…



167-2 : 07-06-2009

સુર્ય આથમવાની રાહ ન જોવી પડે!

– તેવું ગુજરાત

– સોનલ પંડ્યા

અનુક્રમણીકા

વર્ષ 1985-86ના સમયગાળા દરમીયાન ભાવનગર જીલ્લાના સણોસરા ગામની સરકારી શાળામાં આ લખનારનો અભ્યાસ ચાલતો હતો. પ્રીય સખી યાસ્મીન બે દીવસ શાળામાં ન આવતાં ખબર પુછવા સણોસરાની સાંકડી શેરીમાં આવેલા યાસ્મીનના ઘરે પહોંચી જવાનું નક્કી કર્યું. યાસ્મીનને ભારે ઝાડા થયા હતા, તેની બા અને બહેનો યાસ્મીનની બીમારીથી પરેશાન થઈ ગયાં હતાં; કારણ કે ગામનાં બહેનોને શૌચાલય જવાનો વરંડો તેના ઘરથી દોઢ કીલોમીટર દુર હતો. યાસ્મીનની બાએ રડમસ અવાજે કહ્યું, ‘આ જુવાન છોકરીઓને હાથમાં ડબલાં પકડીને ગામ વચ્ચે નીકળવામાં શરમ આવે છે!’ તેમના અવાજમાં ઝાડા થયાના દર્દ કરતાં ઝાડે જવાના સ્થળ પર પહોંચવાનું દરદ વધારે પડઘાતું હતું. જાજરુ જવાનો એ વરંડો ચોમાસામાં કેવી ગંદકીથી ખદબદે છે તેનું વર્ણન યાસ્મીન પાસેથી સાંભળેલું જ યાદ આવી જાય છે તો આજે પણ કમકમાટી છુટે છે.

આ ઘટનાનાં બાવીસ વરસ બાદ વર્ષ 2008માં 'ધ ન્યુયોર્ક ટાઈમ્સ'ના પત્રકાર મીત્ર માઈકલને લઈને ગુજરાતના ગ્રામીણ વીસ્તારોમાં જવાનું થયું. માઈકલે ઢળતી સાંજે હાથમાં ડબલાં લઈને નીકળતી સ્ત્રીઓ વીશે ઢગલાબંધ પ્રશ્નો મને પુછી નાખ્યા. ગુજરાતના વીકાસની અવનવી વાતો ચાલતી હતી તેની વચ્ચે માઈકલના પ્રશ્નોએ અમારી બોલતી બંધ કરી દીધી! માઈકલને એ સમજાવવું મુશ્કેલ બન્યું કે, 'સુર્ય અસ્ત થાય ત્યારે ગુજરાતનાં અનેક ગામોની બહેનોને શૌચાલય જવા મળશે તેવી આશાનો ઉદય થાય છે!' (માઈકલને કદાચ થયું હશે કે અહીં ખાવાના પ્રશ્નો પણ છે અને 'જવાના' પ્રશ્નો પણ છે!)

આજે પણ ગુજરાતનાં ગામો કે શહેરોમાં ભીંત પાસે પેશાબ કરવા ઉભેલા અનેક પુરુષોને જોઈએ ત્યારે એક સવાલ મનમાં હમેશાં થાય કે, 'સ્ત્રીઓ ઘરની બહાર નીકળે ત્યારે પેશાબ કરવા ક્યાં જતી હશે?' સ્ત્રીઓની સરખામણીએ પુરુષો મોટી સંખ્યામાં બહાર નીકળતા હશે કે પછી સ્ત્રીઓની માફક જ તેમના શરીરનાં મળ–મુત્રને અનીવાર્ય સંજોગોમાં પણ બહાર નીકળવાની પરવાનગી આ સમાજ નહીં આપતો હોય?

એક ગામમાં આઠ–દસ મહીલાઓ એક સાથે શૌચાલય જવા નીકળી. આ દૃશ્ય જોઈ એક મીત્રે કહ્યું, 'આ બહેનોને

માટે શૌચક્રીયા એ વાતોના આદાન–પ્રદાનનો સમયગાળો હોય છે. આથી જ સસ્તા જાજરૂ ઘરમાં બની શકે તેમ હોય તો પણ તેઓ બહાર જવાનું પસંદ કરે છે.' -મનોમન સવાલ થયો, આ તે કેવો સમાજ કે ભાઈઓને માટે વાતો કરવા ચોરો, બાંકડા અને બસસ્ટેન્ડ! અને બહેનોને એક–બીજાને મળવા માટે શૌચાલયનાં ડબલાં અને રાત્રીનો અંધકાર!

ઉત્તર ગુજરાતના મહેસાણા જીલ્લાના ફીંચડી ગામમાં રાત્રે રોડના કાંઠે બહેનો કતારબંધ રીતે શૌચક્રીયા અર્થે બેઠી હતી. રસ્તે નીકળતાં વાહનોની લાઈટ તેમના જીવનમાં પ્રકાશ નહીં; જાણે અંધકાર લઈને આવતી હતી! નાનપણમાં ગાયેલી પેલી પ્રાર્થના–

'હે પ્રભુ!

અંધકારમાંથી મને પ્રકાશ તરફ લઈ જા.'

તે દીવસે–તે સ્થળે મને તે સૌથી અપ્રસ્તુત લાગી. ઘેરદાર ચણીયા વડે તે સ્ત્રીઓ શરીરને સંકોરવા કોશીશ કરતી હતી. 'વાયબ્રન્ટ ગુજરાત'ના પોસ્ટરમાં ઘાઘરો ઘુમાવતી શહેરની યુવતીઓને ક્યાંથી ખબર હોય કે શીયાળાની રાતે શૌચાલય જવા 'થરથરવું' અને નવરાત્રીમાં 'થનગનવું' આ બન્ને વચ્ચે બહુ મોટો ફરક છે. ઈલા અરુણના સ્વરમાં ગવાયેલું 'દીલ્હી શહેરમાં મારો ઘાઘરો જો ઘુમ્યો...'ના મધુર ફોકલોરનું ગ્લેમર કચ્છ જીલ્લાના સુમરી ગામનાં અમરીબહેનનો ઘાઘરો ઘુમે

એમાં નથી! અમરીબહેન જેવી અનેક બહેનોનો ઘાઘરો તો અંધકારને ચીરતો કોઈ પ્રકાશ તેના શરીર સુધી નહીં પહોંચે તે માટે ઘુમે છે!

કેટલીકવાર પહેલી નજરે અન્ય રાજ્યોમાંથી આવતા લોકોને ગુજરાત શાંત અને અહીંસક હોય તેમ લાગે; પરંતુ સુક્ષ્મ હીંસાના આવાં તો અનેક સ્વરુપો ગુજરાતના સમાજજીવનમાં જોવા મળે છે. આવી ઠંડે કલેજે થતી હીંસાનો ભોગ બનનારમાં સ્ત્રીઓ મોખરે છે. ત્યાર પછીના ક્રમે દલીતો, આદીવાસીઓ અને લઘુમતીને મુકી શકાય. ગુજરાતનો ભદ્ર કહેવાતો સમાજ, સમાજના આ પ્રશ્નો અંગે કેટલો સંવેદનશીલ છે? ગુજરાતમાં થતાં તોફાનોની તરાહ જોતાં હવે એવું લાગે છે કે અમદાવદ સહીતનાં શહેરોમાં અમુક વીસ્તાર ‘સંવેદનશીલ’ છે. પરંતુ માણસોની ‘સંવેદનશીલતા’નું શું? - તેની ખબર નથી પડતી.

સ્વર્ણીમ ગુજરાત નીમીત્તે ચાલતા વીવીધ પ્રચાર–પ્રસારને પગલે ગુજરાતમાં વર્ષ 1960 પછીથી આવેલાં પરીવર્તનોનું વીહંગાવલોકન કરવાની કવાયત અનેક ક્ષેત્રોમાં શરુ થઈ છે. 1960માં મે મહીનાની પહેલી તારીખે મહાગુજરાત ચળવળની ફળશ્રુતીરુપે અને અલગ ઓળખ સાથે ગુજરાત રાજ્યને સ્વીકૃતી મળી તે આનંદની વાત છે. પરંતુ ગુજરાતની અસ્મીતાને માત્ર આ તારીખોમાં બાંધીને

જોઈ–મુલવી ન શકાય. કોઈ બાળકનું નામ કોઈ કારણસર દસ વર્ષની ઉંમરે પાડવામાં આવે તો તેની ઉમર તે દીવસથી શરૂ થતી નથી!

ખેર, આ નીમીત્તે પણ જો ગુજરાતના સર્વાંગી વીકાસની દીશામાં સંશોધન–ચીન્તન થાય તો એમાં કશું ખોટું નથી. એ મીષે પણ તપાસીએ કે અલગ ગુજરાત રાજ્યની કલ્પના સાકાર થયા પછીથી આપણી કલ્પના મુજબનું ગુજરાત છે કે કેમ? - તે તપાસવા–ચકાસવા સરકારી તંત્ર સહીત અનેક ક્ષેત્રના લોકો સાબદા બન્યા છે. એમાં જોડાતાં મને, 'મારા સ્વપ્નનું સ્વર્ણીમ ગુજરાત', ધોરણ આઠની વાર્ષીક પરીક્ષાના નીબંધોમાં પુછાયેલો કોઈ પ્રશ્ન હોય તેવું લાગે છે. આમ પણ સ્વપ્નનું કદ નક્કી કરવાનું કામ અઘરું છે. સ્વપ્નના કદની વાત કરીએ ત્યારે જયા મહેતાની પેલી કવીતા યાદ આવે -

એક ગરીબ માણસ,
એને સપનું આવ્યું!
સપનામાં તેણે જોયું
કે
તેનું બાળક આજે પેટ ભરીને જમ્યું!!

જો કે ગુજરાતની પ્રજા વ્યાપારી પ્રજા તરીકે ઓળખાય છે. તે સ્વીકારીને ચાલીએ તો, સ્વપ્ન ગમે તેવું

જોવામાં કોઈ ખર્ચ થતો નથી! માટે જ ગુજરાતમાં પરીવર્તન ઝંખતા આ એક મુદ્દાની વાત જરા માંડીને કરી છે.

સ્વર્ણીમ ગુજરાતની મારી કલ્પનામાં તો પાયખાનાંનો સવાલ જ મને પાયાનો સવાલ લાગે છે. રાજ્યનો દરેક નાગરીક શાંતીથી ને ઈચ્છા થાય ત્યારે શૌચક્રીયાએ જઈ શકે તેવા અધીકાર માટેની લડત ચલાવવાની જરુર છે. વર્ષ 2001ના યુનીસેફના સર્વેક્ષણ પ્રમાણે ગ્રામીણ ગુજરાતમાં માત્ર 21 ટકા લોકો જ શૌચાલયનો ઉપયોગ કરે છે! 'એકવીસમી સદી'માં પણ માત્ર '21 ટકા' ગ્રામજનો માટે જ શૌચાલયો સુલભ છે તે ખરેખર શરમજનક બાબત છે. મહીલાઓના અનેક પ્રશ્નો લઈને કામ કરવાની જરુર છે જ; પરંતુ મહીલાઓના શૌચાલયનો મુદ્દો વધુ ઉપેક્ષીત છે અને તેથી જ આ પ્રશ્નની સામુહીક ચીંતા અપેક્ષીત છે. 'નીર્મળ ગુજરાત'ના નારામાં સ્વચ્છતાની સાથે સ્વમાનનો ખ્યાલ પણ જળવાઈ રહે તે આવશ્યક છે.

મહીલાઓના આરોગ્યના પ્રશ્નો પણ આ મુદ્દા સાથે સંકળાયેલા છે. ગુજરાતને વીકસીત રાજ્ય બનાવવા માટે સમૃદ્ધ દેવાલયો કરતાં સ્વચ્છ શૌચાલયોની જરુર વધારે હોય તેમ જણાય છે.

પાઘડીનો વળ છેડે, પણ;

પાઘડી નીચે માથું,

ક્યાંય ન જડે!

સુરેન્દ્રનગર જીલ્લાના થોળીયારી ગામે પચીસ વરસની રથી, સુરજ સામે જોઈને તેને જલદી આથમી જવાની આજીજી કરે છે...

ગુજરાતની સ્ત્રીઓને જરુર છે એવી સવારની જ્યાં સુર્ય આથમવાની રાહ ન જોવી પડે!

– સોનલ પંડ્યા

(અધ્યક્ષ, પત્રકારત્વ અને સમુહપ્રત્યાયન વીભાગ, ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદ)

સંપર્કઃ 1– લૅક્ચરર્સ રો હાઉસ, ગુજ. યુની. લેડીઝ હૉસ્ટેલ સામે, ગુજ. યુની.કૅમ્પસ, નવરંગપુરા, અમદાવાદ–380 009 ફોન–079- 2630 9368

(‘યુવા નજરેઃ સ્વર્ણીમ ગુજરાત’ –સંપાદકોઃ ડૉ. સુદર્શન આયંગર, ઈન્દ્કુમાર જાની, દીગંત ઓઝા– પ્રકાશકઃ

નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–380 001, મુલ્ય:રુપીયા-200.

ગુજરાત રાજ્યની ‘સુવર્ણ જયંતી’ નીમીત્તે પ્રગટ થયેલ આ પુસ્તકમાંથી ઉપરોક્ત લેખ સાભાર પ્રગટ કર્યો છે. આ પુસ્તકમાં ગુજરાત રાજ્યની સ્થાપના પછી જન્મેલી પેઢીના 33 લેખકો/લેખીકાઓના ભીન્ન ભીન્ન દૃષ્ટીએ લખાયેલા લેખો પ્રસીદ્ધ થયા છે.)

તા.૧.૫.૨૦૦૯ના ‘નયા માર્ગ’ પાક્ષીકના અંકમાંથી આ સઘળું સાભાર..ઉત્તમ ગજ્જર

(એક નોંધ–બારડોલીના પ્રા. રમણ પાઠકે ‘ગુજરાતમીત્ર’ની એમની ‘રમણભ્રમણ’ કટારમાં એક લેખ લખ્યો, ‘મંદીર નહીં; સંડાસ બાંધો’. મોરારીબાપુએ વાંચ્યો અને નક્કી કર્યું કે શાળા–હોસ્પીટલો માટે કથાઓ થઈ, તેમ હવે એક કથા ‘સંડાસને નામ’ કરીએ. તે થઈ. બારડોલીમાં જ થઈ. એક કરોડ ઉપરનાં દાન મળ્યાં. સમીતી રચાઈ અને બારડોલી તાલુકાનાં બાર ગામોમાં તે સંડાસ આજે ગરીબ, દલીત અકીંચનવાસમાં સરસ સેવા આપે છે..ઉ.ગ..)

168-1 : 21-06-2009

ગીત–માધવ

–માધવ રામાનુજ

અનુક્રમણીકા

એક એવું ઘર મળે આ વીશ્વમાં –
જ્યાં કશા કારણ વીના પણ જઈ શકું!
એક એવું આંગણું કે જ્યાં મને –
કોઈ પણ કારણ વગર શૈશવ મળે!

એક, બસ એક જ મળે એવું નગર
જ્યાં ગમે ત્યારે અજાણ્યો થઈ શકું!
'કેમ છો?' એવુંય ના ક્હેવું પડે –
સાથ એવો પંથમાં ભવ ભવ મળે!

એક એવી હોય મહેફીલ, જ્યાં મને
કોઈ બોલાવે નહીં ને જઈ શકું!
એક ટહુકામાં જ આ રુંવે રુંવે
પાનખરના આગમનનો રવ મળે!

તોય તે ના રંજ કંઈ મનમાં રહેઃ
– અહીંથી ઉભો થાઉં ને મૃત્યુ મળે!

www.gujaratilexicon.com

(2) ઝાકળની પાંખડીઓ

ઝાકળની પાંખડીઓ વેરાણી ફળીયામાં
પગલાં ઢંકાઈ ગયાં રાતનાં,
અજવાળું ખર ખર ખર ખરવા લાગ્યું ને
ફુલ ફોરી ઉઠ્યાં પારીજાતનાં!

ઉઘડતું આભઃ જેમ અધરોની સુરખીમાં
ઉઘડે છે મંદ મંદ સ્મીત,
ઉઘડતી એક પછી એક યાદ, કેવડાની
મહેક સમા સાંભરતાં ગીત;
કલરવની ઘુઘરીએ ઘમકંતા વાયરામાં
ધસમસતાં વેલડાં પ્રભાતનાં...

ઘાસને અડું ને મારે રોમ રોમ લીલુડાં
અંકુર ફુટ્યા જેવું થાતું!
ઓરડાના ઉના અજંપામાં ફરીવાર
આજ કશું ક્યાંય નથી માતું!

આંસુડાં ખર ખર ખર ખરવા લાગ્યાં ને
ફુલ ફોરી ઉઠ્યાં પારીજાતનાં!

ઝાકળની પાંખડીઓ વેરાણી ફળીયામાં
        પગલાં ઢંકાઈ ગયાં રાતનાં!...

(3) ગોકુળમાં આવો તો–

ગોકુળમાં કો'ક વાર આવો તો કાન,
        હવે રાધાને મુખ ના બતાવશો;
ગાયોનું ધણ લઈને ગોવરધન જાવ ભલે,
        જમુનાને કાંઠે ના આવશો....

તાંદુલની પોટલીએ પુનમની રાત
        ભલે બાંધીને આવો ગોકુળમાં,
અડવાણે નૈં દોડે કોઈ અહીં,
        વીરહાના રાજ નહીં જીતો ગોકુળનાં;
સમરાંગણ તમને તો શોભે હો શ્યામ,
        વગર હથીયારે ત્યાં જ તમે ફાવશો!

પાંદડે કદમ્બના, પાંપણની ભાષામાં,
        લખી લખી આંખ હવે ભરીએ;
જમનાનાં જળ, તમે દેજો હાથોહાથ
        માધવને દ્વારકાના દરીયે :

લખીતંગ રાધાના ઝાઝા જુહાર...

શ્યામ, અંતરમાં ઓછું ના લાવશો.

(4) કહેને....

સૈયર, તારા કીયા છુંદણે

મોહ્યો તારો છેલ, કહેને!

સૈયર, તારી કીયા કુલની

લુમીઝુમી વેલ, કહેને?...

કુવાને કાંઠે કઈ ઘડીએ

રહી ગઈ વાત અધુરી?

સૈયર, તારા ઉજાગરાની

કીયા તારલે સાખું પુરી?

કીયા વરતમાં પાંચ આંગળે

કીયો પીપળો પુજ્યો, સૈયર?

મંન ભરીને મોહે એવો

કીયો ટુચકો સુઝ્યો, સૈયર?

સૈયર તું તે કીયા કુલની

લુમીઝુમ વેલ, કહેને?

સૈયર તારા કીયા છુંદણે

મોહ્યો તારો છેલ, કહેને!

(5) પાસપાસે તોય

પાસપાસે તોય કેટલાં જોજન દુરનો આપણો વાસ!

જેમ કે ગગન સાવ અડોઅડ તોય છેટાંનો ભાસ...

રાત–દીનો સથવાર તે સામે મળવાનું તો

કોઈ દા'ડો સુખ મળતું નથી,

આવકારાનું વન અડાબીડ, બારણું ખોલી

ફળીયામાં સળવળતું નથી;

આંસુનેયે દઈ દીધો છે ભવનો કારાવાસ...

પાસપાસે તોય કેટલાં જોજન દુરનો આપણો વાસ!

ઝાડથી ખરે પાંદડું એમાંય

કેટલાં કીરણ આથમ્યાંનું સંભારણું હશે!

આપણી વચ્ચે 'આવજો'ની કોઈ ભીંત હશે?

કે યાદ જેવું કોઈ બારણું હશે?

પડખે સુતાં હોય ને લાગે શમણાંનો સહવાસ!

જેમ કે, ગગન સાવ અડોઅડ, તોય છેટાંનો ભાસ.

(6) પછી

દાદાના આંગણામાં કોળેલા આંબાનું કુણેરું તોડ્યું રે પાન,
પરદેશી પંખીના ઉડ્યા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન!

ખોળો વાળીને હજી રમાતાં'તાં કાલ અહીં,
સૈયરના દાવ ન'તા ઉતર્યા;
સૈયરના પકડીને હાથ ફર્યાં ફેર ફેર–
ફેર હજી એય ન'તા ઉતર્યા.
આમ પાનેતર પહેર્યું ને ઘુંઘટમાં ડોકાયું
જોબનનું થનગનતું ગાન!
દાદાના આંગણામાં કોળેલા આંબાનું કુણેરું તોડ્યું રે પાન.
આંગળીએ વળગેલાં સંભાર્યાં બાળપણાં,
પોઢેલાં હાલરડાં જાગ્યાં;
કુંવારા દીવસોએ ચોરીમાં આવીને,
ભુલી જવાનાં વેણ માગ્યાં!
પછી હૈયામાં, કાજળમાં, સેથામાં સંતાતું
ચોરી ગયું રે કો'ક ભાન!
પરદેશી પંખીના ઉડ્યા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન!

(7) દંત–કથા

દરીયાની છાંયડીમાં માછલીનું ગામ,

અને ગામ મહીં દંતકથા ચાલેઃ

કે ભાઈ, અહીં દરીયો હતો રે ગૈ કાલે....!

પાળીયા સીવાય અહીં પડછાયો પાડીને

ઉભા રહેવાની હતી આણ,

કાનમાંય વાત કો'ક કરતું તો

પરબારી દરીયાને થૈ જાતી જાણ;

લોહીનું એક્કેય બુંદ ટપકે નહીં એમ,

જણ વીંધઈ જાતું રે તરત ભાલે....

કે ભાઈ, અહીં દરીયો હતો રે ગૈ કાલે....!

કહે છે કે, અવગતીયું ઉઠી સ્મશાન રોજ

દરીયાને મળતું'તું જાતે;

એમાં ઓચીંતાની ભાળ કો'ક લાવ્યું

કે, દરીયો અલોપ થયો રાતે!

વાતમાંથી વાત હવે નીકળે તો નીકળે કે,

દરીયા વીના તે કેમ ચાલે....!

કે ભાઈ, અહીં દરીયો હતો રે ગૈ કાલે....!

(8) સાજન!

પત્ર લખું કે લખું કવીતા
સાજન, તમને ગમે ખરું કે?
વાત કરું કે કહું વારતા –
સાજન, તમને ગમે ખરું કે?

ટહુકા પરથી મોર ચીતરવો,
પીંછા પરથી કોઈ પક્ષીને,
પાન ઉપરથી જંગલ રચવું –
સાજન, તમને ગમે ખરું કે?

આંસુ ને ઝાકળ એ બન્ને
રોજ ખરે, પણ કોણ ઝીલતું!

પુષ્પ અગર તો પથ્થર બનવું –
સાજન, તમને ગમે ખરું કે?

(9) 'આપણું' ગીત

આપણે તો ભૈ રમતારામ!

વાયરો આવે–જાય, એણે ક્યાંય બાંધ્યાં ન હોય ગામ...

વાદળ કેવું વરહે, કેવું ભીંજવે! એવું ઉગતા દી'નું વ્હાલ!
આછેરો આવકાર મળે, બે નેણ ઢળે –
બસ, એટલામાં તો છલકી થાઈં ન્યાલ!
મારગે મળ્યું જણ ઘડીભર અટકે, રાજી થાય
ને પુછે–કઈ પા રે'વાં રામ?
વાયરો આવે–જાય, એણે ક્યાંય બાંધ્યાં ન હોય ગામ...

ઓઢવાને હોય આભ, ઉશીકાં હોય શેઢાનાં, પાથરેલી હોય રાત;
શમણાંનાં શણગાર સજીને ઉંઘ આવે
ને પાંખડીઓ શાં પોપચે આવે મલકાતું પરભાત,
ઝાકળમાં ખંખોળીયું ખૈ ને હાલતાં થાઈં પુછતાં નવાં નામ...
આપણે તો ભૈ રમતા રામ!

(10)

વૃક્ષ પર જે સૌ પ્રથમ કોળ્યું હતું
પાનનું એ મુગ્ધ વીસ્મય હું હતો...

*

એક ક્ષણ જો યુદ્ધ અટકાવી શકો–
ટેન્ક પર માથું મુકી ઉંઘી લઉં....

–માધવ રામાનુજ

કવી સંપર્કઃ જે–11, વીક્રમ એપાર્ટમેન્ટ , શ્રેયસ ક્રોસીંગ , આંબાવાડી, અમદાવાદ–380 015

ફોન -079- 2660 7124 મોબાઈલ– 98797 67009

કવીના બે કાવ્યસંગ્રહો ‘અક્ષરનું એકાંત ’–પ્રથમ આવૃત્તીઃ ૧૯૯૭, બીજી આવૃત્તીઃ ૨003, પૃષ્ઠસંખ્યા–૭૮, મુલ્ય–ડૉલર પાંચ–(રુપીયામાં મુલ્ય આપ્યું નથી) અને ‘તમે’–પ્રથમ આવૃત્તીઃ૧૯૭૨, બીજીઃ૧૯૮૬, ત્રીજીઃ૧૯૯૭, ચોથીઃ૨003, પૃષ્ઠસંખ્યા–૯૦, મુલ્ય–ડૉલર પાંચ –(રુપીયામાં મુલ્ય આપ્યું નથી) – બન્નેના પ્રકાશકઃ સ્વર પ્રકાશન , જે–11, વીક્રમ એપાર્ટમેન્ટ, શ્રેયસ ક્રોસીંગ, આંબાવાડી, અમદાવાદ–380 015 ફોન - 079-2660 7124)માંથી સાભાર..



168-2 : 21-06-2009

મદાયત્તં તુ પૌરુષમ્

– મુનીકુમાર પંડ્યા

અનુક્રમણીકા

‘તમે દયાનંદ કન્યાવીદ્યાલયના આચાર્ય થયા. ભોથાભાઈ જેવું ગામડીયું નામ તમને ન શોભે. તમે નામ બદલો. ભરતભાઈ રાખો’ – સોનગઢ ગુરુકુળ સંસ્થાના મુખ્યાધીષ્ઠાતાએ ભોથાભાઈ ખસીયાની હાઈ સ્કુલના આચાર્ય તરીકે પસંદગી કરતાં સલાહ આપી.

‘ના, હું નામ નહીં બદલું. આ જ નામથી હું આગળ આવ્યો. નામ મને વળગેલું છે. હું નામને નહીં.’ – ભોથાભાઈના જવાબમાં આત્મશ્રદ્ધાનો રણકો હતો.

આ આત્મશ્રદ્ધાનો રણકો તેમના તમામ વ્યવહાર, વાણી અને વર્તનમાં સંભળાય છે. દરેક મનુષ્યના જીવનમાં એક એવી કેન્દ્રસ્થ બાબત હોય છે જે એના જીવનનું ચાલકબળ બને છે. ગાંધીજીના જીવનનું ચાલકબળ ‘રામ’ નામ હતું. એનો પ્રભાવ સમગ્ર વીશ્વે નીહાળ્યો.

ભાવનગર–પાલીતાણા વચ્ચેની પુર્વ–પશ્ચીમ વહેતી સડક સોનગઢથી કાટખુણે વળીને દક્ષીણ દીશા ભણી ચાલી જાય છે. આ સોનગઢ ભોથાભાઈનું વતન. ઘરની પરીસ્થીતી એકદમ સામાન્ય. પીતા ભગવાનદાસ ખસીયા એક ગામથી બીજે ગામ ગાડાની ફેરી કરતા. માતાપીતા બન્ને અભણ. જ્ઞાતીએ કોળી. પડતા આખડતા ભોથાભાઈ ભણ્યા. આગળ વધ્યા. અનામતનો લાભ તો આજે મળે છે તે ત્યારે ન મળતો અને આથી તો તેમનું સ્વમાન ટક્યું. આત્મશ્રદ્ધા જાગી. હાથ નીચેના શીક્ષકો અરસપરસ વાતચીતમાં કે વીદ્યાર્થીને ઠપકો આપતાં અભાનપણે કોઈવાર તુચ્છકારથી ‘કોળી–વાઘરી’ બોલી જતા. ભોથાભાઈને કાને શબ્દો અથડાતા. આંખો મીંચી, કટાણું મોં કરી, કડવી દવાની જેમ શબ્દો ગળી જવા પડતા.

આચાર્ય થયા પછી ભોથાભાઈએ જેમ પોતાનું નામ બદલ્યું નહીં એમ કુબા જેવું માટીનું ખોરડું પણ છોડ્યું નહીં. આચાર્ય તરીકે મળતા ક્વાર્ટરમાં રહેવા ગયા નહીં. ગારમાટીથી લીંપેલું દેશી નળીયાંવાળું તેમનું નાનકડું ઘર એકદમ સુઘડ – વ્યવસ્થીત તેઓ રાખતા. આગંતુકોને ગારવાળી ભોંય ઉપર કોથળો પાથરીને અથવા નાનાઅમથા ફળીયામાં ખાટલો ઢાળીને બેસાડે. એક વખત ગુલાબદાસ બ્રોકર સોનગઢથી આવેલા. ભોથાભાઈ તેમને પોતાના ઘરે લઈ ગયા. અભણ મા

સાથે ઓળખાણ કરાવી: 'માડી, આ મોટા લેખક છે. ચોપડીઓ લખે છે' વગેરે વગેરે.

(૨)

દયાનંદ કન્યાવીદ્યાલયમાંથી સોનગઢની જ ગુરુકુળ(બૉયઝ) હાઈ સ્કુલમાં આચાર્ય તરીકે ભોથાભાઈની નીમણુંક કરવામાં આવી. ઉનાળાના વેકેશનમાં ચાર્જ સંભાળ્યો, વેકેશન પુરું થયું. શાળા ખુલી. ઉઘડતી શાળામાં ભોથાભાઈનો સ્પર્શ લાગી ચુક્યો હતો. ઑફીસ, સ્ટાફ રુમ, લાઈબ્રેરી – બધું એકદમ વ્યવસ્થીત. ઑફીસમાં ફાઈલોના આમતેમ ઢગલાના સ્થાને માત્ર એક જ કબાટમાં જરુરી ફાઈલો ગોઠવેલી. લાઈબ્રેરી માટે અલગ ખંડ ફાળવી વીદ્યાર્થીઓને નીયમીત પુસ્તકો મળે, સમાચાર–પત્રો વાંચવા મળે એવી વ્યવસ્થા ઉભી કરી. શાળામાં સમયસર હાજર થઈ જાય. સફેદ બુશકોટ અને પેન્ટ એ તેમનો કાયમી પોશાક. શાળા શરુ થાય એ પહેલાં સમુહપ્રાર્થના યોજાય. એમાં આરંભે વેદ મંત્રોનું ગાન થતું. ત્યાર પછી દસેક મીનીટ ભોથાભાઈ ઉદ્–બોધન કરે. પાંચ મીનીટ કાંઈ પ્રેરક વાત કરે. નેપોલીયન, ચાણક્ય, આઈન્સ્ટાઈન, રવીન્દ્રનાથ જેવા અનેક મહાપુરુષોનાં જીવનમાંથી પ્રેરક પ્રસંગો કહે. એમનાં લખાણો અંગે વાત કરે.

ગુરુકુળ હાઈ સ્કુલના આચાર્ય બન્યા પછી ઉઘડતી શાળાના પહેલા જ દીવસે તેમણે ‘આરામ હરામ હૈ’ના નીમીત્તે જવાહરલાલને યાદ કર્યા અને કહ્યું, ‘કામ કરો, કામ કરો. વર્ક...વર્ક...વર્ક...’ ને એક દીવસ વળી શેક્સ્પીયરનું આ સુત્ર સમજાવ્યું. ‘નેવર સે ડાઈ –હીંમત હારો નહીં.’

બ્લુ ચડ્ડી અને સફેદ શર્ટ એ શાળાનો યુનીફૉર્મ હતો. પહેલો પીરીયડ શરુ થાય એ પછી થોડીવારે ભોથાભાઈ શાળાની લોબીમાં નીકળે. વર્ગમાં તપાસ કરે. યુનીફૉર્મ પહેર્યા વીના કોઈ વીદ્યાર્થી આવ્યો હોય તો એને ઘરે જઈ યુનીફૉર્મ પહેરી આવવાનું કહે. યુનીફૉર્મ પહેરવાનો કડક નીયમ શરુ કર્યો. એક વાર એક વીદ્યાર્થીને યુનીફૉર્મ વગરનો જોયો. તેને યુનીફૉર્મ પહેરીને આવવાની સુચના આપી. પણ પેલાની ઘરની સ્થીતી સામાન્ય હતી. યુનીફૉર્મનો ખર્ચ પોસાય એમ નહોતો. ભોથાભાઈએ તરત ગામના કાપડીયા અને દરજી ઉપર પોતાના ખાતે ઉધાર રાખવા ચીઠ્ઠી લખી અને તે વીદ્યાર્થીને આપતાં કહ્યું: ‘જા. કાપડ લઈને દરજીને સીવવા આપી આવ. એક અઠવાડીયાની મુદત આપું છું. એ પછી યુનીફૉર્મ વગર શાળામાં નહીં આવવા દઉં.’

નવમા ધોરણના અમુક વીદ્યાર્થીઓ એક દીવસ એક શીક્ષકની વીરુદ્ધ ફરીયાદ લઈને ભોથાભાઈ પાસે ગયા. એમાં ભોથાભાઈનો દીકરો મહાવીર પણ હતો. બાબત એકદમ નાની હતી. ભોથાભાઈએ વીદ્યાર્થીઓને ધમકાવીને વર્ગમાં બેસાડી દીધા. એમાં સૌથી વધુ તેમણે મહાવીરને ધમકાવ્યો.
કોઈ વીદ્યાર્થીના ગળામાં માદળીયું કે દોરો બાંધેલો જુએ તો તરત ભોથાભાઈ પુછેઃ 'શાનો દોરો છે? શાનું માદળીયું છે?'

વીદ્યાર્થીઓએ માતાજીનું માદળીયું કે દોરાધાગાવાળું કાંઈક પહેર્યું હોય તો એ કઢાવીને ફેંકાવી દે. આત્મશ્રદ્ધાથી તેને કહેઃ 'જા. તને કાંઈ નહીં થાય. આવા ઢોંગધતુરામાં વીશ્વાસ નહીં રાખતાં તારી જાત ઉપર તું વીશ્વાસ રાખતાં શીખ.' જ્યોતીષવીદ્યાના પણ ભોથાભાઈ એટલા જ વીરોધી. કોઈ શીક્ષક જ્યોતીષ અંગે વાત કરે તો તરત સલાહ આપે. 'ભલાભાઈ, શું તમેય તે ભણેલા થઈને આવી બધી બાબતોમાં શ્રદ્ધા રાખો છો? આનાથી તો ઉલટું પુરુષાર્થ હણાય છે. આવા વહેમમાં તમે કાં પડ્યા?' તેમણે બે મેટ્રીક્યુલેટ શીક્ષકોને ગ્રેજ્યુએટ થવા પ્રેરણા આપી. એક્સ્ટર્નલ પરીક્ષા શરુ થઈ હતી એનો લાભ લેવા કહ્યું. જ્યાં જ્યાં ભોથાભાઈનો સ્પર્શ થાય ત્યાં ત્યાં ઉત્સાહ અને આત્મવીશ્વાસ વ્યાપી વળે. એમનો અવાજ જ પુરી આત્મશ્રદ્ધાથી રણકતો.

કીરીટસીંહ ઝાલા નામના એક શીક્ષક ગુરુકુળ આશ્રમના અધ્યક્ષ પણ હતા. પુરા આર્યસમાજી અને પડછંદ શરીર. એમના વીશે એક જુદું પ્રકરણ લખી શકાય એમ છે. એક વાર તે બીમાર પડ્યા. શારીરીક રીતે તો ઠીક પણ માનસીક રીતે પણ તે નબળા પડ્યા. ભોથાભાઈ તેમની ખબર કાઢવા ગયા. કીરીટસીંહે માંદગીની વાત કરી. એક મહીનો રજા લઈને આરામ લેવાની ઈચ્છા વ્યક્ત કરી.

ભોથાભાઈ કહેઃ 'અરે, તમેય શું કીરીટસીંહ! આવું પડછંદ શરીર અને નાનીઅમથી માંદગીથી ડરી ગયા? રજા શાની? શાળાએ આવવાનું શરુ કરી દો. બધાંને હળોમળો. માંદગીનો વીચાર જ કરો મા. ભુલી જાઓ તમે માંદા છો એ. લાંબો સમય પથારીમાં પડ્યા રહેવાથી તો મન ઉલટું વધારે નબળું થઈ જશે.'

બેચાર દીવસમાં કીરીટસીંહ નોકરીમાં હાજર થઈ ગયા. થોડા જ વખતમાં તેમનાં શરીર અને મન હતાં એવાં થઈ ગયાં.

(3)

આત્મામાંથી નીકળતી વાણી અસર કરે છે. ઠાલી મોંની વાતો સામી વ્યક્તીને સ્પર્શતી નથી. ભોથાભાઈનું ખુદનું જીવન

પણ બીજાને પ્રેરક બને એવું છે. અવનવું કાંઈને કાંઈ વાંચતા જ રહે. પુસ્તકો વસાવવાનો પણ ભોથાભાઈ શોખ ધરાવે છે. નીવૃત્ત થયા પછી ‘ગુજરાતી વીશ્વકોશ’ના બધા ભાગ તેમણે વસાવ્યા છે. હમણાં થોડાં વર્ષ અગાઉ એમના એક યુવાન પુત્રનું અવસાન થયું. પુત્રવધુ અને તેનાં સંતાનોની જવાબદારી ભોથાભાઈને શીરે આવી પડી. મેં ખરખરાની ટપાલ લખી. તો જવાબમાં ભોથાભાઈ આ મતલબનું લખે છેઃ ‘આ દુઃખમાં પણ ભગવાન પ્રત્યેની મારી શ્રદ્ધા ડગી નથી. એ મારું સદ્ ભાગ્ય છે. મારી એક જ પ્રાર્થના છે કે ઈશ્વર મને મારી જવાબદારી ઉપાડવાની શક્તી આપે. હું હીંમત હાર્યો નથી. હારીશ નહીં.’

ભોથાભાઈને મળવાનું બને છે ત્યારે તેમના વ્યક્તીત્વમાંથી આત્મશ્રદ્ધાભર્યા આ શબ્દોનો અવ્યક્ત રણકાર જાણે સંભળાય છે.

‘દૈવાયત્તં કુલે જન્મમ્ મદાયત્તં તુ પૌરુષમ્’ (કયા કુળમાં જન્મ લેવો તે દૈવના હાથમાં છે; પરંતુ પુરુષાર્થ મારા કાંડાબળની વાત છે.’

– મુનીકુમાર પંડ્યા

સંપર્કઃ 3 – ડુપ્લેક્સ, દુર્વેશનગર, જુનાગઢ – 362 001 ફોન – 0285-265 1372

મુનીકુમાર લીખીત પુસ્તક ‘ઓળખ્યાં તેવાં આલેખ્યાં’ (પ્રકાશક– ‘ગુજરાતી સાહીત્ય પરીષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, નદીકીનારે, અમદાવાદ–380 009, આવૃત્તી પહેલી–2007, પૃષ્ઠ–167, મુલ્ય–રુપીયા 90/-)માંથી સાભાર... ઉત્તમ ગજ્જર



169-1 : 21-06-2009

લગ્નજીવનની સફળતાનો આધાર – પરસ્પરની ઉદારતા

– વલ્લભ ઈટાલીયા

અનુક્રમણીકા

માણસના જીવનનું ધ્યેય છે–આનન્દ. જગતનું પ્રત્યેક યુગલ સ્નેહ અને સન્તોષથી હર્યુંભર્યું, પ્રસન્ન દામ્પત્યજીવન ઝંખે છે. મનુસ્મૃતીમાં પણ કહ્યું છેઃ ‘જ્યાં પત્નીથી પતી સન્તુષ્ટ હોય અને પત્ની પતીથી સન્તુષ્ટ હોય, એવા કુટુમ્બમાં સદાય કલ્યાણ વસે છે.’ સંસારમાં આજે આવું ‘કલ્યાણ’ ક્યાં અને કેટલાં ઘરોમાં? જાહેરમાં રુડાં–રુપાળાં, સુખી દેખાતાં દમ્પતીઓ પણ ખાનગીમાં લડી લેવાની કળા જાણતાં હોય છે! લગ્નજીવન લાંબું ચાલે, એથી દામ્પત્ય સુખી જ છે એમ માની લેવાની ભુલ કરવા જેવી નથી. આપણે ત્યાં તો મોટા ભાગનાં લગ્નો કાયમી જ ટકી રહે છે, શું એ બધાંનાં દામ્પત્ય આદર્શ જ હોય છે?

લગ્ન કરતાં પહેલાં યુવક–યુવતીએ કેવા પ્રકારની વ્યક્તી સાથે જીન્દગી વીતાવવાનું ફાવશે એ વીશે થોડું વીચારી રાખવા જેવું છે. યોગ્ય પાત્ર શોધતી વખતે પોતાની યોગ્યતા પણ યાદ રાખવામાં બન્નેની ભલાઈ છે. કેટલીકવાર

તો યુવક–યુવતીઓ ઉંચીઉંચી ધારણાઓનાં પોટલાં બાંધીને પરણે છે અને પછી પેટ ભરીને પસ્તાય છે! લગ્નો સામાન્યતઃ સમાન વીચારો, સમાન આર્થીક–સામાજીક કક્ષાએ થાય એ બહેતર માર્ગ છે. ઘણીવાર બન્ને પરીવારો વચ્ચેનો સામાજીક, આર્થીક મોટો તફાવત યુવક–યુવતીઓનાં એડ્‌જસ્ટ્‌મેન્ટમાં બાધક બને અને ભંગાણનું નીમીત્ત બને છે. અસમાન શારીરીક દેખાવથી જ કજોડું નથી સર્જાતું; અસમાન વીચારો પણ કજોડાનું સર્જન કરે છે.

અખંડ લગ્નજીવનનો આધાર દેહાકર્ષણ નહી; સ્નેહાકર્ષણ છે. પતી–પત્નીની શારીરીક તન્દુરસ્તી જ નહી; માનસીક તન્દુરસ્તી પણ એટલી જ મુલ્યવાન છે. માત્ર સારો ‘વાન’ પુરતો નથીઃ સારો ‘વીવેક’ પણ જોઈએ. તીજોરીમાં પૈસા વગર લગ્નજીવન ચાલે; પરન્તુ દીલમાં પ્રેમ વગર ન ચાલે. દમ્પતીની આંખો જ નહીં; દૃષ્ટી પણ દુરનું જોવાની હોવી જોઈએ. વાણી, વીચારો અને વ્યવહાર સુન્દર હોય એવાં યુગલની ચામડી કાળી હોય તો તેનાથી દમ્પતીની શોભા ઘટતી નથી. ઘણીવાર બહારથી સુંદર દેખાતાં યુગલો પણ ભીતરથી સાવ ભાંગેલાં હોય છે. દમ્પતી વચ્ચેના સ્નેહનો સેતુ તુટે ત્યારે સંતોષીમાના શુક્રવાર કારગત નથી નીવડતા! મનમેળ તુટે ત્યારે મહારાજાનું ઘર પણ તુટે અને મજુરનું ઘર પણ તુટે. ખમીસ તુટે ત્યારે સોયદોરો ચાલે; વીશ્વાસ તુટે ત્યારે

સ્નેહદોરો જ જોઈએ. શ્વાસ માણસને જીવાડે છે; વીશ્વાસ લગ્નજીવનને જીવાડે છે. એમર્સને સાચું જ કહેલું, 'અવીશ્વાસ ધીમી આત્મહત્યા છે.'

જે. કૃષ્ણમુર્તીએ દમદાર વાત લખી છેઃ 'માણસે બ્રહ્મચર્ય પાળવું તે શ્રેષ્ઠ છે; પરન્તુ બ્રહ્મચર્યમાં બળવા કરતાં પરણી જવાનું વધારે સારું છે!' લગ્ન કરવાં એ આસાન છે; પણ લગ્નજીવનને આનન્દપુર્વક નીભાવવું એ માણસ ધારે છે એટલું આસાન નથી. જીવન પારાવાર મુશ્કેલીઓ અને સમસ્યાઓથી સભર છે. દુનીયામાં કોઈ એવું દમ્પતી હશે જેની વચ્ચે કદી ઝઘડો ન થયો હોય? લગ્નજીવનનાં અઢાર વર્ષના અનુભવ પછી એવી સમ્ભાવના મને નહીવત્ લાગે છે. બે અલગ–અલગ કુટુમ્બમાં અને ભીન્નભીન્ન વાતાવરણમાં ઉછરેલી વ્યક્તીઓ સહજીવન માંડે ત્યારે કેટલાક વીચારભેદ અને કેટલોક સંઘર્ષ થવો સ્વાભાવીક છે. 'મર્યાદા'માં રહીને થતા ઝઘડા અનીવાર્ય છે અને આવકારદાયક પણ છે. સાવ ઘર્ષણ તો ત્યારે જ ન થાય જયારે, એક પક્ષકાર દ્વારા તમામ અત્યાચારો, જોહુકમી અને દમનને મુંગા મોઢે સહન કરી લેવામાં આવે. પતી હમ્મેશાં હુકમ બજાવતો રહે અને પત્ની હમ્મેશાં પડ્યો બોલ ઝીલતી રહે એવાં ઘર ઝઘડામુક્ત હોઈ શકે; પરન્તુ દુઃખમુક્ત ન હોઈ શકે. એક પાત્રની સમ્પુર્ણ શરણાગતી એ પણ લગ્નજીવનની અધોગતી છે.

કેટલાંક દમ્પતીઓમાં તો લગ્ન પછી પાંચ–દસ વરસમાં જ પાંચ–દસ જનમ સુધી ચાલે એટલી ઘૃણા પેદા થઈ જતી હોય છે. તીરાડ એટલી પહોળી પડે છે કે છુટાછેડા પછી પણ આક્રોશ જળવાઈ રહે છે. એક અત્યન્ત ધનવાન યુગલના છુટાછેડાના કેસમાં ન્યાયાધીશે એવો ચુકાદો આપ્યો કે, પતીએ બધી જ મીલકત વેચી નાખી જે રુપીયા આવે તેમાંથી અડધા રુપીયા પત્નીને આપવા. ન્યાયાલયના આદેશનું પાલન કરવા માટે પતીએ તેનું એક કરોડ રુપીયાનું ફાર્મહાઉસ માત્ર એક લાખ રુપીયામાં વેચી નાંખ્યું! અને તેની પત્નીને પુરા પચાસ હજાર આપ્યા! પત્નીએ આ બાબતે કોર્ટમાં ફરીયાદ કરી ત્યારે ન્યાયાધીશને જાણવા મળ્યું કે, પતી તો આ જ રીતે તેની બધી જ મીલકત મુળાના ભાવે ફુંકી મારવાની વેતરણમાં હતો! છુટા પડયા પછી પણ પોતે દુઃખી થવા તૈયાર; પરન્તુ પત્ની તો સુખી ન જ થવી જોઈએ!

મીત્રો, લગ્નજીવનમાં બાંધછોડ કર્યા વીના અને અનુકુલન સાધ્યા વીના સુખી થવાનું સહેલું નથી. દામ્પત્યજીવનના થોડા અનુભવ અને અભ્યાસ પછી મને એક વાત પાકી સમજાઈઃ થોડી મુશ્કેલી વેઠી લેવી, થોડીના સાથે મળી ઉકેલ કાઢવા અને થોડી મુશ્કેલીઓ પેદા થાય એ પહેલાં જ અટકાવવી–એ લગ્નજીવનને સમજવા, જાળવવા અને માણવા માટેનો સૌથી આસાન માર્ગ છે. કસ્તુરબાએ

ગાંધીજીનાં વીચારો અને કાર્યોને સ્વીકારી લીધાં એ લગ્નજીવનમાં અનુકુલન સાધી શકાય છે એનું પ્રમાણ છે. આચાર્ય કૃપલાણી અને સુચેતા કૃપલાણી જુદાજુદા રાજકીય પક્ષમાં રહ્યાં છતાં; લગ્નજીવનમાં સંપુર્ણ સુમેળ જાળવી શક્યાં, એ જરુરી બાંધછોડ કર્યા વીના શક્ય બન્યું હશે ખરું? પ્રસન્ન દામ્પત્ય એ તો સતત એકબીજાનાં સુખ માટે પ્રયત્નશીલ રહેવાની પ્રક્રીયા છે. લગ્નજીવનની સફળતાનું રહસ્ય જન્મકુંડળીમાં કે ગ્રહો પર નીર્ભર નથી; માણસની સમજણ, ઉદારતા અને સહયોગ પર નીર્ભર હોય છે.

મધુર વાણી એ દામ્પત્યજીવનની સૌથી મજબુત કડી છે. લગ્નજીવનને ગળાટુંપો આપવા માટે ક્રોધ એ પંખાનું અને કડવાં વચનો એ દોરડાનું કામ કરે છે! પતીપત્ની બન્નેના શોખ ભીન્નભીન્ન હોય તો, તે પ્રમાણે ઍડ્જસ્ટમેન્ટ સાધી લેવામાં કુટુમ્બની ભલાઈ છે. સજ્જન લાગતા પતીદેવ અને સન્નારી દેખાતાં શ્રીમતી પણ, આખરે તો માણસ જ હોય છે. તેઓ પણ ક્યારેક ભુલ કરી બેસે એ બહુ આંચકો આપનારી ઘટના નથી. જીવનમાં ભુલ થાય ત્યારે ખુલ્લા દીલે સ્પષ્ટતા કરી લેવામાં આવે, ભુલ કબુલી લેવામાં આવે અને દીલગીરી વ્યક્ત કરવામાં આવે તો આવી પડેલી આફતને ટાળવાનું વધારે મુશ્કેલ નથી હોતું. લગ્નજીવનની મોટાભાગની ઉપાધીઓ, સામેના પાત્રની નાની–નાની ભુલોને જડતાપુર્વક

પકડી રાખવામાં અને કદી માફ નહીં કરવામાં છુપાયેલી હોય છે. નાની ગેરસમજો લાંબા ગાળે મોટું સ્વરુપ ધારણ કરી કેટલીકવાર છુટાછેડાનો માર્ગ નીર્ધારીત કરી આપે છે.

સ્વમાન એ અભીમાનમાં પલટાય ત્યારે પતીપત્નીનાં યુદ્ધની જવાળાઓ બેડરુમની લક્ષ્મણરેખા પાર કરી આસપાસમાં પ્રસરી જાય છે. આ એક એવી આગ છે કે જે, ફાયર બ્રીગેડવાળાના ઘરમાં પણ ભડકી શકે! જે ઘરમાં ઝઘડો ઘર કરી જાય એ ઘરમાં પ્રેમને ગૃહપ્રવેશ કરવાની મનાઈ હોય છે. લાખો રુપીયાના ખર્ચે બાંધેલું વીશાળ ઘર એ ‘ઘર’ નથી રહેતું; માત્ર દીવાલોથી સર્જાયેલું ‘મકાન’ બની રહે છે. આલીશાન મકાનના વીશાળ છત્ર નીચે રહેવા છતાં, બાળકો માતાપીતાની છત્રછાયા માટે બાળભીક્ષુની જેમ ટળવળે છે.

પતીપત્નીનો ઝઘડો બાળકોના કાને અથડાય ત્યારે એવી અથડામણ ટાળવામાં કુટુમ્બનું કલ્યાણ છે. કાકાસાહેબ કાલેલકરે અમથું નથી કહ્યું, ‘બાળકોને પણ આબરુ હોય છે!’ ઝઘડો વધે ત્યારે બાળકોની શરમ પણ આડે ન આવે ત્યારે સમજવું, મા–બાપ બનવામાં ઉતાવળ કરી છે! આતંકવાદીઓની ક્રુરતા કરતાં અસભ્ય માતાપીતાની ક્રુરતા ભાવી પેઢી માટે ઓછી હાનીકર્તા નથી હોતી. જે. કૃષ્ણમર્તીની વાતમાં સચ્ચાઈ છેઃ ‘માણસને વકીલ કે દાક્તર બનવા માટે ભારે તાલીમ આપવામાં આવે છે; પરન્તુ માબાપ બનવા માટે

કોઈ તાલીમ આપવામાં નથી આવતી!' મીત્રો, માણસ દુનીયાનો ગમે તે ધર્મ પાળતો હોય પણ; કુટુમ્બધર્મ પાળવામાં નીષ્ફળ નીવડે તેને તો અધર્મી જ સમજવો!

'ઘર'થી વધારે આદર્શ શાળા મારા ધ્યાનમાં નથી. માતાથી વધારે મોટા શીક્ષકને હું કદી મળ્યો નથી. પરીવારથી મોટું વીશ્વવીદ્યાલય દુનીયામાં ક્યાંય બંધાયું નથી. માતાપીતાના ખરાબ વર્તનથી બગડેલાં બાળકોને સુધારવામાં, શાળાના શીક્ષકોએ પણ હાથ ધોઈ નાંખવા પડે! જે ઘરમાં માતાપીતા વચ્ચે સ્નેહ–સમ્બન્ધ ન હોય એ ઘરમાં બાળકોને પ્રેમ, સ્નેહ અને લાગણીના ઉપવાસ કરવા પડે છે. અઢળક ધનદોલત વચ્ચે પણ બાળકો સાવ ગરીબડાં રહી જાય છે. બાળકોની લાગણીઓને બચપણમાં જ ઉઝરડા પાડનાર મા–બાપને ઘડપણમાં વૃદ્ધાશ્રમોની દયા પર જીવવાનો હક્ક છે.

છુટાછેડાના કેસોમાં અદાલત પતી કે પત્નીને ન્યાય આપી શકે; પણ બાળકોને થતાં અન્યાયનું શું? ન્યાયાલયો કદાચ સ્ત્રીઓને ત્રાસમાંથી મુક્તી કે ખોરાકી અપાવી ભુખમરાથી છોડાવી શકે; પરંતુ એમનાં બાળકોને પ્રેમ, સ્નેહ અને લાગણીઓના ભુખમરાથી કોણ છોડાવે? બાળકો થયાં પછી દામ્પત્ય–સમ્બન્ધ તુટે ત્યારે માત્ર એ સમ્બન્ધ જ નહી; બાળકોનું ભવીષ્ય પણ તુટતું હોય છે.

અમેરીકામાં જગતનાં પહેલા વહેલા કાયદેસર છુટાછેડા ૧૬૩૯માં શ્રીમતી જેમ્સ લક્સ ફોર્ડે લીધેલા. ડાયવોર્સ એ અમેરીકાનું કલ્ચર છે. વાતવાતમાં ‘વાત’ ડાયવોર્સ સુધી પહોંચી જાય તો ભારતમાં ભાગ્યે જ કોઈ ઘર સલામત રહી શકે. કેટલાક તો ઢાંઢા જેવડા થાય તોય એકબીજાના વાંધા કાઢવાનું શોધતા રહે છે! એકબીજાની ઉણપ, રસ–અભીરુચી, સ્વભાવગત ખાસીયત અને અનુકુળ–પ્રતીકુળ સ્વભાવ બધાંને કેમ જાળવી લેવાં, સહન કરી લેવાં– એવી ઉદાર ભાવનામાં ક્યાંક પ્રસન્ન દામ્પત્યનું રહસ્ય છુપાયેલું હોય છે.

હસ્તમેળાપની સાથે દીલમેળાપની વીધી કરાવવાની વ્યવસ્થા વીચારવા જેવી છે! નથી લાગતું કે, લગ્નમંડપમાં નવદમ્પતીના છેડાછેડીની સાથે મીત્રતા પણ બંધાવી જોઈએ? નીત્શેએ જાણી રાખવા જેવી વાત કરી છે, ‘પ્રેમની ખામીને કારણે નહીં; પણ મૈત્રીની ખામીને કારણે લગ્નજીવન દુઃખી થાય છે. રોમેન્ટીક પ્રેમનો નશો ઓછો થાય પછી પતી–પત્ની વચ્ચે મૈત્રી બચવી જ જોઈએ. મૈત્રીની ભાવના પતી–પત્ની વચ્ચેથી ચાલી જાય તો પછી લગ્નનું વહાણ ડુબી જાય છે અને પછી દમ્પતીને તરવા માટે તુટેલું પાટીયું પણ મળતું નથી.’

મીત્રો, લગ્ન કરવાં અને તોડવાં કરતાં લગ્ન ટકાવવાં એ વધારે મહેનતનું કાર્ય છે. છુટાછેડા એ તો છેક છેવાડાનો વીકલ્પ છે. પૈસાના જોરે પતી કે પત્ની સહેલાઈથી મળી શકે; જીવનસાથી નહીં. સાચો જીવનસાથી શોધનારે પહેલાં સાચા જીવનસાથી બનવું પડે છે. યાદ રાખજો, દમ્પતીઓના દૈનીક ઝઘડાઓથી નર્ક વધારે ખરાબ નથી હોતું!

પ્રસાદ

મહાકવી કાલીદાસના 'શાકુન્તલ'માં દુષ્યન્ત રાજાને પરણી સાસરે જતી શકુન્તલાને વીદાય આપતા તેના પાલક પીતા (ઋષી કશ્યપ) અદ્ ભુત ઉપદેશ આપે છેઃ

"વડીલોની સેવા કરજે, સપત્નીઓ (સોતન) પ્રત્યે પણ પ્રીય સખી જેવું વર્તન દાખવજે, પતી ક્યારેક ગેરવર્તન આચરે તેથી ગુસ્સે થઈશ નહીં, નોકરો પ્રત્યે પણ વીનયથી વર્તજે અને તને મળેલા સારા ભાગ્ય બદલ કદી ફુલાતી નહીં. સદાચારથી જ સ્ત્રીઓ આદર્શ ગૃહીણીપદ પ્રાપ્ત કરે છે, એથી ઉલટું વર્તન કરનારી સ્ત્રીઓ આખા કુળને પીડે છે."

– વલ્લભ ઈટાલીયા

સંપર્કઃ B-74, હંસ સોસાયટી, વરાછા રોડ, સુરત–395 006

મોબાઈલ: 93745 56018

ઈ–મેઈલઃ vallabhitaliya@yahoo.com



169-2 : 05-07-2009

અનોખું સુખ

– 'હરીશ્ચંદ્ર'

અનુક્રમણીકા

એકેક ફોટો જોઈ મારી આંખ પહોળી થઈ જતી હતી. બાજુમાં બેસીને જગુભાઈ કૉમેન્ટ્રી આપતા જતા હતા.

'આપણા રસ્તા તો અમેરીકાના રસ્તાની સરખામણીમાં ગલીકુંચી જેવા. રસ્તામાં ક્યાંય ખાડો નહીં કે ઉબડખાબડ નહીં. કાર તો પાણીના રેલાની જેમ સરકી જાય. દોઢસો કીલોમીટરની ઝડપે જતા હો, તોય તમારા પેટનું પાણી ન હાલે.'

'આ જુઓ! ક્યાંય રસ્તો દેખાય છે? બસ, કાર જ કાર. છતાં ક્યાંય ટ્રાફીક જામ નહીં. ન્યુયૉર્કનો આ સૌથી ક્રાઉડેડ રોડ.'

જગુભાઈ હમણાં જ અમેરીકા દીકરા પાસે જઈને આવેલા. મને ખાસ પોતાના ઘરે ત્યાંના ફોટા જોવા બોલાવેલો. એક એક ફોટો દેખાડતા જાય અને તેનું વર્ણન કરતા જાય.

'આ છે, નાયગ્રા ફૉલ્સ. તેની સામે આપણે ત્યાંના ધોધ તો બચ્ચાં. તેનો અવાજ એટલો કે બાજુમાં ઉભેલા

માણસ સાથે મોટેથી બરાડીને બોલીએ તોયે તેને સંભળાય નહીં.' – કહેતાં જગુભાઈનો અવાજ એટલો ઉંચો થઈ ગયો કે મારે કાને હાથ દેવા પડ્યા!

'અમેરીકા એટલે સ્વર્ગ છે સ્વર્ગ! અમેરીકા ન જોયું તો તમારું જીવન એળે ગયું.'

લગભગ બે કલાકે આ બધું જોઈ–સાંભળી હું જ્યારે પાછો ફર્યો, ત્યારે મને થયું કે અમારા સતીશનેય અમેરીકામાં નોકરી મળી હોત, તો અમેય જગુભાઈની જેમ અમેરીકાનું સ્વર્ગ જોઈ આવ્યા હોત. જગુભાઈનો વીનાયક અમેરીકા ગયો અને ત્યાંનો તે વીકી થયો. સતીશ વીનાયક કરતાં તો ઘણો વધુ હોશીયાર. તેણે પણ જવા માટે પ્રયત્ન કરેલો; પણ કાંઈ કારી ફાવી નહીં. મારા મનમાંયે તેનો કણસાટ રહી ગયેલો. જગુભાઈનું આ બધું સાંભળીને મને ફરી થોડો સણકો ઉઠ્યો.

સતીશને મુંબઈમાં ઘણા સારા પગારની નોકરી મળેલી. બે–પાંચ વરસમાં મોટો ફ્લેટ લીધો અને કાર પણ ખરીદી. બે–ચાર મહીને આખા કુટુંબ સાથે આવીને મળી જાય, અમનેય મુંબઈ બોલાવે. એની પત્ની પણ ડાહી ને પ્રેમાળ. વહુ–દીકરો બેઉ અમારા પર બહુ પ્રેમ રાખે. આવે ત્યારે કંઈ ને કંઈ લઈ આવે.

મારી પત્ની તો આથી બહુ ખુશ. પરંતુ મારા મનમાં હમેશાં સતીશની અને વીકીની સરખામણી થયા કરે, ને મારું મન ખાટું થઈ જાય. જગુભાઈ પાંચેક વરસે બીજી વાર પણ દીકરા પાસે જઈ આવ્યા. એમની વાતો સાંભળી, ત્યાંની અવનવી ચીજવસ્તુઓ જોઈ મારા મનમાં અભાવો જાગે.

જગુભાઈ અને હું એક જ ઑફીસમાં કામ કરીએ. ઑફીસમાંયે જગુભાઈનું અમેરીકા–પુરાણ ચાલુ જ હોય. બધા મંત્રમુગ્ધ થઈને સાંભળે. જગુભાઈની વાતોમાં વારંવાર એક જ ધ્રુવપદ ઘુંટાય – 'અમેરીકા એટલે અમેરીકા!'

એમ કરતાં–કરતાં જગુભાઈ નીવૃત્ત થયા. અમે બન્ને લગભગ સરખી જ ઉંમરના. એકાદ વરસમાં હુંયે નીવૃત્ત થયો. મળવાનું હવે ઓછું થતું; છતાં વચ્ચે–વચ્ચે મળવા આવે. અને ત્યારે અમેરીકાની જ વાતો અને ફોટા. છેલ્લે આવ્યા ત્યારે ફોટો બતાવતાં અડધા–અડધા થઈ જતા હતા. એક ભવ્ય શાનદાર બંગલો અને પોર્ચમાં ઉભેલી શાનદાર કાર! 'આ બંગલો ને નવી કાર મારા વીકીએ ખરીદી.' એમને મોઢે મેં વખાણ તો કર્યાં; પણ મનમાં નીસાસો નંખાઈ ગયો.

આમ, બીજાં એકાદ–બે વરસ નીકળી ગયાં. વચ્ચે–વચ્ચે જગુભાઈ ઘરે આવે. મારી પત્નીએ નોંધ્યું કે એમની વાતોમાં હવે વીકીની અને અમેરીકાની વાતો થોડી ઓછી

આવે છે. મેં કહ્યું, ‘ઉંમર પ્રમાણે સ્વભાવમાં ફરક પડે.’

‘હા, તમારામાંયે તો ફરક પડ્યો જ છે ને! પહેલાં તમે ક્યાં મારું કંઈ સાંભળતા?’

‘હવે તો સાંભળું છું ને!’

‘લ્યો ત્યારે! આજે જલદી નહાઈ–ધોઈને તૈયાર થઈ જાવ.’

‘કેમ આજે કંઈ નવીન છે?’

‘બસ, હું કહું છું ને!’

કહ્યાગરા કંથની જેમ હું ઝટઝટ દાઢી કરી નહાઈને આવ્યો. ત્યાં શ્રીમતીજી રેશમી ઝભ્ભો લઈને ઉભાં હતાં.

‘પણ આજે છે શું?’

એ મલકી; પણ કંઈ બોલી નહીં. હું હજી તૈયાર થઈને બેઠો, એટલામાં બેલ વાગ્યો. બારણું ઉઘડ્યું. અને જોઉં છું તો સતીશ, એની પત્ની અને બે બાળકો, ‘હેપી બર્થ ડે ટુ યુ!... હેપી બર્થ ડે ટુ યુ!’ બાળકો તો ‘દાદા...દાદા’ કરતાં મને વળગી જ પડ્યાં.

બધાંએ મને લઈ જઈ દીવો પ્રગટાવ્યો, મારી પાસે કેક કપાવી, વહુએ મારી આરતી ઉતારી. બધાં મને ઉમળકાભેર પગે લાગ્યાં.

‘આજે તમારો ૬૧મો જન્મ–દીવસ. તમે ૬૦ પુરાં કર્યાં. ષષ્ઠી–પુર્તી ઉજવવી જોઈએ ને! એટલે આજે સતીશે

ખાસ રજા લીધી. અમે મમ્મીને કહેલું કે એકદમ સરપ્રાઈઝ આપવાની છે!' – વહુ બોલતી હતી, એનાં વેણે વેણે મીઠાશ ઝરતી હતી.

અમે એ મીઠાશ માણતાં બેઠાં હતાં, ત્યાં ફરી બેલ વાગ્યો. જગુભાઈ અને એમનાં પત્નીએ આવીને 'હેપી બર્થ ડે' કહેતાં પુષ્પગુચ્છ આપ્યો. સતીશને અને એના કુટુમ્બને જોતાં એમને આશ્ચર્ય થયું. આને માટે ખાસ આવ્યાં છે, જાણી વળી વધુ આશ્ચર્ય થયું. એક ક્ષણભર એમના મોઢા પર વાદળું પસાર થઈ ગયું હોય એવું લાગ્યું.

'તમે ખરા આજે ટાણાસર આવી ગયાં!'

'અરે, હવે સમય કેમ ગાળવો તે સવાલ છે. ઘરમાં અમે બે એકલાં! એટલે અમે ઓળખીતાં–પાળખીતાં, દોસ્તાર સૌની યાદી બનાવી છે. દરેકની જન્મ–તારીખ નોંધી રાખી છે. જન્મ–દીને એમને ત્યાં જઈને 'હેપી બર્થ ડે' કહી આવવું. અમારાં દીકરો–વહુ–પોતરાં બધાં દુર દુર અમેરીકામાં. એટલે આવા પ્રસંગો અમારે માટે દોહ્યલા થઈ પડ્યા છે!'

'જગુકાકા! આજે હવે જમીને જ જજો. અને તમારો જન્મ–દીવસ પણ આપણે આવી જ રીતે ઉજવીશું. હું મુંબઈથી ખાસ આવીશ. જેવો વીકી તેવો હું, નહીં?'– સતીશે એટલા પ્રેમથી કહ્યું કે જગુભાઈ ગળગળા થઈ ગયા!

'સતીશ અમેરીકા ન ગયો' તેનું અનોખું સુખ મેં પહેલી વાર અનુભવ્યું.

– 'હરીશ્ચંદ્ર'

(શ્રી વીજય નારાયણ દેવની મરાઠી વાર્તાને આધારે)



170-1 : 19-07-2009

ગઝલ–રાઠોડ

–બી.કે.રાઠોડ 'બાબુ'

અનુક્રમણીકા

(1)

કૈંક પીડા પીગળે, ત્યારે ગઝલ સર્જાય છે,
આંસુ જ્યારે ઓગળે, ત્યારે ગઝલ સર્જાય છે.

આહ દીલથી નીકળે, ત્યારે ગઝલ સર્જાય છે.
જામ ચીસોના ઢળે, ત્યારે ગઝલ સર્જાય છે.

જખ્મ જુના સળવળે, ત્યારે ગઝલ સર્જાય છે.
ભીતર કૈંક ખળભળે, ત્યારે ગઝલ સર્જાય છે.

વેદના ટોળે વળે, ત્યારે ગઝલ સર્જાય છે.
સેંકડો સપનાં બળે, ત્યારે ગઝલ સર્જાય છે.

ડુસકાં સૌ ટળવળે, ત્યારે ગઝલ સર્જાય છે.
હોય કાં ડુમો ગળે, ત્યારે ગઝલ સર્જાય છે.

ઠોકરો જ્યારે મળે, ત્યારે ગઝલ સર્જાય છે.
શબ્દમાં લોહી ભળે, ત્યારે ગઝલ સર્જાય છે.

જીન્દગી ખુદને છળે, ત્યારે ગઝલ સર્જાય છે.
મોત આવે અટકળે, ત્યારે ગઝલ સર્જાય છે.

(2)

આંગણું દે આવકારો, ઘર મને એવું ગમે,
બારણાં બોલેઃ 'પધારો', ઘર મને એવું ગમે.

હો પગરખાંનો પથારો, ઘર મને એવું ગમે,
હોય જે ઘરને ઘસારો, ઘર મને એવું ગમે.

કાયમી જ્યાં છમ્મલીલાં લાગણીનાં ઝાડ હો,
કાયમી જ્યાં હો બહારો, ઘર મને એવું ગમે.

નીંદની ચાદર હટાવે, ઝાડવાંના કલરવો,
હો સુગંધી જ્યાં સવારો, ઘર મને એવું ગમે.

જે ઘરે લાગે અજાણ્યાનેય પણ પોતાપણું,
લોક ચાહે ઉતારો, ઘર મને એવું ગમે.

થાકનો ભારો ઉતારે, કોઈ આવી ડેલીએ,
સાંપડે જ્યાં હાશકારો, ઘર મને એવું ગમે.

મંદીરો જેવું પરમ સુખ, સાંપડે જ્યાં જીવને,
જ્યાં રહે ચડતો સીતારો, ઘર મને એવું ગમે.

(3)

સ્હેજ શેરી સાંભરી ને બાળપણ બેઠું થયું,
મેં નજર પાછળ કરી ને બાળપણ બેઠું થયું.

ભાવતી ચીજો અને સૌ ફેરીયાઓ સાંભર્યા,
જીભ આ હોઠે ફરી ને બાળપણ બેઠું થયું.

લાલ આંખો થૈ હતી કૈં ધુબકા માર્યા પછી,
આંખ આ ચોળી જરી ને બાળપણ બેઠું થયું.

યાદ આવી ગૈ ફરીથી આજ જુની વારતા,
ઉડતી આવી પરી ને બાળપણ બેઠું થયું.

યાદ આવ્યા સ્વપ્નમાં કૈં રાક્ષસોના મુખવટા,
નીંદથી જાગ્યો ડરી ને બાળપણ બેઠું થયું.

સ્વર્ગ શો ખોળો અને હેતાળ ફરતો હાથ એ,
મા મને એ સાંભરી ને બાળપણ બેઠું થયું.

મોજ મસ્તીના દીવસ કેવા હતા, કોને કહું?
હું રડ્યો ખોબો ભરી ને બાળપણ બેઠું થયું.

(4)

ખુશી કેટલી દુશ્મનોને મળે છે?
તમારી કથામાં મને સાંકળે છે.

કરું તો કરું વાત કેમે તમારી?
હવા કાન દઈને બધું સાંભળે છે.

નથી સ્વપ્ન મારાં થયાં કે થવાનાં,
બધાં જેમ એ પણ મજેથી છળે છે.

મને જોઈ વળતો તમારી ગલીમાં,
તમારા તરફ કાં નજર સૌ વળે છે?

બચાવી રહ્યો છે મને માત્ર ઈશ્વર,
નહીં તો ગળું રોજ ખંજર તળે છે.

ભભુકી ઉઠે છે બધે આગ પળમાં,

મને જોઈ તારી નજર જો ઢળે છે.

મને સાંત્વના દઈ હવે ના સતાવો,

વળે સ્હેજ ટાઢક તો જખ્મો કળે છે.

નથી 'બાબુ' અમસ્તી જ રાતી ગુલાબી,

હૃદયની ગલીથી ગઝલ નીકળે છે.

(5)

દર્દની ભાષા ભણાવી જોઈએ,

ચાલ, સુરજને રડાવી જોઈએ.

વાત ભીતરથી કઢાવી જોઈએ,

રગ પછી દુખતી દબાવી જોઈએ.

આયનો ચોખ્ખા સરોવરનો ધરી,

દુરથી એને ડરાવી જોઈએ.

કૃષ્ણલીલા કેમ ના જોવા મળે?

હાથને થોડો જલાવી જોઈએ.

જીતનારા જીત ના ઉજવી શકે,
હાર કૈં એવી જ થાવી જોઈએ.

અશ્રુ, ડુમો, ડુસકાં ને ચીસથી,
તાજ યાદોનો ચણાવી જોઈએ.

દુર કાં ભાગ્યા કરે છે ગામથી?
લાવ, મૃગજળને મનાવી જોઈએ.

પાત્ર ઈશ્વરનું એ ભજવે શક્ય છે,
આવ, પથ્થરને પટાવી જોઈએ.

શબ્દનો મંડપ સજાવી કાગળે,
મૌનનો ઉત્સવ મનાવી જોઈએ.
જીન્દગીને મન કદી એનું થયું,
મોતથી પંજો લડાવી જોઈએ.

બેસણું લાગે કવીનું બેસણું,
ત્યાં ગઝલ બે–ચાર ગાવી જોઈએ.

(6)

દર્દ જેવું ત્યાં કશું દેખાય છે,

આંગળી મારા તરફ ચીંધાય છે.

ઝેર અફવાનું વહે છે ચોતરફ,

શ્વાસ મારા એટલે રુંધાય છે.

આ તરફ હું, એ તરફ આખું જગત,

પ્રેમમાં હમ્મેશ આવું થાય છે.

કાચ જેવા હોય છે સમ્બન્ધ સૌ,

તડ પડે તો ક્યાં કદી સન્ધાય છે?

ઠેસ કેવી આકરી લાગી હશે?

લાગણી મારી હજી લંઘાય છે.

કોઈ પુછે આજ પણ ઈશ્વર વીશે,

હાથ મારો એ તરફ લંબાય છે.

થૈ ગઝલ રોયા કરે છે રાત દી’,

સ્વપ્ન જે કાચી વયે રંડાય છે.

(7)

મેં ઉકેલ્યો ખુબ ઘેરો ભેદ છે,
ઝાંઝવાં રણને વળ્યો પ્રસ્વેદ છે.

શ્યામલી આ રાત બીજું કૈં નથી,
તપ્ત સુરજને મળેલી કેદ છે.

પત્ર છે વાદળ, નદીનો ફ્હાડને,
વ્યક્ત એમાં દર્દભીનો ખેદ છે.

કોઈ ના વાંચી શકે, પામી શકે,
માનવી તો વણઉકેલ્યો વેદ છે.

જીન્દગીમાં કાંઈ પણ ટકતું નથી,
આ હથેળીમાં કહો ક્યાં છેદ છે?

(8)

સાવ ખાલી ક્યાં પીયાલી હોય છે?
કૈં નહીં તો પાયમાલી હોય છે.

ક્યાં કરે છે કોઈ મીઠી વાત બે?

જે મળે છે બસ સવાલી હોય છે.

આ મુહોબત ઝાંઝવાંની જાત છે,
નીત્ય દેતી હાથતાલી હોય છે.

હોય છે ક્યાં કોઈ માણસ એકલો?
જાત સાથે છાંય ચાલી હોય છે.

જાતને પણ છેતરે છે પ્રેમથી,
માનવી કેવાં મવાલી હોય છે?

ભીડ જેવું એટલે લાગ્યા કરે,
સાંકડી ખુદની જ ચાલી હોય છે?

દુખ–દર્દો એ જ આપે 'બાબુજી',
ચીજ જે સૌથી વહાલી હોય છે.

(9)

ઝાંઝવાં થૈ જળ અહીંથી ત્યાં સુધી,
ઝળહળે છે છળ અહીંથી ત્યાં સુધી.

ટળવળે છે હર કળીની બાંહમાં,
આંસુ થૈ ઝાકળ અહીંથી ત્યાં સુધી.

એ મળે તો ક્યાં મળે બ્રહ્માંડમાં?
વીસ્તરી અટકળ અહીંથી ત્યાં સુધી.

તોય વરસે ગમ અહીં, ને ત્યાં ખુશી,
એક છે વાદળ અહીંથી ત્યાં સુધી.

બેય છેડે સરખા હાલ છે,
જોઈ લે, બે પળ અહીંથી ત્યાં સુધી.

(10)

ઈશારો મુક પથ્થરનો, તને સમજાય તો સારું,
સવેળા અર્થ ઠોકરનો, તને સમજાય તો સારું.

જગતની રંગભુમી પર, તમાશો જીન્દગીનો છે,
મજાનો ખેલ ઈશ્વરનો, તને સમજાય તો સારું.

વધારો થાય માત્રાનો, પછી હર ચીજ બુરી છે,
ટકોરો છે ખરેખરનો, તને સમજાય તો સારું.

સુનામી રુપ લૈ કાં બંધનો તોડ્યાં કીનારાએ?
બળાપો સાત સાગરનો, તને સમજાય તો સારું.

ન જાણે મોત કેવું રુપ લઈને આવશે તારું,
હશે કીસ્સો ઘડીભરનો, તને સમજાય તો સારું.

લખી છે વાત દીલની મેં અહીં બે–ચાર ગઝલોમાં,
ઝુરાપો જીન્દગીભરનો, તને સમજાય તો સારું.

–બી.કે.રાઠોડ ‘બાબુ’–

કવી સંપર્કઃ 10, ચંદ્રનગર સોસાયટી, જી.આઈ.ડી.સી, ફેઈસ-4 પાસે, વઢવાણ–363 030
જી. સુરેન્દ્રનગર. મોબાઈલઃ 98799 63708 ઈ–મેઈલઃ
143901@orientalinsurance.co.in

કવીનો ગઝલ સંગ્રહઃ ‘અહીંથી ત્યાં સુધી’, પ્રથમ આવૃત્તીઃ 2006, પ્રકાશકઃ પોતે–સરનામું ઉપર મુજબ,
પાનાં : 68, મુલ્યઃ 50 રુપીયા, (ગુજરાતી સાહીત્ય અકાદમીની સહાયથી પ્રકાશીત)




અને છેલ્લે... ...

શહેરમાં વસનારા લોકોના પગનાં તળીયાં ભારે કમનસીબ હોય છે. મોજાંની, પગરખાંની અને ડામરનાં લીંપણની શરમ છાંડીને એ બીચારાં તળીયાં, પોચી, રવાદાર અને સ્પર્શવૈભવ ધરાવનારી માટીના સીધા સમ્પર્કમાં આવવા જ નથી પામતાં. લીલા કુમળા ઘાસ પર કે તાજી ખેડાયેલી ધરતી પર કે દરીયાકીનારે પથરાયેલી ઈસ્ત્રીદાર રેતી પર ચાલવાનો વૈભવ તો પગના તળીયાંનો 'સ્વાદ' છે. ભગવાને પગનું સર્જન બુટમોજાંની જનમટીપ વેઠવા માટે નથી કર્યું. જેને જીવનમાં ક્યારેય એકાદ કાંટો પણ વાગ્યો નથી, એ માણસને પ્રેમ શું એની ખબર પડે ખરી?

–ગુણવંત શાહ

05 જુલાઈ 2009ના 'દીવ્ય ભાસ્કર'ની રવીવારીય પુર્તીમાંની એમની કટાર 'વીચારોના વૃંદાવન'માંથી સાભાર...



જે દીવસે માનવજાત વૃક્ષમાં મંદીરનાં દર્શન કરશે અને પાંદડાંઓમાં તેત્રીસ કોટી દેવતાઓનો નીવાસ નીરખશે તે દીવસે પૃથ્વી પરથી યુદ્ધ નાબુદ થશે. વૃક્ષ પવીત્ર છે; કારણ કે વૃક્ષત્વ વીના મનુષ્યત્વ એક મીનીટ પણ ટકી શકે તેમ નથી.

ઉત્ક્રાન્તીના ક્રમની દૃષ્ટીએ પણ વૃક્ષ મનુષ્યથી ખાસ્સું સીનીયર છે. વૃક્ષ ભણી નજર નાખવાની ફુરસદ આપણી પાસે નથી. આકાશમાં પથરાયેલા મેઘધનુષને નીરખવા માટે એક ખાસ મીનીટ આપણી પાસે છે ખરી?

– – – – –

દગો દીધા પછી જો માણસ શરમથી નીચું જોઈ જાય, તો તેનાં ઓવારણાં લેજો. માનવજાતને ટકાવી રાખવા માટે જવાબદાર એવી બે આખોની શરમનો એ માલીક અડધો સાધુ ગણાય. એક માણસ કેવળ માણસ તરીકે ટકી રહે તે માટે ખુબ જ મથવું પડે તેવી આ સદીમાં 'માણસ' તરીકે જીવી ગયેલા કોઈ સામાન્ય જણને ઘરે જવાનું બને ત્યારે કોઈ આશ્રમમાં જતા હો એવો ભાવ સેવવા જેવો છે. ગૃહસ્થાશ્રમ એક એવો આશ્રમ છે, જેને કારણે બાકીના ત્રણે આશ્રમો ટકી રહ્યા છે. સંસાર અસાર નથી..

–ગુણવંત શાહ

12 જુલાઈ 2009ના 'દીવ્ય ભાસ્કર'ની રવીવારીય પુર્તીમાંની એમની કટાર 'વીચારોના વૃંદાવન'માંથી સાભાર...



170-2 : 19-07-2009

કથા એક–અર્થ અનેક

–મોહમ્મદ માંકડ

અનુક્રમણીકા

(અહીં એક સુફી કથા રજુ કરી છે. આ કથાની વીશીષ્ટતા એ છે કે, જુદા જુદા સ્તરના વાચકો કે શ્રોતાઓને તે જુદી જુદી રીતે, જુદા જુદા સન્દર્ભમાં સમજાય છે. સામાન્ય વ્યક્તી એમાંથી અમુક અર્થ તારવે છે, તો વીદ્વાન જુદો જ અર્થ તારવી શકે છે અને શ્રદ્ધાવાન કે ભક્ત વળી જુદી જ રીતે તેને સમજે છે. તેમાંથી કોઈ એક જ પ્રકારનો બોધ તારવી શકાતો નથી. તેનું આંતરીક પોત એવું ગુમ્ફીત હોય છે કે તે માનવીના વીશાળ સમુહને સ્પર્શી શકે છે.

તો–

અહીં આપેલ કથામાંથી તમે શું સમજો છો તે તમારે વીચારવાનું છે.)



એક નાનકડા ગામમાં, એક ગરીબ ભરવાડ બકરીઓ રાખીને પોતાના કુટુમ્બનું ભરણ–પોષણ કરતો હતો. તે બોલી શકતો હતો; પરન્તુ તદ્દન બહેરો હતો.

તાજું, લીલું ઘાસ ચરાવવા માટે રોજ બકરીઓને લઈને એ ગામથી થોડે દુર આવેલી ટેકરી ઉપર લઈ જતો હતો. એ બહેરો હતો એ ખરું; પરન્તુ એથી એને કશો ફરક પડતો નહોતો. એક દીવસ એણે જોયું તો એને ખબર પડી કે એની પત્ની બપોરનું એનું ભાતું આપવાનું જ ભુલી ગઈ હતી. અગાઉ આવું બન્યું ત્યારે દીકરા સાથે પાછળથી એણે ભાતું મોકલી આપ્યું હતું; પરંતુ આજે તો સુરજ માથે આવી જવા છતાં, હજી સુધી કશું આવ્યું નહોતું.

ભરવાડે વીચાર્યું કે હું ઘરે જઈ આવું. દીવસ આથમે ત્યાં સુધી ભુખ્યા પેટે હું અહીં રહી નહીં શકું. એની નજર ટેકરી ઉપર ઘાસ વાઢતા એક માણસ પર પડી. એની પાસે એ પહોંચી ગયો અને કહ્યું, "ભાઈ, મારી બકરીઓ પર જરા નજર રાખતા રહેશો? એટલું જો જો કે એ બધી આઘીપાછી ન થઈ જાય. મારી પત્નીએ મુર્ખાઈ કરી છે. આજે મારું બપોરનું ખાણું મુકવાનું જ ભુલી ગઈ છે. એ માટે મારે ઘરે જવું પડશે."

હવે, પેલો ઘાસ કાપવાવાળો પણ બહેરો હતો. એણે એક શબ્દ પણ સાંભળ્યો નહોતો. એટલે એણે કહ્યું, "હું મારા ઢોર માટે જે ચારો કાપું છું એમાંથી તને મારે શા માટે કાંઈ આપવું જોઈએ? મારે ઘરે એક ગાય અને બે ઘેટાં છે. જો તને ઘાસ આપું તો એના માટે ઘાસ લેવા માટે એને ઘણે દુર જવું

પડશે. અત્યારે મારી પાસે થોડુંઘણું લઈ જવા માટે છે એમાંથી હું તને કશું આપવા માગતો નથી. માટે મારો પીછો છોડ."

એણે હાથ હલાવ્યો, ‘‘જા ભાઈ, જા.’’ અને મુછમાં હસ્યો. પણ બકરીવાળા બહેરા ભરવાડે તો કશું જ સાંભળ્યું નહોતું. એણે કહ્યું, "મારા મીત્ર, સંમત થવા બદલ આભાર. હું જઈને તરત જ પાછો આવું છું. ઈશ્વરના આશીર્વાદ તમારા પર હજો, તેં મારા મનને શાંતી આપી છે." દોડતો દોડતો તે ગામમાં પહોંચ્યો અને પોતાના ઘરે જઈને જોયું તો તેની પત્ની તાવમાં પટકાયેલી હતી અને એક પડોશી બાઈ તેની સંભાળ લઈ રહી હતી. ભરવાડ પોતાનું ભાતું લઈને ફરી ટેકરી પર પહોંચી ગયો. એણે બકરીઓ ગણી લીધી. પુરેપુરી હતી, એક પણ આઘીપાછી થઈ નહોતી.

પેલો ચારો વાઢવાવાળો તો હજી પોતાના કામમાં વ્યસ્ત હતો. બકરીવાળો ભરવાડ મનોમન બોલ્યો, ‘ચારો વાઢતો આ માણસ કેટલો ભલો કહેવાય! એણે બરાબર ધ્યાન રાખ્યું છે કે મારું એક પણ પશુ રખડતું–ભટકતું ક્યાંય ચાલ્યું ન જાય. મારે એની આ મહેરબાની બદલ એનો આભાર ન માનવો જોઈએ. મારી આ એક નાનકડી બકરીનો એક પગ આમેય ખરાબ છે. હું એ બકરી જ એને ભેટ આપી દઉં તો કેમ?’ બકરીને એણે ખભે નાખી અને પેલા તરફ ચાલવા માંડ્યું. નજીક પહોંચીને કહ્યું, "જો ભાઈ, હું નહોતો ત્યારે તેં મારી બકરીઓનું

ધ્યાન રાખ્યું હતું એટલે હું તારે માટે આ ભેટ લાવ્યો છું. મારી કમનસીબ પત્નીને આજે તાવ આવ્યો છે. મને લાગે છે કે મારો આટલો જ ખુલાસો પુરતો છે."

પરંતુ ચારો ભેગો કરતાં એ બહેરાએ ભરવાડના કોઈ શબ્દો સાંભળ્યા નહોતા. એ ક્રોધથી બરાડ્યો, "સાલા, હલકટ ભરવાડ, તું નહોતો ત્યારે મેં એ તરફ નજરેય કરી નથી. તારી બકરીનો પગ લંગડો થઈ જાય એમાં હું કઈ રીતે જવાબદાર ગણાઉં? હું તો મારો ચારો કાપવામાં રોકાયેલો હતો. એ કઈ રીતે બન્યું એની મને તો કંઈ ખબર જ નથી જતો રહે. જતો રહે. નહીં તો મારે તને તગેડી મુકવો પડશે."

ભરવાડ પેલાને ખીજાયેલો જોઈને નવાઈ પામી રહ્યો હતો. ચારાવાળો નારાજ થઈને શું બોલતો હતો તે સાંભળી શકતો નહોતો; પરંતુ એનો ક્રોધી ચહેરો જોઈને તેને આશ્ચર્ય થતું હતું. એટલે બાજુમાંથી ઘોડા પર બેસીને પસાર થઈ રહેલા એક મુસાફરને તેણે મદદ માટે બોલાવ્યો અને બોલ્યો, "મહેરબાન, માફ કરજો. પણ મને એ કહેશો કે ચારાવાળો ભાઈ શું કહે છે? હું કાને બહેરો છું. મને એ સમજાતું નથી કે હું આ બકરી એને ભેટ આપું છું. એનો એ ઉગ્ર થઈને કેમ અસ્વીકાર કરે છે?"

ભરવાડ અને ચારાવાળો પોતપોતાની વાત બુમબરાડા પાડીને પેલા ઘોડાવાળા મુસાફરને કરવા લાગ્યા. હવે, સાચી વાત એવી હતી કે એ એક ઘોડાચોર હતો અને પેલા બન્નેની

જેમ જ બહેરો હતો. એ કશું જ સાંભળતો નહોતો. ભુલો પડી ગયો હતો એટલે જાણવા માગતો હતો કે આ કઈ જગ્યા છે અને પોતે ક્યાં આવી પહોંચ્યો છે. પરંતુ જ્યારે તેણે આ બે જણને ગુસ્સે ભરાયેલા જોયા ત્યારે કહ્યું, "હા ભાઈઓ, હું કબુલ કરું છું કે મેં ઘોડો ચોર્યો છે; પરંતુ હું જાણતો જ નહોતો કે એ તમારો હશે. મને માફ કરો. મેં કોઈક નબળી ક્ષણે લાલચમાં આવી જઈને આ અવીચારી કૃત્ય કરેલું છે!"

હવે, પેલો ચારાવાળો તડુક્યો, "બકરી લંગડી થઈ ગઈ એની સાથે મારે કંઈ લાગતું વળગતું નથી."

બીજી તરફ બકરીવાળા ભરવાડ ઘોડાવાળાને વીનંતી કરે છે કે, "એને પુછો કે એ મારી ભેટ શા માટે સ્વીકાતો નથી. હું તો એની તરફના મારા આદરને લીધે આ આપવા માગું છું."

ચોરે કહ્યું, "મેં ઘોડો ચોર્યો એ હું કબુલ કરું છું; પણ હું બહેરો છું એટલે આ ઘોડો તમારા બેમાંથી કોની માલીકીનો એ છે એ હું સાંભળી શકતો નથી."

બરાબર એ જ વખતે એક ઉંમરલાયક એક દરવેશ નજરે પડ્યા. ધુળીયા રસ્તે ગામ તરફ એ જઈ રહ્યા હતા. ચારાવાળો એમની પાસે દોડી ગયો. એમના ઝબ્બાની ચાળ હળવેકથી ખેંચીને કહ્યું, "આદરણીય દરવેશ, હું એક બહેરો માણસ છું. આ બન્ને જે કહે છે એમાં ધડ–માથાની મને ખબર

પડતી નથી. આપ આપના ડહાપણથી એ નક્કી કરી કહો કે એ બન્ને શા માટે બુમબરાડા પાડે છે."

પરંતુ દરવેશ મુંગા હતા. એમને વાચા નહોતી. એટલે જવાબ આપી શક્યા નહીં. પણ એમની નજીક જઈને ત્રણે બહેરાઓના ચહેરા તાકીને જોવા માંડ્યા. બહેરાઓએ બોલવાનું બંધ કરી દીધું.

દરવેશે પોતાની તીવ્ર અને વેધક દૃષ્ટીથી પહેલાં એકની સામે અને પછી બીજાની સામે જોયું. પેલા બન્ને તો બેચેની અનુભવવા લાગ્યા!

દરવેશની ચમકદાર કાળી આંખો, સાચી કડી મેળવવા અને પરીસ્થીતીનો તાગ મેળવવા જાણે કે ત્રાટક કરવા લાગી. બધા ફફડવા લાગ્યાં. પોતે તંત્રવીદ્યાનો કે કોઈ કામણ ટુમણનો ભોગ બની જશે એ બીકે ત્રણે ડરવા લાગ્યા.

અચાનક ચપળતાપુર્વક કુદીને ચોરે ઘોડા ઉપર સવારી કરી લીધી અને સડસડાટ ઘોડાને મારી મુક્યો. ભરવાડે પોતાની બકરીઓને વાળવા માંડી. ચારાવાળો આંખો નીચી કરી, ચારાની ગાંસડી બાંધી, ખભે ચડાવીને ટેકરી પરથી પોતાના ઘર તરફ ચાલવા માંડ્યો.

દરવેશ પણ પોતાની સફરમાં ચાલી નીકળ્યા અને વીચારવા લાગ્યા કે, ક્યારેક વાચા પણ વાતચીત કરવા માટે

કેટલું બીનઉપયોગી માધ્યમ થઈ જાય છે? જાણે કે, માણસને વાચા છે જ નહીં!

આ કથા ઘણું ઘણું કહી જાય છે.

એમાંનું એક રહસ્ય એવું પણ છે કે દરવેશ સાંભળી શકે છે, એમને વાચા પણ છે; પરન્તુ એમની વાત સાંભળી શકે–સમજી શકે એવું સામે કોઈ નથી! એવું પણ તો કોઈ હોવું જોઈએ ને? બોધ આપવો, સાચી વાત સમજાવવી; પણ કોને? બહેરાઓને?

–આ તો માત્ર એક અર્થ છે. બીજા ઘણા ગુઢ અર્થ પણ આમાં સમાયેલા છે.

તમે એમાંથી શું સમજો છો? વીચારજો...

–મોહમ્મદ માંકડ

સમ્પર્કઃ 153/બી, સેક્ટર–20, રાજભવન સામે, 'જ' રોડ, ગાંધીનગર–382 020

ફોનઃ 079-2326 0216

લેખકના 'પ્રાર્થના–પોતાની જાતને પામવાનો સરળ માર્ગ' (પ્રકાશક–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃષ્ઠ–૧૭૬, પહેલી આવૃત્તી–૨૦૦૮, પુનર્મુદ્રણ–ઓક્ટોબર, ૨૦૦૮, નકલ–૪૦૦૦, મુલ્ય–

રુપીયા–૧૦૦) પુસ્તકના પાન–૧૨૭ ઉપરથી સાભાર....ઉત્તમ ગજ્જર



અને છેલ્લે... ...

ગુજરાતી જણ અક્ષર કરતાં આંકડામાં વધુ વીશ્વાસ ધરાવે છે. તેની ભાષા ખરાબ છે; પણ હીસાબ પાક્કો છે. ‘ઉંઝાજોડણી’નું આંદોલન એટલે નથી જામતું કે સરેરાશ ગુજરાતીને જોડણીમાં રસ અને સમજણ પડતાં નથી. તેને બદલે આંકડા સાચા લખવાનું આંદોલન ‘ઉંઝાજોડણીવાળા’ઓએ ચલાવ્યું હોત તો તેઓ માલામાલ થઈ ગયા હોત.. –વીદ્યુત જોશી

૫ જુલાઈ ૨૦૦૯ના ‘દીવ્ય ભાસ્કર’ની રવીવારીય પુર્તીમાંની એમની સાપ્તાહીક કટાર ‘સમુદ્રમંથન’માંથી સાભાર...



171-1 : 02-08-2009

પ્યોર ગુજીટેરીયન – પાક્કી ગુજરાતી

–અરુણા બીલગી–જાડેજા

અનુક્રમણીકા

એમ જ અમે – ફ્લેટનાં થોડાં બહેનો, બે–ત્રણ મહીને એકાદ વાર એકાદ જણને ત્યાં ભેગાં થતાં, કીટી–બીટી નહીં. મારી આજુબાજુ નોન–ગુજરાતીઓની ભરમાર. વાતમાં ને વાતમાં એવાં જ એક અ–ગુજરાતી બહેન ગુજરાતને વખોડવા બેઠાં – 'આ ગુજરાતીઓ કેટલું તેલ ખાય ને કેટલો બધો ગોળ ખાય!' ત્યાં સુધી તો ઠીક હતું; પણ પછી એ તો સીધાં વગોવવા પર જ ઉતરી આવ્યાં. હવે મારાથી રહેવાયું નહીં એટલે મેં એમને પુછ્યું, 'બહેનજી, માફ કરજો; પણ તમારાં કાનમાં ઝગમગતાં બુટીયાં કોણે આપ્યાં? આ તમારી મોટી મોટી ગાડીઓ ક્યાંથી આવી? આ આલીશાન ફ્લેટ કોના લીધે? આ તમારું વૈભવી જીવનધોરણ કોના પ્રતાપે? અરે, આપણું ગુજરાન જ આ ગુજરાતને આભારી છે એ કેમ ભુલાય?'

એનાથીયે પાછળ જઈએ તો હું કૉલેજમાં ભણાવતી ત્યારની વાત. એક આવાં જ ગુજરાત બહારનાં બહેન અમને બધાંને 'એય ગુજ્જુ–ગુજ્જુ!' કહીને બોલાવવા લાગ્યાં અને તેય વાંકું મોઢું રાખીને! હું, તો એમનો આ ઉતારી પાડતો 'ગુજ્જુ'

શબ્દ સાંભળીને હું મેદાનમાં ઉતરી પડીઃ તમે આ તમારો શબ્દ હમણાં જ પાછો લઈ લો જોઉં, પછી જ અમારી સાથે સરખી વાત કરો! (હા, તેની સાથે મને કોઈ ‘મીડલ ક્લાસ મહારાષ્ટ્રીયન’ કહે તો કશો વાંધો નહીં.)

ગળથુથીની વાત તો પછી આવે પણ જન્મતાંની વારમાં જ મારી કાનથુથીમાં આ ‘હુરતી ગુજરાતી’ જ રેડાયેલું. ‘કુસુમ, પોયરી આવી દેહું!’ પછી તો ભણતર–ગણતર, અરે, પણતર પણ ગુજરાતીમાં જ. પાટીમાં ઘુંટેલો એ રુપકડો કમળનો ‘ક’ આજેય હજી એટલા જ પ્રેમથી ઘુંટી રહી છું.

બાપુજી મારા સરકારી નોકરીમાં. ગુજરાતમાં ઠેર ઠેર ફરવાનું. ગુજરાતી ભાષાને એમણે બરાબર પચાવેલી. પોતે સાહીત્યપ્રીય જીવ. સાલ ’૪૩–’૪૫માં ગોકુલદાસ રાયચુરાના(વડોદરા) માસીક ‘શારદા’માં ‘રાઈસપ્લેટ’ જેવી અસ્સલ ગુજરાતી કે ‘મરાઠી સાહીત્યકાર પરીચય શ્રેણી’ જેવી આદાનપ્રદાનભરી કૉલમ લખતા. એમણે મને નાનપણથી જ આ ઉમદા સાહીત્યનો પરીચય કરાવેલો… કૉલેજમાંયે મારો મુખ્ય વીષય ‘ગુજરાતી સાહીત્ય.’

સામાન્ય મધ્યમ વર્ગનાં અમે. ઘરમાં મરાઠી સાથે ગુજરાતી વાચન પણ ભરપુર. ઝગમગ, ચાંદામામા, ચંપક, રમકડું જેવાં રમકડાં અમે બાળપણમાં લાભ્યાં. મોટાં થતાં અખંડ આનંદ, કુમાર, નવનીત સમર્પણ, જનકલ્યાણ, નવચેતન

www.gujaratilexicon.com

જેવાં અમુલ્ય ઘરેણાંથી લદાયાં એવું કહું તો જરાયે અતીશયોક્તી નહીં. અને તેથી જ ગુજરાતી રીતરીવાજો મરાઠી રીતભાત સાથે એવા તો હળીભળી ગયેલાં કે ક્યાંય જુદાગરો વર્તાય જ નહીં .

ગુજરાતમાં રહીએ અને ગુજરાતીપણાનો પાસ લાગ્યા વીના કોરાં રહીએ તે કેવું વીચીત્ર? પાસની વાત ક્યાં કરવી; આ શ્વાસ જ ગુજરાતને નામે લખાવીને આવ્યાં છીએ તે!

વર્ષોથી ગુજરાતમાં વસવાટ હોવાથી સ્વાભાવીકપણે જ અમારા ઘરમાં શુદ્ધ મરાઠી વાતાવરણ એટલે કે ‘શાસ્ત્રોક્ત’ મરાઠીપણું નહોતું. અમારાં ભાષા અને ભોજન બન્ને, ગુજરાતી છાંટવાળાં. હોય જ ને? અમારી સવાર અને રાત પડે ‘જે શ્રીકૃષ્ણ’થી, વચગાળે ચાલે ‘કેમ છો?’, ‘આવજો.’ હા, તો એટલે અમારે ત્યાં મુંબઈગરા કે પુણેગરા મહેમાન આવે તો અમારું ગુજરાતી મીશ્રીત મરાઠી સાંભળીને અમારી બહુ ઉડાવે. વળી પાછી મારી છટકેઃ "ચાલો, અમારું મરાઠી મઠારાયેલું નથી; પણ તમારું અંગ્રેજીય જુઓને કેવું મરાઠાયેલું (મરાઠી છાંટવાળું) છે!" ને પછી હું ડીંગો બતાવું. અહીં પણ મારી દલીલ ચાલુ જ હોય. હાસ્તો વળી, એમાં શેનું શરમાવાનું? ‘ભલેને મરાઠી શુદ્ધ ન હોય, ગુજરાતમાં રહીએ છીએ અને ગુજરાતી શુદ્ધ બોલીએ છીએ. મુંબઈ–પુણે રહેતાં હોત તો મરાઠીયે ચોખ્ખું બોલત જ ને!’ છો ને બધા હસતા! મારે મોઢે ‘અમારા મરાઠીઓ’ કરતાં

'અમારા ગુજરાતીઓ' આ બે શબ્દો વધારે ચડેલા છે, એમ કહો ને મેં જ ચડાવ્યા છે(વધારે પડતા જ!) ભઈ, ગુજરાત મોરી મોરી.

અરધી સદી વટાવ્યા પછી થયું કે આપણાં મુળીયાં ગુજરાતી ધરતીમાં બરાબર જામી તો ગયાં છે; પણ મરાઠી ભાષાનું ઋણ પણ થોડુંઘણું ઉતારવું તો જોઈએ જ. તેથી અમારા મરાઠીઓના કુલદેવતા પુ. લ. દેશપાંડેને ગુજરાતીમાં લાવવાનો પ્રયત્ન કર્યો.

અહીં પાછી એ જ ગત! લાલ–પીળો–વાદળી કે પછી દાળ–ભાત–રોટલી–શાક જેવા મુળભુત બે–ચાર ગણ્યા–ગાંઠ્યા શબ્દો જ હોઠવગા ને હાથવગા. એટલે કે ઉંડે ઉતરવા માટે ખુદ આ મરાઠી માણુસને કોશ લઈને જોડણીકોશ ખોદવા બેસવું પડ્યું!!! પણ તો શું થઈ ગયું?

આજે પણ ક્યાંક ગુજરાત કે ગુજરાતી ભાષાને અવગણવામાં આવે તો હું સાડીની પાટલી ઉંચે ચડાવીને, પાલવ કેડમાં ખોસીને ઉભી રહી જાઉં. કેમ ભાઈ? બે–એક વર્ષ પહેલાંની જ આ વાત. મરાઠીના એક મોટા ગજાના સાહીત્યકારે ક્યાંક એવું કહ્યું કે, 'આપણે ત્યાં બીજી ભાષાનાં પુસ્તકોનું આગમન આટલું ધડાકાબંધ થાય છે; તો એવું આપણાં પુસ્તકોનું બીજે થતું હશે ખરું?' મેં તો વળતી ટપાલે આપણે ત્યાંના મુર્ધન્ય પ્રકાશકોએ કરેલા અનુવાદનાં વધામણાંની યાદી તેમને

મોકલી આપી. જો કે એમનો પણ તરત જ નીખાલસ દીલે ‘કહેવું પડે ભાઈ! અભીનન્દન’ એવો જવાબ આવી ગયો.

‘પુ. લ.’ના અનુવાદકાર્ય સમ્બન્ધે એમનાં પત્ની સુનીતાતાઈને ઘણું મળવાનું થતું(ફોન પર). એમને મારે માટે ઘણાં હેતભાવ. જ્યારે પહેલવહેલી વાર મળી ત્યારે એમણે કહેલું કે, ‘તને મળ્યા પછી મારો ભ્રમ દુર થયો. બાકી અહીં તો બધા એમ જ હસે ગુજરાતી ઓને એક જ બુક વહાલી અને તે એટલે (બૅન્કની) પાસબુક!’ એટલે હું તો એમની સાથેયે બાખડી પડીઃ ‘તો પછી તમારા પુ. લ.ને તમારે ત્યાંથી કેમ કોઈ બહાર લઈ જતું નથી? કેમ અમારે બહારથી આવીને એમને લઈ જવા પડે છે? હા, અહીં સાહીત્ય–સંગીત–કલા–નાટકની બાબતમાં અમુક વર્ગ સીવાય બીજાને રસ ઓછો તેથી કંઈ આવું સામાન્યીકરણ કરવાનું?’ ત્યાર બાદ મેં એમને આપણે ત્યાંનાં છપાતાં છાપાં–સામયીકો–વર્તમાનપત્રોનો સરવૈયાવાર અહેવાલ મોકલી આપ્યો. એમને ગુજરાતી આવડે નહીં તો મરાઠીમાં વીગત સમજાવી. ઉપરાંત એમને લખ્યું કે અમારી આ ગુજરાતી ભાષાએ બે હાથ ફેલાવીને બીજી ભાષાને જે આવકારી છેને એટલી તો ભાગ્યે જ કોઈ ભાષાએ આવકારી હશે.

હા, અમારા એ જ પુ. લ.ને અહીં કોઈ ઓળખે નહીં તો મને એટલું જ ચચરી આવે. તોય ગુજરાત એટલું જ વહાલું

...આવી જ રીતે એકવાર ‘ગમતાંનો કરીએ ગુલાલ’ માટે સંપાદકશ્રીને ‘પુ. લ.’ના અનુવાદની મંજુરી જોઈતી હતી. તો સુનીતાતાઈ આનાકાની કરવા લાગ્યાં એટલે મેં પાછાં પાટલી–પાલવ ખોસ્યાં ઉંચાં અને સંપાદકનું ઉપરાણું લઈને સુનીતાતાઈ સાથે કેટલીયે દલીલો કરી. એટલે એ મને કહેવા લાગ્યાં, ‘પુ. લ. હો કે પારેખ, તું તો બન્ને માટે લડવા તૈયાર. ભલે તને ઠીક લાગે તેમ કર.’

મારું તો આપણા પેલા સંસ્કૃત સુભાષીત ‘કથમ્ સત્સંગતી કીમ્ ન કરોતી પુંસામ્’ની જેમ ‘ગુજરાતી કીમ્ ન કરોતી અન્યમ્’ – કહો જોઈએ ગુજરાતી બીજા માટે શું નથી કરતા? જેવું.

ગયા વર્ષની જ વાત. પુણેથી નીકળતાં ‘સકાળ’(સવાર) નામના છાપાની સાપ્તાહીક પુર્તીએ ઉતરાણ પર ‘બ્રેકફાસ્ટ વીશેષાંક’ બહાર કાઢ્યો હતો. એમાં ‘ગુજરાતનું ન્યારું શીરામણ’ એ મરાઠી લેખમાંયે મેં લખેલું, ‘અમથા તમે બધા ગુજરાતીઓને વગોવશો નહીં. ગુજરાતીઓની આહારશૈલી એવી કાંઈ તૈલી નથી. ગુજરાતીઓનો રોજનો નાસ્તો સાદો જ હોય છે. જેમ કે રોટલા(ગામડે), ભાખરી, ખાખરા, થેપલા, મુઠીયાં ઢોકળાં, પાંતરાં વગેરે...’

એમ તો આપણા ગુજરાતને ક્યાં પાછું ન પડવા દઉં. મારે ત્યાં મુબઈ–પુણેથી આવતા મરાઠી સ્વજનો જ્યારે વીદાય

લે ત્યારે એમનું ભાથું પણ ગુજરાતીપણાની સોડમથી મઘમઘતું હોય. ગયે વરસે જ પુણેથી એક મરાઠી દીકરી (કૉલેજની) અમારે ત્યાં ચાર–પાંચ મહીના રહી ગઈ, ભણતર અર્થે. એનાં માતા–પીતા સાથે મારે માંડ કલાકેકની ઓળખાણ.('ઘરે'થી એમની તો જરાયે નહીં). એ લોકો તો આશ્ચર્યચકીતઃ 'માંડ કલાકેકની ઓળખાણમાં કોઈ ૪–૫ મહીના રાખવા તૈયાર થાય? વાહ, આ ગુજરાત!' એ દીકરી પણ અહીંથી જ્યારે પુણે ગઈ ત્યારે એણે કહ્યું કે સારું થયું હું અહીં આવી કે જેથી મને ગુજરાતની સારી બાજુ જાણવા મળી; નહીં તો હું તો ખોટા ખ્યાલમાં જ રહી જાત.

સાથોસાથ મારું મરાઠીપણું મેં એમ કાંઈ સાવ નેવે નથી મુક્યું. અમારા ઝાંપામાં પેસતાં જ ફુલેમઢ્યું આગણું(ગાર્ડન નહીં) સૌનું સ્વાગત કરવા તૈયાર જ બેઠું હોય, રંગોળીપુર્યા ગણપતીબાપ્પા મોરીયા તમને આશીષ આપવા રાજી જ છે ને! આંગણે પ્રાજક્ત(પારીજાતક) અને ઘરમાં પુસ્તક એ જ તો છે મરાઠી માણુસની શ્રીમંતાઈ. આયુષ્યની સમીસાંજે ખીલી ઉઠનારાં ગુલાબી છાંટવાળાં ભાતભાતનાં ગુલબાસ તો ખરાં જ. સાથમાં ઘરમાં પેસતાં જ સામે ડાઈનીંગ ટેબલ પર સાંગલી ઘાટનાં બેઠી દડીનાં લોટો–પવાલું હસતાં બીરાજેલાં જ છે ને... અને હવે આવી વાત 'જમાડું તમને પ્રેમથી'વાળી. ત્યાં પાછું

ઝળકી જાય ગુજરાતીપણું, એય એટલું જ સાચું. અને એથી જ ગુજરાત વહાલું રે વૈકુંઠ નથી જાવું.

સરેરાશ મરાઠી માણુસનું નસીબ પૈસાની બાબતમાં પાંગળું. મા–બાપનો સુંડલો ભરીને વારસો કે પત્નીનો સુપડું ભરીને કરીયાવર તો એણે સાંભળ્યો પણ નહીં હોય. ફક્ત બાવડાં (બુદ્ધી)ના જોરે આગળ વધનારો એ. પોતાનો સંસાર કરવો, સંતાનોને ઉંચામાં ઉંચું શીક્ષણ આપવું, એમને પરણાવવાં અને બને તો એકાદ નાનકડું રહેઠાણ બનાવવું – બસ, આટલું એનાં લગ્નજીવનનું પચ્ચીસ વર્ષોનું સરવૈયું. ને પછી તો પત્નીની ડોકમાં પહેરાવવા માટે મોતીની માળા જેટલું જ એના હાથમાં વધે ને! તેથી જ અમારે ત્યાં પડકારભરી એક કહેવત છે કે, 'પહેલાં દીકરીને જુઓ પરણાવી અને પછી ઘર જુઓ બાંધી.' એ જ છે સફળ ગૃહસ્થની કસોટી, કહેવાની વાત એ કે પગમાં સોનાનાં સાંકળાં પહેરવાનો લહાવો મળ્યો હોવા છતાંયે મારું મન તો એ જ ચીરપરીચીત મોતીની માળામાં ભર્યુંભર્યું છે. ફીર ભી દીલ હૈ 'ગુજરાતી.'

મારા બાપુજી હમ્મેશાં ગુજરાતને વધાવતા આવ્યા અને એ જ સંસ્કાર મારામાં ઉતર્યા. હું તો હમ્મેશની ભાગ્યશાળી, કનૈયા જેવી. મારેયે બે માવડી. મરાઠીએ જન્મ આપ્યો અને ગુજરાતીએ ઉછેરી. ઉછેરી એટલે કેવી? આમ હાથમાં અધ્ધર રાખી ને! પછી બેઉ માવડી વહાલી જ હોય ને?

ગુજરાતની (તેમાંયે કચ્છ–કાઠીયાવાડની) આગતા સ્વાગતાનો કોઈ જવાબ નહીં. એનો રુડો આવકારો તો દેશ–વીદેશમાં પંકાય. અમે તો સગી આખે જોયોય ખરો, જાણ્યોય ખરો ને માણ્યોય ખરો. મન મોટું અને દીલ દોલું એનું. સાહસ અને ઉદ્યોગ એ તો એનાં કવચ–કુંડળ. ગુજરાતીપણાની આ ફીલસુફી ('ગુજીટેરીયનીઝમ')ને અમે પહેલેથી પોંખતા આવ્યાં છીએ અને પોંખતાયે રહીશું.

હમણાં જ એક મરાઠીભાઈને ઈ–મેઈલ કરતી હતી એમાં મેં એમને લખ્યું કે, 'હું તો ગુજરાતી માધ્યમમાં ભણેલી. મારું અંગ્રેજી કે મરાઠી એવું સારું નહી. જુઓ ભાઈ, હુ તો પાક્કી ગુજરાતી છું. પ્યોર ગુજીટેરીયન!'

–અરુણા બીલગી–જાડેજા

સંપર્ક–Aruna Jadeja,

A/1 - Sargam Flats, Ishwar Bhuvan Road, Navrangpura, Ahmedabad- 380 014

Phone: 079-2644 9691 Email: arunaj50@yahoo.com

મે ૨૦૦૮ના 'નવનીત સમર્પણ' (ભારતીય વીદ્યાભવનનું ગુજરાતી માસીક–લવાજમના દર વીશેની માહીતી

http://www.bhavans.info/periodical/samarpan.asp પરથી મળી રહેશે)ના પાન ૧૧૨ ઉપરથી સાભાર...



અને છેલ્લે

લોખંડનો એક ટુકડો વેચો તેનો એક રુપીયો ઉપજે. તેમાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રુપીયા ઉપજે. તેમાંથી બધી સોય બનાવી નાખો તો 600 રુપીયા ઉપજે. અને નાળ કે સોયને બદલે ઘડીયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખો તો 50,000 રુપીયા ઉપજે. લોખંડ તો એનું એ જ છે; પણ તેનું ઘડતર કરો તેવું તેનું મુલ્ય. માણસ વીશે પણ એવું જ છે.

–નવલભાઈ શાહ ('લોકમીલાપ ટ્રસ્ટ' પ્રકાશીત 'પ્રસાદ' પુસ્તકના પાન ૩૭ પરથી સાભાર..)

@

171-2 : 02-08-2009

એક રૅશનાલીસ્ટનું મનોમંથન

–વીક્રમ દલાલ

અનુક્રમણીકા

સામાન્ય રીતે એમ મનાય છે કે ‘ભ્રમ’ એ દુર કરવા લાયક પડદો છે; કારણ કે તે સત્યને ઢાંકે છે. આ જ કારણથી રૅશનાલીસ્ટો વહેમને દુર કરવા તથા કહેવાતા ચમત્કાર પાછળ કામ કરતાં વૈજ્ઞાનીક કારણો લોકો આગળ રજુ કરવા પ્રયત્નશીલ રહે છે. ભ્રમનીરસન એ રૅશનાલીસ્ટોના કાર્યક્ષેત્રની અગત્યની પ્રવૃત્તી છે.

કોઈ પણ વ્યક્તી જાણી જોઈને દુ:ખી થવા ઈચ્છતી નથી તેવી ધારણા જો પાયાના સત્ય તરીકે સ્વીકારીએ તો, દુ:ખ ઉત્પન્ન થવાનાં કારણોને નીવારવા અને તે શક્ય ન હોય તો તેને સહન કરી શકાય તે માટેનાં ઉપાયો વીશે વીચારવું એ મનુષ્ય માત્ર માટે જરુરી બને છે; કારણ કે દુ:ખનો અનુભવ સૌને થાય છે.

આપણે એક સાથે બે જગતમાં જીવીએ છીએ. એક છે બાહ્યજગત અને બીજું છે અંતર્જગત. બાહ્યજગત પ્રત્યક્ષ છે. બાહ્યજગતમાં રહેલાં પદાર્થો અને શક્તીઓને માપી શકાય છે અને કેટલીક વખત ઉપયોગમાં લઈ શકાય છે તથા તેની

લેવડદેવડ થઈ શકે છે. પદાર્થો અને શક્તીનો ઉપયોગ કરીને જીવનને વધારે સગવડભર્યું બનાવવાની તેમાં ક્ષમતા રહેલી છે.

અંતર્જગતને જોઈ શકાતું નથી. તેમાં પ્રેમ અને ધીક્કાર, ગમો અને અણગમો તથા સુખ અને દુ:ખ જેવી લાગણીઓ, શાંતી જેવી મનની સ્થીતી તથા બુદ્ધી જેવી માપી ન શકાય; પણ અનુભવી શકાય તેવી અમુર્ત રાશીઓનો સમાવેશ થાય છે.

બાહ્યજગતનો પ્રભાવ અંતર્જગત ઉપર પડે છે; પરંતુ માણસમાં જીવન વીશેની સમજણ જેમ વધે તેમ બાહ્યજગતનો પ્રભાવ ઘટે છે. જે વ્યક્તીમાં પુરતી સમજણ પેદા થઈ હોય તેનાં અંતર્જગત ઉપર બાહ્યજગતનો પ્રભાવ પડી શકતો નથી. બીજા અર્થમાં કહીએ તો આવા માનવીમાં સુખદુ:ખની લાગણી જન્માવવા માટે બાહ્યજગત અસમર્થ હોય છે.

બહુજન સમાજમાં આવા પ્રકારની સમજણનો અભાવ હોય છે. પરીણામે તેના અંતર્જગત ઉપર બાહ્યજગતનો ઘણો પ્રભાવ પડે છે. આવી વ્યક્તીઓ અગવડ અને દુ:ખ વચ્ચેનો ભેદ પારખી શકતી નથી. તેથી પ્રામાણીકપણે માને છે કે સગવડો ઉભી કરવાથી દુ:ખને દુર કરી શકાશે. સગવડો મેળવવા માટે નાણાંની જરુર પડે છે, એટલે સારાંનરસાંનો વીવેક રાખ્યા વગર કોઈ પણ રીતે નાણાં એકઠાં કરવાં એ એમનાં જીવનનું એક માત્ર ધ્યેય બની જાય છે.

દુ:ખ એટલે આવી પડેલી અણગમતી પરીસ્થીતીનો સ્વીકાર કરવાની મનની આનાકાની. ગમે તેવું દુ:ખ હોય; પણ અંતે તો મનને તે સ્વીકારવું જ પડે છે. તેથી કહેવત છે કે 'દુ:ખનું ઓસડ દહાડા'. જેમ સમજણ વધારે તેમ આનાકાનીનો સમય ઓછો. જેનામાં પુરતી સમજણ પેદા થઈ છે તે પરીસ્થીતીને અંત્યત ઝડપથી સ્વીકારી શકે છે માટે તેને દુ:ખ થયું હોય તેમ બીજાને જણાતું નથી.

પરીક્ષામાં નપાસ થવાથી, પ્રેમમાં નીષ્ફળતા મળવાથી, વેપારમાં ખોટ આવવાથી, જીવનસાથીની બેવફાઈથી, આપ્તજનના મૃત્યુથી કે ધન મેળવવા આખી જીન્દગી સુધી ઢસરડો કર્યા પછી ધનથી સુખ નથી મળી શકતું તેનું ભાન જીવનનાં પાછલાં વર્ષોમાં થવાથી, માણસ દુ:ખી થાય છે.

દુ:ખી વ્યક્તીઓ ભાંગી પડે છે. મનોવીજ્ઞાનની ભાષામાં તેને 'ડીપ્રેશન' કહે છે. અમેરીકા, જાપાન અને સ્વીડન જેવાં સમૃદ્ધીમાં આળોટતા દેશોમાં પણ દુ:ખ ભુલવા માટે ફાંફાં મારતા સમાજથી આપણે અજાણ્યા નથી. દુ:ખ ભુલવા માટેના તેમના ઉપયોગમાં તમાકુ, દારુ, કે ચરસ જેવાં વ્યસનો, જુગાર અને ગુંડાગીરી જેવી અસામાજીક પ્રવૃત્તીઓ અથવા તો ગુઢવીદ્યા જાણતા હોવાનો દાવો કરતા લેભાગુ સંતો, ચમત્કારો, ઈશ્વર કે આત્મહત્યા તરફ ઢળતા હોય છે.

દુ:ખ ખમી લેવા જેટલી સમજણ ઉગવી એ મનની ઉત્તમ સ્થીતી છે; પરંતુ આવી સમજણ બહુ ઓછી વ્યક્તીઓમાં હોય છે. એક રૅશનાલીસ્ટ તરીકે હું વીચારું છું કે, જેઓ માત્ર ઉંમરે જ મોટાં થયાં છે; પરંતુ જેમનામાં સમજણ ઉગી નથી તેવી દુ:ખી વ્યક્તીઓ, ઉપર જણાવેલા ઉપાયોમાંથી 'ઈશ્વર' તરફ ઢળે તો તેની તરફનો આપણો અભીગમ કેવો હોવો જોઈએ? સીગારેટ અને માળા વચ્ચે, દારુ અને પ્રસાદ વચ્ચે અથવા ક્લબ અને મંદીર વચ્ચે જ જો પસંદગી કરવાની હોય તો શાની પસંદગી થવી યોગ્ય છે? શેનાથી વ્યક્તી અને સમાજને ઓછામાં ઓછું નુકસાન થાય તેમ છે? કઈ પ્રવૃત્તી શારીરીક અને આર્થીક રીતે પોષાઈ શકે તેમ છે? 'ઈશ્વર'નો ભ્રમ દુર કરીને વ્યક્તીને બીજા નુકસાનકારક વીકલ્પો તરફ અભાનપણે પ્રેરવી એ રૅશનાલીસ્ટ માટે યોગ્ય કહેવાય? સુખની ભ્રમણા ભાંગીને તેને સત્યની કઠોરતા તરફ ધકેલવામાં રૅશનાલીટી છે? શું રૅશનાલીસ્ટ માનવતાવાદી નહીં; પરંતુ કટ્ટરવાદી હોવા જોઈએ?

વળી રૅશનાલીસ્ટ શું ભ્રમ માત્રને ત્યજવા યોગ્ય ગણે છે ખરો? એસ્પીરીન અને અન્ય દર્દશામક દવાઓ હકીકતમાં શું છે? ગણીત જેવા માત્ર સત્યને જ વરેલા વીષયમાં પણ 'બીન્દુ', 'અનંત' અને 'લીમીટ' જેવી ભ્રમણાઓનો ઉપયોગ કરવો પડે છે. સીનેમા અને ટીવીમાં એક સેકન્ડમાં અનુક્રમે ૨૪ થી ૨૫

તદ્દન સ્થીર ચીત્રો દ્વારા ઉભું કરાતું હલનચલન પણ ભ્રમણા જ છે ને? આ બધી ભ્રમણાઓ ‘ઉપયોગી’ હોવાને કારણે આપણે ચલાવી લઈએ છીએ.

છેલ્લાં કેટલાંક વખતથી (૧૯૯૦)થી ઉપરના વીચારો મારા મનમાં ઘોળાયા કરે છે. પરીણામે હમણાં સુધી ઈશ્વરવાદીઓની હું જે ઠેકડી ઉડાડતો હતો તેમાં મારી ભુલ હતી એમ મને લાગે છે. જેમ બોખા માણસો માટે દાંતનું ચોકઠું અને નબળા શરીર માટે લાકડી ઉપયોગી છે; તેમ માનસીક રીતે નબળી વ્યક્તીઓ માટે ‘ઈશ્વર’ એ ભ્રમ હોવા છતાં ‘ઉપયોગી’ છે. તેમને માટે એક ટેકો છે, એક સહારો છે. ‘નીર્બલ કે બલ રામ’ને આ સંદર્ભમાં મુલવવું જોઈએ. *લાકડીના ટેકે ચાલતા વૃદ્ધને જોઈને જેમ સહાનુભુતી પ્રકટે છે; તેમ ‘ઈશ્વર’ના સહારે જીવન જીવતી વ્યક્તીઓ તરફ હવે મને સહાનુભુતી થાય છે. શું તેમને ‘મુર્ખ’ ને બદલે ‘બીચારા’ ગણવા વધારે યોગ્ય નથી?*

મારા બદલાયેલાં અભીગમને મારી વધતી જતી વય સાથે સાંકળાવાનું કેટલાકને ગમશે; પણ મને કહેવા દો કે હું સૌ પ્રથમ માનવતાવાદી છું. દરેક પ્રશ્નને ખુલ્લા દીલથી અને બધી બાજુએથી તપાસવો તેનું નામ જ રૅશનાલીટી. કટ્ટરતાને તેમાં સ્થાન હોઈ શકે જ નહીં. *હજી પણ હું નાસ્તીક જ છું.*

–વીક્રમ દલાલ

સંપર્ક: 2/15–કલ્હાર બંગલોઝ, શીલજ, અમદાવાદ–380 058
ફોન–(079) 6542 7508
ઈ–મેઈલ: inkabhai@gmail.com

લેખકના ‘મારી તતુડી’(‘ઉંઝાજોડણી’માં પ્રકાશીત આ પુસ્તકની પહેલી આવૃત્તી : ૧૯૯૪, બીજી : ૨૦૦૪, પ્રકાશક : વીક્રમ દલાલ, ૨/૧૫–કલ્હાર બંગલોઝ, શીલજ, અમદાવાદ–૩૮૦ ૦૫૮) પુસ્તકના પાન ૬૧, ૬૨, ૬૩ ઉપરથી સાભાર...

આ જ લેખ, શ્રી. ઈન્દુકુમાર જાની સંપાદીત : ‘રૅશનલીઝમ : નવલાં મુક્તીનાં ગાન...’ (‘ઉંઝાજોડણી’માં) પુસ્તીકામાં પણ પ્રકાશીત થયો છે..

અને છેલ્લે

મંદીરોને ખરો ભય

મંદીરમાં પાંચ વાત હોવી જોઈએ:

- મંદીરમાં ભલે અનેક દેવ–દેવીઓ પધરાવ્યાં હોય; પણ તે બધાં એક જ બ્રહ્મનાં માનવરુચીને પોષવા કરાયેલાં પ્રતીકો છે તેવું લોકોને ઠસાવવામાં આવે.
- મંદીર આડંબર વીનાનું, સીધીસાદી પ્રાર્થના કરવાનું કેન્દ્ર બને.

• મંદીરમાં દર્શનાર્થીઓ સાથે પુરી સમાનતાનો વ્યવહાર થાય, ધન કે વર્ણના નામે ભેદભાવ કરવામાં ન આવે.

• મંદીરો વ્યક્તીપુજાથી મુક્ત થાય.

• મંદીર માત્ર પ્રાર્થના–કેન્દ્ર ન રહેતાં તે માનવતાવાદી પ્રવૃત્તીઓનું પણ કેન્દ્ર બને. અર્થાત્ લોકહીતની પ્રવૃત્તીઓને પરમાત્માની ઉપાસના માનવામાં આવે. મંદીરની આવક ગરીબ અનુયાયીઓનાં શીક્ષણ, આરોગ્ય તથા અન્ય કલ્યાણ પ્રવૃત્તીઓમાં વપરાય.

મઠો, મંદીરો, આશ્રમો, છપ્પનભોગ, સોનાના કળશો, સોના–ચાંદી મઢ્યાં બારણાં અને બારસાખો, સામૈયાઓ, ભવ્ય વરઘોડાઓ – આ બધું હોય; પણ જો માનવતા ન હોય, તમારા જ ધર્મ તથા સમાજનાં અંગભુત અનાથ બાળકો કે લાચાર વીધવાઓ માટે જો કાંઈ ન થતું હોય તો તે બધાં ધાર્મીક જડતાનાં ચીહ્નો છે.

આપણા ધર્મને ખરો ભય વીધર્મીઓથી નહીં; પણ આપણી અવ્યવસ્થા, કુવ્યવસ્થા તથા દુકાનદારીપણાથી છે. ધર્મને બચાવવો હોય તો મંદીરો આ દુષણથી મુક્ત થવાં જ જોઈએ.

હે પ્રભો! અમારાં મંદીરો હવે દુકાનો બની રહ્યાં છે. કારણ કે ધર્મના વ્યાપારીઓના હાથમાં તે પડ્યાં છે. અન્ય વસ્તુઓની માફક તારો પણ વ્યાપાર થાય તે તને ગમે છે?

–સ્વામી સચ્ચીદાનંદજી(દંતાલીવાળા)

'વાચનયાત્રાનો પ્રસાદ' – સંપાદક – મહેન્દ્ર મેઘાણી –પાન 460 ઉપરથી સાભાર...

(પ્રકાશક– lokmilaptrust2000@yahoo.com પાન–512 મુલ્ય–રુપીયા 75)

@

172-1 : 16-08-2009

ફુલ પર ઝાકળના પત્રો

– યામીની વ્યાસ

અનુક્રમણીકા

.1.

આટલા મોહક અને મોતી ભરેલા ક્યાં મળે?
ફુલ પર ઝાકળથી આ પત્રો લખેલા ક્યાં મળે?

ઉંબરા પર પગ નથી મુક્યો ને બસ ‘આવો’ કહે,
આ નગરમાં માણસો એવા વસેલા ક્યાં મળે?

ધારણા સાચી પડી, આજે તમારું આગમન!
બારણામાં તોરણો લીલાં બનેલાં ક્યાં મળે?

આ અતીથીનાં ભલાં સન્માન આદર તો જુઓ,
ભરવસંતે અવનવાં પર્ણો ઝુકેલાં ક્યાં મળે?

આંખ જો ખુલી તો એની શોધ આરંભી દીધી,
જોઉં ઓશીકા ઉપર શમણાં પડેલાં ક્યાં મળે?

.2.

ગાઢ અંધારમાં કોણ ઉભું હશે?
એ નીરાકારમાં કોણ ઉભું હશે?

તું જ દર્પણ અને તું જ ચહેરો અહીં,
આર ને પારમાં કોણ ઉભું હશે?

બાળપણનાં એ સ્વપ્નો ભુલાતાં નથી,
સાવ સુનકારમાં કોણ ઉભું હશે?

બુમ પાડયા કરે છે નીરંતર મને,
મનના ભણકારમાં કોણ ઉભું હશે?

નાવ જાણે કે મળવા અધીરી થઈ,
દુર મઝધારમાં કોણ ઉભું હશે?

આજ તો એમ લાગ્યું કે 'આવો' કહ્યું,
બંધ એ દ્વારમાં કોણ ઉભું હશે?

.3.

તમારી એ આંખોની હરકત નથીને?

ફરી આ નવી કોઈ આફત નથીને?

વહેરે છે અમને તો આખા ને આખા,
એ પાંપણની વચમાં જ કરવત નથીને?

વહે છે નદી આપણી બેઉ વચ્ચે,
એ પાણીની નીચે જ પર્વત નથીને?

નજરને મળો છો સ્મીત કરતાં,
આ મારાં એ સપનાની બરકત નથીને?

'તમારા–તમારા–તમારા અમે તો....'
કહ્યું તો ખરું, તોય ધરપત નથીને?

.4.

આંગળી પકડીને તારી ચાલવા દે,
મા! મને તું આ જગતમાં આવવા દે!

વંશનું તુજ બીજ તો ફણગાવવા દે,
ગોરમાની છાબ લીલી વાવવા દે!

તું પરીક્ષણ ભ્રુણનું શાને કરે છે?
તારી આકૃતી ફરી સર્જાવવા દે.
ઢીંગલી, ઝાંઝર ને ચણીયાચોળી, મ્હેંદી–
બાળપણના રંગ કૈં છલકાવવા દે.

રાખડીની દોર કે ગરબાની તાળી,
ઝંખનાના દીપ તું પ્રગટાવવા દે.

વ્હાલની વેલી થઈ ઝુલીશ દ્વારે,
આંગણે સંવેદના મ્હેંકાવવા દે.

સાપનો ભારો નથી; તુજ અંશ છું હું!
લાગણીનાં બંધનો બંધાવવા દે!

.5.

લખે ગ્રંથના ગ્રંથ તું લાગણીમાં,
નહીં કાંઈ સમજું હું બારાખડીમાં.

તમારા જ શ્વાસોની મીઠી મહેકનું–
રુપાંતર થયું ફુલની પાંખડીમાં.

નજર સ્થીર છે આગમનની દીશામાં,

પ્રતીક્ષાએ માળો કર્યો આંખડીમાં.

મેં માધવને વેચ્યા મહી વેચવામાં,

હતી આ કરામત બધી વાંસળીમાં.

અગર બાળપણ શોધશું જો ફરીથી,

મળે કોઈ મમતાભરી આંગળીમાં.

.6.

તમારી ખુશીમાં ખુશી શોધવામાં,

અમે તો રહ્યા જીન્દગી શોધવામાં.

જરા કોઈ જોશે તમારાં નયનમાં,

કદી ના જશે આરસી શોધવામાં.

કરી છે બધી વાત જાહેર કીન્તુ–

મજા લોકને, ખાનગી શોધવામાં.

પલકમાં એ આવીને ચાલ્યા ગયા, બસ!

તમે તો રહ્યા બાતમી શોધવામાં.

સમંદરનાં મોજાં ન એને મળે જે,
કીનારે રહે નાવડી શોધવામાં.

.7.

કાગ કા...કા...કહેણ કે' કાગળ વગર,
આગમન કોનું થશે અટકળ વગર!

કોણ સાંભળશે કીનારાની વ્યથા?
નાવ આ ડુસકે ચઢી છે જળ વગર.

સામસામે થાય સીંજારવ મધુર,
એ જ મનમેળાપ છે મીંઢળ વગર.

ટેરવામાં તરફડાટો હોય છે,
જેમ ફુલો તરફડે ઝાકળ વગર.

ખુબ ભીંજાવું પડે છે દોસ્તો!
લાગણીનાં એક પણ વાદળ વગર.

આગ ધુમાડો વીના દ્રણાય શું?
મન સળગતું હોય દાવાનળ વગર.

.8.

સાંજનું આકાશ ઝુકી જાય છે,
યાદ પંખી જેમ ટહુકી જાય છે.

લાક્ષણીકતા શી હશે ફોરમ તણી?
બાગની સીમા વધારી જાય છે.

પથ્થરોને એટલું શીખવાડીએ,
લાગણી પીડા બતાવી જાય છે.

જાણવા માંગુ છું તે ના કહી શકે,
મૌન તારું હદ વટાવી જાય છે.

આંખ ખુલ્લી હોય તો આવે નહીં,
જો ઉઘાડું સ્વપ્ન છટકી જાય છે.

બારણાં અટકળનાં ભીડ્યાં છે છતાં–
કોણ સાંકળ ખટખટાવી જાય છે?

.9.

તારી–મારી વાત રોજરોજ ચર્ચાયા કરે,
સાવ ખાલી થાય તો પણ કોઈ ખર્ચાયા કરે.

યાદ આવે કોઈની તો દર્દ મલકાયા કરે,
આંખડીને શું થયું કે એ ય છલકાયા કરે?

રોજ બદલાતાં રહ્યાં દૃશ્યો છતાં તું ત્યાં જ છે,
કોણ જાણે કેમ આ રસ્તા જ ફંટાયા કરે!

જળ વીચારે છે સતત એકાંત શું મળશે કદી?
કોઈ કાંઠા પર નથી તો આભ ડોકાયા કરે!
આખરે શ્રદ્ધા જ જન્મે છે સમયસર તે છતાં–
કેટલી શંકાઓ એ ઈંડામાં સેવાયા કરે?

આપણે ઘટના નથી હોતા કદી પણ આમ તો–
આપણી અફવા થઈ અખબાર વંચાયા કરે.

.10.

પળેપળનો બદલાવ જોયા કરું છું, ધરા શું? ગગન શું? સીતારા વળી શું?

સમાયું છે જીવન અહીં ઠોકરોમાં, ત્યાં કીસ્મત અને હસ્તરેખા

વળી શું?

ખુદાના તરફથી મળે તો સ્વીકારું, કદી એકલી છું, કદી કાફલો

છે;

મળી મેહફીલો તો મેં માણી લીધી છે, સવાલો, જવાબો, સમસ્યા

વળી શું?

નથી કોઈ મંઝીલ, નથી કોઈ રસ્તો, ચરણને મળ્યું છે સતત

ચાલવાનું;

કદી થાક લાગે તો થોભી જવાનું, ઉતારા વીશેના ઉધામા વળી

શું?

મને શબ્દ સાથે જ નીસ્બત રહી છે, સ્વયં અર્થ એમાંથી

નીપજ્યા કરે છે;

અને મૌનને પણ હું સુણ્યા કરું છું, અવાજો વળી શું ને પડઘા

વળી શું?

જગતનાં વીવેકો ને વ્યવહાર છોડી, ઉઘાડાં જ મેં દ્વાર રાખી

મુક્યાં છે,

ભલે કોઈ અણજાણ આવે અતીથી, પ્રતીક્ષા વળી શું? ટકોરા વળી શું?

– યામીની વ્યાસ –

સંપર્કઃ 3– પુરુષોત્તમ એપાર્ટમેન્ટ, ચીન્મય હૉસ્પીટલની બાજુમાં, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ સામે, ઘોડદોડ રોડ, સુરત–395 001 ફોનઃ 0261-266 0936

સર્જનઃ ગઝલસંગ્રહ 'ફૂલ પર ઝાકળના પત્રો', પ્રથમ આવૃત્તી–2009, પ્રકાશકઃ પોતે, સરનામું ઉપર મુજબ મુલ્યઃ રુપીયા – 50

@

172-2 : 16-08-2009

દીલની વાત

–હરનીશ જાની

અનુક્રમણીકા

મારું લખાણ એ જ મારો પરીચય. હું લખું છું દીલથી અને બોલું છું પણ દીલથી. (એટલે તો પાંચ વાર એન્જીયોપ્લાસ્ટી અને એકવાર ડબલ બાયપાસ સર્જરી કરાવવી પડી!) હું મારી જાતને ગુજરાત એક્સપ્રેસ(ટ્રેન)નું સંતાન ગણાવું છું. તેથી તો મને લોકો ગમે છે. લોકોની વાતો ગમે છે. વાતોનો ભુખ્યો છું. મારા હાસ્ય–વાર્તાસંગ્રહ ‘સુધન’ને, અમેરીકા, ઈંગ્લેન્ડ અને ગુજરાતમાં પણ સારો આવકાર મળ્યો. ગુજરાત સાહીત્ય અકાદમી, ગાંધીનગરે તેને પુરસ્કૃત કરી તેની ખાસ નોંધ લીધી અને ગુજરાતી સાહીત્ય પરીષદના વીદ્વાનોએ પણ સારો આવકાર આપ્યો. આ હળવા નીબંધો પણ સૌને ગમશે એવી આશા રાખું છું.

ચાર દાયકાના મારા અમેરીકા–નીવાસની અસર, આ હળવા નીબંધોમાં જરુર દેખાશે. માણસ ભલે ગુજરાતમાંથી નીકળી જાય; પરંતુ માણસમાંથી ગુજરાત નથી નીકળતું. એટલે ચાર દાયકા અમેરીકામાં વીતાવ્યા બાદ પણ હું ગુજરાતી જ છું. એમ કહેવાય કે હું ‘ગુજરાતી અમેરીકન નાગરીક’ છું. અહીં

અમેરીકન વાતાવરણ; પણ સપનાં તો ગુજરાતીમાં જ આવે છે. આ ગાળામાં નહીંવત્ ગુજરાતી સાહીત્ય મારાથી વંચાયું છે. પરંતુ અંગ્રેજી સાહીત્ય ઘણું વાંચ્યું-માણ્યું છે. ચેખોવ, મોપાંસા, માર્ક ટ્વેઇન, ઓ' હેનરી જેવા લેખકોની કલમનો ચાહક રહ્યો છું. ઝવેરચંદ મેઘાણી, મરાઠીના પુ.લ. દેશપાંડે અને ઉર્દુના મંટો પણ મારા પ્રીય રહ્યા છે. આજકાલ ભારતની નવી પેઢીના અંગ્રેજી લેખકો, જેવા કે ઝુમ્પા લાહીરી, સુકેતુ મહેતા, શશી થારુર, વગેરેને પણ માણું છું. આ નવી પેઢીને વાંચતાં તાજગી લાગે છે, જ્યારે ગુજરાતી સાહીત્યમાં પણ નવી પેઢીના લેખકો અને કવીઓ પણ ચીલાચાલુ વીષયો છોડીને નવાં ક્ષેત્રોમાં ખેડાણ કરી રહ્યાં છે.

મને અમેરીકન હ્યુમર ગમે છે. તેમાં પણ ટીવી પર આવતો સાઈનફેલ્ડ, બીલી ક્રીસ્ટલ, જ્યોર્જ કાર્લીન, બીલ કોસ્બી જેવાની હ્યુમર તો ખુબ ગમે છે. હસતાં હસતાં આંખમાં પાણી આવે છે. તેનું કારણ એ કે તેમની વાતોમાં મને મારી જાત દેખાય છે. ભારતથી પહેલવહેલો અમેરીકા આવ્યો હતો ત્યારે નવાઈ એ વાતની હતી કે મારા રોજીન્દા જીવન–સંપર્કમાં આવતી અજાણી વ્યક્તી પણ મારી સાથે હળવાશથી-મજાકથી વાત કરતી. આ પ્રજા પોતીકી વીનોદવૃત્તીને લીધે આગળ વધી છે. આપણે ત્યાંની હીંદી ફીલ્મોમાં બહુ ક્રુર અને ક્રુડ હ્યુમર હોય છે. જે સમાજ જાડી સ્ત્રી ટુનટુન કે ઠીંગણા મુકરી પર હસે એ

સમાજને શું કહેવું? અને એવું મનોરંજન પીરસનારાઓની સેન્સ ઓફ હ્યુમરને પણ શું કહેવું? આપણે તોતડા, લંગડા, જાડા માણસોને અને માણસની શારીરીક ખામીઓને હાસ્યનું નીમીત્ત બનાવીએ છીએ. એક પ્રજા તરીકે આપણે શુષ્ક છીએ. બીજાની ટીકા કરીને ઉપજેલા હાસ્ય કરતાં; પોતાની જાત પર ઉપજાવેલું હાસ્ય જ ઉત્તમ ગણાય. તેવું હાસ્ય આપણે ત્યાં બહુ ઓછું જોવા મળે છે.

હું 1969માં દોઢસો પેસેન્જરવાળા બોઈંગ 707માં અમેરીકા આવ્યો હતો. તે પ્લેને પાંચ દેશોમાં તો સ્ટોપ લીધા હતા! આજે પાંચસો જણને ભરીને ન્યુયોર્કથી સીધી અમદાવાદ જતી પ્લેનની સર્વીસ લભ્ય છે. ત્યારે અમેરીકાથી બે મીનીટના ફોનને જોડતાં ત્રણ કલાક લાગતા. આજે ભારતમાં ખીસ્સે ખીસ્સે ફોન છે. ત્યારે હું રાજપીપળાના સ્ટેશને ઘોડાગાડીમાં આવ્યો હતો. આજે ઘોડાગાડીનું ચીત્ર પણ મળવું મુશ્કેલ છે. અને હવે લોકો પ્લેનની મુસાફરી જાણે ઘોડાગાડીમાં કરતા હોય એમ કરે છે. આ છેલ્લાં 40 વરસમાં ટૅક્નોલૉજીએ જેટલી પ્રગતી કરી છે તેટલી પ્રગતી છેલ્લાં 400 વરસમાં નથી કરી. અને હવે પછીના 40 વરસમાં નેનો–ટૅક્નોલૉજીને કારણે જે પ્રગતી થશે તે તો છેલ્લા 4000 વરસમાં નથી થઈ એવી થશે! થોડા જ સમયમાં આ જાતના કાગળનાં પુસ્તકો અદૃશ્ય થઈ જશે અને તેની જગ્યાએ કમ્પ્યુટરનાં ઈ-પુસ્તકોનું ચલણ આવશે. 1969માં

અમદાવાદના ટાગોર હૉલના મેદાનમાં ભરાયેલા એક વીજ્ઞાનમેળામાં એક રુપીયામાં ટીવીનું જીવંત પ્રસારણ જોયું હતું. આજે ભારતમાં ઘેરઘેર અઢીસો ચેનલવાળા ટીવી ઉપલબ્ધ છે. ત્યારે ફીલ્મો કચરા જેવી બનતી, આજે પણ કચરા જેવી જ બને છે. ફેર એટલો જ છે કે હવે હીરોઈનો માટે વેષભુષાના ખર્ચા નથી કરવા પડતા અને પહેલાં હીરોઈન હીરોને ભેટતી ત્યારે વચ્ચે પોતાના હાથ રાખતી. હવે ભેટવાની જગ્યાએ દશ ફુટ દુરથી કુદકો મારીને હીરોઈન હીરોની કમ્મરે લટકે છે. 1969માં એક ડૉલરના સાત રુપિયા હતા. આજે પચાસ છે. ત્યારે 'મહાત્મા ગાંધી'ના નામની અસર હતી. તેમની સાથે ચળવળમાં ભાગ લેનાર લોકો જીવીત હતા. આજે ગાંધીજી 'એક ફીલ્મ' બની ગયા છે.

અમેરીકા પણ પહેલાં જેવું નથી રહ્યું. ત્યારે જગતની દશ બૅન્કોમાં છ અમેરીકાની હતી. આજે અમેરીકન બૅન્કો દેવાળાં કાઢે છે. હવે અમેરીકા સુપર પાવર ગણાય કે નહીં એ શંકાસ્પદ છે. નવી સદીમાં ચીન અને ભારતનો પાવર વધી રહ્યો છે. 1969માં અમેરીકનોએ ચન્દ્ર પર પહેલો પગ મુક્યો હતો. આજે માનવી મંગળ પર જવાની વાતો કરે છે અને ચન્દ્ર પર ભારત સહીત અડધો ડઝન દેશો પહોંચવાના તબક્કામાં છે. ત્યારે પેટ્રોલ 30 સેંટમાં એક ગેલન મળતું આજે તેના 3 ડૉલર થઈ ગયા છે. ત્યારે જગતમાં સોવીયેટ યુનીયન હતું અને

બાંગલાદેશ નહોતો. આજે ભુગોળ બદલાઈ ગઈ છે. કેટલાય દેશો તુટ્યા અને કેટલાય નવા બન્યા. દુનીયાનો એ દસ્તુર ચાલુ જ રહ્યો છે.

અમેરીકામાં ચોવીસ કલાક અંગ્રેજીના વાતાવરણમાં રહીને ગુજરાતી લખવું એટલે વાવાઝોડામાં દીવો સળગાવવા જેવી વાત છે. તેમ છતાં અહીં ગુજરાતી બોલાય છે–લખાય છે–છપાય પણ છે, તે આનંદની વાત છે. પરંતુ તે પહેલી પેઢીના ગુજરાતીઓ પુરતું મર્યાદીત છે. એટલે બહુ ઓછા મરજીવા સંપાદકો સામયીકો બહાર પાડે છે. ભલું થજો ઈન્ટરનેટનું કે જુદાજુદા બ્લોગ દ્વારા ગુજરાતી ભાષા આજે આખી દુનીયામાં વંચાય છે. ગુજરાતીને મારવા બેઠા છીએ. ગુજરાતી ભાષા કોઈ એક વ્યક્તી કે સંસ્થાના પ્રયત્નોથી ન ટકે. સૌએ સાથે મળીને ટકાવવા પ્રયત્ન કરવો જોઈએ. મને તો લાગે છે કે આપણે વ્યવસ્થીત રીતે ગુજરાતીને મારવા બેઠા છીએ. મંદીરો, યજ્ઞો કે મહારાજો પાછળ લાખ્ખો રુપીયા વાપરી–વેડફી નાખનાર એક પુસ્તક ખરીદી શકતો નથી. નાચનારાઓ પાછળ લાખ્ખો ખરચનારા લેખક કે કવીને પાંચ પૈસા આપતાં મરવા પડે છે. અમેરીકામાં જન્મેલી નવી પેઢીને ગુજરાતી બોલતાં–વાંચતાં નથી આવડતું; છતાં ગુજરાતી બોલતાં માબાપની વાતો સમજે છે. અમેરીકામાં ગુજરાતી ટકશે ખરી? કહેવું પડે– ‘ઓન્લી ગૉડ નોઝ’! અમેરીકામાં જ શા માટે? ગુજરાતમાં તે ટકશે?

છાપાંઓમાં લખાતી અને ટીવી પર બોલાતી ગુજરાતી ભાષા જોતાં તો કહેવું પડે- 'ઈવન ગૉડ ડઝ નૉટ નો!'

મારા પહેલા હાસ્ય–વાર્તાસંગ્રહને મારા બાપુજીનું નામ આપ્યું હતું 'સુધન'. એટલે આ બીજા પુસ્તક્ને સ્વાભાવીક રીતે મારી બાનું નામ આપવું યોગ્ય છે 'સુશીલા'. માતાનું ઋણ તો કદી માથેથી ઉતરવાનું નથી. અને આપણાથી કંઈ માતાના નામની હૉસ્પીટલ તો બનવાની નથી. તો આ રીતે એને અંજલી આપવાની તક ઝડપી લઉં છું. મારી બા જગતની બધી માતાઓ જેવી સ્ટાન્ડર્ડ બા હતી. છોકરાંઓનાં સુખે સુખી અને છોકરાંઓનાં દુઃખે દુઃખી. તે પોતાનાં છોકરાંઓનું હમેશાં રક્ષણ કરવા માગતી. તેને આમ તો ભગવાનમાં ભારે શ્રદ્ધા હતી. તેમ છતાં અમારા રક્ષણની જવાબદારી તેણે પોતાના હાથમાં રાખી હતી. હું અમેરીકા આવ્યો ત્યારે ના–છુટકે એ કામ (સેકંડ બેસ્ટ) ભગવાનને સોંપ્યું– "હે, રણછોડરાય! પરદેશમાં મારા છોકરાંઓ રક્ષણ કરજે."

આ પુસ્તક અમારાં ત્રણ બાળકો આશીની, શીવાની અને સંદીપને અર્પણ કરું છું. તેમના કારણે અમેરીકન જીવન જીવવા મળ્યું. તેમની સ્કુલની પ્રવૃત્તીમાં અમારે ભાગ લેવો પડતો, તેમની સાથે તેમની સ્પોર્ટ–મૅચોમાં કેટલીયે સાંજ જવું પડતું. તેમની સ્કુલના બૅન્ડની પ્રવૃત્તીને કારણે અમેરીકન વાતાવરણમાં જ રહેવું પડતું. પરીણામે તેમના મીત્રોનાં,

અમેરીકન માબાપોના સંપર્કમાં આવવાનું થતું. ત્રણે પાસેથી કંઈકને કંઈક શીખવા મળ્યું છે.

મોટી દીકરી આશીની પાસેથી હું પૉઝીટીવ ઍટીટ્યૂડ શીખ્યો. આ ‘હકારાત્મક મનોવલણ’ને કારણે તેને પાંચમી ગ્રેડમાં સ્વીમીંગના વીષયમાં, પરીક્ષામાં ‘એ’ ગ્રેડ મળ્યો હતો. મઝાની વાત તો તે હતી કે એને સ્વીમીંગ આવડતું જ નહોતું! એની ટીચરે અમને કહ્યું કે, "આ 'એ' ગ્રેડ તેની ઍટીટ્યુડ માટે આપ્યો છે." આખા ક્લાસમાં શીસ્ત અને વર્તનમાં એને કોઈ ન પહોંચે!

બીજી, શીવાની. દીલની ખુબ ભલી છે. તે હાઈ સ્કુલમાં હતી ત્યારે અમારી ઈન્ડીયાની મુલાકાત દરમીયાન જોયેલી ગરીબાઈ પરથી લખેલા એના ‘અહીંસા’ નીબંધને, ન્યુ જર્સીની સ્કુલોમાં યોજાયેલી નીબંધ હરીફાઈમાં 500 ડૉલરનું પહેલું ઈનામ મળ્યું, જે તેણે ગરીબોને માટે દાનમાં આપી દીધું. તે ફંક્શનમાં મને અને મારી પત્નીને શીવાનીનાં માબાપ તરીકે જે સન્માન મળ્યું હતું તે જીવનભર નહીં ભુલાય.

દીકરો સંદીપ મીતભાષી છે; પરંતુ, "ડૅડ, આઈ લવ યુ" કહેવાનું ભુલતો નથી. આ ત્રણે સંતાનો લખી જાણે છે અને ઈન્ટરનેટ પર ત્રણેના બ્લોગ પણ છે. આશીનિ સરસ લેખીકા છે. તેનાં ઈંગ્લીશ કાવ્યો અને લેખો અમેરીકન મેગેઝીનોમાં છપાય છે.

આવાં ગુણીયલ સંતાનોનો જશ તો તેમની માતાને જ જાય ને! જતે દીવસે આમાંનું કોઈ સંતાન પોતાની માતા માટે કાંઈ નામના કાઢે તો નવાઈ નહીં. અને આવાં પ્રેમાળ અને ગુણીયલ સંતાનો આપવા બદલ મારી પત્ની હંસાનો આભાર તો માનવો જ રહ્યો.

અંતે, જે સાહીત્યમાં વાચકને પોતાની જાત દેખાય, તે સાહીત્ય તેને ગમે. જે પુસ્તક વાચકને માટે અરીસાનું કામ કરે તે પુસ્તક વાચકને પોતાનું લાગે. મારા પુસ્તક 'સુધન'ને આવકારીને વાચકોએ મારો ઉત્સાહ વધાર્યો છે. આશા રાખું કે તેવો આવકાર 'સુશીલા'ને આપશે અને મારી વાતોમાં તેમને પોતાનું કાંઈક ને કાંઈક દેખાશે. દરેકને બધું જ ગમે એમ તો બનવાનું નથી. તેમ છતાં; વાંચીને આનંદ આવે તો ગામને કહેશો અને ન ગમે તો મને કહેશો.

– હરનીશ જાની

લખ્યા તારીખ– ડીસેમ્બર 10, 2008.

15 ઑગસ્ટ 2009ના દીને પ્રકાશીત થયેલા લેખકના હાસ્ય નિબંધસંગ્રહ 'સુશીલા' (પ્રકાશકઃ અલકાબહેન પંકજભાઈ શાહ, હર્ષ પ્રકાશન, 403, ઓમ દર્શન ફ્લેટ્સ, 7–મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ– 380 007 પૃષ્ઠ સંખ્યા – 148, મુલ્ય– 100 રુપીયા..

પ્રાપ્તીસ્થાન–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001)માંની લેખકની પ્રસ્તાવના..સાભાર..

સંપર્કઃ–

Harnish Jani

4, Pleasant Drive, YARDVILLE, NJ - 08620 - USA

E-Mail- harnish5@yahoo.com - Phone-1-609-585-0861



અને છેલ્લે...

જીવન સફળ ગયું કે એળે ગયું એ નક્કી કરવાનો માપદંડ આવો હોવો જોઈએઃ કોઈ પણ સર્જનાત્મક પ્રવૃત્તી કરીને આ સંસારના વૈભવમાં ચપટીક પણ ઉમેરે તેનું જીવન સફળ અને જે તૈયાર ભાણે જમીને ચાલતા થાય તેનું જીવન નીષ્ફળ. કોઈ થોડી કવીતા લખે, કોઈ વાર્તા લખે, કોઈ દર્દીઓની સેવા કરે, કોઈ અંધજનો માટે પુસ્તકો તૈયાર કરે–કરાવે, કોઈ કુરીવાજો જેવા કે દહેજ, બાળલગ્નો, લાંચરુશ્વત વગેરે સામે માથું ઉંચકે, કોઈ હરીજનને પોતાને ત્યાં રસોઈયા તરીકે રાખે, કોઈ બાળકોને ભેગાં કરી નીયમીત વાર્તા કહે, કોઈ વૃદ્ધોને સત્સંગમાં કે મંદીરે લઈ જાય, કોઈ અભણ માણસને

મનીઓર્ડરનું ફોર્મ ભરી આપે, કોઈ આદીવાસીઓની વચ્ચે કામ કરતાં કરતાં દેહ પાડે – આ બધી સર્જનાત્મક પ્રવૃત્તીઓ છે અને રોજ નહીં, તો ક્યારેક ક્યારેક પણ તેનો અમલ કરે છે તે સૌ આ સંસારનું આભુષણ છે.

રોજ એકાદું સારું કામ કરી લેવાનો મોકો મળે ત્યારે જતો ન કરીએ. આટલું થાય તોય મોટું કામ થાય. આપણાં પોતાનાં કામ આપણે જે જુસ્સાથી કરીએ છીએ, તેવો જુસ્સો બીજાનાં કામ કરવા માટે રોજ પાંચ દશ મીનીટ પણ આપીએ તો આ સંસારની વીદાય લેવાની ઘડીએ જીવન એળે ગયાનો વસવસો થોડો ઓછો થાય.

–વાડીલાલ ડગલી

(પ્રેષક: વીજય ધારીયા–શીકાગો – vdharia@hotmail.com નો ખુબ આભાર..)

@

173 : 30-08-2009

અંધશ્રદ્ધાનો આધુનીક મુકામઃ ઈન્ટરનેટ

–ઉર્વીશ કોઠારી

અનુક્રમણીકા

‘આ સત્યઘટના છે. મહેરબાની કરીને તેને અવગણશો નહીં. (અહીં કોઈ બાબા–બાપુ, સંત–ફકીર, સાંઈ–ગુરુની કેટલીક તસવીરો હોય) એક અફસરને આ તસવીરો (ધરાવતો ઈ-મેઈલ) મોકલ્યા પછી બે મીલીયન ડૉલર મળ્યા. આ મેઈલ આગળ ન મોકલીને, મેઈલની સાંકળ/ચેઈન આગળ વધતી અટકાવવા બદલ રૉબર્ટે ૨.૧ મીલીયન ડૉલર ગુમાવ્યા… પ્લીઝ આ ઈ-મેઈલની ૨૦ કૉપી મોકલો અને પછી ફક્ત ચાર જ દીવસમાં જુઓ, શું થાય છે! આ ચેઈન લેટર શીરડીથી આવ્યો છે. તમને ચોક્કસ ૪૮ કલાકમાં જ સારા સમાચાર સાંભળવા મળશે.’

***

ઈન્ટરનેટનો ઉપયોગ કરતા લગભગ દરેક જણને આ અને આવા જુદા જુદા ઈષ્ટદેવોની આણ આપતા ઈ-મેઈલ મળતા હશે. આ પ્રકારના મેઈલનું શું થતું હશે? અંદાજ લગાડી શકાય છેઃ થોડા લોકો આવા ઈ–મેઇલ વાંચીને, મનોમન રમુજ પામીને તેને કચરાટોપલીમાં/ટ્રૅશ તરીકે નાખી

દેતા હશે. બીજા થોડા લોકો શ્રદ્ધાપુર્વક, ખરેખર આવા ૨૦ મેઈલ મોકલવાથી ફાયદો થશે ને ન મોકલવાથી નુકસાન થશે એવું માનીને બીજા ૨૦ જણને મેઈલ મોકલી આપશે. ત્યાર પછી ૪૮ કલાક વીતી જાય અને કોઈ સારા સમાચાર ન આવે તો તે આખી વાતને ભુલી જશે અને ફરી કોઈ માતા-પીતા-બાવા-બાપા-બાબાની આણ આપતો મેઈલ આવે ત્યારે પંદર-વીસ-પચીસ જણને મોકલી આપશે.

પરંતુ મોટા ભાગના લોકો આ મેઈલમાં લખેલી વીગત માની લે એટલા ભોળા/શ્રદ્ધાળુ હોતા નથી. એ લોકો ઈ-મેઈલ ફોરવર્ડ કરવાથી રાતોરાત લૉટરી ન લાગી જાય એટલું સમજવા જેટલા બુદ્ધીશાળી છે. ‘આમ તો હું આવા બધામાં માનતો નથી’ એવું કહેવું તેમને ગમે છે. પણ... તોંતેર મણનો ‘પણ’ એ છે કે ‘આમ તો હું આવા બધામાં માનતો નથી, પણ આ મેઈલ ફોરવર્ડ કરવામાં એકેય રુપીયાનો ખર્ચ નથી. મને કે બીજા કોઈને કશું નુકસાન નથી અને (હેં હેં હેં) કોને ખબર? કદાચ કંઈક થાય પણ ખરું! આ તો જસ્ટ જોકીંગ, હોં!’

પ્રગટપણે કે મનોમન આ પ્રકારનું કંઈક કહીને, તે વીસ જણને ઈ-મેઈલ ફોરવર્ડ કરી આપશે. આવી રીતે એડ્રેસના ખાનામાં લચકેલચકાં સરનામાં ધરાવતા ઈ-મેઈલ જ્યારે પણ મળે ત્યારે હસવું કે રડવું એ જ સમજાતું નથી! ખરેખર તો કપાળ કુટવાનું

મન થવું જોઈએ. પણ આવા દરેક પ્રસંગે કપાળ કુટીએ તો કપાળ ચંદ્રની સપાટીની જેમ ગોબાચ્છાદીત થઈ જાય.

વીચાર આવે કે લેટેસ્ટ ટૅકનૉલૉજી ધરાવતા ઉપગ્રહો, દરીયાના પેટાળમાંથી પસાર

થતા સબમરીન કૅબલ, આધુનીકતમ કમ્પ્યુટર પ્રોગ્રામ, વાયરલેસ કનેક્શન, ઓપ્ટીકલ ફાયબર વગેરેની સહીયારી કમાલને માતાજીના ‘પરચાના પોસ્ટકાર્ડ’ના સ્તરે ઉતારી દેનારાને શું કહેવું? ઈન્ટરનેટને ભાંડવાનું, તેને સર્વ દુષણોનાં મુળ તરીકે ઓળખાવવાનું બહુ સહેલું છે; પણ ખરો સવાલ માણસના મનમાં ખદબદતી લાલચથી માંડીને અંધશ્રદ્ધા જેવી વૃત્તીઓનો છે. આ વૃત્તી આહાર, નીદ્રા કે ભય જેવી મુળભુત નથી; છતાં તેનાં મુળીયાં એટલાં જ ઉંડાં જતાં રહ્યાં છે. આદીકાળમાં તેનો આરંભ પ્રાકૃતીક પરીબળો પ્રત્યેના ભય અને વીસ્મયમાંથી થયો હશે. પછી તેમાં લાલચ અને ટુંકા રસ્તે સમૃદ્ધ થઈ જવાના ધખારાનો રંગ ભળ્યો. એવી અંધશ્રદ્ધાને આસ્તીકતા કે અધ્યાત્મ સાથે કશો સંબંધ નથી. પરચાના પોસ્ટકાર્ડ કે ઈ-મેઈલ મોકલનાર અને લૉટરીની ટીકીટ ખરીદનારની માનસીકતામાં ખાસ ફરક હોતો નથી. બન્નેને પોતાની કોઈ આવડત કે મહેનત વીના, બસ એમ જ, કશુંય કર્યા વીના, પૈસાદાર બની જવું છે અને એ માટે બુદ્ધીનું ગમે તેવું પ્રદર્શન કરતાં પણ ખચકાટ થતો નથી. કોને ખબર,

પ્રદર્શન કરીને પણ સમૃદ્ધ થઈ જવાય તો? સોદો ખોટો નથી! ઘરેડીયા અંધશ્રદ્ધાળુઓ સાથે કામ પાડવાનું પ્રમાણમાં ઓછું મુશ્કેલ છે. તેમની સરખામણીમાં ‘આપણે તો આવા બધામાં માનતા નથી, પણ નુકસાન શું છે?’ એવું માનનારા લોકો વધારે રીઢા હોય છે. તેમાં કહેવાતા ભણેલાગણેલા, સમાજ જેને ‘ડૉક્ટરો-એન્જીનીયરો’ જેવા સન્માનસુચક વર્ગમાં મુકે છે, તેમની સંખ્યા પણ મોટી હોય છે. તેમને પોતાની અંધશ્રદ્ધા રુપી દોણી સંતાડીને, છાશની લાઈનમાં ઉભા રહેવું છે. ભણતર તેમને ફક્ત અંધશ્રદ્ધા છુપાવવાનો દંભ શીખવી શક્યું છે. તેમના મનમાંથી અંધશ્રદ્ધાનો મેલ કાઢી શક્યું નથી. એટલે જ, ‘એમાં આપણને ક્યાં કશું નુકસાન છે?’ એમ કહીને એ લોકો અંધશ્રદ્ધાનો ગળચટો ગળપટ્ટો બાંધી લે છે અને ‘કોઇને ખબર નહીં પડે’ એમ વીચારીને હરખાય છે.

પોતાનું કશું ન જતું હોય એવી બીજી કેટલી બાબતોમાં આ લોકો આટલો ઉત્સાહ બતાવે છે, એ વીચારવા જેવું છે. ‘ટૅકનોલૉજીને મળતા માણસના પરચા’ ઈન્ટરનેટની સૌથી મોટી લાક્ષણીકતા - મફત અને તરત - સારી માહીતી જેટલી જ ખોટી માહીતીને, દુષણોને, અંધશ્રદ્ધાને પણ લાગુ પડે છે. કારણ કે વીજ્ઞાન નીતીનીરપેક્ષ હોય છે. એ વીજ્ઞાનનો ગુણ પણ છે અને તેની મર્યાદા પણ. ‘પાપી માણસ સ્વીચ પાડે તો લાઈટ ચાલુ ન થાય. એના માટે તો તપ કરવાં પડે તપ!’ એવું વીજ્ઞાનના

નીયમોને આધીન બાબતોમાં હોતું નથી. ઈન્ટરનેટ પર અંધશ્રદ્ધાનો ફેલાવો કરવો કે સ્વસ્થ વૈજ્ઞાનીક અભીગમનો, એ ટૅકનોલૉજી નહીં; માણસો નક્કી કરે છે. ઈન્ટરનેટ પર અંધશ્રદ્ધા સામેની ઝુંબેશો ચાલે છે; છતાં બહારની દુનીયાની જેમ ઈન્ટરનેટના માધ્યમમાં પણ અંધશ્રદ્ધાનું પલ્લું ભારે રહે છે. કારણ કે ટૅકનોલૉજી નવી છે; પણ તેને વાપરનારા તો એના એ જ છે. ભણ્યા પછી જેમના મનમાંથી અંધશ્રદ્ધા દુર થઈ શકી નથી, એવા લોકો ટૅકનોલૉજીનો ઉપયોગ પોતાની અંધશ્રદ્ધા પોસવામાં અને તેમાં રાચવામાં જ કરે એ સ્વાભાવીક છે.

ઈન્ટરનેટનો ઉપયોગ કરી જાણનારા લોકો તેનો ઉપયોગ કમ સે કમ પરચાનાં પોસ્ટકાર્ડની જગ્યાએ ન કરે એટલી અપેક્ષા રહે છે. પરંતુ અંધશ્રદ્ધાળુઓની કઠણાઈ જ એ છે કે વૈજ્ઞાનીક સાધનો વાપરીને અવૈજ્ઞાનીક માન્યતાઓનો પ્રચારપ્રસાર કરવામાં તેમને છોછસંકોચ કે લાજશરમ નડતાં નથી. એમાં તેમને કશો વીરોધાભાસ લાગતો નથી. તેમને એવો સીધોસાદો વીચાર પણ આવતો નથી કે વીસ જણને ઈ-મેઈલ ફૉરવર્ડ કર્યા પછી, તેમાંથી કોઈને ત્યાં સરનામું ખોટું હોવાને કારણે ઈ-મેઈલ ન પહોંચે કે કોઈ ઈ-મેઈલ ખોલીને ન વાંચે કે કોઈના મેઈલ બોક્સમાં આવો ઈ-મેઈલ સીધો કચરાપટ્ટી/સ્પામ/જંક મેઈલના ફૉલ્ડરમાં જતો રહે તો શું થાય? વીસ ઈ-મેઈલ મોકલ્યાનું પુણ્ય મળે કે ન મળે? બધા

સવાલોના તેમની પાસે એક જ જવાબ છેઃ 'આપણને ક્યાં કશું નુકસાન છે?' અંધશ્રદ્ધાળુ ન હોવા છતાં, કોઈને લાગતું હોય કે 'હશે બીચારા! છો ને ઈ-મેઈલ મોકલ્યા કરે? આપણને શું નુકસાન છે? ન વાંચવો હોય તો ડીલીટ કરી નાખવાનો!', તો મોટા ભાગના કીસ્સામાં આવું વલણ ઉદારતા કે સહીષ્ણુતા કરતાં વધારે અવઢવ સુચવે છે. ઈન્ટરનેટ પર ફરતા અંધશ્રદ્ધા અને ખોટી માહીતીને લગતા ઈ-મેઈલનો ત્રાસ એટલો વધી ગયો છે કે ક્યારે કોણ કઈ વીગત સાચી માની લેશે, એનો હંમેશાં ફડકો રહ્યા કરે.

ગેરમાર્ગે દોરતી માહીતીનો મારો ઈ-મેઈલમાં વખતોવખત એવી કથાઓ મળતી રહે છે કે 'ફલાણા ભાઇ થીયેટરમાં ફીલ્મ જોવા ગયા, ત્યારે તેમની બેઠકમાં ટાંકણી ભોંકાઈ. એ ટાંકણી એઈડ્સનો ચેપ ધરાવતી હોવાથી ફીલ્મ જોવા ગયેલા ભાઈને એઈડ્સ લાગુ પડી ગયો' અથવા 'કોકા કોલા એટલી જલદ આવે છે કે ડાઘા સાફ કરવાના કામમાં (એસીડને બદલે) તેનો ઉપયોગ કરવામાં આવે છે. માટે કોકા કોલા ન પીશો.' અથવા 'ડીયોડોરન્ટ લગાડવાથી કેન્સર થાય છે.' કથાઓના બીજા પ્રકારમાં એવી લાલચ આપવામાં આવે છે કે 'આ મેઇલની સાથે મોકલેલી ઈષ્ટદેવની તસવીર સામે જોઈને મનમાં જેની ઈચ્છા કરો, તે મળી જશે.'

અને આ કામમાં ભગવાનને બદલે માણસ પણ મદદરૂપ થઈ શકે છે. એવા મેઈલમાં કાયમી ઓફર હોય છે કે ‘નાઈજીરીયાથી માંડીને બ્રીટન સુધીના કોઈ પણ દેશમાં કોઈ બીનવારસી ભાઈ લાખો ડૉલરનો દલ્લો મુકીને મૃત્યુ પામ્યા છે અને કોઈ ભળતાસળતા બૅન્ક અધીકારી એ ખજાનો તમારા ખાતામાં મોકલી આપવા ઉત્સુક છે. બસ, તમે તમારો બૅન્કનો ખાતાનંબર આપો અને ‘કાર્યવાહીની ફી પેટે’ થોડા ડૉલર મોકલી આપો!’ ઈન્ટરનેટની આલમમાં ‘નાઈજીરીયન ફ્રોડ’ તરીકે જાણીતી આ તરકીબ એટલી જુની અને જાણીતી હોવા છતાં; તેની સાથે સંકળાયેલું લોભનું લોહચુંબક એવું પ્રબળ પુરવાર થાય છે કે એક જાણીતી ‘ગ્રાહક સુરક્ષા સંસ્થા’ના વડા થોડાં વર્ષો પહેલાં આવા જ ‘નાઈજીરીયન ફ્રોડ’માં ઘણા રુપીયા ગુમાવી બેઠા હતા!

ઈન્ટરનેટ પર માણસની મુળભુત નબળાઈઓની જ નહીં; સારપની પણ રોકડી કરનારા લોકોની કમી નથી. પરીણામે ગંભીર બીમારી ધરાવતી અને છેક ૧૯૯૩થી, સાત જ વર્ષની ઉંમર ધરાવતી છોકરી એમી બુર્સની સારવારના બહાને આર્થીક મદદ ઉઘરાવતા મેઈલ આવી પડે છે. ‘આપણું શું જાય છે?’ પ્રકારનો વર્ગ તેમાં ભોળવાતો નથી. છતાં જેટલાં વર્ષોથી એ છેતરપીંડી ચાલે છે, એ જોતાં તેમાં સફળતાનું સારું એવું પ્રમાણ હશે એવી અટકળ ચોક્કસ કરી શકાય.

જરા જુદા પ્રકારના મેઈલ ‘મેરા ભારત મહાન’ કે ‘મેરા ગુજરાત મહાન’ પ્રકારના હોય છે. પહેલી નજરે આંકડાથી અને નક્કર માહીતીથી લદાયેલા જણાતા એ મેઈલની માહીતી માનવી ગમે એવી હોય છે; પણ માનવાજોગ હોતી નથી. એ પ્રકારના મેઈલમાં કરાતા ઘણાખરા દાવા સચ્ચાઈની કસોટી પર પુરવાર થતા નથી. ઈન્ટરનેટ પર સાચી ન લાગે એવી કે શંકા ઉપજાવે એવી કોઈ પણ માહીતી વાંચવા મળે, તો ‘ગુગલ’ જેવા ‘સર્ચ એન્જીન’માં જઈને સમ્બન્ધીત વીષય લખીને, તેની સાથે skeptics (સંશય કરનાર), other side (બીજી બાજુ), fraud (છેતરપીંડી) કે hoax (મજાકમાં કરેલી છેતરપીંડી) જેવા શબ્દો લખીને સર્ચ કરવાથી, આ
વીષયની પોલ ખુલ્લી પાડતી વીગતો પણ મળી શકે છે. – અને ‘હેં હેં હેં’, એમાં આપણને કશું નુકસાન નથી!

–ઉર્વીશ કોઠારી

લેખક સંપર્કઃ ઉર્વીશ કોઠારી, લુહારવાડ, મહેમદાવાદ – 387 130 (Gujarat-India)

ફોન નંબરઃ 99982 16706 ઈ–મેઈલઃ uakothari@yahoo.com

બ્લોગ - www.urvishkothari-gujarati.blogspot.com

@

174 : 13-09-2009

આકાશે અક્ષર

–પ્રજ્ઞા દીપક વશી

અનુક્રમણીકા

.1.

અકારણ સકારણ મળીએ, ચલોને!
ભીતરથી ભીતરમાં સરીએ, ચલોને!

અલગતાની ખારાશ કળીએ, ચલોને!
નદી થૈ ને દરીયે ભળીએ, ચલોને!

દીવાનાપણાની બધી હદ વટાવી,
પતંગા બનીને, પ્રજળીએ, ચલોને!

બને એષણાનું નરક જો હયાતી,
એ રસ્તેથી પાછા વળીએ, ચલોને!

નથી કોઈ ઈચ્છા પ્રસીદ્ધીના ફળની,
દટાવા સમુળા તળીયે, ચલોને!

ઉગીશું પ્રભાતે એ આશા લઈને,
ક્ષીતીજે ફરીથી ઢળીએ, ચલોને!

ચકાસીને મારગની મુશ્કેલી સર્વે,
જીવનની ઉંચાઈ રળીએ, ચલોને!

સનમ આંખનું પ્રેમ મોતી થવાને,
બની સ્વાતીનું જળ, ફળીએ ચલોને!

અજાણી ગલી પણ થશે જાણીતી તો,
ફરી ભુલથી ત્યાં, વળીએ ચલોને!

.2.

ગુપ્ત પણ જાહેરમાં વંચાય છે,
ડાયરીમાં જીન્દગી અંકાય છે?

જે નીહાળી પાંપણો હરખાય છે,
રુપ નક્કી આયને શરમાય છે.

કેમ હું પહોંચી નથી મારા સુધી?
'હું'ની આડે 'હું' જ આવી જાય છે.

જે કથન મારું હતું તે રાખ સમ,
તેં કહ્યું એ લાખનું વેચાય છે.

હસ્તરેખાને સમર્પીત થાઉં પણ,
ભાગ્યનાં ફળ ક્યાં કદી બદલાય છે?

હું લખું કે તું લખે શો ફેર છે?!
હોય રેશમ શી ગઝલ પંકાય છે!!

એષણાઓ કેમ છુટી ના શકી?!
કેમ સીતાનું હરણ થઈ જાય છે!!

.3.

પ્રેમને વીસ્તારવાનું સ્હેજ પણ સ્હેલું નથી,
ને ધૃણાને નાથવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

પ્રશ્ન ઉભો એક મારો જ્યાં હવે અસ્તીત્વનો,
ત્યાં તને આકારવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

દુશ્મનોની ભીડમાં એક દોસ્તને જોયા પછી,
દોસ્તી નીભાવવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

ભીતરે ડુમો છુપાવી ક્યાં સુધી હસશું ભલાં?
રોતી આંખે બોલવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

આંગળી પકડી ઉછેર્યાં ને સીચ્યું જળ પ્રેમનું,
મુળ એ ઉખેડવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

ક્યાં છે અઘરું ન્યાય કરવું આંખે પાટા બાંધીને?
જુલ્મને સ્હેતા જવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

.4.

નથી જન્મોથી સુતી શ્વાસની સડકો, મજા ક્યાં છે?
હજી સંવેદના સ્ફોટક, નહીં અડકો, મજા ક્યાં છે?

ઉથલપાથલ કરી ક્યાં છે અમે કૈં પ્રેમ નફરતની,
પછી શ્વાસો કરે છે કેમનો ઝઘડો, મજા ક્યાં છે?

તળેટીમાં ઉભી છું સ્વપ્ન જોતી પ્હાડનું હું પણ,
મને મારાથી કાઢી બ્હાર જૈ ખડકો, મજા ક્યાં છે?

ધુમાતું કેટલાં દી'થી અહીં ભીતર ને સળગે નહીં,
મેં મારે હાથ ત્યાં ચાંપી દીધો ભડકો, મજા ક્યાં છે?

સમય સાથે સમયનું એક ઈંડું સેવવું પણ ત્યાં,
નહીં ગરમાઈ શ્વાસો કે લગે થડકો, મજા ક્યાં છે?

છે કેવો મંચ કે જ્યાં દેવ, દાનવ એક મ્હોરામાં,
પડે ઓળખ ખરી ત્યાં તો, પડે પડદો, મજા ક્યાં છે?

હજી હરણીની આંખે માંડ ફુટ્યું દુન્યવી ઝાકળ,
બની હેવાન લુંટે આસુરી તડકો, મજા ક્યાં છે?

વીરાસતમાં મળી મુજ શ્વાસને શ્વસવા નરી આંધી,
હવે વરસાદ શું કે સુર્યનો તડકો, મજા ક્યાં છે?

.5.

હું મને ભાળું પછીની વાત છે,
'સ્વ'ને ઓગાળું પછીની વાત છે.

ઉત્તરો મળશે એ પ્હેલાં પ્રશ્નમાં–
જાતને ઢાળું પછીની વાત છે.
સાત જન્મોની સફર સ્વીકારવા,
પ્રેમ વાગોળું પછીની વાત છે.

સગપણોની રીક્તતાને પુરવા,
યાદ ઢંઢોળું પછીની વાત છે.

હું નથી રાધા છતાંયે કૃષ્ણને
ભીતરે ભાળું પછીની વાત છે.

બોલવા અવસર મળે ને તે છતાં,
હોઠને તાળું....પછીની વાત છે.

હીમશીલા જેવું રાખું ધ્યેય પણ,
આગ પંપાળું પછીની વાત છે.

.6.

વીતી ક્ષણ હેલે ચડે વરસાદમાં,
ભીનું ભીતર સાંપડે વરસાદમાં.

વીજળી પણ તાકડે વરસાદમાં,
યાદનાં ફોરાં પડે વરસાદમાં.

બેને માથે એક છત્રી હોય ત્યાં,
ચાર આંખો આથડે વરસાદમાં.

વીજ જેવી જ્યાં ગતી તુજ યાદની,
ભીતરે ચીરો પડે વરસાદમાં.

ઝાપટાં પર ઝાપટાં પર ઝાપટાં,
પુછ ના શું ચાકડે વરસાદમાં.

સાંજને નક્કી પ્રતીક્ષા કોઈની,
થાકી, બેઠી બાંકડે વરસાદમાં.

આવવા અણસાર તું કરતી પછી,
શ્વાસ ધબકે આંકડે વરસાદમાં.

ઝરમરે જ્યાં મૌન હૈયે બેઉનાં,
બોલ પાછાં ત્યાં પડે વરસાદમાં.

દુર દેશે તું સજાવે ડાળ પણ,
મુળ એના અહીં જડે વરસાદમાં.

.7.

વરસતી સાંજ, વ્હેતી ક્ષણ અને હું બસ, તમે ક્યાં છો?
ભીતર છે આગ એવી કે બનું વીવશ, તમે ક્યાં છો?

હજી તો આગને લાગ્યો નથી વેરી પવનનો સાથ,
છતાં શેં યાદનો ભડકો બને બેબશ, તમે ક્યાં છો?

વીરહની યાદ રુપે એક કોયલ જ્યાં ટહુકે ત્યાં,
પડે વૈશાખનાં પગરવ ને હું નીરસ, તમે ક્યાં છો?

પ્રવાસી પ્રેમની છું ને છે યાદી કૈં મુકામોની,
સફર ટુંકાવવાનું પણ કરું સાહસ, તમે ક્યાં છો?

ધીરે ધીરે થતી ચાલી અહલ્યા રાહ જોતી હું,
જીવે સંવેદના સ્પર્શો બની પારસ, તમે ક્યાં છો?

મને વરસાદ ગમતો એનો મતલબ એ થયો, પ્રીયે!
ભીંજે તું ત્યાં બનીને પ્રેમરત સારસ, તમે ક્યાં છો?

.8.

હું મારી જાત સામે જાતને ધરવા વીચારું છું,
બધાં પ્રશ્નોને એ રીતે જ હલ કરવાં વીચારું છું.

ભલેને એક ક્ષણમાં નેટ પર જોડાઈ છે દુનીયા,
હું મારી જાતને ધીરેથી સર્ચ કરવા વીચારું છું.

બચી કોડી, લખોટી ને બચ્ચાં છીપલાં હથેળીમાં,
મુકી ખીસ્સે હું શૈશવ ઘર તરફ ફરવા વીચારું છું.

સપાટી પર વહી સંવેદના એથી બધાં ડુબ્યાં,
જગત હું ભાઈચારા, પ્રેમથી તરવા વીચારું છું.

અસલ શું છે નકલ શું ને હકીકત શું કે આભાસી,
સમજને શાંત કીનારે હું ઉતરવા વીચારું છું.

બીજાએ જે દીધાં છોડી શીખર એ ધ્યેયના આંજી,
વીફળ સપનાંને ચાહી હું જગત રચવા વીચારું છું.

– પ્રજ્ઞા દીપક વશી –

સંપર્કઃ A/2, સીલ્વર પામ એપાર્ટમેન્ટ, ‘રીલાયન્સ ફેશન’ની
ઉપર, કદમપલ્લી સોસાયટી, નાનપુરા,
સુરત–395 001, મોબાઈલ– 92283 31151,
E–Mail: pdvashi@gmail.com અને dbvashi@yahoo.com

સર્જનઃ ‘સ્પંદનવન’ (ગઝલ સંગ્રહ), પ્રકાશન વર્ષઃ 2002,
‘આકાશે અક્ષર’ (ગઝલ સંગ્રહ), ‘શ્વાસ સજાવી બેઠા’ (ગીત ,

અછાંદસ સંગ્રહ), 'પીકનીક પર્વ' (બાળગીત), ત્રણેયનું પ્રકાશન

વર્ષઃ 2008,

દરેકનું મુલ્યઃ રુપીયા– 100. પ્રકાશકઃ 'ધ્વની' પ્રકાશન, A/2,

સીલ્વર પામ એપાર્ટમેન્ટ, કદમપલ્લી સોસાયટી, નાનપુરા,

સુરત–395 001)



અને છેલ્લે...

ચાંદરણાં

–રતીલાલ 'અનીલ'

- પાણીને પોતાનામાં તરવાનું મન થયું ને તે બરફ થયું.
- માથું સલામત રહે તો દીવાસળી પણ સલામત રહે.
- દીવાસળી માથું ગુમાવે છે ત્યારે શરીર પણ ગુમાવે છે.
- માણસ પોતાના પરસેવાની કમાણી સાબુને આપી દે છે.
- ભમરડો ઉભો રહેવા માટે ચક્કરે ચડે છે.
- અસમાન ઘરો પણ સમાન ઈંટોથી જ ચણાય છે.
- માટલાંનો ભાગાકાર કરે, તે ઠીકરાંનો સરવાળો કરે.
- કોલસા લાલ આંખ કરે તો જ રસોઈ પાકે.
- આખી જીન્દગી કારમાં ન બેઠેલો એમ્બ્યુલન્સમાં જાય છે.
- ઈન્જેક્શનનું પહેલું ટીપું હવા માટે હોય છે.

• સૌરાષ્ટ્રમાં ભાભા તો ઘણા છે; પણ અણુ–રીએક્ટર એકે નથી.

• દીલ્હીમાં માત્ર રંધાય જ નહીં; બફાય પણ ખરું.

• પહેલાં ‘ઢોરવૈતરું’ કરતો માણસ આજે ‘યંત્રવૈતરું’ કરે છે.

• ઉંઘ પણ ક્યારેક દીવસપાળી કરે છે.

• સમય બરબાદ કરો, બીજું બધું આપોઆપ બરબાદ થવા માંડશે.

• દરેક ગૃહીણી ઝાડુ મારવા જેટલી તો આક્રમક હોય જ છે.

• ગેસ્ટ હાઉસનાં બીછાનાં નહીં; પોઢનારા બદલાય.

• ટ્રેન મોડી આવે તે સમાચાર અને સમયસર આવે તે અકસ્માત કહેવાય.

સાભાર પ્રેષકઃ જયેશ જરીવાળા – jayeshjari@gmail.com

વેબ સાઈટ http://ratilalanil.tripod.com

@

175 : 27-09-2009

‘નેસ્ટ લીવીંગ’: અમેરીકાનું વ્યક્તીસ્વાતંત્ર્ય – ભારતીય નજરે

–બીપીન શ્રોફ

અનુક્રમણીકા

દોઢેક વરસના અમેરીકાનીવાસ દરમીયાન પશ્ચીમી સમાજની બાળઉછેર પદ્ધતીને અંગત રીતે જોવા–સમજવાની તક મળી. એ વીશેનાં મારાં કેટલાંક નીરીક્ષણો અહીં મુકું છું.

સૌ પ્રથમ, જન્મથી જ દરેક બાળકને સ્વતંત્ર, અલગ રીતે, બધી સગવડો સહીત, મા–બાપના રુમથી નજીક; પણ અલાયદા રહેવાની ટેવ પાડવામાં આવે છે. ઉછરતાં બાળકની બધી જરુરીયાતો તરફ પુરતું ધ્યાન આપીને; પણ તે સ્વતંત્ર રીતે–પોતાનો સમય મા–બાપથી અલગ રીતે પસાર કરે તેવું આયોજન કરવામાં આવે છે. ઉંમર પ્રમાણે તેને શ્રેણીબદ્ધ તકો અને વસ્તુઓની સગવડો પણ પુરી પાડવામાં આવે છે. ઉછરતા બાળકને મા–બાપ તરફથી મળતી સુચનાઓ પ્રમાણે પોતાના સ્વતંત્ર રહેઠાણ–રુમ પ્રત્યેનો આગવો માલીકી હક્ક મનમાં પેદા થાય છે. સાથે સાથે મા–બાપનો બેડરુમ તે ‘તેમનો’ છે એવું તે ક્રમશઃ શીખતો જાય છે તેમ જ અનુભવતો પણ જાય છે. આકસ્મીક રીતે કોઈ મહેમાન માટે પોતાના રુમમાં સગવડ

કરવાની સ્થીતી ઉભી થાય તો તે સ્પષ્ટ રીતે, કમને કે મજબુરીથી સ્વીકારે છે. તેનો ઉડીને આંખે વળગે તેવો પ્રત્યાઘાત મહેમાન અને ઘરના સર્વને અનુભવાય છે. પોતાનાં ભાઈ કે બહેન સાથે પણ એકબીજાના સ્વતંત્રપણાનો કે અલાયદાપણાનો વ્યવહાર અને ભાવના કુદરતી સહજ વૃત્તી બની ગઈ હોય તેવું તેમનાં વ્યક્તીત્વમાં દેખાઈ આવે છે.

***

‘ચાલો, મમ્મી તો જૉબ પર છે. હું તેમના બેડરુમમાં થોડી વાર સુઈ જાઉં?’

‘હા, જા! એમાં શું ખોટું છે?’

‘પણ દાદા, તમને ખબર છે એ બેડરુમ મમ્મી–ડૅડીનો છે. હું ત્યાં સુવા નહીં જાઉં.’

‘અત્યારે તો મમ્મી–ડૅડીનો રુમ ખાલી છે. એ લોકો કોઈ હમણાં આવવાનાં નથી. તારું મન હોય તો થોડી વાર ભલે સુઈ જા.’

‘દાદા. ઈટ ઈઝન્ટ ફૅર! ઈટ ઈઝ ધેઅર બેડરુમ.’

***

મમ્મી મોડી રાતે જૉબ પરથી આવે છે. બાળક પોતાના રુમમાં જાગતું હોય છે. નીયમ પ્રમાણે મમ્મી તેને ‘ગુડનાઈટ હગ’

(આલીંગન) કરવા આવે, ત્યારે બાળક મમ્મીને ફરીયાદના સુરમાં કહે છે, ‘આજે મારા બેડરુમમાં મારી સાથે એક ગેસ્ટ સુતા છે.’

‘બેટા, એ ગેસ્ટ નથી. આપણા બધાના વડીલ–અંકલ છે!’

‘તારા માટે એ અંકલ હશે. મારા માટે તો એ મીસ્ટર ગેસ્ટ જ છે, મમ્મી! એ કેટલો સમય મારા રુમમાં રહેવાના છે?’

મા–બેટાનો આ સંવાદ પેલા ‘ગેસ્ટ’ શું નહીં સાંભળતા હોય? જો તે અમેરીકન ઉચ્ચારવાળું અંગ્રજી સમજતા હોય તો તેને આખી રાત આ સંવાદ સાંભળ્યા પછી કેવી મીઠી ઉંઘ આવી શકે!

***

‘શોન, કોઈએ કૉલબેલ વગાડ્યો છે. પ્લીઝ, જરા જોને, કોણ છે?’

‘દાદા, એ તો સ્ટીવન છે. મેં એને કહી દીધું કે, મારો મોટો ભાઈ પોરસ ઘરમાં નથી. એટલે એ તો જતો રહ્યો.’

‘પણ સ્ટીવન તો તારી ઉંમરનો જ ને? તું તો ઘરમાં હાલ એકલો જ છે ને! સ્ટીવનને તારી સાથે રમવા તેં બોલાવ્યો હોત તો?’

'પણ દાદા, સ્ટીવન મારા મોટા ભાઈ પોરસનો મીત્ર છે. તે મારો મીત્ર નથી. હું એને કેવી રીતે રમવા બોલાવી શકું?'

અહીં જો સરખી ઉંમરનાં કે એક જ વર્ગમાં ભણતાં બાળકો મીત્ર તરીકે ન મળે તો નાની ઉંમરના બાળકે પોતાનો સમય એકલપંડે પસાર કરવો પડે. મા–બાપે એ પ્રમાણે બાળકના વ્યક્તીત્વને તૈયાર કરવું પડે છે.

શોન (ઈન્ડીયન), રીકાર્ડો (આફ્રીકન–અમેરીકન, મુળ ઘાના દેશનો), બ્રાયન (સાઉથ કોરીયન), જેફરસન (કોલમ્બીયા–દક્ષીણ અમેરીકાનો)...આ બધા લગભગ સરખી ઉંમરના, આઠ–નવ વરસના મીત્રો છે. સાથે રમતી વખતે શોનને કમરમાં સખત વાગે છે. તેનાથી ઉભા રહેવાતું નથી. કુસ્તી–કરાટે કરતાં જેનાથી વાગ્યું એ છોકરા સહીત બધા મીત્રો શોનના ઘરમાં આવે છે. દાદા–દાદી ચીન્તા કરે છે કે હવે શું થશે? અમે શું કરીશું? શોન ઘરના ડ્રૉઈંગ–રુમમાં જાડી ગાદીવાળી કાર્પેટ પર સુતાં પહેલાં જેફરસનને કહે છે, 'મારા ડીપફ્રીઝમાં ત્રણ આઈસ–પૅડ છે. બેનો રંગ બ્લુ અને એક વાઈટ છે. તે લઈને ધીમે રહીને હું સુચના આપું તેમ મારી કમર નીચે મુકી દે.'

શોનને આટલું વાગ્યું હોવા છતાં એનો હુકમ હતો, 'દાદા, ડોન્ટ ટચ મી.' અડધા કલાક સુધી શોન કમર નીચે આઈસબૅગનાં ત્રડ પૅડ મુકીને કાર્પેટ પર સુઈ રહે છે. પછી તે

કહે છે, 'દાદા, આ'એમ ઓલરાઈટ! થોડુંક પેઈન છે; પણ હું તો દાદરો ચડીને મારા મીત્રો સાથે મારા રુમમાં જાઉં છું. ત્યાં જઈને વીડીયો ગેમ રમીશ. તમે મને દાદરનાં પગથીયાં ચડવામાં મદદ ન કરશો અને ડૅડી–મમ્મીને જોબ પર ફોન કરી ડીસ્ટર્બ ન કરશો. સાંજે હું જ વાત કરીશ. ઓકે દાદા!'

વચ્ચે એનો મોટો ભાઈ આવે છે ને કશું બન્યું જ ન હોય એમ જતો રહે છે.

***

'દાદા, તમારે અમારી સ્કુલમાં આવવાનું છે. સ્કુલમાં વાર્ષીક દીન ઉજવવાનો છે. મારે એક ગીત ગાવાનું છે. દાદા, તમે એલ્વીસ પ્રેસ્લીને ઓળખો છો? એ બહુ મોટો ગાયક હતો. તમે હમણાં કમ્પ્યુટર પાસેથી હટી જાઓ. મારે ગુગલ સર્ચમાં જઈને પ્રેસ્લીની વેબ સાઈટ પરથી તેનું ફેમસ ગીત 'સ્ટક ઓન યુ' શોધીને સાંભળવાનું છે, પછી ગોખવાનું છે અને સ્કુલના પ્રોગ્રામમાં ગાવાનું છે.' ત્રણ મીનીટમાં ગીત મળી ગયું એટલે શોન તો એલ્વીસ પ્રેસ્લી જેવા મુડમાં! 'દાદા, તમે ગીત સાંભળો, હું બાથરુમમાં જઈને આવું.' બાથરુમમાંથી એ નીકળ્યો ત્યારે તેની હેર સ્ટાઈલ એલ્વીસ પ્રેસ્લી જેવી હતી અને મારે માટે 'હવે કમ્પ્યુટર પાસેથી હટો તો...'નો હુકમ!

'દાદા, તમને રોજ ઈન્ડીયન ફુડ કેમ ભાવે છે? મારી 'નાની' અહીં આવી હતી ત્યારે નાનપણમાં તે મને દરરોજ

ઈન્ડીયન ફુડ ખવડાવતી હતી. પણ હું સ્કુલમાં જતો થયો અને મારા ડૅડીએ મને સ્કુલમાં નાસ્તો મળે તેવી સગવડ કરી. ત્યારથી મને તો ચીકન નગેટ્સ, ફ્રાઈડ ફીશ, ફ્રાઈડ ચીકન, વેફલ, બેગલ, ડંકી ડો–નટ આ બધું જ ભાવે. દાદા, તમે પણ ટ્રાય કરો. આ ફ્રાઈડ ચીકનમાં કાર્ટીલેજીસ છે; પણ ફૅટ નથી. તમારા જેવા ઓલ્ડ મૅન માટે રેડ મીટ કે બીફ કરતાં તે સારું છે. એમાં ફૅટ – કૉલેસ્ટરલ નથી. દાદા, તમે મારા ડૅડી સાથે ચાઈનીઝ ફુડ – હકા નુડલ્સ, સ્પ્રીંગ રોલ, ફ્રાઈડ રાઈસ અને મૅક્સીકન ફુડ – બાઈલ બરીટો, ટાકો, ચીમીચાંગા, અને કસાડીશ ખાતા થઈ જાઓ. તમે ઈન્ડીયન ફુડ ભુલી જશો. તમારે અમેરીકન બનવું હોય તો ઈન્ડીયન ફુડ ફરગેટ કરવું પડશે.'

***

'પોરસ, તારા મીત્ર રૉબર્ટની બહેન જુલી, તેની સાથે સ્કુલમાં ભણતા પીટર સાથે, આપણા સબડીવીઝન રહેઠાણ વીસ્તારમાં દરરોજ સાંજે ફરવા જાય છે. જુલી મૅક્સીકન ગોરી અને પીટર આફ્રીકન અમેરીકન બ્લેક. એ બન્ને ફક્ત ચાલવા કે ફરવા જતાં નથી; કીસીંગ–હગીંગ પણ કરે છે. તારો મીત્ર રૉબર્ટ કે તેનાં પૅરન્ટ્સ જુલીની આ વર્તણુક સામે વાંધો લેતાં નથી?'

એ સાંભળી પોરસ મને કહે, 'દાદા, પીટર અને જુલી અઢાર વરસની ઉપરનાં છે. બન્ને ફ્રી છે. તેમને ડીસ્ટર્બ નહીં

કરાય. આપણા પેલા સમ્બન્ધી છે ને અતુલદાદા, તેમનો મોટો દીકરો એલન ’ટીન એજમાં ભણવા માટે ડોમ(હૉસ્ટેલ)માં રહેતો હતો. ત્યાંથી બૅન્કની લોન લઈને એ ડૉક્ટર ઈન ફાર્મસી થયો અને તેની સાથે ભણતી એમી સાથે પરણી ગયો. બન્ને જણ જ્યોર્જીયા– અટલાન્ટાથી હજારેક માઈલ દુર ન્યુ જર્સી સ્ટેટમાં હાઉસ રાખીને રહે છે. એલનની જોબ ત્યાં છે. આપણે અતુલદાદાને મળીએ ત્યારે એ કહે છેઃ ‘મારો દીકરો એલન ડોમમાં રહેવા ગયો પછી જાણે કે તે ઉડી જ ગયો! પાછું વળીને પોતાના માળા ભણી એણે ક્યારેય જોયું જ નથી’

‘પોરસ, તું મોટો થઈને સૌથી પહેલાં તારી કઈ ઈચ્છા પુરી કરીશ?’

‘સૌથી પહેલાં તો દાદા, મારે આ ઘર છોડી દેવું છે.(આઈ વોન્ટ ટુ લીવ ધીસ હાઉસ)’

‘કેમ? આ તારું ઘર નથી?’

‘નો, આ તો ડૅડીનું ઘર છે! દાદા, તમને અમેરીકાની લાઈફની બલકુલ ખબર નથી. પેલા એલનભાઈનો મોટોભાઈ એરીક, કેલીફોર્નીયા સ્ટેટના કોઈ શહેરમાં પ્લાસ્ટીક સર્જન છે. અતુલદાદા, જ્યોર્જીયામાં, એલન ન્યુ જર્સીમાં અને એરીકભાઈ લોસ એન્જલસમાં. અહીં તો બધા જ્યાં રહે ત્યાં જ સમ્બન્ધ કેળવે. મા–બાપ કે ભાઈ–બહેનોને યાદ પણ ન કરે. ઘણી વખત તો વર્ષો સુધી એકબીજાનો ફોનથી પણ સમ્પર્ક ન થાય.

www.gujaratilexicon.com

એકબીજાની બીજી પેઢીનાં બાળકોને ઓળખવાની તો વાત જ કેવી! દાદા, તમે અતુલદાદાનું ઘર જોયું છે? કેટલું મોટું છે! કેટલા બધા બેડરુમ્સ, દરેક રુમમાં બાથરુમ અટૅચ્ડ, ચાર ગાડીઓ, કેટલા બધા ફ્રન્ચાઈઝી સ્ટોરની માલીકી...'

'પણ તારા અતુલદાદા ઘરડા થશે, રીટાયર થશે ત્યારે તેમના હાઉસની અને આસપાસના લોન–ગાર્ડનની દેખરેખ કોણ રાખશે? ઘરના આટલા બધા રુમ્સની કૅર કોણ લેશે?'

'તેમના બન્ને દીકરાઓએ નવો 'નેસ્ટ' બનાવીને તેમનું જીવન શરુ કરી દીધું છે. હવે થોડા સમયમાં અતુલદાદા મોટા હાઉસની સંભાળ નહીં રાખી શકે તો એ પતી–પત્ની કૉન્ડોમીનીયમ(ફક્ત એક રુમવાળા ઍપાર્ટમેન્ટ)માં રહેવા જતાં રહેશે. તમારી માફક અતુલદાદા એમના દીકરાઓને ત્યાં રહેવા નહીં જાય. અહીં એકબીજાના 'નેસ્ટ'માં કોઈ રહેવા જતું નથી. દરેકને પોતાનો 'નેસ્ટ' હોય. દાદા, તમને ખબર છે? આપણા સબડીવીઝનમાં પેલી માર્થા ઓલ્ડ લેડી છે. તેના હસ્બન્ડ ગુજરી ગયા છે. એ તેનાં ચીલ્ડ્રન કે ગ્રાન્ડ–ચીલ્ડ્રનને ત્યાં રહેવા જવાને બદલે તેની જ ઉંમરના ઓલ્ડ જેન્ટલમૅન મીસ્ટર વીલીયમ્સ સાથે રહે છે. પણ માર્થા અને વીલીયમ્સનાં બન્નેનાં બૅન્ક એકાઉન્ટ તો જુદાં જુદાં જ છે હોં!'

પહેલાં હર્યોભર્યો અને પછી વીખરાતો–વીંખાતો માળો! આ જ નેસ્ટ લીવીંગ'?

–બીપીન શ્રોફ

‘વૈશ્વીક માનવતા’ માસીકના ઓગસ્ટ ૨૦૦૯ના અંકના પાન ૧૪–૧૫ ઉપરથી સાભાર..

સંપર્કઃ 1st Floor, House No. 1810, Luharvad,

Mehmadabad-387130-India.

Resi. (02694) 245 953 Mobile-97246 88733

e-mail: shroffbipin@gmail.com

Blog: http://bipinshroff.blogspot.com/

અને છેલ્લે…

જો કશું કહેવું જ હોય,

તો તે રોકડું કહી શકાય;

અને જો તે કહેવાની ત્રેવડ ન હોય

તો મુંગા મરવું સારું!

–ફિલસુફ લુડવીગ વીટ્જેન્સ્ટીન

તા. 30 ઑગસ્ટ 2009ના ‘દીવ્ય ભાસ્કર’ની રવીવારીય પુર્તી ‘Sunday’માંની
ડૉ. ગુણવંત શાહની ‘વીચારોના વૃંદાવન’ કટારમાંથી સાભાર ...

@

‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી અગીયાર ઈ–બુક બનાવી છે. ભાગ ૧ થી ૧૧. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો :

ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com સુરત

